# મનાસિકે હજ

## લેખક


આયતુલ્લાહ સૈયદ અલી હુસૈની સિસ્તાની સાહેબ


## પ્રકાશક


**હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

(ગુજરાત–ઈન્ડીયા)

ફોન : (૦૨૭૮)૨૫૧૦૦૫૬

વેબસાઈટ : www.hajinaji.com

ઈમેલ : hajinajitrust@gmail.com



અમારી એપ્લીકેશન પ્લેસ્ટોર તેમજ એપસ્ટોર પર ‘HajiNaji Library’ નામથી ઉપલબ્ધ છે.

કિતાબનું નામ : **મનાસિકે હજ**

લેખક : આ.અલી હુસૈની સિસ્તાની સાહેબ

ગુજરાતી અનુવાદ : અલ્હાજ નિશાત નૂરાની

સંકલન : બરકતઅલી ટી. નાયાણી

પ્રૂફ રીડીંગ : મૌલાના મુરતુઝા ભારમલ સાહેબ

બુક કંપોઝ : મોહમ્મદઅલી નરસિંહ

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

આવૃત્તિ : પાંચમી (જુલાઈ-૨૦૨૧)

## : નોંધ :

- વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.
- કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.
  hajinajitrust@gmail.com

# ... પ્રસ્તાવના ...

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના ફઝલો કરમથી અને ચહારદા માઅસૂમોના વસીલાથી સન ૧૯૯૦માં હાજી નાજી સાહેબના મુખલીસ ચાહકો અને અકીદતમંદોએ આપની મઝહબી અને સામાજિક ખિદમતની કદરદાનીરૂપે આપનાજ નામથી ભાવનગર મુકામે હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટની સ્થાપના કરી. જેમાં મર્હુમ અલ્લામા હાજી નાજી સાહેબની અધૂરી ખ્વાહિશને પૂરી કરવા નિખાલસભાવે મઝહબી અને સામાજિક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી તેમાં આજ સુધીમાં સો જેટલી દીની કિતાબોનું પ્રકાશન કરેલ છે સાથે સાથે આજના આધુનિક યુગની જરૂરતોને ધ્યાનમાં લઇ વેબસાઇટમાં કિતાબો મૂકવામાં આવી છે, તે ઉપરાંત આ વેબસાઇટમાં ઓડિયો અને વિડીયો સુવિધા ઉપલબ્ધ છે.

એક બોર્ડીંગનું પણ સંચાલન કરવામાં આવે છે જેમાં હાલમાં સાંઇઠ બાળકો લાભ લઇ રહ્યા છે.

આ કિતાબ (મનાસિકે હજ)ની પાંચમી આવૃત્તિ હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ તરફથી પ્રગટ થઇ રહી છે.

હજ અને ઝિયારત માટે જનારા ભાઇ-બહેનોને વિનંતી કરૂં છું કે, મક્કાએ મોઅઝ્ઝમામાં, મદીનએ મુનવ્વરામાં અરફાતમાં અને તમામ મુકદ્દસ સ્થળોએ આ સંસ્થા માટે અને આ સંસ્થાના ટ્રસ્ટીઓ માટે ખાસ કરીને ગુલામહુસૈનભાઇ મેઘાણી (મોટાભાઇ) માટે દુઆ કરવામાં આવે કે પરવરદિગાર આ સંસ્થાને વધુને વધુ કામ્યાબી અતા કરે અને આ સંસ્થાની ખિદમત કરનારાઓની દુનિયા અને આખેરત બખૈર કરે.

ઉપરાંત આવી સુંદર કિતાબ લખવાવાળા આપણા મહાન આલિમ સૈયદ આયતુલ્લાહ અલી હુસૈની સિસ્તાની સાહેબનો છાંયો આપણા ઉપર ઇમામે ઝમાના (અ.સ.)ના ઝુહૂર સુધી કાયમ રાખે. અને આપને પરવરદિગાર પોતાની હિફાઝતમાં રાખે.

# ... આભાર ...

અમારી સંસ્થા દ્વારા આજ સુધી ૮૦થી પણ વધુ કિતાબો કૌમ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલ છે તે પૈકીની આ કિતાબ ''મનાસિકે હજ અને હજના મસલાઓ'' પ્રગટ કરતા સંસ્થા ખુશી અનુભવી રહી છે.

આ કિતાબમાં આયતુલ્લાહ સૈયદ અલી હુસૈની સિસ્તાની સાહેબના હજને લગતા મસઅલાઓની ઝીણવટભરી છણાવટ ઉપરાંત મક્કા-મદીનાના મુકદ્દસ સ્થળોએ પઢવાની ઝિયારતોનો તરજૂમા સહિત સમાવેશ કરવામાં આવેલ છે. જે હજ્જે બયતુલ્લાહ અને ઉમરાહ બજાવી લાવવા જનારા ભાઇ-બહેનો માટે અતિ ઉપયોગી અને મૂલ્યવાન તોહફો છે.

મુરબ્બી વડીલ અલ્હાજ બરકતભાઇ ટી. નાયાણીએ મજકૂર કિતાબનું ખૂબ સુંદર રીતે સંકલન કરી, કિતાબની (પ્રથમ આવૃત્તિની) છપાઇ માટે અમોને કોમ્પ્યુટર પ્રિન્ટ મોકલી તે બદલ સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ આપ વડીલના ખૂબ જ આભારી છીએ અને આપની અને આ પાંચમી આવૃત્તિના પ્રકાશન સમય નજરે સાની કરીને દુઆઓના લિપીયાંતરને ઉર્દૂ લહેઝામાંથી અરબી લહેઝામાં ફેરવી

આપનાર તેમજ અમુક શાબ્દિક સુધારાઓ કરી કિતાબ સરળ બનાવવામાં મદદ કરનાર મૌલાના મુરતુઝા ભારમલ સાહેબની તંદુરસ્તી અને તોફીકાતમાં વધારો થાય તે માટે બારગાહે રબ્બુલ ઇઝઝતમાં દુઆ ગુઝારીએ છીએ.

હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
ભાવનગર

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ★ | તવસ્સુલ | ૧૮ |
| ૦૧) | પવિત્ર સ્થળોની વિગત | ૩૪ |
| ૦૨) | નિય્યતો | ૩૬ |
| ૦૩) | મક્કાએ મોઅઝઝમા | ૪૯ |
| ૦૪) | હજ માર્ગદર્શન | ૫૯ |
| ૦૫) | હજ્જે તમત્તોઅ | ૬૦ |
| ૦૬) | એહરામમાં મુસ્તહબ ચીઝો | ૬૨ |
| ૦૭) | એહરામમાં મકરૂહ બાબતો | ૭૨ |
| ૦૮) | હરમમાં દાખલ થવાની મુસ્તહબ ચીઝો | ૭૩ |
| ૦૯) | મક્કામાં અને મસ્જિદે હરામમાં પ્રવેશવાના આદાબ | ૭૫ |
| ૧૦) | તવાફના આદાબ | ૮૪ |
| ૧૧) | તવાફની નમાઝના આદાબ | ૯૨ |

૧૨) સઇના આદાબ ................................ ૯૪

૧૩) હજના એહરામથી અરફાતના વુકૂફ સુધીના

આદાબ ...................................... ૧૦૨

૧૪) અરફાતમાં વુકૂફના આદાબ ................. ૧૦૫

૧૫) મુઝદલફાના વુકૂફના આદાબ ................ ૧૧૬

૧૬) રમીએ જમરાતના આદાબ ................. ૧૨૦

૧૭) કુરબાનીના આદાબ ......................... ૧૨૨

૧૮) માથું મૂંડાવવાના આદાબ .................... ૧૨૩

૧૯) હજનો તવાફ અને સઇના આદાબ .......... ૧૨૪

૨૦) મિનાના આદાબ .............................. ૧૨૬

૨૧) મક્કાના આદાબ .............................. ૧૨૮

૨૨) તવાફે વિદા ................................... ૧૩૩

૨૩) મદીનએ મુનવ્વરા............................ ૧૩૫

૨૪) ઇઝને દુખૂલ ................................. ૧૩૬

૨૫) હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની
ઝિયારત ........................................ ૧૩૯
૨૬) જનાબે ફાતેમા ઝહરા સ.અ.ની ઝિયારત.... ૧૪૪
૨૭) વિદા મસ્જિદે નબવી ......................... ૧૪૮
૨૮) જન્નતુલ બકીઅમાં પઢવાની ઝિયારતો....... ૧૫૦
૨૯) ઇમામ હસન, ઇમામ ઝૈનુલ આબેદીન,
ઇમામ મોહમ્મદ બાકિર અને ઇમામ જાફર
સાદિક (અ.મુ.સ.)ની ઝિયારત ............. ૧૫૧
૩૦) જ.અબ્બાસ ઇબ્ને અબ્દુલ મુત્તલીબની
ઝિયારત ........................................ ૧૫૪
૩૧) જ.અકીલ અને અબ્દુલ્લાહ બિન જાફરની
ઝિયારત ........................................ ૧૫૫
૩૨) જ.ઇબ્રાહીમ ઇબ્ને મોહમ્મદ સ.અ.વ.ની
ઝિયારત ........................................ ૧૫૬
૩૩) ઓહદમાં ઝખ્મી થયેલા શહીદોની ઝિયારત.. ૧૬૦

૩૪) જનાબે ઇસ્માઇલ ઇબ્ને જઅફર સાદિક અ.સ.ની
ઝિયારત ........................................ ૧૬૦

૩૫) જનાબે હલીમા ખાતૂનની ઝિયારત .......... ૧૬૨

૩૬) જનાબે ફાતેમા બિન્તે અસદની ઝિયારત .... ૧૬૨

૩૭) જનાબે સફિયા અને આતેકાની ઝિયારત..... ૧૬૫

૩૮) જનાબે ઉમ્મુલ બનીનની ઝિયારત........... ૧૬૬

૩૯) વિદા ઇમામો અ.સ. .......................... ૧૬૭

૪૦) જનાબે અબ્દુલ્લાહની ઝિયારત ............... ૧૬૭

૪૧) જનાબે હમઝા (અ.સ.)ની ઝિયારત ....... ૧૬૯

૪૨) ઓહદના શહીદોની ઝિયારત ................. ૧૭૧

૪૩) મક્કાએ મોઅઝઝમાની ઝિયારતો ............ ૧૭૩

૪૪) હઝરત ખદીજા સ.અ.ની ઝિયારત.......... ૧૭૪

૪૫) જ.કાસિમ ઇબ્ને મોહમ્મદ (સ.અ.વ.)ની
ઝિયારત ........................................ ૧૭૫

૪૬) જનાબે આમેનાની ઝિયારત ................. ૧૭૬

૪૭) હઝરત અબુ તાલિબ અ.સ.ની ઝિયારત.... ૧૭૭

૪૮) હઝરત અબ્દે મનાફની ઝિયારત ............ ૧૭૮

૪૯) હઝરત અબ્દુલ મુત્તલીબની ઝિયારત........ ૧૭૯

૫૦) ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ.ની દુઆએ
અરફા........................................ ૧૮૧

૫૧) અરફાના દિવસે પઢવાની ઇમામ ઝૈનુલ
આબેદીન અ.સ.ની દુઆનો તરજુમો........ ૨૦૬

૫૨) અરફાના દિવસે પઢવાની ઇ.હુસૈન અ.સ.ની
દુઆ ........................................... ૨૩૬


**મનાસિકે હજ અને હજના મસઅલાઓ**


૫૩) મુશ્કિલ શબ્દોના આસાન તરજુમો ........... ૨૭૩

૫૪) હજનું વાજિબ હોવું........................ ૨૭૭

૫૫) હજ વાજિબ થવાની શરતો................... ૨૮૦

૫૬) હજની વસિયત .............................. ૩૧૭

૫૭) નયાબતના હુકમો .......................... ૩૩૨

૫૮) મુસ્તહબ હજ ........................................ ૩૪૭
૫૯) ઉમરાના પ્રકારો .................................... ૩૪૮
૬૦) હજના પ્રકારો ........................................ ૩૫૩
૬૧) હજ્જે તમત્તોઅ ...................................... ૩૫૫
૬૨) હજમાં તેર ચીઝો વાજિબ છે ................ ૩૫૬
૬૩) હજે ઇફરાદ ............................................ ૩૬૩
૬૪) હજે કિરાન .............................................. ૩૬૬
૬૫) એહરામના મીકાત .................................. ૩૬૭
૬૬) ઝુલ હુલયફા (મસ્જિદે શજરા) ............... ૩૬૭
૬૭) વાદીએ અકીક ........................................ ૩૬૭
૬૮) જોહફા ...................................................... ૩૬૮
૬૯) યલમલમ ................................................. ૩૬૯
૭૦) કરને મનાઝિલ ........................................ ૩૬૯
૭૧) ઉપરોક્ત મીકાતોમાંથી કોઇ એકની સામે .... ૩૬૯
૭૨) મક્કા ........................................................ ૩૭૦

૭૩) મહલે રેહાઇશ........................................ ૩૭૧

૭૪) અદના હિલ જેમ કે હુદેબિયહ જેઅરાન

તન્ઇમ................................................ ૩૭૧

૭૫) મીકાતના હુકમો ................................ ૩૭૨

૭૬) એહરામની રીત ................................ ૩૮૦

૧-નિય્યત ........................................ ૩૮૦

૨-તલબીયા ........................................ ૩૮૩

૩-એહરામના બે કપડા (લુંગી અને ચાદર)નું

પહેરવું .............................................. ૩૮૮

૭૭) એહરામમાં તજી દેવાની વસ્તુઓ ............ ૩૯૨

૧-જમીની જાનવરનો શિકાર .................. ૩૯૩

શિકારના કફ્ફારાઓ...................... ૩૯૭

૨-સંભોગ .......................................... ૪૦૧

૩-સ્ત્રીને ચુંબન કરવું............................ ૪૦૫

૪-સ્ત્રીનો સ્પર્શ કરવો .......................... ૪૦૬

૫-સ્ત્રીને (વાસનાની નજરે) જોવી અને
તેની સાથે રમત-ગમત કરવી ............ ૪૦૬
૬-ઇસ્તિમના - વીર્ય સ્ખલન ઇચ્છવો ....... ૪૦૮
૭-નિકાહ કરવા ................................ ૪૦૯
૮-ખુશ્બૂ લગાવવી ............................ ૪૧૦
૯-પુરૂષ માટે સિવેલા કપડાં પહેરવા ........ ૪૧૨
૧૦-સુરમો લગાવવો ........................ ૪૧૪
૧૧-અરીસામાં જોવું ......................... ૪૧૫
૧૨-પુરૂષો માટે બૂટ અથવા મોજા પહેરવા . ૪૧૬
૧૩-ફુસૂક ........................................ ૪૧૭
૧૪-જેદાલ ...................................... ૪૧૮
૧૫-શરીર પરની જૂઓ વગેરે મારવી ....... ૪૨૦
૧૬-શૃંગાર કરવો (બનવું સજવું) ........... ૪૨૦
૧૭-તેલ ચોપડવું ............................... ૪૨૨
૧૮-શરીરના વાળ ઉતારવા .................. ૪૨૨

૧૯-પુરૂષો માટે માથું ઢાંકવું ................ ૪૨૪

૨૦-સ્ત્રીઓએ મોં ઢાંકવું .................... ૪૨૫

૨૧-પુરૂષોનું છાંયામાં રહેવું ................ ૪૨૬

૨૨-શરીરમાંથી લોહી કાઢવું ................ ૪૨૯

૨૩-નખ કાપવા............................ ૪૩૦

૨૪-દાંત કઢાવવા ......................... ૪૩૧

૨૫-મોહરિમના માટે શસ્ત્રો સાથે રાખવા .... ૪૩૧

૭૮) હરમમાં હરામ બાબતો ...................... ૪૩૨

૭૯) હરમની સીમાઓ ............................ ૪૩૫

૮૦) કફ્ફારાના જાનવરો ઝબેહ કરવાનું સ્થળ ...... ૪૩૬

૮૧) કફ્ફારાનો ઉપયોગ............................ ૪૩૬

૮૨) તવાફ ........................................ ૪૩૭

૮૩) તવાફની શરતો .............................. ૪૩૮

૧-નિય્યત .................................... ૪૩૮

૨-તહારત-પાક હોવું ........................ ૪૩૮

૩-ખબસથી પાક હોવું ........................ ૪૪૪

૪-પુરૂષોનું ખત્ના થયેલુ હોવું ................ ૪૪૭

૫-ગુપ્તાંગો ઢાંકવા ............................ ૪૪૮


## વાજિબાતે તવાફ


૮૪) તવાફમાં આઠ ચીઝો જરૂરી છે .............. ૪૪૮

૮૫) મતાફમાંથી નીકળી જવું ........................ ૪૫૧

૮૬) તવાફ તોડવો અને તવાફના ચક્કરો ઓછાં

કરવા ..................................... ૪૫૩

૮૭) તવાફમાં વધારો ................................ ૪૫૬

૮૮) ચક્કરોની સંખ્યામાં શક ........................ ૪૫૮

૮૯) તવાફની નમાઝ ................................ ૪૬૩

૯૦) સફા અને મરવા વચ્ચે સઇ .................. ૪૬૭

૯૧) સઇના હુકમો (નિયમો) ........................ ૪૭૦

૯૨) સઇમાં શક ...................................... ૪૭૩

૯૩) તકસીર .......................................... ૪૭૪

૯૪) હજનો એહરામ ................................ ૪૭૭

૯૫) વુકૂફે અરફાત .................................. ૪૮૦

૯૬) મુઝદલફા (મશઅર)નો વુકૂફ .................. ૪૮૪

૯૭) બંને અથવા કોઇ એક વુકૂફને મેળવવો ........ ૪૮૭

૯૮) મિના અને તેના વાજિબાતો .................. ૪૮૯

૧-રમીએ જમરાત .......................... ૪૮૯

૨-મિનામાં કુરબાની.......................... ૪૯૩

હજે તમત્તોઅની કુરબાનીનો ઉપયોગ ..... ૫૦૨

૩-હલ્ક અથવા તકસીર ...................... ૫૦૪

૯૯) હજનો તવાફ, તવાફની નમાઝ અને સઇ ..... ૫૦૭

૧૦૦) તવાફુન્નિસા ................................ ૫૧૦

૧૦૧) મિનામાં રાત રોકાવું.......................... ૫૧૩

૧૦૨) રમીએ જમરાત .............................. ૫૧૬

૧૦૩) મસદૂદ (અટકાએલા)ના હુકમો ............ ૫૧૯

૧૦૪) મેહસૂર (ઘેરાએલા)ના હુકમો................ ૫૨૩

૧૦૫) દુઆએ આલીય્યતુલ મઝામીન ............. ૫૨૮

તવસ્સુલ, કબ્રની ઝિયારત, ખાકે કરબલા ઉપર સજદો બિદઅત નથી બલ્કે કુરઆન અને અહાદીસે નબવીથી સાબિત છે. જેની દલીલ અહીં રજૂ કરીએ છીએ.

## તવસ્સુલ

### ૦૧) તવસ્સુલનો અર્થ શું છે?

તવસ્સુલનો અર્થ છે કે કોઇ ચીઝ અથવા શખ્સથી નઝદીકી હાંસિલ કરવા માટે કોઇ કામ અંજામ આપવું કે જેથી તેની કુરબત હાંસિલ થઇ જાય.

શરીઅતમાં તવસ્સુલનો મતલબ હાજત પૂરી થવા અને દુઆની કબૂલીય્યત માટે બારગાહે ઇલાહીમાં નેક કામો અને સાલેહ લોકોને વાસ્તો બનાવવો. તવસ્સુલમાં ઇન્સાન દુઆ અને ઇસ્તેગાસા સમયે એવી ચીઝને અલ્લાહની બારગાહમાં પેશ કરે છે કે જે તેની તૌબાની કબૂલીય્યત અને હાજત પૂરી થવાનો વાસ્તો બને.

### ૦૨) તવસ્સુલ જાઇઝ હોવા બાબતે કોઇ દલીલ છે?

હા, તવસ્સુલ જાઇઝ હોવા બાબતે કુરઆને શરીફ અને હદીસથી ઘણી બધી દલીલો મોજૂદ છે. નમૂનારૂપે અમુલ દલીલો રજૂ કરૂ છું.

(ક) કુરઆને શરીફમાં અલ્લાહની બારગાહમાં વસીલો તલાશ કરવાનો હુકમ આપેલ છે. જેમકે,

**“અય ઇમાન લાવનારાઓ! અલ્લાહથી ડરો અને તેના સુધી (પહોંચવા) વસીલો તલાશ કરો તથા તેની રાહમાં જેહાદ કરો જેથી તમે કામ્યાબ થઇ જાઓ.”** *– સૂરએ માએદાહ, આ.૩૫*

(ખ)ગુનેહગાર બંદાઓને તોબા માટે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)નો તવસ્સુલ કરવાનો હુકમ કુરઆને શરીફમાં આપવામાં આવ્યો છે. જેમકે,

સૂરએ નિસાઅની આ.૬૪માં પણ ગુનેહગારોને હિદાયત આપવામાં આવી છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થઇને આપ (સ.અ.વ.)ને દરખ્વાસ્ત કરે કે તેઓ તમારી માટે ઇસ્તેગ્ફાર કરે કે જેથી અલ્લાહ તઆલા તમોને બક્ષી આપે. **“અને અમોએ કોઇપણ રસૂલને નથી મોકલ્યો પણ એ માટે કે અલ્લાહના હુકમથી તેની ઇતાઅત કરવામાં આવે; અને અગર જેઓ પોતાના પર ઝુલ્મ કરતા હતા તે વખતે તારી પાસે આવતા અને અલ્લાહથી માફી માંગતા તથા રસૂલ પણ તેમના માટે ઇસ્તગ્ફાર કરતા,**

તો તેઓ જરૂર અલ્લાહને મોટો તૌબા કબૂલ કરનાર, રહીમ પામતા.''

*- સૂરએ નિસાઅ, આ. ૬૪*

(ગ) હઝરત યુસુફ (અ.સ.)ના ભાઇઓ મગફેરત માટે હઝરતે યાકૂબ (અ.સ.)નો તવસ્સુલ કરે છે ત્યારે હઝરતે યાકૂબ (અ.સ.) તેના ફરઝંદોને આ કામની મનાઇ નથી કરતા બલ્કે તેઓને વાયદો આપે છે ''હું તમારા લોકો માટે ઇસ્તેગફાર કરીશ.''

''તેમણે કહ્યું : અય અમારા વાલિદ! અમારા માટે (અલ્લાહ પાસે) ઇસ્તગ્ફાર કરો; બેશક અમે ખતાકાર હતા.''

*- સૂરએ યુસુફ, આ. ૯૭*

## * રિવાયતોની રોશનીમાં તવસ્સુલ :

(ક) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)થી મનકૂલ છે કે ''જે કાંઇ આસમાન અને ઝમીનમાં છે તે અલ્લાહની કુરબત હાંસિલ કરવા માટે વસીલાની તલાશમાં છે અને અલ્લાહ તથા તેની મખ્લૂકાતની દરમિયાન અમે એહલેબૈત(અ.મુ.સ.) વસીલો અને વાસ્તો છીએ.''

(ખ)હ.આયશાએ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી રિવાયત નકલ કરી છે કે આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું **"અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) અલ્લાહના સૌથી નઝદીકના વસીલા છે."**

*– અલ મનાકિબ / ઇબ્નુલ મગાઝેલી*

(ગ) હઝરત આદમ (અ.સ.)ને જન્નતથી બહાર મોકલવામાં આવ્યા પછી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) અને એહલેબૈત (અ.મુ.સ.)થી તવસ્સુલ કર્યો ત્યારે તેમની તૌબા કબૂલ થઇ.

આ સિવાય અગાઉના અંબિયાઓ પણ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી તવસ્સુલ કર્યા કરતા હતા.

## ૦૩) શું મૌત પછી પણ અલ્લાહના નેક બંદાઓથી તવસ્સુલ કરી શકાય છે?

આ પ્રકારનો સવાલ બરઝખી ઝિંદગીનો ઇન્કાર/ અસ્વીકાર કરવાના કારણે થાય છે, પરંતુ જો થોડુક કુરઆને શરીફની આયતોમાં ચિંતન-મનન કરીએ તો ખબર પડશે બરઝખી ઝિંદગી માન્યતા સહીહ છે.

(ક) જેમકે ફિરઔન અને તેના સાથીઓને બરઝખમાં અઝાબ થાય છે તેનો ઉલ્લેખ સૂર-એ-ગાફિરની ૪૬મી

આયતમાં આ મુજબ છે "આગ છે દરરોજ સવાર-સાંજ તેઓ ઉપર લાવવામાં આવે છે."

(ખ) શહીદોની બરઝખી ઝિંદગી અને તેઓને તેમાં મળતી નેઅમતોનો ઉલ્લેખ સૂરએ ઇમરાન ૧૬૯મી આયતમાં આ પ્રમાણે છે. "હરગિઝ ગુમાન ન કરો જેઓ અલ્લાહની રાહમાં શહીદ થયા તેઓ મુર્દા છે બલ્કે તેઓ જીવંત છે પોતાના રબ પાસે (છે અને) રોઝી આપવામાં આવે છે."

હવે એક ઐતિહાસિક બનાવ જોઇએ જેથી ખયાલ આવે કે આ બાબતે ઇબ્ને તયમીયા પહેલા બધા મુસલમાનો એકમત હતા.

બની અબ્બાસનો બીજો ખલીફા 'મન્સૂરે દવાનકી' હજ કરવા ગયો. એ સફર દરમ્યાન માલિકી ફિક્હના ઇમામ 'ઇમામ માલિક' પણ તેની સાથે હતા. જ્યારે તેઓ બંને મસ્જિદે નબવીમાં વાતચીત કરી રહ્યા હતા ત્યારે ઇમામ માલિકે મન્સૂરને કહ્યું "આ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)નો હરમ છે. અહીં અવાજ ધીમો રાખો કારણકે અલ્લાહ તઆલાનો હુકમ છે કે 'પોતાની અવાજોને પયગંબર (સ.અ.વ.)ની અવાજ ઉપર ઉંચી ન કરો.' જેવી રીતે હઝરત

રસૂલ (સ.અ.વ.)નો એહતેરામ તેમના જીવન દરમ્યાન વાજિબ હતો તેવી જ રીતે તેમના ઇન્તેકાલ પછી પણ તેમનો એહતેરામ વાજિબ છે.''

ત્યારપછી મન્સૂરે ઇમામ માલિકને પૂછ્યું ''અય અબા અબ્દિલ્લાહ (ઇમામ માલિકની કુન્નીયત છે.)! હું દુઆ કરતી વખતે અને અલ્લાહને પોકારતી વખતે કિબ્લાની તરફ રૂખ કરૂ કે પયગંબરે અકરમ (સ.અ.વ.)ની તરફ રૂખ કરૂ?'' ઇમામ માલિકે જવાબ આપ્યો ''તું હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી મોઢુ શા માટે ફેરવે છો? તેઓ કયામત સુધી તારો વસીલો છે અને તારા પિતા આદમ (અ.સ.)નો પણ વસીલો છે. તેમની તરફ રૂખ કરો અને તેમનાથી શફાઅત તલબ કરો તેઓ ખુદાની બારગાહમાં તમારી શફાઅત કરશે. ખુદાવંદે આલમ ફરમાવે છે કે 'જે લોકોએ પોતાના નફસો ઉપર ઝુલ્મ કર્યો છે, અગર એ લોકો આપ (સ.અ.વ.)ની ખિદમતમાં આવે અને ખુદાની બારગાહમાં ઇસ્તિગફાર કરે અને રસૂલ (સ.અ.વ.) પણ તેમના માટે ઇસ્તિગફાર કરે તો તેઓ ખુદાને તૌબા કબૂલ કરવાવાળો અને મહેરબાન પામશે.''

*- વફાઉલ વફા, ભાગ:૪, પે.૧૩૭૬*

## ૦૪) કબ્રની ઝિયારત કરવી કેવો અમલ છે ?

કબ્રોની ઝિયારત મુસલમાનો દરમ્યાન પ્રચલિત કાર્યોમાંથી છે. અંબિયા અને તેમાં પણ ખાસ કરીને હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની કબ્રની ઝિયારત ફઝીલત રાખે છે અને ઈસ્લામી તાલીમમાં ખાસ તેના ઉપર ભાર આપવામાં આવ્યો છે. તે જ મુજબ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.), એહલેબૈત (અ.મુ.સ.), બુઝુર્ગ સહાબા, ઓલમા અને મુસલમાનોની અમલી સિરત રહી છે. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) અને જનાબે ફાતેમા (સ.અ.) જનાબે હમ્ઝાની કબ્રની ઝિયારત માટે જતા હતા. આ માટે કબ્રની ઝિયારતથી ઈન્કાર નથી કરી શકાતો.

## ૦૫) શું કબ્રની ઝિયારતની ફઝીલત દર્શાવતી હદીસો પણ મોજૂદ છે?

હા, થોડીક હદીસો અહીં રજૂ કરૂં છું.

૧) પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.)એ ફરમાવ્યું : ‘‘મન હજ્જ વલમ યઝુરની ફકદ જફાઅની’’ ‘‘જેણે હજ્જ કરી અને મારી ઝિયારત ન કરી, તેણે મારી ઉપર ઝુલ્મ કર્યો.’’

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું ‘‘જેણે

મારી કબ્રની ઝિયારત કરી તેના માટે મારી શફાઅત વાજિબ થઇ ગઇ.''

– *કિતાબ 'અસ્સોનન' / કિતાબ 'દારે કુતની'*

૨) આપ (સ.અ.વ.)એ બીજી એક જગ્યાએ ફરમાવ્યું ''જે શખ્સે ખુલુસની નિય્યતથી મદીનાએ મુનવ્વરામાં હાજર થઇને મારી ઝિયારતનો શરફ હાંસિલ કર્યો, હું કયામતના દિવસે તેનો ગવાહ બનીશ અને તેની શફાઅત કરીશ.'' – *બયહક્કી, શોઅબુલ ઇમાન*

૩) હ.ઉમરે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ને આ ફરમાવતા સાંભળ્યું કે ''જેણે મારી કબ્રની ઝિયારત કરી, હું તેનો શફી અથવા ગવાહ બનીશ અને બે હરમમાંથી કોઇ એકમાં ઇન્તેકાલ થાય તો અલ્લાહ કયામતના દિવસે તેને ઇમાનવાળાઓ સાથે ઉઠાવશે.''

– *અલ મુસ્નદ*

૪) હઝરત ઇમામ જાફર સાદિક (અ.સ.) પોતાના પાકીઝા બાપદાદાઓથી આ રિવાયત નકલ કરી છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે ''જેણે મારા મર્યા પછી મારી ઝિયારત કરી, તો જાણે તેણે મારા

જીવન દરમ્યાન મારી ઝિયારત કરી.''

૫) હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે ''જેણે મારા જીવન દરમ્યાન કે મારા મર્યા પછી મારી ઝિયારત કરી, કયામતના દિવસે તે મારો પાડોશી હશે.''

૬) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)એ ફરમાવ્યું ''જે શખ્સ મારા પીદરે બુઝુર્ગવાર અને મને ત્રણ દિવસ સુધી સલામ કરે, તો પરવરદિગાર તેના માટે બેહિશ્ત વાજિબ કરી દે છે.'' રાવીએ સવાલ કર્યો કે ''આપ બંનેના જીવન દરમ્યાન ?'' આપ (સ.અ.)એ ફરમાવ્યું ''હા અને મર્યા પછી પણ.'' *- શેખ મુફીદ, અલ મુકનેઆ, જવામેઉલ ફકીહ*

શિયા મુતકલ્લેમીન જેમ કે ઇબ્ને કૌલવયહ કુમ્મીએ પોતાની કિતાબ 'કામેલુઝ ઝિયારાત'માં, શેખ મુફીદની 'અલ મઝાર'માં, શેખ તૂસીની 'મિસ્બાહુલ મુતહજ્જીદ'માં તથા ઇબ્ને તાઉસની 'મહજુદ દાઅવાત'માં કબ્રોની ઝિયારતને શરઇ રીતે જાઇઝ હોવાની દલીલ અને આ બાબતે શકોનો જવાબ આપતા અઇમ્મા (અ.મુ.સ.)ની સિરતથી હવાલાઓ આપ્યો છે અને સહીહ મુસ્લીમ સહિત એહલે

સુન્નતની બીજી કિતાબોમાંથી કબ્રોની ઝિયારતની ફઝીલતોની રિવાયતોને પેશ કરી છે.

એહલે સુન્નતમાં ઇબ્ને હજરી હૈસમી શાફઇએ 'અલ જોહર્રુલ મુનઝઝમ ફી ઝિયારતે કબ્રે શરીફે નબવી'માં, ઇબ્ને અસાકીર શાફઇએ 'ઇત્તેહાફુઝ ઝાએર વ અતરાફુલ મોકીમ લિશ્શાઆએર ફી ઝિયારતે નબી (સ.અ.વ.)'માં, મોહમ્મદ ફાસી માલેકીએ 'તારીફુલ અન્આમ ફીત્તવસ્સુલ બિન્નબી વ ઝિયારતેહી અલય્હિસ્સલામ'માં કબ્રોની ઝિયારતનો ઉલ્લેખ કર્યો છે. તે ઉપરાંત બીજા ઘણા મુતકલ્લીમોએ કબ્રોની ઝિયારતના ફાયદાનો ઝિક્ર કર્યો છે.

## ૦૬) અવલિયાની કબ્રની નઝદીક ઇબાદત કરવી મુસ્તહબ છે?

હા, મુસ્તહબ છે આ બાબતે બે દલીલો રજૂ કરૂં છું.

(ક) સૂરએ કહફની આ.૨૧થી પણ આ વાતને સાબિત કરી શકાય છે : ''અને આવી રીતે અમોએ તેમની હાલતથી તેઓને વાકેફ કરી દીધા કે જેથી તેઓ જાણી લે કે અલ્લાહનો વાયદો ખરેખર સાચો છે અને (કયામતની) ઘડી (આવવા)માં કાંઇ શક નથી. જે વખતે તેઓ તેમના મામલા સંબંધી આપસમાં બહેસ

કરવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું કે તેમના પર એક ઇમારત બનાવી દો; તેમનો પરવરદિગાર તેમની હાલતથી સારી રીતે વાકેફ છે; જેમનો મશવેરો તેઓના મામલામાં ગાલીબ થયો તેમણે કહ્યું કે જરૂર અમે તેમના ઉપર એક મસ્જિદ બનાવીશું.''

*– સૂરએ કહફ, આ. ૨૧*

આ આયતથી સ્પષ્ટ થાય છે કે તેમાં ઇન્સાનને ફરી જીવંત કરવાના બાબતે યકીન રાખતા હોય અને ન રાખતા હોય તેવા બે સમૂહ બની ગયા. જેઓ યકીન નહોતા રાખતા તેઓ ચાહતા હતા કે લોકો અસહાબે કહફના જાગવા અને સૂવાની વાતને જલ્દી ભૂલી જાય, માટે તેઓએ કહ્યું કે ગુફાના દરવાજા બંધ કરી દેવામાં આવે કે જેથી લોકો તેને ભૂલી જાય. જ્યારે કે હકીકી મોઅમીનોને આ બનાવની જાણ થઇ કે જેઓ તેને કયામત આવવાની દલીલ સમજતા હતા તેઓ ચાહતા હતા કે આ બનાવને ક્યારેય ભૂલવામાં ન આવે. માટે તેઓએ કહ્યું કે અમે તેમના દફનસ્થળ પાસે મસ્જિદ બનાવીશું કે જેથી લોકો તેઓને પોતાના દિલમાંથી ભૂલી ન જાય અને આ સિવાય તેમની પાક રૂહથી લોકો હંમેશા રૂહાની ફાયદો હાંસિલ કરતા રહે. જેનાથી માલૂમ થાય છે કે કબ્ર બનાવવી તેમજ કબ્ર પર જવું કયામતની યાદ

અપાવે છે તથા ત્યાં મસ્જિદો અને ઇબાદતગાહ બનાવવી હરામ નથી, બલ્કે એક નેક અને પસંદીદા કામ છે.

(ખ) અલ્લાહની નિશાનીઓ :

"અને જે પણ અલ્લાહની નિશાનીઓને માન આપે છે બેશક તે કાર્ય દિલની પરહેઝગારીની નિશાની છે." – *સૂરએ હજ, આ.૩૨*

જેઓએ આ આયત વડે કબ્રોની ઝિયારત જાઇઝ હોવાની દલીલ કાયમ કરી છે તેઓ દીનના બુઝુર્ગોની કબ્રોની ઝિયારતને અલ્લાહની નિશાનીઓને માન આપવું સમજે છે અને તેઓએ આ આયતના આધારે અલ્લાહની નિશાનીઓને માન આપવાને દિલના તકવાની નિશાની કહ્યું છે, અને દીનના બુઝુર્ગોની કબ્રોની ઝિયારતને પણ દિલના તકવાની નિશાની કહે છે. હવે પરિણામ સ્વરૂપે જે પણ ચીજ અલ્લાહના દીનની નિશાની છે તેને અલ્લાહની બારગાહથી નજદીક થવાનો વસીલો કહે છે.

## ૦૭) શું ખાક ઉપર સજદો કરવો અને ખાકને સજદો કરવો બંનેમાં કાંઈ તફાવત છે ?

હા, શહીદ આયતુલ્લાહ સૈયદ મોહમ્મદ બાકિરૂસ સદ્રનો કૌલ છે કે "અમો માટી ઉપર અલ્લાહને સજદો

કરીએ છીએ. માટી ઉપર સજદો કરવામાં અને માટીને સજદો કરવામાં ફર્ક છે. અગર શિયા લોકો એહતેયાત રાખે છે કે તેમનો સજદો પાક જગ્યા પર થાય અને અલ્લાહની નઝદીક મકબૂલ થાય, આ બાબતે તેઓ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) અને અઇમ્માએ અત્હાર (અ.મુ.સ.)ના હુકમ ઉપર અમલ કરે છે.''

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું ''જઅલ્તો લિયલ અર્ઝ મસ્જેદન વતહૂરા.'' ''મારી માટે તમામ ઝમીન સજદો કરવા અને પાક કરવાનો ઝરીઓ બનાવી દેવામાં આવી છે.''

## ૦૮) સજદો કઇ ચીઝ ઉપર કરવો જોઇએ?

ઇમામ જાફ઼ર સાદિક (અ.સ.)થી રિવાયત નકલ કરવામાં આવી છે કે ''અલ્લાહ તઆલા માટે સજદો ખુઝુઅ છે. આ માટે મુનાસિબ નથી કે ખાવા અને પહેરવાની ચીઝો ઉપર સજદો કરવામાં આવે. કેમકે દુનિયાના લોકો ખાવા અને પહેરવાની ચીઝોના બંદા હોય છે જ્યારે કે સજદો કરનાર સજદાની હાલતમાં ખુદાની ઇબાદત અને બંદગીમાં હોય છે તેથી મુનાસિબ નથી કે ઇબાદત કરનાર બંદાની પેશાની દુનિયાના

બંદાઓના માઅબૂદ (એટલે કે ખાવા પહેરવાની ચીઝ) ઉપર પડે, ખાક ઉપર સજદો કરવાની ફઝીલત વધારે છે કેમકે આ સજદો અલ્લાહ તઆલાની બારગાહમાં તવાઝોહ (નમ્રતા) તથા ખુઝુઅ અને ખુશુઅનો ઇઝહાર કરવા માટે બહેતર છે.''

– મન લા યહઝરૂલ ફકીહ

## ૦૯) શા માટે તુરબતે ઈમામ હુસૈન (અ.સ.) ઉપર સજદો કરવામાં આવે છે ?

આ સવાલ બાબતે કે 'શિયાઓ તુરબતે ઇમામ હુસૈન(અ.સ.) ઉપર શા માટે સજદો કરે છે?' જવાબમાં કહેવું જોઇએ કે,

૧) શિયા ફોકહાઓમાં એવો કોઇ ફકીહ નથી મળતો કે જે તે વાતને કહેતો હોય કે ખાકે કરબલા ઉપર સજદો કરવો વાજિબ છે, બલ્કે તે કહે છે કે દરેક પાક અને મુબાહ ખાક ઉપર સજદો કરવો સહીહ છે જેવું પહેલા બયાન થઇ ચૂક્યું છે. બલ્કે તેઓ કહે છે કે ખાકે કરબલા ઉપર સજદો કરવો મુસ્તહબ છે.

૨) ખાકે કરબલા ઉપર સજદો કરવો તે ખાક ઉપર સજદો કરવાનો એક નમૂનો છે અને ખાક ઉપર સજદો કરવો સહીહ

હોવા પર તમામ મુસલમાનો એકમત છે. આ માટે ખાકે કરબલાને ઝમીન અને ખાકથી અલગ કરવા માટેનું કોઇ કારણ બાકી નથી રહેતું કે જેથી એવો વિરોધ કરવામાં આવે કે શા માટે શિયાઓ તુરબતે ઇમામ હુસૈન (અ.સ.) ઉપર સજદો કરવાનું કહે છે?

શિયા અકીદા મુજબ ઇમામ હુસૈન (અ.સ.)ની કબ્ર મુબારકની માટી પણ ઝમીનનો જ એક હિસ્સો છે જેને અલ્લાહે પોતાના પયગંબર (સ.અ.વ.) માટે પાકો પાકીઝા અને સજદો કરવાની જગ્યા બનાવી છે. આ સિવાય ખાકે કરબલાની ફઝીલતમાં ઘણીબધી રિવાયતો હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી નકલ કરવામાં આવી છે કે જે શિયા અને સુન્ની બંને ફિરકાની કિતાબોમાં મૌજૂદ છે.

પયગંબરે ઇસ્લામ (સ.અ.વ.)એ ઇરશાદ ફરમાવ્યું છે કે "કરબલા ઝમીનનો બુલંદતરીન અને મુકદ્દસ તરીન મિનારો છે અને સાચું છે કે કરબલા બેહિશ્તનો ટુકડો છે." *- કામેલુઝ ઝિયારત, પે.૮૧૨*

ઇમામ સજ્જાદ (અ.સ.) તે પહેલા ઇમામ (અ.સ.) હતા કે જેમણે ખાકે કરબલા ઉપર સજદો કર્યો. તમામ અઇમ્માએ અત્હાર તુરબતે ઇમામ હુસૈન (અ.સ.) ઉપર

સજદો કરતા હતા અને તેનું મુસ્તહબ હોવાની તાકીદ કરતા હતા. ઇમામ જાફરે સાદિક (અ.સ.) ઇરશાદ ફરમાવે છે કે **"સૈયદુશ્શોહદા (અ.સ.)ની તુરબત ઉપર સજદો કરવો સાત પડદાઓને હટાવે છે."** - *વસાએલુશ્શિયા*

જ્યારે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ પોતાની દુખ્તર જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને મશહૂર તસ્બીહાત '૩૪ વખત અલ્લાહુ અકબર, ૩૩ વખત અલ્હમ્દુ લિલ્લાહ, ૩૩ વખત સુબ્હાન અલ્લાહ' પઢવાનું કહ્યું ત્યારે હઝરત હમ્ઝાની કબ્ર ઉપર ગયા અને તસ્બીહ તૈયાર કરવા માટે ત્યાંથી થોડી માટી લીધી. તેમના આ અમલથી શું સાબિત થાય છે ? સાબિત થાય છે કે શહીદની કબ્ર મોહતરમ છે અને તેની આસપાસની માટી પણ પાક છે. ઇન્સાનને તસ્બીહાત પઢવા માટે એક તસ્બીહની જરૂર હોય છે. આ મકસદ માટે પથ્થર, લાકડા અને માટીની બનેલી તસ્બીહનો ઉપયોગ કરી શકાય છે, પરંતુ આપણે શહીદની કબ્રની પાસેની માટીને મહત્વ આપીએ છીએ અને તેનાથી આપણો મકસદ શહીદને માન આપવાનો હોય છે.

આ માટે શિયાઓ ખાકે કરબલા ઉપર સજદો કરે છે.

# પરીશિષ્ટ
# (પવિત્ર સ્થળોની વિગત)

**મક્કા : મસ્જિદુલ હરામ :** ૧. ખાનએ કા’બા, ૨.હજરે અસ્વદ, ૩. મકામે ઈબ્રાહીમ, ૪. મુસ્તજાર (રૂકને યમાનીની સામે), ૫. રૂકને યમાની, (હજરે અસ્વદ અને કા’બાનો વચ્ચેનો દરવાજો) ૬. દિવારે હતીમ, ૭. સોનાનો બનેલો પરનાળો, ૮. ઝમઝમનો કૂવો, ૯. સફા અને મરવાની પહાડીઓ.

**મક્કા શહેરમાં :** ૧. હ. રસૂલ સ. નું જન્મ સ્થળ, ૨. મસ્જિદે જિન, ૩. મસ્જિદે બિલાલ, ૪. તનઈમ

**જન્નતુલ મોઅલ્લા :** ૧. જનાબે ખદીજતુલ કુબરા સલા. ની કબર, ૨. જનાબે આમેના સલા. ની કબર, ૩. હઝરત અબુ તાલિબની કબર, ૪. હઝરત અબ્દે મુનાફની કબર, ૫. હઝરત હાશીમ ૨.અ. ની કબર, ૬. હઝરત અબ્દુલ મુત્તલિબની કબર,

**ગુફાઓ :** ૧. ગારે હિરા, ૨. ગારે સોર.

**અરફાત :** ૧. અરફાતનું મેદાન, ૨. જબલે રહેમત, ૩. મસ્જિદે નમરા, ૪. મેદાને મુઝદલિફા.

**મીના :** ૧. મસ્જિદે ખયફ, ૨. મસ્જિદે કૌસર, ૩. જમરા, (ત્રણ શૈતાન)

**મદીના : મસ્જિદે નબવી :** ૧. હઝરત રસૂલ સ.અ.વ. ની કબર મુબારક, ૨. જનાબે ફાતેમા ઝેહરા સ.અ. નું ઘર, ૩. મહેરાબ અને મિમ્બરે રસૂલ સ.અ.વ., ૪. મકામે જિબ્રઈલ અ.સ., ૫. સાત ઈતિહાસિક થાંભલાઓ, (સુતૂન), ૬. મકામ અસહાબે સુફ્ફા, ૭. રિયાઝુલ જિન્ના.

## જન્નતુલ બકીઅ

**મદીનાનું કબ્રસ્તાન :** ૧. જનાબે ફાતેમા ઝેહરા સલા. ની કબર મુબારક, ૨. ઈમામ હસન અ.સ., ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. ઈમામ મોહમ્મદ બાકીર અ.સ., ઈમામ જઅફર સાદિક અ.સ. ની કબર મુબારક, ૩. હઝરત અબ્બાસ (હુઝૂર સ.અ.વ. ના કાકા) ની કબર, ૪. હઝરત ઈબ્રાહીમ અ.સ. ની કબર (હુઝૂર સલ.ના ફરઝંદ), ૫. જનાબે ઉમ્મુલ બનીનની કબર, (હઝરત અબ્બાસ અ.સ. ના માતાજી), ૬. જનાબે આતિકાની કબર, (હુઝૂર સલ.ના ફુઈ), ૭. જનાબે સફીયાની કબર, (હુઝૂર સલ.ના ફુઈ) ૮. હલીમા સઅદીયાની કબર, (જેમણે હુઝૂર સલ. ને દૂધ પીવરાવ્યું હતું) ૯. હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને જઅફરે તય્યાર

અ.સ.ની કબર, ૧૦. જનાબે ફાતિમા બિન્તે અસદની કબર, (હઝરત અલી અ.સ. ના માતાજી)

**ઓહદ :** ૧. જબલે ઓહદ, ૨. હઝરત હમઝા અ.સ.ની કબર, ૩. જંગે ઓહદમાં શહીદ થયેલાઓની કબરો.

**મદીનાની મસ્જિદો :** ૧. મસ્જિદે કુબા, ૨. મસ્જિદે કિબ્લતયન, ૩. મસ્જિદે ગમામા, (મસ્જિદે અલી), ૪. મસ્જિદે ઈજાબા, (મુબાહેલાના સ્થળે) ૫. મસ્જિદે ફત્હ, મસ્જિદે સલમાન, મસ્જિદે ફાતેમા, મસ્જિદે અલી, ૬. મસ્જિદે જુમ્આ, ૭. મસ્જિદે શજરા, (મિકાત)

**મદીનામાં :** ૧. મકામે બયતુલ હુઝન, ૨. મેદાને મુબાહેલા, ૩. અબયાર અલી, ૪. બાગે સલમાન, બાગે શમઉન, બાગે ફિદક વિગેરે.

## નિય્યતો

ઉમરા અને હજ દરમિયાન નિય્યતો કરવી જરૂરી હોય છે. નિય્યત એટલે દિલમાં રહેલો ઇરાદો અહીં જે નિય્યતો બયાન કરવામાં આવેલ છે તેનો ઇરાદો દિલમાં હોવો જરૂરી છે. માટે જે ઝાએર ઉમરા અથવા હજ માટે જઈ રહ્યા હોય તેઓ આ નિય્યતો જરૂર યાદ રાખે.

ઉમરા બે પ્રકારના હોય છે.

૧. ઉમરએ તમત્તોઅ, ૨. ઉમરએ મુફરદા.

હજ્જે તમત્તોઅ બે ભાગમાં અદા કરવાનો હોય છે, પહેલો ભાગ મિકાતથી એહરામ બાંધી મક્કા જવું, બીજો ભાગ મક્કાથી એહરામ બાંધી મિના અથવા અરફાત જવું.

## હજનો પહેલો ભાગ (ઉમરએ તમત્તોઅ)

મિકાતથી એહરામ બાંધી મક્કા જવાની અને બીજા એહકામો બજાવી લાવવાની નિય્યતો આ મુજબ છે;

(૧) હું મારા હજ્જે ઈસ્લામના ઉમરએ તમત્તોઅ માટે એહરામ પહેરૂં છું, કુરબતન એલલ્લાહ. પછી તુરત જ તલબિયા પઢે.

(૨) હું મારા હજ્જે ઈસ્લામના ઉમરએ તમત્તોઅ માટે ખાનએ કા'બાનો તવાફ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૩) હું મારા હજ્જે ઈસ્લામના ઉમરએ તમત્તોઅ માટે ખાનએ કા'બાના તવાફની બે રકાત નમાઝ (મકામે ઈબ્રહીમની પાછળ) પઢું છું, કુરબતન એલલ્લાહ.

(૪) હું મારા હજ્જે ઈસ્લામના ઉમરએ તમત્તોઅ માટે સફા અને મરવા દરમિયાન સઈ કરૂં છું, કુરબતન

એલલ્લાહ.

(૫) હું મારા હજ્જે ઈસ્લામ ઉમરએ તમત્તોઅનો એહરામ ઉતારવા માટે તકસીર કરૂં છું, કુરબતન એલલ્લાહ.

નોંધઃ આ ઉમરામાં તવાકુન્નિસાનો તવાફ અને તવાફની નમાઝ નથી.

## હજનો બીજો ભાગ (હજ્જે તમત્તોઅ)

મક્કાથી એહરામ બાંધી અરફાત જવું. જે હજનો બીજો ભાગ છે.

(૧) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે એહરામ પહેરૂં છું, કુરબતન એલલ્લાહ. પછી તુરત જ તલબિયા પઢે.

(૨) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે અરફાતમાં ઝોહરથી મગરિબ સુધી વુકુફ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૩) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે મુદઝલફામાં સૂરજ ઉગવા સુધી વુકુફ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

## ૧૦. ઝીલહજ મિનામાં

(૪) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે મોટા શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

(૫) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે કુરબાની કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૬) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅના એહરામ ઉતારવા માટે તકસીર કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૭) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે મિનામાં ૧૧મી અને ૧૨મી રાત વુકુફ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

## ૧૧. ઝીલહજ - મિનાની નિય્યતો

(૮) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે નાના શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

(૯) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે વચલા શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

(૧૦) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે મોટા શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

(૧૧) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે મિનામાં ૧૨મી રાત વુકુફ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

## ૧૨. ઝીલહજ - મિનાની નિય્યતો

(૧૨) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે નાના શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

(૧૩) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે વચલા શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

(૧૪) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે મોટા શૈતાનને (રમી) પત્થર મારૂં છું, કુરબતન એલલ્લાહ.

## મક્કા આવ્યા બાદની નિય્યતો

(૧૫) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે ખાનએ કા'બાનો તવાફ કરૂં છું, કુરબતન એલ્લાહ.

(૧૬) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ

માટે ખાનએ કા'બાના તવાફની બે રકાત નમાઝ (મકામે ઈબ્રાહીમની પાછળ) પઢું છું, કુરબતન એલલ્લાહ.

(૧૭) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે સફા અને મરવા દરમિયાન સઈ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૧૮) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે ખાનએ કા'બાનો તવાફૂન્નિસા કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૧૯) હું મારા હજ્જે ઈસ્લામની હજ્જે તમત્તોઅ માટે ખાનએ કા'બાના તવાફૂન્નિસાની બે રકાત નમાઝ (મકામે ઈબ્રાહીમની પાછળ) પઢું છું, કુરબતન એલલ્લાહ.

## ઉમરએ મુફરદા

(૧) હું મારા ઉમરએ મુફરદા માટે એહરામ પહેરૂં છું, કુરબતન એલલ્લાહ. પછી તુરત જ તલબિયા પઢે.

(૨) હું મારા ઉમરએ મુફરદા માટે ખાનએ કા'બાનો તવાફ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૩) હું મારા ઉમરએ મુફરદા માટે ખાનએ કા'બાના તવાફની બે રકાત નમાઝ (મકામે ઈબ્રાહીમની પાછળ) પઢું

છું, કુરબતન એલલ્લાહ.

(૪) હું મારા ઉમરએ મુફરદા માટે સફા અને મરવા દરમિયાન સઈ કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૫) હું મારા ઉમરએ મુફરદાનો એહરામ ઉતારવા માટે તકસીર કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૬) હું મારા ઉમરએ મુફરદા માટે ખાનએ કા'બાનો તવાફુન્નિસા કરૂં છું, કુરબતન એલલ્લાહ.

(૭) હું મારા ઉમરએ મુફરદા માટે ખાનએ કા'બાના તવાફુન્નિસાની બે રકાત નમાઝ (મકામે ઈબ્રાહીમની પાછળ) પઢું છું, કુરબતન એલલ્લાહ.

## ઉમરએ મુફરદા

ઉમરાનો શાબ્દિક અર્થ ઝિયારત થાય છે, પરંતુ મઝહબે ઈસ્લામમાં અલ્લાહના ઘર કા'બાની ઝિયારતને ઉમરા કહેવાય છે. ઉમરા કરવા માટે અમુક નિયમો નક્કી કરવામાં આવેલ છે. મઝહબે ઈસ્લામમાં હજ વાજિબ (ફર્ઝ) છે, જ્યારે ઉમરા મુસ્તહબ અથવા સુન્નતે મોઅક્કેદા છે અને ઉમરાએ મુફરદામાં અરફાત અને મિનાની વિધીઓ હોતી નથી.

## ઉમરા કરવાની રીત

ઉમરા અદા કરવા માટે નીચે મુજબ વિધીઓ એક પછી એક પૂરી કરવી વાજિબ છે.

(૧) મીકાતથી ઉમરાની નિય્યત (નિર્ણય) કરી એહરામ બાંધવું અને તલબીયા પઢવી. (૨) ખાનએ કા'બાનો તવાફ કરવો. (૩) તવાફની બે રકાત નમાઝ પઢવી. (૪) સફા અને મરવા વચ્ચે ચાલવું. (સઈ કરવી.). (૫) તકસીર કરવી – થોડા વાળ કાપવા. (૬) તવાફુન્નિસાઅની નિય્યતથી તવાફ કરવો. (૭) તવાફુન્નિસાઅના તવાફની બે રકાત નમાઝ પઢવી.

## એહરામ (પુરૂષો માટે)

ઉમરા કરતી વખતે પહેરવાના ખાસ વસ્ત્રને એહરામ કહેવાય છે, જે અઢી ગજ લાંબા અને ૪૨ ઈંચ પહોળા, વગર સિવેલા, બે ટુકડાઓ હોય છે. એહરામ બાંધવા પહેલા ઝાએરીનને વઝુ અથવા ગુસલ કરવું સુન્નત છે, એહરામ બાંધવા માટે એહરામનો એક ભાગ શરીરના નીચેના હિસ્સા ઉપર તહેમત (લુંગી) ની જેમ ગાંઠ લગાવ્યા વગર પહેરવો અને મજબૂતી માટે એના ઉપરના ભાગને સાડીની જેમ

બેવડું કરીને વાળી લેવું, એહરામના બીજા ભાગને ખભા ઉપર એવી રીતે ઓઢવો કે બંને ખભાઓ ઢંકાએલા રહે, પરંતુ માથું અને કાન ખુલ્લા રહેવા જોઈએ.

## એહરામ (સ્ત્રીઓ માટે)

સ્ત્રીઓ માટે એહરામ એમના વપરાશના કપડાં જ છે. રેશમના કપડાં પણ પહેરી શકાય છે. વસ્ત્રો સુતરાઉ અને સફેદ રંગના હોય તો વધારે સારૂં, પરંતુ એટલા બારીક (પાતળા) ન હોય કે શરીર દેખાય. સ્ત્રીઓને ચહેરા અને હથેળીઓ સિવાય તમામ શરીર ઢાંકેલું રાખવું જરૂરી છે, સ્ત્રીઓને માથું એવી રીતે ઢાંકી રાખવું જોઈએ કે માથાના વાળ બિલકુલ ન દેખાય અને કાન પણ ઢાંકેલા હોવા જોઈએ. સ્ત્રીઓ માસિક સ્ત્રાવ (હૈઝ) ની હાલતમાં પણ એહરામ બાંધી શકે છે; અને જો એહરામ બાંધ્યા બાદ માસિક શરૂ થઈ જાય તો પણ એહરામમાં કશો ફરક પડતો નથી, પરંતુ એ હાલતમાં ખાનએ કા'બાના હરમમાં દાખલ ન થાય. તમામ ઝાએરીનોએ એહરામ બાંધ્યા પહેલા છ અથવા બે રકાત નમાઝ સુન્નત પઢવી જોઈએ. કોઈ પણ વાજિબ નમાઝ પઢવા પછી પણ એહરામ બાંધી શકાય છે.

# મીકાત

મક્કાની આજુબાજુ પવિત્ર ક્ષેત્રફળ નક્કી થયેલ છે, જેમાં દાખલ થવાના પ્રવેશને મીકાત કહેવાય છે. શરીઅતના હુકમ પ્રમાણે ઝાએરીનને નીચે મુજબની મીકાતમાંથી કોઈ એક જગ્યા ઉપર પહોંચીને એહરામની નિય્યત કરવી જરૂરી છે.

૧-મસ્જિદે શજરા : જેને અબયાર પણ કહેવાય છે, જે મક્કા આવતી વખતે મદીનાથી ત્રણ માઈલના અંતર પર છે, મદીનાથી મક્કા આવવાવાળા ઝાએરીન અહીંથી એહરામ બાંધે છે.

૨-વાદીએ અકીક : આ મીકાત નજદ અથવા ઈરાકથી આવવાવાળાઓના માર્ગમાં છે.

૩-કરનુલ મનાઝિલ : તાઈફથી મક્કા આવનારાઓ માટે છે.

૪-યલમલમ : આ મીકાત સમુદ્રના રસ્તે સ્ટીમ્બરથી આવનારા ઝાએરીન માટે છે, યલમલમ એક પહાડનું નામ છે.

૫-ઝોહફા : શામથી મક્કા આવનારા ઝાએરીનો

માટેની મીકાત છે. પ્લેનમાં જીદ્દાહ આવનારાઓ એહરામ બાંધવા માટે ઝોહફા જાય છે. કારણ કે જીદ્દાહ મીકાતની અંદરમાં આવેલું છે.

## નિય્યત (નિર્ણય)

એહરામની હાલતમાં આવવા માટે નીચે મુજબ નિય્યત કરવી, (એહરામ બાંધ્યા પછી જે પાબંદીઓ લાગે છે તે નિય્યત કર્યા પછી લાગે છે, એહરામ બાંધવાથી નથી લાગતી.)

હું મારા ઉમરએ મુફરદા અદા કરવા માટે એહરામ પહેરૂં છું, કુરબતન એલલ્લાહ.

નિય્યત કર્યા પછી તરત જ પુરૂષોએ મોટા અવાજે અને સ્ત્રીઓએ ધીમેથી એક વખત નીચે મુજબ તલબીયા પઢવું વાજિબ છે, (તલબીયાના શબ્દો નીચે મુજબ છે.)

**લબ્બયક, અલ્લાહુમ્મ લબ્બયક, લબ્બયક લા શરીક લક લબ્બયક, ઈન્નલ હમ્દ વન નેઅમત લક વલ મુલ્ક, લા શરીક લક લબ્બયક.**

(હાઝર છું અય અલ્લાહ! હું હાઝર છું, તારો કોઈ

શરીક નથી, હાઝર છું, બેશક તમામ તઅરીફ અને સલ્તનત તારા માટે જ છે, તારો કોઈ શરીક નથી, હાઝર છું.)

એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે તલબીયા સાચી રીતે પઢવામાં આવે, અગર પોતે સાચા ઉચ્ચારથી પઢી ન શકે તો બીજાની મદદથી પણ પઢી શકાય છે. સફરમાં તલબીયા એકથી વધુ વખત પઢતા રહેવું મુસ્તહબ છે, એટલે સુધી કે મક્કા શહેરના મકાનો દેખાવા લાગે ત્યારપછી તલબીયા પઢવું નહિં.

## એહરામની હાલતમાં નીચે મુજબના કામ કરવા હરામ છે.

(૧) જંગલી-જમીનના જનાવરનો શિકાર કરવો.

(૨) હથિયાર સાથે રાખવા.

(૩) સંભોગ કરવો, સ્ત્રી સાથે પ્રેમગોષ્ટી કરવી, શરીરને અડકવું અથવા તેને આકર્ષણની નઝરથી જોવું.

(૪) જાણી જોઈને વીર્ય કાઢવું.

(૫) નિકાહ કરવા, પઢાવવા કે નિકાહના સાક્ષી બનવું.

(૬) ખૂશ્બુ લગાડવી.

(૭) આંખોમાં સૂરમો લગાડવો.

(૮) જાણી જોઈને પોતાને અરીસામાં જોવું.

(૯) શરીર કે માથામાં તેલ લગાડવું.

(૧૦) શરીરથી વાળ તોડવા કે વાળ કપાવવા.

(૧૧) નખ કાપવા, તોડવા અથવા ઘસીને ઓછા કરવા.

(૧૨) શરીરમાંથી ખૂન કાઢવું.

(૧૩) શણગાર કરવા.

(૧૪) જૂ, માંકડ, મકોડા વગેરે મારવા અથવા એહરામ કે શરીરથી દૂર કરવા.

(૧૫) ખોટું બોલવું, ગાળો કાઢવી અથવા ટીકા કરવી.

(૧૬) અલ્લાહના નામે કસમ ખાવી દા.ત. વલ્લાહ કહેવું.

(૧૭) દાંત કઢાવવા.

(૧૮) હરમની હદમાંથી ઘાસ વિગેરે ઉખાડવું

**આ ચાર વસ્તુ પુરૂષો માટે હરામ છે પરંતુ સ્ત્રીઓ માટે જાએઝ છે.**

(૧) માથું અને કાન ઢાંકવા.

(૨) બંધ અથવા છતવાળી ગાડીમાં મુસાફરી કરવી તેમજ સફર દરમિયાન છત નીચે આસરો લેવો.

(૩) પગ અને હાથના મોજા પહેરવા.

(૪) સિવેલા કપડા પહેરવા.

## આ એક વસ્તુ જે ફક્ત સ્ત્રીઓ માટે હરામ છે.

(૧) મોઢાને એવી રીતે ઢાંકવું કે પરદો ચહેરાને અડકે.

હજના સમયમાં છત વગરની ગાડી મળી જાય છે પણ છત વાળી ગાડીમાં કોઈ મજબૂરીએ બેસવું પડ્યું તો કફ્ફારા રૂપે એક બકરો અથવા ઘેટો કુરબાન કરવો પડશે જે મિનામાં ઝબ્હ કરવાનો હોય છે પરંતુ જો કોઇ કારણસર અથવા કોઇ કારણ વગર ત્યાં ઝબ્હ ન કરે તો પોતાના દેશમાં જઈને પણ કફ્ફારો આપી શકાય છે, તે સિવાય એહરામ બાંધ્યા બાદ જે જે વસ્તુઓ હરામ ઠરાવવામાં આવી છે તેમાંથી કોઈ પણ થઈ જાય તો કફ્ફારો આપવો પડશે જેની વિગત મનાસિકે હજમાં જોઈ શકાય છે.

## મક્કાએ મોઅઝઝમા

મક્કા પહોંચી ઝાએરીનને થોડીવાર આરામ કરવા બાદ તવાફ માટે ખાનએ-કા'બા તરફ જવું જોઈએ.

## તવાફ

ઝાએરીનને ખાનએ-કા'બાની ચોતરફ સાત ચક્કરો લગાવવવાના હોય છે, જેને તવાફ કહેવાય છે, તવાફ શરૂ કરવા માટે ઝાએરીનને હજરે-અસ્વદ (કા'બા શરીફની દિવલના એક ખૂણા ઉપર લાગેલો કાળો પત્થર)ની સામે ઊભા રહીને નિય્યત કરે કે:

હું ઉમરએ મુફરદા માટે ખાનએ કા'બાનો તવાફ કરૂં છું, કુરબતન એલ્લાહ.

તવાફ એ ખૂણા પાસેથી શરૂ કરવો જ્યાં કા'બાની દિવાલમાં હજરે-અસ્વદ લાગેલો છે. જો તવાફ વખતે હરમમાં ભીડ હોય તો ઝાએરને થોડા કદમ પાછળથી શરૂ કરવો અને સાતમો ચક્કર હજરે અસ્વદથી આગળ વધીને પૂરો કરવો, પણ આવી સ્થિતિમાં એમ નિય્યત કરવી કે જે જગ્યા તવાફ શરૂ કરવાની છે ત્યાંથી જ તવાફ શરૂ થશે અને ખતમ કરવાની જગ્યા ઉપર ખતમ થશે.

## તવાફના એહકામ

(૧) ઝાએરને તવાફના સાત ચક્કર પૂરા થાય ત્યાં સુધી વઝુની હાલતમાં હોવું જોઈએ. પ્રથમ ચાર ચક્કર પૂરા થવા પહેલાં વઝુ તૂટી જાય તો તવાફ રદ ગણાશે અને

વઝુ કરી બીજી વખત તવાફ શરૂ કરવો પડશે. પણ ચાર ચક્કર પૂરા થયા પછી વઝુ તૂટી જાય તો પહેલાં ચાર ચક્કર સહીહ ગણાશે અને વઝુ કરીને બાકીના ત્રણ ચક્કર પૂરા કરવાના રહેશે.

(૨) હજરે - અસ્વદ પાસેથી તવાફ એવી રીતે શરૂ કરવો કે ડાબો ખભો હંમેશાં કા'બા તરફ રહે.

(૩) તવાફ દરમિયાન મોઢું સામે રાખવું અને કા'બા તરફ જોવું કે ફેરવવું નહિં.

(૪) ઝાએર નક્કી થયેલી હદમાંજ તવાફ કરે. તવાફ માટેની હદ સાડા છવ્વીસ હાથ એટલે કે લગભગ ચાલિસ ફૂટ છે, ઝાએર ખાનએ -કા'બાની નજદીક રહીને તવાફ પૂરો કરવાની કોશિશ કરે. જો ભીડના લીધે નક્કી થયેલી હદમાંથી બહાર ધકેલાય જાય તો તેને જોઈએ કે એ જગ્યાએથી તવાફ ફરી ચાલુ કરે જ્યાંથી હદ બહાર નીકળી ગયો હતો.

(૫) ઝાએર તવાફ કરવામાં યાદ રાખે કે તેણે સાત ચક્કર પૂરા કર્યા છે. વધુ અથવા ઓછા ચક્કર લગાવશે તો તવાફ રદ (બાતિલ) થઈ જશે. તવાફના સાતે ચક્કર વગર અટક્યે સળંગ રીતે પૂરા કરવાના હોય છે.

(૬) હઝરત ઈસ્માઈલ અને એમની માતા બીબી હાજરાની કબરો ગોળાકાર દિવાલ દિવારે હતીમમાં આવેલી છે. એ જગ્યા પણ તવાફમાં આવે એટલે કે દિવારે હતીમની બહારથી તવાફ કરવો કા'બા અને દિવાલની વચ્ચેની જગ્યામાંથી પસાર થવું જાઈઝ (યોગ્ય) નથી.

(૭) મકામે-ઈબ્રાહીમ અને ખાનએ-કા'બાની વચ્ચેથી તવાફ કરવો જોઈએ.

(૮) તવાફ દરમિયાન અંકિત દુઆઓ પઢવાની હોય છે. જો દુઆ પઢી ન શકે તો ઇસ્તગફાર, સલવાત અને તસ્બીહ પઢે અને મગફેરતની દુઆ માંગતા રહે અને અલ્લાહની મહાનતા વિશે વિચારે. તવાફ દરમિયાન વાતો કરવી અથવા બીજી કોઈ ચીજ પઢવી મકરૂહ (અનિચ્છનીય) છે, તવાફ પૂરો થઈ જાય એ પછી કા'બાની દિવાલ અને ગિલાફે કા'બાને અડકી શકાય છે; અને કા'બાના પડદાને પકડીને દુઆ માંગી શકાય છે.

## નમાઝે તવાફ

ઝાએરીન તવાફના સાત ચક્કર પૂરા કર્યા પછી મકામે ઈબ્રાહીમની પાછળ બે રકાત નમાઝે તવાફ પઢે. આ નમાઝ

ફઝરની નમાઝની જેમ છે. જે બેહદ દિલ લગાવીને સહીહ ઉચ્ચાર સાથે પઢવી જોઈએ, જેની નિય્યત આ પ્રમાણે કરે:

ઉમરે મુફરદાના તવાફની બે રકાત નમાઝ પઢું છું (મકામે ઈબ્રાહીમની પાછળ,) કુરબતન એલલ્લાહ. (પછી તકબીર કહે)

### સઈ

સઈ એટલે સફા અને મરવા વચ્ચે ચાલવું. હઝરત ઈબ્રાહીમ અ.સ.ના પત્ની બીબી હાજરાએ પોતાના નાનકડા બાળક હઝરત ઈસ્માઈલ અ.સ. માટે પાણીની શોધ કરવા માટે સફા અને મરવાની પહાડીઓ વચ્ચે સાત વખત આવ-જા કરી હતી આ અમલને સઈ કહેવામાં આવે છે. સઈ એ હઝરત બીબી હાજરાના આ કૃત્યની યાદ રૂપે કરવામાં આવે છે, આ જગ્યા પર જવા માટે હરમની અંદરથી જ રસ્તો છે અને નિશાનીરૂપે બાબે સફાની તખ્તી લાગેલ છે. નમાઝે તવાફ પછી ઝાએરને સઈ કરવાની છે એટલે સફા-મરવા વચ્ચે સાત વખત ચાલવાનું છે.

### સઈ કરવાની રીત

૧. સઈ સફાની પહાડીથી શરૂ કરવી. ઝાએર સફા ઉપર ઊભા રહી નિય્યત કરે કે:

હું ઉમરએ મુફ્રદા માટે, સફા અને મરવા વચ્ચે સઈ કરૂં છું, કુરબતન એલ્લાહ.

૨. નિય્યત કર્યા બાદ મરવાની પહાડી પરફ ચાલવાનું શરૂ કરે જે સફાની બિલકુલ સામે આવેલ છે.

૩. સફાથી મરવા તરફ જતાં રસ્તામાં બે લીલા રંગના થાંભલાઓ છે જેની ઉપર નિશાની રૂપે લીલી લાઈટો લાગેલી છે. આ બંને થાંભલા વચ્ચે પુરૂષોને ઉતાવળે ચાલવું મુસ્તહબ (ઈચ્છનીય) છે એવી જ રીતે મરવાથી સફા તરફ પાછા ફરતી વખતે પણ એ થાંભલાઓની વચ્ચે ઉતાવળે ચાલવુ મુસ્તહબ છે. આ કામને હરવલા કહેવામાં આવે છે. આ કામ સ્ત્રીઓ માટે જરૂરી નથી. તેઓ ચાલીને જાય.

૪. મરવા પહોંચીને પહાડીના પત્થરને પગ અડકાવવા અને પછી સફાની તરફ પાછા ફરવું. સફાથી મરવા સુધી પહોંચ્યાને એક ચક્કર કહેવાશે. મરવાથી સફા સુધી પાછા આવ્યાને બીજો ચક્કર ગણાશે. આમ સાતમો ચક્કર મરવા ઉપર પૂરો થશે.

૫. સઈ સાત શૌત (ફેરા) ઓછા-વત્તા પ્રમાનમાં ન હોવી જોઇએ. જો જાણી જોઇને ઓછા-વત્તા પ્રમાણમાં શૌત

કરવામાં આવે તો તેથી સઈ બાતિલ થઇ જશે.

૬. સઈમાં મવાલાત (વગર અટક્યે આવવું-જવું) શર્ત છે પણ આરામ માટે સફા અથવા મરવાહ ઉપર બેસી શકે છે, અને સફા મરવાની દરમિયાન ઉઝર (કારણ) વિના બેસે નહીં, પણ જો કોઇને ચાર ફેરા બજાવી લાવ્યા પછી જરૂરતને લીધે જવું પડે તો એનાથી ફારિગ થયા પછી બાકીના ત્રણ ફેરા બજાવી લાવી શકે છે, પણ જે જગ્યાએ ફેરા કરવાનું છોડ્યું હોય ત્યાંથી ફરી શરૂ કરે.

૭. સઈ મુકર્રર થયેલ રસ્તા ઉપર જ કરે.

૮. સઈ વખતે સફાથી ચાલે ત્યારે મોઢું મરવા તરફ હોય પીઠ દઇને ન ચાલે. કારણ કે એમ કરવાથી હજ બાતિલ થાય છે. પરંતુ આજુબાજુ નજર કરે તો વાંધો નથી.

૯. સઈની હાલતમાં તહારત સાથે રહેવું બહેતર છે, અને સઇ ચાલીને કરવી સુન્નત છે. પણ જો બીમાર હોય તો તેને ખંભે બેસાડી કે બીજી કોઇ ચીઝ (છબડી) પર બેસાડીને સઈ કરાવવી.

૧૦. જો સવારી ઉપર બેસીને કે સૂઇને સઈ કરવી શક્ય હોય તો જ નાયેબ બનાવી શકાય છે.

૧૧. તવાફ કર્યા પછી તુરંત જ સઈ વાજિબ નથી પરંતુ મોડું કરવું પણ જાઇઝ નથી.

## તકસીર (વાળ કાપવા)

મરવા ઉપર સઈનો સાતમો ચક્કર પૂરો કર્યા પછી ઝાએર (પુરૂષો) માથું મુંડાવે અથવા થોડા વાળ કાપે કે પછી નખ કાપે. સ્ત્રીઓએ 'તકસીર' એવી સ્ત્રી અથવા પોતાના મેહરમથી કરાવે જેની પોતાની તકસીર થઈ ગયેલી હોય. સ્ત્રીઓએ ફક્ત થોડાં વાળ કાપવા જોઈએ. નિય્યત આ પ્રમાણે કરે :

હું ઉમરએ મુફરદાના એહરામથી ફારિગ થવા માટે તકસીર કરૂં છું, કુરબતન એલ્લાહ.

તકસીરનો અમલ પૂરો થવા પછી એહરામ પહેરવા પછી જે કાર્યોની મનાઈ છે તેનાથી મુક્ત થઈ જવાય છે. સિવાય સ્ત્રી સંબંધ. પરંતુ, ઉમરએ મુફરદા પૂરા કરવા માટે તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસા પઢવી જરૂરી છે. તે પછી સ્ત્રી હલાલ થાય છે.

## તવાફુન્નિસા

ઉમરએ મુફરદાનો છેલ્લો અમલ તવાફુન્નિસા છે કે જે દરેક સ્ત્રી પુરૂષ ઝાએર માટે વાજિબ છે. પછી ઝાએર

પરણેલ હોય કે કુંવારો, બાલિગ હોય કે નાબાલિગ. તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસા વગર પતિ-પત્નીના સંબંધ હરામ થઈ જાય છે, એટલે સુધી કે ઉમરએ મુફરદા અદા કર્યા પછી તવાફુન્નિસા અને નમાઝે તવાફુન્નિસા અદા કર્યા વગર શાદી કરવી પણ હરામ થઈ જાય છે. તવાફુન્નિસા પણ તવાફે ઉમરએ મુફરદા મુજબ જ અદા કરવામાં આવે જેની વિગતો પહેલાં આપી દેવાઈ છે.

**તવાફુન્નિસાની નિય્યત :**

હું ઉમરએ મુફરદા માટે, તવાફુન્નિસા કરૂં છું. કુરબતન એલ્લાહ.

તવાફુન્નિસાના સાત ચક્કર ખાનએ કા'બાના પૂરા કર્યા પછી, બે રકાત નમાઝે તવાફુન્નિસા, મકામે ઈબ્રાહીમની પાછળ પઢવી જોઈએ. પહેલાંની જેમ, નિય્યત કરે :

ઉમરએ મુફરદાના તવાફુન્નિસાની બે રકાત નમાઝ પઢું છું (મકામે ઈબ્રાહીમની પાછળ.) કુરબતન એલ્લાહ.

આ નમાઝ પૂરી થયા પછી ઉમરએ મુફરદા સંપૂર્ણ થઈ જાય છે. તવાફુન્નિસા પછી સઈ કરવાની નથી. ઝાએર તકસીર બાદ તરત તવાફુન્નિસા અદા કરે અને ચાહે તો બીજા દિવસે પણ અદા કરી શકે છે. અહીં એક વાત ખાસ

યાદ રાખવાની છે કે હરમની હદમાં ઝાડ-પાન, ઘાંસ તોડવા કે શિકાર કરવો હરામ છે.

## વધુ ઉમરા કરવા વિશે

૧-ઉમરએ મુફરદા અદા કર્યા પછી જો ઝાએર વધારે ઉમરા કરવા ચાહે તો જરૂરી છે કે તેને મક્કામાં વધુ રોકાણ કરવું જોઈએ કારણ કે એક ઈસ્લામી મહિનામાં એક ઉમરો કરી શકાય છે, પરંતુ ઓછું રોકાણ હોય તો નિયાબતની નિય્યતથી બીજા કોઈ માટે ઉમરા કરી શકે છે. બીજા ઉમરા માટે જરૂરી છે કે ઝાએર મક્કાના હરમની હદમાંથી બહાર જઈને એહરામ બાંધે, જે માટે મસ્જિદે આઈશા (તન્ઈમ) જવું જે મક્કાથી પાંચ માઈલ દૂર છે, ત્યાં જવા અને આવવા માટે સરકારી બસો આસાનીથી મળી જાય છે.

૨-ઉમર-એ-તમત્તોઅ અને હજની વચ્ચે ઉમર-એ-મુફરદા કરવી એ ઉમર-એ-તમત્તોઅને બાતિલ કરે છે. એ સંજોગોમાં ઉમર-એ-તમત્તોઅ ફરીવાર કરવો જરૂરી થઇ જશે.

૩-જે માણસ ઉમરએ તમત્તોઅ ઝિલ્હજ મહિનામાં કરી ચૂક્યો હોય તેના માટે એહતિયાતે મુસ્તહબ છે કે ઉમર-એ-મુફરેદાને મોહર્રમના મહિના સુધી ન કરે.

# હજ માર્ગદર્શન

## હજ

હજ બે હિસ્સામાં વહેંચાયલ છે.

(૧) ઉમરએ તમત્તોઅ અને (૨) હજ્જે તમત્તોઅ.

**ઉમરએ તમત્તોઅઃ**

૧. મીકાતથી નિય્યત કરી એહરામ બાંધવું અને તલ્બીયા પઢવી.

૨. મક્કા પહોંચવા બાદ ખાનએ કા'બાનો તવાફ કરવો.

૩. મકામે ઈબ્રાહીમની પાછળ, તવાફની બે રકાત નમાઝ પઢવી.

૪. સઈ કરવી એટલે સફા મરવા વચ્ચે સાત વખત ચાલવું.

૫. તકસીર એટલે થોડાં વાળ કાપવા.

આ આમાલ એવી જ રીતે કરવાના છે જેની વિગત ઉમરએ મુફરદામાં આપી ચૂક્યા છીએ. ફક્ત ફરક એટલો જ છે કે ઉમરએ તમત્તોઅમાં તવાફુન્નિસા અને તેની નમાઝ નથી.

## હજ્જે તમત્તોઅઃ

૧. આઠ ઝિલ્હજના મક્કામાં કોઈપણ જગ્યાથી પરંતુ બહેતર છે મકામે ઈબ્રાહીમ અથવા હજરે અસ્વદ પાસેથી નિય્યત કરીને એહરામ બાંધવું, તલ્બીયા પઢવું અને અરફાત જવા રવાના થવું.

૨. અરફાત (મક્કાથી ૨૨ કિલોમીટર દૂર) માં નવ ઝિલ્હજના દિવસે મધ્યાન (ઝોહર) થી સૂર્યાસ્ત (મગરિબ) સુધી રોકાવું.

૩. મુઝદલફા (મશઅરનું મેદાન) માં દસ ઝિલહજના મળસ્કા (સુબ્હ સાદિક) થી સૂર્યોદય સુધી રોકાવું, પરંતુ ઝોહર (મધ્યાન) પહેલા ત્યાંથી નીકળી જવું.

૪. દસ ઝિલહજના સૂરજ નીકળવા પછી મિનામાં દાખલ થવું અને મોટા શૈતાનને સાત કાંકરીઓ મારવી.

૫. દસ ઝિલહજના જાનવરની કુરબાની કરવી.

૬. દસ ઝિલહજના તકસીર કરવી. એટલે પુરૂષોએ માથું મુંડાવવું અને સ્ત્રીઓએ થોડાં વાળ કાપવા અને એહરામ ઉતારી ગુસ્લ કરી દરરોજના વપરાશના કપડાં પહેરી લેવા. (નોંધઃ જ્યાં સુધી કુરબાની ન કરાય અને તકસીર

ન થાય ત્યાં સુધી એહરામ ઉતારી નહિં શકાય.)

૭. ૧૦, ૧૧, ૧૨ ઝિલહજના દિવસોમાં બની શકે તો તવાફે કા'બા કરી લેવો. ૧૦ ઝિલહજના તવાફે કા'બા કરવો ઉત્તમ છે, પરંતુ ભીડ હોય તો ૩૦ ઝિલહજ સુધી તવાફે કા'બા થઈ શકે છે.

૮. મકામે ઈબ્રાહીમની પાછળ તવાફની બે રકાત નમાઝ પઢવી.

૯. સફા અને મરવા વચ્ચે સઈ કરવી. (આમાં તકસીર નથી.)

૧૦. તવાફુન્નિસાની નિય્યતથી તવાફ કરવો.

૧૧. તવાફુન્નિસાની બે રકાત નમાઝ, મકામે ઈબ્રાહીમની પાછળ પઢવી.

૧૨. ૧૧ અને ૧૨ ઝિલહજની રાત્રે મિનામાં રોકાવું.

૧૩. ૧૧, ૧૨ ઝિલહજના પહેલાં નાના શૈતાન પછી વચલા શૈતાન અને છેલ્લે મોટા શૈતાન એમ અનુક્રમે ત્રણ શૈતાનોને સૂરજ નીકળવા પછી અને મગરિબ પહેલાં સાત-સાત કાંકરીઓ મારવી; અને ૧૨ ઝિલહજના ઝોહરના વખત પછી પણ મગરિબ પહેલાં મિનાથી

નીકળી જવું.

## એહરામમાં મુસ્તહબ ચીઝો

એહરામમાં અમુક ચીઝો મુસ્તહબ છે જે નીચે મુજબ છે:

૧-શરીરને સ્વચ્છ કરવું, નખ કાપવા, મૂછોને ઠીક કરવી, બગલો અને દુંટી નીચેના વાળોને સાફ કરવા. (કાઢી નાંખવા.)

૨-માથા અને દાઢીના વાળોને ૧લી ઝિલકાદ પછી વધવા દેવા, જો હજ કરવાનો ઈરાદો હોય. પણ જો ઉમરા મુફરદા કરવાનો ઈરાદો હોય તો વાળને એક મહિના પહેલે વધવા દે. કેટલાંક ફકીહો તો તેના વાજિબ હોવાનું માને છે. જો કે આ કોલ ઝઈફ છે, પણ એહવત છે.

૩-મીકાતમાં એહરામ માટે ગુસલ કરે. અઝહરની રૂએ આ ગુસલ હૈઝ અને નિફાસવાળી ઔરતનું પણ સહીહ છે. જો મીકાતમાં પાણી ન મળવાનો ખતરો હોય તો તેનાથી પહેલાં ગુસલ કરે અને જો મીકાતમાં પણ પાણી મળી જાય તો ગુસલ ફરી કરે.

જ્યારે એહરામ માટે ગુસલ કરે, પછી વઝુ તોડનારી

બાબત પેશ આવે એટલે હદસ અસગર થાય અથવા કોઈ એવી ચીઝ ખાય અથવા પહેરે જે મોહરિમ પર હરામ હોય, તો ફરી ગુસલ કરે. જે ગુસલ દિવસના કરવામાં આવશે તે આવવાળી રાતના અંત સુધી કાફી થાશે. અને જે રાતના ગુસલ કરશે તે આવવાવાળા દિવસના અંત સુધી કાફી રહેશે.

શેખે સદૂકે ફરમાવ્યું છે કે ગુસલ કરવાના સમયે આ દુઆ પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અલ્લાહુમ્મ મજઅલ્હૂ લી નૂરંવ વ તહૂરંવ વ હિરઝંવ વ અમનમ મિન કુલ્લે ખવફિંવ વ શેફાઅમ મિન કુલ્લે દાઈંવ વ સુકમિન. અલ્લાહુમ્મ તહહિરની વ તહહિર કલબી વશરહ લી સદરી, વ અજરે અલા લેસાની મહબ્બતક, વ મિદહતક વસ સનાઅ અલયક, ફ ઈન્નહૂ લા કુવ્વત લી ઈલ્લા બેક, વ કદ અલિમતો અન્ન કેવામ દીની અત તસલીમો લક, વત્તેબાઓ લે સુન્નતે નબિય્યેક સલવાતોક અલયહે વ આલેહી.**

(અલ્લાહના નામના સહારે, અલ્લાહના નામથી, અય

અલ્લાહ! તું આ (ગુસલ) ને મારા માટે નૂર અને પાક કરવાવાળું અને દરેક ડરથી અમાન અને રક્ષણ અને દરેક બીમારી અને રોગની શિફા બનાવી દે. અય અલ્લાહ! તું મને અને મારા દિલને પાક કરી દે અને મારા માટે મારી છાતીને વિશાળ કરી દે અને મારી જીભ પર તારી મહોબ્બત અને વખાણ જારી કરી દે. ખરેખર મારા માટે તારા સિવાય કોઈ શક્તિ અને બળ નથી અને નિ:શંક તું જાણે છે કે મારા દીનની સ્થાપના માત્ર તારી સમીપ સ્વીકારનું માથું નમાવવું અને તારા માનવંત નબી (સ.અ.વ.) ની સુન્નતની પૈરવી કરવામાં છે. (તેઓ પર અને તેઓની આલ પર તારી રહેમતો ઉતરે.)

એહરામના કપડાં પહેરતી વખતે દુઆ પઢે:

**અલહંમદો લિલ્લાહિલ લઝીઁ રઝકંની મા ઓવારી બેહી અંવરતી વ ઓવદદી ફીહે ફરજી વઅંબોદો ફીહે રબ્બી વનતહી ફીહે ઈલા મા અમરની અલહંમદો લિલ્લાહિલ લઝીઁ કંસંત્તોહૂ ફ બલ્લગંની વ અંરત્તોહૂ ફ અઆઁનની વ કંબિલની વ લમ યકંતંઅ બી વ વજહતોહૂ ફ સલ્લમની ફ હોવ હિંસંની વ કહફી**

વ હિર્ઝી વ ઝહરી વ મલાઝી વ રજાઈ મનેજાય વ ઝુખરી વ ઉદ્દતી ફી શિદ્દતી વ રખાઈ.

(દરેક પ્રકારની હમ્દ છે એ ખુદા માટે જેણે મને ગુપ્તાંગો છુપાવવા કપડાં આપ્યા કે તેમાં મારી ફરઝ અદા કરૂ અને તેનાથી હું મારા પરવરદગારની ઈબાદત કરૂ અને એ બધી આજ્ઞાઓ પાળું જેની મને આજ્ઞા કરવામાં આવી છે. સર્વ સ્તૂતિ એ ખુદાના માટે શોભિત છે જેનો મેં નિર્ણય કર્યો છે. તેણે મને મારા નિર્ણય સુધી પહોંચાડી દીધો અને મેં તેનું ધ્યાન ધર્યું, તેણે મારી મદદ કરી અને મને સ્વીકારી લીધો અને મને તજ્યો નહિં. હું એ ઝાત તરફ ધ્યાન ધરૂ છું કે તેણે મને સલામતી અર્પણ કરી. એ જ મારો ગઢ, મારો આશરો, મારો રક્ષણહાર, મારો મદદગાર, મારૂ આશ્રય સ્થાન, મારી આશા અને મારા મોક્ષનું કેન્દ્ર છે અને કષ્ટોમાં મારો સંગ્રહ અને મારૂ આશા સ્થળ છે.)

એહરામ નમાઝે ઝોહર પછી બાંધે, જો તે સમયે બાંધવા શક્તિમાન ન હોય તો બીજી વાજિબ નમાઝો પછી બાંધે નહિંતર બે રકાત અથવા છ રકાત સુન્નત નમાઝ પઢીને બાંધે. છ રકાત નમાઝ પઢી એહરામ બાંધવું શ્રેષ્ઠ છે. પહેલી રકાતમાં સૂરએ હમ્દ અને સૂરએ કુલહોવલ્લાહ

પઢે અને બીજી રકાતમાં સૂરએ હમ્દ અને સૂરએ કાફેરૂન પઢે. જ્યારે અલ્લાહની હમ્દો સના અને નબી કરીમ (સ.અ.વ.) અને તેમની આલ પર દુરૂદ મોકલે પછી પઢે :

અલ્લાહુમ્મ ઈન્ની અસ્સઅલોક અનં તજઅંલની મિમ્મનિસંતજાબ લક વ આમન બે વઅંદકે વત્તબઅં અમ્રક, ફ ઈન્ની અંબ્દોક વ ફી કંબ્ઝંતેક, લા ઉવંકીં ઈલ્લા મા વકંય્ત વલા આખોંઝોં ઈલ્લા મા અઅંતયંત વ કદં ઝંકરતલે હંજ્જ, ફ અસંઅલોક અનં તઅંઝેમ લી અંલયંહે અંલા કિતાબેક વ સુન્નતે નબિય્યેક સંલવાતોક અંલય્હે વ આલેહી વ તોકંવ્વેયની અંલા મા ઝંઉંફતો વ તોસલ્લેમ લી મનાસેકી ફી યુસ્રીન મિન્ક વ આંફેયતિનં વજઅંલ્ની મિન વફદેકલ્લઝીં રઝંયંત વ સમ્મયંત વ કતબંત. અલ્લાહુમ્મ ઈન્ની ખંરજતો મિન શુકંકંતિન બઈદતિન વ અનફકંતો માલિ બંતેગાંઅ મરઝાંતેક.

અલ્લાહુમ્મ ફતમિમ્મ લી હંજ્જતી વ ઉંમ્રતી.

અલ્લાહુમ્મ ઈન્ની ઉરીદુત્તમત્તોઅ બિલ્ ઉમ્રતે ઈલલ્ હજ્જે અલા કિતાબેક વ સુન્નતે નબિય્યેક સલ્લલ્લાહો અલયહે વ આલેહી ફ ઈન્ અરઝ લી આરેઝુંય યહબેસોની ફ ખલ્લેની હયસો હબસતની લે કદરેકલ્ લઝી કદદરત અલય્ય. અલ્લાહુમ્મ ઈલ્ લમ્ તકુન્ હજ્જતુન્ ફ ઉમ્રતુન્. ઉહરેમો લક શઅરી વ બશરી વ લહમી વ દમી વ એઝામી વ મુખ્ખી વ અસબી મિનન્ નિસાએ વસ્ સિંયાબે વત્ તિબે અબ્તગી બે ઝાલેક વજહક વદ્ દારલ્ આખેરહ.

(અય અલ્લાહ! હું તારાથી દુઆ કરૂં છું કે મને એ લોકોમાં ગણી લે જેઓએ તારી દઅવત પર લબ્બયક (હા) કહી. તારા વાયદા પર ઈમાન લાવ્યા અને તારી આજ્ઞાનું પાલન કર્યું. કેમ કે હું તારો બંદો છું. તારા અંકુશમાં છું. હું તારા વિના બચી નથી શકતો અને તારા આપ્યા વિના કંઈ મેળવી નથી શકતો. તેં હજનો ઉલ્લેખ કર્યો છે એટલે હું તારાથી સવાલ કરૂં છું કે તું તારી કિતાબ અને તારા નબીની

સુન્નત પ્રમાણે મારા તે (હજ)ના નિર્ણયને મજબૂત બનાવી દે. અને જે કામથી હું અશક્ત છું તેના પર મને શક્તિ આપ. અને મારા માટે મારા અમલોને તારા તરફથી ક્ષેમ કુશળતામાં કબૂલ કરી લે અને મને તારા એ મહેમાનોમાં રાખજે જેનાથી તું રાજી અને ખુશ છો અને જેનું નામ તે ખાસ લોકોમાં લખી લીધું છે.

અય ખુદા! હું દૂર સુદૂરના માર્ગેથી આવ્યો છું અને તારો રાજીપો મેળવવા માલ ખર્ચ કર્યો છે, એટલે અય ખુદા! મારા ઉમરા અને હજને સંપૂર્ણ કરી દે. હું તારી કિતાબ અને તારા નબીની સુન્નત મુજબ હજ્જે તમત્તોઅનો ઉમરા બજાવી લાવવા માંગું છું, મને કોઈ અડચણ ઊભી થાય અને મને આ કામથી રોકી લે તો મારા માટે મુકદ્દર તારી કદરથી મારી અડચણ દૂર કરી દે. અય અલ્લાહ જો (સંપૂર્ણ) હજ ન થઈ શકે તો ઉમરા તો બજાવી શકું. હું તારા ખાતર મારા વાળ, ચામડી, માંસ, રક્ત, અસ્થીઓ, દિમાગ અને ઈંદ્રિયોને સ્ત્રીઓ, કપડાં અને ખૂશ્બુઓથી બચાવીશ અને આ અમલથી હું આખેરતના ઘર (જન્નત) અને તારી રઝાની આકાંક્ષા રાખું છું.

એહરામની નિય્યતના શબ્દોને તલબિયા સાથે મેળવે.

મરદ તલબિયાને ઊંચી અવાજે પઢે.

**તલબિયા :**

લબ્બયેક અલ્લાહુમ્મ લબ્બયેક, લબ્બયેક લા શરીક લક લબ્બયેક, ઈન્નલ હંમ્દ વન નેઅંમત લક વલ મુલ્ક લા શરીક લક લબ્બયેક.

લબ્બયેક ઝંલ મઆંરેજે લબ્બયેક, લબ્બયેક દાંઈયન ઈલા દારિસ સલામે લબ્બયેક, લબ્બયેક ગંફ્ફારલ ઝુંનૂબે લબ્બયેક, લબ્બયેક અહ્લત તલબિયતિ લબ્બયેક, લબ્બયેક ઝંલ જલાલે વલ ઈક્રામે લબ્બયેક, લબ્બયેક તુબ્દેયો વલ મઆંદો ઈલયેક લબ્બયેક, લબ્બયેક તસ્તગંની વ યુફ્તકરો ઈલયેક લબ્બયેક, લબ્બયેક મરહૂબંવ વ મરગૂં બન ઈલયેક લબ્બયેક, લબ્બયેક ઈલાહલ હંક્કે લબ્બયેક, લબ્બયેક ઝંન નઅંમાએ વલ ફઝ્લિલ હંસનિલ જમીલે લબ્બયેક, લબ્બયેક કશ્શાફલ કુરબિલ એઝાંમે લબ્બયેક, લબ્બયેક અંબ્દોક વબ્નો અંબ્દયેક લબ્બયેક, લબ્બયેક યા કરીમો લબ્બયેક.

તરજુમો : હાજર છું અય અલ્લાહ! હું હાજર છું, તારો કોઇ શરીક નથી હાજર છું, બેશક તમામ તઅરીફ અને સલ્તનત તારા માટે જ છે, તારો કોઇ શરીક નથી, હાજર છું.

(હાજર છું અય બુલંદ દરજ્જાવાળા! હાજર છું, હાજર છું જન્નતની તરફ બોલાવવાવાળા, હાજર છું, હાજર છું. ગુનાહો બક્ષવાવાળા, હાજર છું, હાજર છું. અય હાજર છું કહેવાવાળાના ધણી હાજર છું, હાજર છું. તું જ સૌથી પ્રથમ સર્જન કરવાવાળો છે અને તારી તરફ જ પાછા ફરવાનું છે. હાજર છું, હાજર છું. તું બેપરવા છો અને દરેકને તારી જરૂરત છે, હાજર છું, હાજર છું. તારાથી ડરવામાં આવે છે અને તારાથી રગબત રાખી શકાય છે, હાજર છું, હાજર છું. સાચા માઅબૂદ, હાજર છું, હાજર છું. નેઅમતો અને શ્રેષ્ઠ ઉપકારો કરનારા હાજર છું, હાજર છું. હું તારો બંદો અને તારી કનીઝનો પુત્ર છું, હાજર છું, હાજર છું. અય માયાળુ, હાજર છું.)

અને પઢે :

**લબ્બયક અતકર્રરબો ઈલયક બે મોહમ્મદિંવ વ આલે મોહમ્મદિન સલવાતુલ્લાહે અલયહે વ**

અલય્યહિમ લબ્બયક, લબ્બયક બે હજ્જતિંવ વ ઉમરતિમ મઅન લબ્બયક, લબ્બયક હાઝેહી મુતઅતો ઉમરતિન ઈલલ હજ્જે લબ્બયક, લબ્બયક તમામોહા વ બલાગોહા અલય્યક લબ્બયક.

(હાજર છું, હું તારાથી નિકટતા ચાહું છું; મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના દ્વારા, તેઓ પર અને તેઓની આલ ઉપર અલ્લાહના દરૂદ થાય, હાજર છું, હાજર છું. હજ અને ઉમરા સાથે બજાવી લાવવા, હાજર છું, હાજર છું. આ હજના પ્રતિ ઉમરાએ તમત્તોઅ છે. હાજર છું, હાજર છું. તેને પરિપૂર્ણ કરી દેવું અને ઉત્કર્ષ સુધી પહોંચાડવું તારા ઝિમ્મે છે. હાજર છું, હાજર છું.)

એહરામની હાલતમાં તલબીયા વારંવાર પઢતા રહો, સૂઈને ઊઠતી વેળા, દરેક નમાઝ પછી, સવારી (ગાડી) માં ચઢવા અને ઊતરવા ટાણે, દરેક ઊંચાઈએ ચઢતી અને ત્યાંથી ઊતરતી વખતે, ખીણમાં આવતા સમયે, કોઈ સવારને મળતી વખતે અને પરોઢના સમયે તલબીયા વારંવાર કહો, ભલે મોહરિમ જુનુબની હાલતમાં હોય અથવા હૈઝની હાલતમાં હોય.

ઉમરાએ તમત્તોઅમાં જુના મક્કાના ઘરો નજરે પડે ત્યારે તલબીયા પઢવાનું તર્ક કરે અને હજમાં અરફાતના દિવસની મધ્યાંતરના સમયે તલબીયા પઢવાનું તર્ક કરે.

---

## એહરામમાં મકરૂહ બાબતો

એહરામમાં અમુક ચીઝો મકરૂહ છે, જે નીચે મુજબ છે :

૧–કાળા કપડામાં એહરામ બાંધવો, બલ્કે તેને તર્ક કરવું એહવત છે. સફેદ કપડામાં એહરામ બાંધવો શ્રેષ્ઠ છે.

૨–પીળા રંગના બિસ્તર કે તકીયા પર સૂવું.

૩–મેલાં કપડાંનો એહરામ બાંધવો. જો એહરામની હાલતમાં કપડાં મેલાં થઈ જાય તો જ્યાં સુધી એહરામમાં છે, તેને ધોવા નહિં. અલબત્તા બદલવામાં કોઈ હરજ નથી.

૪–નકસીદાર કપડામાં એહરામ બાંધવો.

૫–એહરામ બાંધવા પહેલા મહેંદી લગાડવી, જ્યારે કે તેની અસર (રંગ) એહરામ સુધી બાકી રહે એમ હોય.

૬–હમામ જાવું (અરબી પ્રકારના). એહવત અને ઊલા એ છે કે પોતાના શરીરને કીસો (મેલ કાઢવાનો પત્થર)

વગેરેથી ન રગડે.

૭-જો કોઈ અવાજ આપે તો તેના જવાબમાં લબ્બયક કહેવું બલ્કે તેમ ન કહેવું એહવત છે.

---

## હરમમાં દાખલ થવાની મુસ્તહબ ચીઝો

હરમમાં દાખલ થતી વખતે અમુક ચીઝોનો ખ્યાલ રાખવો જરૂરી છે :

૧-હરમ સુધી પહોંચવા માટે સવારી પરથી ઊતરી જવું અને હરમમાં દાખલ થવા માટે ગુસલ કરવું.

૨-હરમમાં દાખલ થતી વખતે અલ્લાહ તઆલા માટે વિનમ્રતા અને વિનયપૂર્વક દાખલ થવું.

૩-હરમમાં દાખલ થતાં સમયે આ દુઆ પઢે:

**અલ્લાહુમ્મ ઈન્નક કુંલ્તૅ ફી કિતાબેક વ કંવ્લોકલ્ હંકંકોં. વ અઝીઁન ફીન્નાસે બિલ્ હંજ્જે યઅ્તૂક રિજાલંન્ વ અંલા કુલ્લે ઝાંમેરિન્ યઅ્તીન મિન્ કુલ્લે ફજ્જીન્ અંમીકં અલ્લાહુમ્મ વ ઈન્ની અરજૂ અન્ અકૂન મિમ્મન્ અજાબ દઅ્વતક વ કંદ**

જિઅતો મિન શુર્કકંતિને બઈદતિંવ વ ફજજિને અંમીકિંને સામેઅને લે નિદાએક વ મુસંતજાબને લક મુતીઅંલે લે અમંરેક વ કુલ્લો ઝાંલેક બે ફઝંલેક અંલય્ય વ એહંસાનેક ઈલય્ય ફ લકલે હંમંદો અંલા મા વફ્ફકંતની લહૂ અબંતગીં બે ઝાંલેકઝે ઝુલેફત ઈંનંદક વ મગ્ફેરતેક લે ઝુંનૂબી વ તવંબત અંલય્ય મિનંહા બે મન્નેક. અલ્લાહુમ્મ સંલ્લે અંલા મોહંમ્મદિંને વ આલે મોહંમ્મદિંને વ હંરંરિમં બદની અંલંને નારે વ આમિન્ની મિને અંઝાંબેક વ એંકાંબેક બે રહંમતેક યા અરંહંમર રાહેંમીન.

(અય અલ્લાહ! તેં પોતાની પવિત્ર કિતાબમાં ફરમાવ્યું છે અને તારૂં કહેવું સાચું છે અને (અય ઈબ્રાહીમ ખલીલ અ.સ.) લોકોને હજ માટે બોલાવ કે તેઓ તારી તરફ આવે પગ પાળા અને દૂબળા પાતળા ઊંટો પર સવાર થઈને અને દૂર દૂરના માર્ગોથી (હજ પઢવા) ચાલ્યા આવે. અય અલ્લાહ! મને આશા છે કે હું એ લોકોમાંથી છું જેઓએ તારી દાવતને કબૂલ કરી અને જે તારી અવાજ સાંભળી અને તારી આજ્ઞાનું

પાલન કરવા દૂર સુદૂરના પ્રવાસ વેઠી તારી બારગાહમાં આવ્યા છે અને આ બધો તારો ફઝલ અને એહસાન મારા ઉપર છે એટલે સર્વ સ્તુતિ તારા માટે છે કે તેં મને સદ્‌બુદ્ધિ આપી. હું તારી સમીપતા, સાંનિધ્ય અને તારી સમક્ષ પોતાના ગુનાહોની ક્ષમા-યાચના અને તારી કૃપા ઉપકારથી પોતાની તૌબાની કબૂલિયત ચાહું છું.

અય અલ્લાહ! તું મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મહોમ્મદ (અ.મુ.સ.) પર પોતાની સંપૂર્ણ રહેમત ઉતાર અને મારા શરીરને જહન્નમની આગ પર હરામ કરી દે અને મને તારી દયાથી તારા અઝાબ અને એકાબથી મને સલામત રાખ. અય બહેતરીન રહેમ કરવાવાળા.

---

## મક્કામાં અને મસ્જિદે હરામમાં પ્રવેશવાના આદાબ

જે શખ્સ મક્કાએ મુકર્રમામાં દાખલ થવા માગે તેના માટે મુસ્તહબ છે કે, દાખલ થવા પહેલા ગુસલ કરે અને ધીરગંભીર રીતે મક્કા શહેરમાં દાખલ થાય. જે શખ્સ મદીનાના રસ્તેથી આવે તેના માટે મુસ્તહબ છે કે મક્કાના ઉપરી ભાગથી દાખલ થાય અને નીચેવાળા ભાગથી બહાર જાય.

મુસ્તહબ છે કે મસ્જિદમાં દાખલ થવા સમયે ઊઘાડા પગે ધીર-ગંભીર અને વિનય સાથે હોય અને બાબે બની શેઅબાથી દાખલ થાય. આ દરવાજો જો કે મસ્જિદ વિશાળ થવાથી, હવે અત્યારે ઓળખી નથી શકાતો પણ કેટલાંક લોકો કહે છે કે તે બાબુસ્સલામની સામે હતો એટલે બહેતર છે કે બાબુસ્સલામથી દાખલ થાય અને સીધો ચાલે ત્યાં સુધી કે સ્તંભો વટાવી દે અને મુસ્તહબ છે કે મસ્જિદના દરવાજા પર પઢે:

**અસ્સલામો અઁલયક અય્યોહન નબિય્યો વ રહઁમતુલ્લાહે વ બરકાતોહ. બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ માશાઅલ્લાહ. અસ્સલામો અઁલા અમ્બિયા ઈલ્લાહે વ રોસોલેહ. અસ્સલામો અઁલા રસૂલિલ્લાહ. અસ્સલામો અઁલા ઈબ્રાહીમ ખઁલિલીલ્લાહ. વલ હઁમ્દો લિલ્લાહે રબ્બિલ આઁલમીન.**

(આપ પર સલામ થાય અય માનવંત નબી અને ખુદાની રહેમતો અને બરકતો પણ. અલ્લાહના નામથી અને અલ્લાહના જ સાથે અને અલ્લાહના તરફથી અને જે અલ્લાહ ઈચ્છે છે, સલામ થાય અલ્લાહના નબીઓ અને રસૂલો પર,

સલામ થાય અલ્લાહના રસૂલ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ પર. સલામ થાય અલ્લાહના દોસ્ત હઝરત ઈબ્રાહીમ અ.સ. પર અને દરેક પ્રકારની પ્રશંસા છે, એ ખુદા માટે જે બધા જગતનો પાલણહાર છે.)

પછી મસ્જિદમાં દાખલ થઈ જાય અને કાબા તરફ મોં કરે અને આસમાન તરફ હાથોને ઊંચા કરીને પઢે :

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક ફી મકાઁમી હાઝાઁ ફી અવ્વલે મનાસેકી અનૅ તકઁબલ તવ્બતી વ અનૅ તતજાવઝ અઁનૅ ખઁતીઅતી વ અનૅ તઝઁઅઁ અઁન્ની વિઝરી. અલ્હઁમ્દો લિલ્લાહિલૅ લઝીઁ બલ્લગઁની બયૅતલૅ હઁરામે. અલ્લાહુમ્મ ઈન્ની ઉશ્હેદો અન્ન હાઝાઁ બયૅતોકલૅ હઁરામુલૅ લઝીઁ જઅઁલૅતહુ મસાઁબતનૅ લિનૅ નાસે વ અમૅનનૅ મુબારકંનૅ વ હુદનૅ લિલૅ આઁલમીન. અલ્લાહુમ્મ ઈન્ની અઁબ્દોક વલૅ બલદ બલદોક વલૅ બયૅત બયૅતોક જિઅ્તો અતઁલોબો રહઁમતક વ અઉમ્મો તાઅઁતક મુતીઅઁનૅ લે અમૅરેક રાઝેઁયનૅ બે કદઁરેક. અસ્અલોક મસ્અલતલૅ ફકીઁરે ઈલયૅક. અલૅ ખાઁએફે

લે ઉક્કૂબતેક. અલ્લાહુમ્મ મફતેહ લી અબવાબ રહેમતેક. વસતઅમિલની બે તાઅતેક વ મરઝાતેક.

(અય અલ્લાહ! હું મારી પહેલી હજ વિધી (મનાસિક) માં મારા આ સ્થળે તારાથી એ સવાલ કરૂં છું કે તું મારી તૌબા કબૂલ કર, મારી ક્ષતિઓને માફ કર અને મારા ભારને મારા પરથી ઊતારી દે. હમ્દ છે ખુદાના માટે જેણે મને બયતુલ હરામમાં પહોંચાડ્યો. અય ખુદા! હું તને સાક્ષી રાખું છું કે બેશક આ માનવંત ઘર છે જેને તેં લોકોના એકત્રિત થવાનું સ્થળ અને શાંતિનું ઘર અને મુબારક અને બધા લોકો માટે હિદાયતનુ કેન્દ્ર બનાવ્યું છે.

અય અલ્લાહ! આ બંદો તારો બંદો અને આ શહેર તારૂં શહેર અને આ ઘર તારૂં ઘર છે. હું અહીં આવ્યો છું. તારી રહેમત હાંસિલ કરવા, તારો આજ્ઞાંકિત છું, તારા હુકમોને પાળનારો, તારા નિર્માણ પર રાજી છું. હું તારાથી સવાલ કરૂં છું એક ફકીરની જેમ જે તારા ક્રોધથી ડરે છે, અય અલ્લાહ! મારા માટે તારી રહેમતના દ્વાર ઉઘાડી નાખ અને મને તારી ફરમાંબરદારી અને રાજીપામાં લગાવી રાખ.)

પછી ત્રણ વખત પઢે :

અલ્લાહુમ્મ ફુકક રકબતી મિનન નાર.

(બારે ઈલાહા! મારી ગરદનને જહન્નમની આગથી છોડાવી દે.)

પછી પઢે :

વ અવસિઅ અલય્ય મિન રિઝ્કે કલ હલાલિત તય્યેબે વ દરઅ અન્ની શરર શયાતીનિલ ઈનસે વલ જિન્ને વ શરર ફસકતિલ અરબે વલ અજમ.

(કિર્દગાર! તારી પાક અને પવિત્ર રોજી મારા માટે વિશાળ કરી આપ અને ઈન્સાનની તથા જિન્નાતી શૈતાનો અને અરબ તથા અજમના ગુનેહગારોના છળથી મને દૂર કર.)

પછી પઢો :

અશહદો અલ લા ઈલાહ ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ, વ અશહદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વ રસૂલોહૂ, આમનતો બિલ્લાહે, વ કફરતો બિલ તાગૂતે, વ બિલ લાતે વલ ઉઝઝા, વ

ઈબાદેતિશં શયંતાંને વ ઈબાદતિ કુલ્લે નિદદિયં યુદઆં મિનં દૂનિલ્લાહ.

(હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ ખુદા નથી તે એકલો છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને હું ગવાહી આપું છું કે મોહમ્મદ (સ.અ.વ.) તેના બંદા અને રસૂલ છે. હું ઈમાન લાવ્યો અલ્લાહ પર અને મેં ઈન્કાર કર્યો તાગૂતનો, લાત અને ઉઝઝાનો અને શૈતાનની ઇબાદતનો અને અલ્લાહ સિવાયના દરેક એ માઅબૂદો જેને તેના સમોવડીયા સમજીને પોકારવામાં આવે છે.)

પછી હજરે અસ્વદ પાસે જાવ અને તેને સલામ કરી આમ કહો:

અલહંમદો લિલ્લાહિલં લઝીં હદાના લે હાઝાં વ મા કુન્ના લે નહતદેય લવં લા અનં હદાનલ્લાહ. સુંબહાનલાહે વલં હંમદો લિલ્લાહે વલા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર. અલ્લાહો અકબરો મિનં ખંલકેહી. વલ્લાહો અકબરો મિમ્મનં અખંશા વ અહંઝંર. વલા ઈલાહા ઈલ્લલ્લાહો વહંદહૂ લા

શરીક લહૂ લહુલ્ મુલ્કો વ લહુલ્ હંમ્દો યુહ્ંયી વ યુમીતો વ યુમીતો વ યુહ્ંયી વહોવ હંય્યુલ્લા યમુતો બે યદેહિલ્ ખંયરો વ હોવ અંલા કુલ્લે શયઈન્ કંદીર.

(દરેક પ્રકારની પ્રશંસા છે એ અલ્લાહ માટે જેણે અમને આ (ઇબાદત)ની હિદાયત આપી અને જો અલ્લાહ અમને હિદાયતની સદબુદ્ધિ ન આપત તો અમે હિદાયત પામેલા ન હોત. અલ્લાહ દરેક એબથી પાક છે અને હમ્દ અલ્લાહ માટે જ છે અને તેને જ શોભે છે અને અલ્લાહ સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી. તે એક જ છે તેનો કોઈ ભાગીદાર નથી, તેના જ માટે મુલ્ક છે અને તે જ હમ્દને લાયક છે, તે જીવતા કરે છે અને મારે છે અને પછી એ જ મારશે અને જીવતા કરશે અને તેની શક્તિના અંકુશમાં ભલાઈ છે અને તે દરેક વસ્તુ પર પૂરેપૂરી શક્તિ ધરાવનાર છે.)

પછી મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર સલામ મોકલો.

પછી કહો :

ઇન્ની ઉઅ્મેનો બે વઅ્દેક વ ઉઅ્ફી બે

અહદેક.

(હું તારા વાયદા પર ઈમાન રાખું છું, હું તારા અહદને વફાદાર છું.)

ભરોસાપાત્ર રિવાયતમાં ઈમામ જઅફર સાદિક અ.સ. થી રિવાયત છે કે જ્યારે તમો હજરે અસ્વદની પાસે જાવ, ત્યારે પોતાના હાથોને ઊંચા કરો, અલ્લાહની હમ્દો સના કરો, નબી કરીમ સ.અ.વ. પર દુરૂદ મોકલો અને અલ્લાહ તઆલાથી કબૂલ કરવાનો સવાલ કરો, પછી હજરે અસ્વદને બોસો દ્યો અને સલામ કરો, જો બોસો દેવા ન મળે તો હાથથી સલામ (સ્પર્શ) કરો, જો તેમ પણ ન કરી શકે તો ઈશારો કરો અને કહો :

**અલ્લાહુમ્મ અમાનતી અદ્દયતોહા વ મિસાંકી તઆહદતોહૂ લે તશ્હદ લી બિલ મુવાફાતે. અલ્લાહુમ્મ તસ્દીકમ બે કિતાબેક વ અલા સુન્નતે નબિય્યિક. સલવાતોક અલયહે વઆલેહી અશ્હદો અન લા ઈલાહ ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ વ અન્ન મોહમ્મદન અબ્દોહૂ વ રસૂલોહૂ આમન્તો**

બિલ્લાહે વ કફરતો બિલ જિબ્તે વત્ તાગૂતે વ લાતે વલ ઉઝ્ઝા વ ઈબાદતિશ્ શયતાને વ ઈબાદતે કુલ્લે નિદદિયં યુદઆ મિન દૂનિલ્લાહે.

(અય અલ્લાહ! આ મારી અમાનત હતી જેને મેં અદા કરી અને મારૂં વચન હતું, જેને મેં પાળી બતાવ્યું. જેથી તું મારા માટે આ વાયદાના વફા કરવાની ગવાહી આપે. અય ખુદા! તારી પાક કિતાબનું સમર્થન કરવા અને તારા મહાન નબીની સુન્નત પર ચાલવા માટે હું ગવાહી આપું છું કે, કોઈ ઈબાદતને પાત્ર નથી તેના સિવાય. તે એકલો છે તેનો કોઈ ભાગીદાર નથી અને મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) તેના ખાસ બંદા અને રસૂલ છે. હું અલ્લાહ પર ઈમાન લાવ્યો અને જૂઠા ખુદાઓ એટલે જિબ્બત, તાગૂત, લાત અને ઉઝ્ઝા અને શૈતાનની ઇબાદત અને અલ્લાહ સિવાય જે બીજાઓને તેના સમોવડીયા સમજીને પોકારવામાં આવે છે તેની ઇબાદતનો ઇન્કાર કરૂં છું.)

જો આ બધું તું ન પઢી શકે તો જે કંઈ પઢી શકે તે પઢે અને પછી આટલું પઢે :

અલ્લાહુમ્મ ઈલયક બસતંત્તો યદી વ ફીમા

ઈન્નદક અંઝૌમત રગ્ગંબતી ફકંબલ સબહેંતી વગૌંફિર લી વરહૅમની. અલ્લાહુમ્મ ઈન્ની અઊઝૌં બેક મિનલ કુફરે વલ ફકંરે વ મવાકેંફિલ ખિંઝયે ફિદ દુનયા વલ આખેરહ.

(અય ખુદા! મેં તારા દરબારમાં મારા હાથ ફેલાવ્યો, અને એમાં જે તારી પાસે છે તેમાં મારો શોખ વધ્યો એટલે મારી તસ્બીહ કબૂલ કર અને મને બક્ષી દે અને મારા પર રહેમ કર. બારે ઈલાહા! હું નિર્ધનતા, પરાધિનતા અને દુનિયા તથા આખેરતમાં રૂસવાય અને માનહાનિના પ્રસંગોથી તારૂં રક્ષણ ચાહું છું.)

---

## તવાફના આદાબ

ઈમામ જઅફર સાદિક અ.સ. થી મઆવિયા બિન અમ્માર રિવાયત કરે છે કે આપે ફરમાવ્યું : તવાફ કરતી વખતે પઢો :

અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક બિસ્મેકલ લઝી યુમ્શા બેહી અંલા ઝૌંલલિલ માએ કમા યુમ્શા

બેહી અઁલા જોદદિલ અરઝેં વ અસઅલોક બિસ્મેકલ લઝીઁ દઆઁક બેહી મૂસા મિન જાનેબિતં તૂરે ફસ્તજબ્ત લહૂ વ અલકૈંયેત અઁલયહે મોહઁબ્બતન મિનક વ અસઅલોક બિસ્મેકલ્લઝીઁ ગઁફરત બેહી લે મોહઁમ્મદિન સઁલ્લલ્લાહો અઁલયહે વ આલેહી મા તકઁદ્દમ મિન ઝંમબેહી વ મા તઅખ્ખઁર વ અતમમ્ત અઁલયહે નિઅઁમતક અન તફઅઁલ બી.

(પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગે.)

(અય અલ્લાહ! હું તારા એ નામની સાથે માંગણી કરૂં છું જેની સાથે જેવી રીતે ઝમીન પર ચાલી શકાય છે, એવી રીતે અંધારામાં પાણી પર ચાલી શકાય છે અને હું તારાથી તારા એ નામની સાથે સવાલ કરૂં છું જેના માટે તારો અર્શ ઝૂમે છે હું તારાથી તારા એ નામના સાથે સવાલ કરૂં છું, જેના થકી હઝરત મૂસાએ તૂર પર્વત તરફથી પોકાર્યો હતો. તેં તેમની દુઆઓને સ્વીકારી લીધી અને પોતા પાસેથી પોતાની મહોબ્બતની પ્રેરણા આપી અને હું તારા એ નામ દ્વારા સવાલ કરૂં છું, જેનાથી તેં હઝરત મોહમ્મદ મુસ્તફા

સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમના ખાતર તેમની ઉમ્મતની આગલી પાછલી ખતાઓને માફ કરી દીધી અને તેઓ પર પોતાની નેઅમતો પૂરી કરી. (અય અલ્લાહ! તું મારી હાજતો પૂરી કર.)

પોતાની હાજાતો માંગો.

જ્યારે કાઅબાના દરવાજા પર પહોંચો ત્યારે નબી કરીમ (સ.અ.વ.) પર દરૂદ મોકલો અને રૂકને યમાની તથા હજરે અસ્વદની વચ્ચે ઊભા રહી કહો:

**રબ્બના આતેના ફિદ દુનયા હસનતંવ વ ફિલ આખેરતે હસનતંવ વ કેના અઝાબન નાર.**

અય અમારા પાલણહાર! અમને દુનિયામાં પણ અને આખેરતમાં પણ ક્ષેમ કુશળતા અર્પણ કર અને જહન્નમની સઝાથી બચાવી લે.

અને તવાફમાં પઢો :

**અલ્લાહુમ્મ ઇન્ની ઇલયક ફકીરૂન વ ઇન્ની ખાંએફુન મુસતજીરૂન ફ લા તોગયયિર જિસમી વ લા તોબદદિલ ઇસમી.**

(અય ખુદા! હું તારો મોહતાજ છું અને હું તારાથી જ ડરૂં છું અને તારો જ આશરો માંગું છું એટલે ન મારા શરીરમાં ફેરફાર પેદા કર અને ન મારૂં નામ બદલ.)

ઈમામ જઅફર સાદિક અ.સ. થી રિવાયત છે કે આપે ફરમાવ્યું: કે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. પરનાળાની પહેલાં જ્યારે હજરે અસ્વદ પાસે પહોંચતા ત્યારે પરનાળા તરફ જોઈને કહેતા :

**અલ્લાહુમ્મ અદખિલનેયલ જન્નત બે રહમતેક વ અજિરની બે રહમતેક મિનન નારે વ આફેની મિનસ સુકમે વ અવસિઅ અલય્ય મિનર રિઝકિલ હલાલે વદરઅ અન્ની શરર ફસકતિલ જિન્ને વલ ઈનસે વ શરર ફસકતિલ અરબે વલ અજમ.**

(અય ખુદા! તારી રહેમતથી મને જન્નતમાં દાખલ કર અને જહન્નમની આગથી બચાવી લે અને મને દરેક પ્રકારની બીમારીથી સલામત રાખ અને મારા માટે હલાલ રોજીમાં વધારો કર અને જિન્નાત અને ઈન્સાનમાંના

દૂરાચારીઓ અને અરબ અજમના ગુનેહગારોની બદીથી મને સલામત રાખ.)

ઈમામ સાદિક સ.અ. થી રિવાયત છે કે જ્યારે આપ હજરે અસ્વદ પાસેથી પસાર થતાં કાબાની પછવાડે આવતા ત્યારે ફરમાવતાઃ

યા ઝંલ્લે મન્ને વત્તૌં તંવ્વેલે વલ્લે જૂદે વલ્લે કરમે ઈન્ની અંમલી ઝંઈફુન ફ ઝાંઈફેહૂ લી વ તકંબ્બલહૂ મિન્ની ઈન્નક અનતસ્સે સમીઉલ્લે અંલીમ.

(અય ઉપકાર, બક્ષિશ, દાન અને કૃપા કરવાવાળા મારા અમલ યકીનન કમઝોર અને અલ્પ છે. એટલે તું મારા માટે તેને વધારે કરી દે અને મારાથી કબૂલ કરી લે. બેશક, તું સાંભળનાર અને જાણવાવાળો છો.)

હઝરત ઈમામ રઝા અ.સ. થી રિવાયત છે કે જ્યારે તેઓ રૂકને યમાનીની સામે આવતા હતા ત્યારે ઊભા રહી બંને હાથો ઊંચા કરી ફરમાવતા હતા :

યા અલ્લાહો યા વલિય્યલ્લે આંફેયતે વ ખાંલેકંલ્લે આંફેયતે વ રાઝેકંલ્લે આંફીયતે વલ્લે મુનંએંમો

બિલ્ આફેયતે વ મન્નાનો બિલ્ આફેયતે વલ્
મુતફઝ્ઝેલો બિલ્ આફેયતે અલય્ય વ અલા જમીએ
ખલ્કેક. યા રહમાનદ્ દુન્યા વલ્ આખેરતે વ
રહીમહોમા સલ્લે અલા મોહમ્મદિન્ વ આલે
મોહમ્મદિન્ વરઝુક્નલ્ આફેયત વ શુક્રલ્ આફેયતે
ફિદ્ દુન્યા વલ્ આખેરતે યા અરહમર્ રાહેમીન.

(અય ખુદા! અય સલામતીના ધણી! અય સલામતીના સર્જક, અય સલામતી અતા કરનાર અને અય સલામતીનું ઈનામ આપવાવાળા, અય સલામતીનો ઉપકાર કરનારા અને અય સલામતી થકી મારા પર અને સઘળી મખ્લૂક પર મહેરબાની કરવાવાળા અય દુનિયા અને આખેરતમાં મહેરબાન અને રહેમ કરવાવાળા, મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર રહેમત મોકલ અને અમને ક્ષેમ કુશળતા નસીબ કર, હંમેશા ક્ષેમ-કુશળ રાખ, બધી ક્ષેમ કુશળતા અર્પણ કર અને ક્ષેમ-કુશળતાનો શુક્ર અદા કરવાની સદ્બુદ્ધિ આપ, દુનિયામાં અને આખેરતમાં અય બહેતરીન રહેમ કરવાવાળા.)

ઈમામ જઅફર સાદિક અ.સ. થી રિવાયત છે કે

જ્યારે તવાફથી ફારિગ થાવ અને કાબાની પછવાડે એ જગ્યાએ પહોંચો જે મુસ્તજારની સામે અને રૂકને યમાનીની થોડાં પહેલે છે, ત્યારે પોતાના હાથોને કાબતુલ્લાહ તરફ ખોલીને રાખો અને બદન અને ગાલને કાબા સાથે લગાડીને પઢો :

**અલ્લાહુમ્મ અલ્ બયતો બયતોક, વલ્ અબ્દો અબ્દોક, વ હાઝાં મકાનુલ્ આએઝે બેક મિનન્ નાર.**

(અય અલ્લાહ! આ ઘર તારૂં ઘર છે, આ બંદો તારો બંદો તારો બંદો છે અને આ સ્થળ તારી સમક્ષ જહન્નમની આગથી શરણ લેવાવાળાઓનું છે.)

પછી પોતાના ગુનાહોનો ઈકરાર કરો. એટલે જો કોઈ બંદો અહીં અલ્લાહ પાસે પોતાના ગુનાહોનો ઈકરાર કરશે તો અલ્લાહ તઆલા તેને જરૂર બક્ષી આપશે ઈન્શાઅલ્લાહ. અને કહો :

**અલ્લાહુમ્મ મિન્ કબલેકર્ રવ્હો વલ્ ફરજો વલ્ આફેયતો, અલ્લાહુમ્મ ઈન્ન અમલી ઝઈફુન ફ ઝાઈફહૂ લી, વગ્ફિર્ લી મત્તલઅ્ત અલયહે મિન્ની, વ ખફેય અલા ખલ્કેક.**

(અય ખુદા! તારા તરફથી જ સુખ, શાંતિ અને ક્ષેમ-કુશળતા છે. ખુદાવંદા! બેશક મારો અમલ કમજોર છે એટલે તું તેને મારા માટે વધારી દે અને મારા એ બધા ગુનાહ બક્ષી દે જેને તું જાણે છો અને તારી મખ્લૂકથી છુપા છે.)

પછી અલ્લાહ તઆલાથી જહન્નમની આગથી અમાન માંગો અને જે ચાહો દુઆ કરો. પછી રૂકને યમાનીને સલામ કરો અને પછી હજરે અસ્વદની પાસે આવો.

બીજી રિવાયતમાં છે કે પછી રૂકને યમાની અને જે રૂકનમાં હજરે અસ્વદ છે તેનું સન્માન કરો અને ત્યાં તવાફ પૂરો કરો, અને કહો:

**અલ્લાહુમ્મ કંનનિઅંની બે મા રઝકંતની, વ બારિકે લી ફીમા આતયંતની.**

(યા અલ્લાહ, તેં જે કંઈ રોજી મને આપી છે તેમાં મને સંતોષ આપ અને જે કંઈ તેં મને અતા કર્યું છે તેમાં મારા માટે બરકત અતા કર.)

તવાફ કરનાર માટે દરેક ચક્કરમાં દરેક રૂકનને અને હજરે અસ્વદને ઇસ્તેઅલામ કરવુ મુસ્તહબ છે અને

ઇસ્તેઅલામ કરતી વખતે આમ કહો :

**અમાનતી અદદયતોહા, વ મીસાંકીં તઆંહદતોહૂ, લે તશહદ લી બિલ મુવાફાત.**

(અય અલ્લાહ! આ મારી અમાનત હતી જે મેં અદા કરી દીધી અને મારી પ્રતિજ્ઞા હતી જે મેં પાળી લીધી. જેથી તું મારા માટે આ પ્રતિજ્ઞા પાલનની ગવાહી આપ.)

---

## તવાફની નમાઝના આદાબ

મુસ્તહબ છે કે નમાઝે તવાફની પહેલી રકાતમાં સૂરએ હમ્દ પછી સૂરએ તૌહીદ પઢે અને બીજી રકાતમાં સૂરએ હમ્દ પછી સૂરએ કાફેરૂન પઢે અને જ્યારે નમાઝથી ફારિગ થઈ જાય ત્યારે અલ્લાહની હમ્દો સના કરે અને મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર દરૂદ મોકલે અને અલ્લાહથી ઈચ્છા કરે કે તે એના તવાફ કબૂલ કરે.

ઈમામ જઅફર સાદિક (અ.સ.) થી મરવી છે કે તેઓ તવાફની નમાઝનો સલામ પઢ્યા પછી સિજદામાં આ દુઆ પઢતા હતા.

સજદ લક વજહી લક તઅબ્બોદંવ વ રિકંકંન. લા ઈલાહા ઈલ્લા અનત હંકંકંન હંકંકંન. અલ અવ્વલો કંબલ કુલ્લે શયઈન. વલ આખેરો બઅદ કુલ્લે શયઈન. વ હા અના ઝાંબયન યદયક નાસેયતી બે યદેક. વગંફિર લી ઈન્નહૂ લા યગંફેરૂઝ ઝંમબલ અઝીમ ગંયરોક. ફગંફિર લી ફ ઈન્ની મુકિરરૂન બે ઝુંનૂબી અલા નફસી વ લા યદફઉઝ ઝંમબલ અઝીમ ગંયરોક.

(મેં બંદગી અને વિનમ્રતા રૂપે મારૂં માથું તારા સિજદામાં રાખ્યું અને હકીકતની દષ્ટિએ તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. દરેક વસ્તુની પહેલાં તું મોજૂદ હતો અને દરેક વસ્તુના નાશ પછી પણ તું મોજૂદ રહેશે. હું તારી બારગાહમાં હાજર છું અને મારૂં માથું તારી સમક્ષ નમેલું છે. મને માફ કરી દે તારી સિવાય કોઈ અન્ય મોટા ગુનાહો માફ નથી કરી શકતો, તો મને બક્ષી દે. નિઃશંક મને મોટા ગુનાહોનો ઈકરાર છે અને તારા સિવાય કોઈ મોટા મોટા ગુનાહોને મિટાવી શકતું નથી.)

---

જો બની શકે તો તવાફની નમાઝ પછી ઝમઝમની તરફ જાય અને ઝમઝમનું પાણી પીવે અને કંઈક માથા ઉપર અને વાંસા ઉપર તથા શરીર પર નાખે અને કહે :

**અલ્લાહુમ્મ મજઅલ્હૂ ઈલ્મન નાફેઅન વ રિઝ્કન વાસેઅન વ શેફાઅન મિન કુલ્લે દાઈવ વ સુકમિન.**

(અય ખુદા! તું એને ફાયદો પહોંચાડનાર ઈલ્મ અને વિશાળ રોજી અને દરેક બીમારીથી શિફા બનાવ.)

---

## સઈના આદાબ

મુસ્તહબ છે કે સફાની તરફ શાંતિ અને મોભા સાથે જાય અને જ્યારે સફા પર ચઢે ત્યારે કાબાની તરફ જૂએ અને કાબાની તરફ મોં રાખે અને અલ્લાહની હમ્દો સના કરે અને તેની નેઅમતોનો ઉલ્લેખ કરે પછી સાત વખત ત્યારે અલ્લાહો અકબર, સાત વખત અલ્હમ્દો લિલ્લાહ અને સાત વખત લા ઈલાહ ઈલ્લલ્લાહ કહે પછી ત્રણ વખત કહે :

**લા ઈલાહ ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ,**

લહુલ્ મુલ્કો વ લહુલ્ હ઼ંમ્દો યુહ઼ંયી વ યુમીતો, વ હોવ હ઼ંય્યુન્ લા યમૂતો, વ હોવ અઁલા કુલ્લે શયઁઈન્ કઁદીર.

(અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી. તે એક છે, તેનો કોઈ ભાગીદાર નથી. સલતનત તેના માટે જ છે અને હમ્દ તને જ શોભે છે તે જીવતા કરે છે અને મારે છે અને એવો જીવંત છે જેને મોત નથી અને તે દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે.)

પછી મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર સલવાત પઢો અને ત્રણ વખત કહો :

અલ્લાહો અકબરો અઁલા મા હદાના, વલ્ હ઼ંમ્દો લિલ્લાહે અઁલા મા અબ્લાના, વલ્ હ઼ંમ્દો લિલ્લાહિલ્ હ઼ંયિલ્ કઁય્યૂમે, વલ્ હ઼ંમ્દો લિલ્લાહિલ્ હ઼ંયિદ્ દાએમ.

(અલ્લાહ મહાન છે, સઘળાં વખાણ અલ્લાહના માટે છે. એ માટે કે તેણે આપણને હિદાયતની સદ્બુદ્ધિ આપી. અલ્લાહ જ હમ્દને લાયક છે અને બધી પ્રશંસાઓ છે એ

અલ્લાહના માટે, જે સદા હયાત છે અને સદા રહેનાર છે અને જે સદા જીવતો અને બાકી રહેનારો છે.)

પછી ત્રણ વખત કહો :

**અશ્હદો અલ્ લા ઈલાહ ઈલ્લલ્લાહો, વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વ રસૂલોહૂ, લા નઅ્બોદો ઈલ્લા ઈય્યાહૂ, મુખ્લેસીન લહુદ્ દીન વ લવ્ કરેહલ્ મુશ્રેકૂન.**

(હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને હું ગવાહી આપું છું કે મોહમ્મદ મુસ્તફા (સ.) ખુદાના ખાસ બંદા અને રસૂલ છે. અમે તે (અલ્લાહ) ની સિવાય કોઈની ઈબાદત નથી કરતા. અમે તેના જ ખાલિસ બંદા છીએ. ભલેને મુશ્રિકોને અણગમો થાય.)

પછી ત્રણ વખત કહો :

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોકલ્ અફ્વ વલ્ આફેયત વલ્ યકીન ફિદ્ દુનયા વલ્ આખેરહ.**

(અય અલ્લાહ, હું તારાથી દુનિયા અને આખેરતમાં

માફી અને સલામતી અને યકીન મળવાની માંગણી કરૂં છું.)

પછી ત્રણ વખત કહો :

**અલ્લાહુમ્મ આતેના ફિદ્દ દુનેયા હઁસનતંવ વ ફિલ આખેઁરતે હઁસનતંવ વ કેઁના અઝાંબન્નાર.**

(અય અલ્લાહ! અમને દુનિયામાં પણ અને આખેરતમાં પણ ભલાઇ અતા કર અને જહન્નમની આગના અઝાબથી બચાવી લે.)

પછી એકસો વખત અલ્લાહો અકબર પછી એકસો વખત લાઇલાહ ઈલ્લલ્લાહ, એકસો વખત અલ્હમ્દો લિલ્લાહ, એકસો વખત સુબ્હાનલ્લાહ, કહો પછી કહો :

**લા ઈલાહ ઈલ્લલ્લાહો વહઁદહૂ વહઁદહૂ, અન્જઝ વઅઁદહૂ વ નસઁર અઁબ્દહૂ, વ ગઁલબલ અહઁઝાંબ વહઁદહૂ, ફ લહુલ મુલ્કો, વ લહુલ હઁમ્દો, વહઁદહૂ, અલ્લાહુમ્મ બારિક લી ફિલ મવ્તે વ ફીમા બઅઁદલ મવ્તે, અલ્લાહુમ્મ ઈન્ની અઊઝોં બેક મિન ઝુઁલ્મતિલ કઁબ્રે વ વહઁશતેહી, અલ્લાહુમ્મ**

અઝ઼િલ્લની ફી ઝ઼િલ્લે અઁરશેક યવ્મ લા ઝ઼િલ્લ ઈલ્લા ઝ઼િલ્લોક.

(અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તે એક છે, એકલો છે, તેણે પોતાનો વાયદો પૂરો કર્યો. પોતાના બંદાની મદદ કરી અને એકલો જ ટોળાઓ ઉપર વિજયી થયો. તું મને મૃત્યુના સમયે અને મૃત્યુ પછી બરકત આપ. ખુદાવંદા! હું કબ્રના અંધકાર અને તેના ડરથી તારૂં શરણ માગું છું. અય અલ્લાહ! તારા અર્શના છાંયાથી મારા પર છાંયો કર, એ દિવસે કે, જે દિવસે તારી (રહેમત) ના છાંયા વગર કોઈ છાંયો નહીં હોય.)

વારંવાર પોતાનો દીન, પોતાની જાન અને ઓલાદને અલ્લાહને હવાલે કરો અને કહો :

અસ્તવ્દેઉલ્લાહર રહ્માનર્રહીમલ લઝી લા તઝીઓ વદાયેઓહૂ દીની વ નફસી વ અહલી, અલ્લાહુમ્મસ્ તઅમિલ્ની અલા કિતાબેક વ સુન્નતે નબિય્યેક, વ તવફફની અલા મિલ્લતેહી, વ અઈઝની મિનલ ફિત્નહ.

(હું રહમાન અને રહીમ ખુદાની સમક્ષ જેની અમાનતો બરબાદ નથી થતી. મારા દીન. માર જાન અને મારા બાલ બચ્ચાને સોંપું છું. અય અલ્લાહ! તું મને તારા કિતાબ અને તારા માનવંત નબી (સ.અ.વ.) ની સુન્નત પર અમલ કરનાર બનાવી દે અને મને તેમની મિલ્લત પર મોત દે અને ફિત્નાઓથી તારા આશરામાં રાખ.)

પછી ત્રણ વખત અલ્લાહો અકબર કહો, પછી બે વખત ઉપરની દુઆ પઢો અને પછી એક વખત અલ્લાહો અકબર કહો પછી એવી જ રીતે ફરીથી ઉપરની દુઆ પઢો. જો બધું પઢવાની શક્તિ ન હોય તો જેટલું બને તેટલું પઢો.

અમીરૂલ મોઅમેનીન અ.સ.થી રિવાયત છે કે, જ્યારે આપ સફા પર પધારતા હતા ત્યારે કાબાનો સત્કાર કરી હાથોને ઊંચા કરી કહેતા હતા :

**અલ્લાહુમ્મ મગ્ફિર લી કુલ્લ ઝંમ્બિન અઝંનબ્તોહૂ કત્તો, ફ ઈન ઉદ્દત ફ ઉદ અલય્ય બિલ મગ્ફેરતે, ફ ઈન્નક અન્તલ ગફૂરૂર રહીમો, અલ્લાહુમ્મ મફઅલ બી મા અન્ત અહલોહૂ, ફ ઈન્નક ઈન તફઅલ બી મા અન્ત અહલોહૂ તરહંમની, વ**

ઈન તોઅઁઝઁઝિંબની ફ અનતલ ગંનિય્યો અંન અંઝાંબી, વ અના મુહ્ઁતાજુન ઈલા રહ્ઁમતેક, ફ યા મન અના મુહ્ઁતાજુન ઈલા રહ્ઁમતેહી, ઈરહ્ઁમની, અલ્લાહુમ્મ લા તફઅંલ બી મા અના અહ્લોહૂ ફ ઈન્નક બી તફઅંલ મા અના અહ્લોહૂ તોઅઁઝઁઝિંબની વ લન તઝ્ઁલેમોની, અસ્ઁબહ્ઁતો અત્તઁકીં અંદલક વ લા અખાઁફો જવરક, ફ યા મન હોવ અંદલુન લા યજૂરો, ઈરહ્ઁમની.

(અય પરવરદિગાર! મારા એ બધા ગુનાહો માફ કરી દે જે મેં આચર્યા છે. હવે જો હું તે ગુનાહો ફરી વખત કરૂં તો પણ તું મને માફ કરી દેજે. સત્ય એ છે કે તું જ બક્ષવાવાળો અને રહેમ કરવાવાળો છે. અય અલ્લાહ! તું મારી સાથે એ વર્તાવ કર જે તને શોભે છે. એટલે જો તું એવો વર્તાવ કરશે તો તું મારા પર રહેમ કરશે અને જો તું મને અઝાબ આપશે તો તને મારા અઝાબની પરવા નથી પણ હું તારી દયાનો મોહતાજ છું.

એટલે અય તે ઝાત, જેની રહેમતની મને જરૂરત

છે. મારા પર રહેમ કર. ખુદાવંદા! મારા સાથે એ વર્તાવ ન કર જેને માટે હું લાયક છું. જો તેં મારાથી એવો વર્તાવ કર્યો તો તું મને અઝાબ આપશે અને મારા પર ક્યારેય દયા નહિં કરે. હું તારા ન્યાયથી બચવા ચાહુ છું તારી બળજબરીનો તો મને ભય જ નથી કેમ કે જે ન્યાયી છે તે ઝુલ્મ નહિં કરે. અય અલ્લાહ! મારા પર રહેમ કર.)

---

ઈમામ જઅફર સાદિક (અ.સ.) થી રિવાયત છે કે જો તમો ઈચ્છો કે તમારા માલમાં વધારો થાય તો સફા પર વધારે સમય થોભો (બેસો).

---

મુસ્તહબ છે કે સઈ પગપાળા કરે અને ધીર ગંભીર રીતે ચાલે ત્યાં સુધી કે લીલા પટ્ટાથી લીલા પટ્ટા સુધી હરવલા કરે (ઉતાવળે ચાલે) અર્થાત્ નાના પગલાં ઉપાડી ઊંટની જેમ તેજ દોડે. ઔરતો માટે હરવલા નથી, પછી ધીર ગંભીર રીતે ચાલે ત્યાં સુધી કે મરવા પર ચઢી જાય. ત્યાં પર એમ જ કરે જેમ સફા પર કર્યું હતું અને પછી તે મરવાથી સફા તરફ એવી જ રીતે પાછો આવે.

જો સવારી (ગાડી) પર સઈ કરે તો બંને મિનારાઓ

વચ્ચે સવારીને થોડી તેજ કરે, મુનાસિબ છે કે રોવાની કોશિશ કરે અને પોતાના ચહેરાને રોવાવાળા જેવો બનાવે. અલ્લાહ તઆલાથી ઘણી દુઆઓ કરે અને તેની પાસે રોક્કળ કરે.

---

## હજના એહરામથી અરફાતના વુકૂફ સુધીના આદાબ

જ્યારે તમો હજનો એહરામ બાંધો જેના આદાબ પહેલા આવી ચૂક્યા છે અને મક્કાથી નીકળો ત્યારે ધીમી અવાઝે રસ્તામાં તલબિયા કહેતા જાવ ત્યાં સુધી કે વાદીએ અબ્તાહ સુધી પહોંચો ત્યાં અવાજને ઊંચી કરો. જ્યારે મિનાની તરફ મોં કરો ત્યારે કહો :

અલ્લાહુમ્મ ઈય્યાક અરજૂ, વ ઈય્યાક અદઊ, ફ બલ્લિગ્નીની અમલી, વ અસ્લિહ લી અમલી.

(અય અલ્લાહ! હું તારાથી જ આશા રાખું છું અને તને જ પોકારૂં છું. એટલે તું મને મારી આકાંક્ષાએ પહોંચાડી દે અને મારા અમલને મારા માટે બેહતર બનાવી દે.)

પછી મિનાની તરફ ધીર ગંભીરતાથી અલ્લાહ તઆલાનો ઝિક્ર કરતાં કરતાં જાવ. જ્યારે મિના પહોંચો

ત્યારે કહો :

**અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી અક્દમનીહા સાલેહન ફી આફેયતિન વ બલ્લગની હાઝલ મકાન.**

(બધી તાઅરીફ અલ્લાહના માટે છે, જેણે મને આરામ અને તકલીફ વિના આ જગ્યાએ પહોંચાડ્યો.)

પછી કહો :

**અલ્લાહુમ્મ વ હાઝેહી મિના, વ હેય મિમ્મા મનનત બેહી અલા અવલેયાએક મિનલ મનાસેકે, ફ અસઅલોક અન તોસલ્લેય અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન, વ અન તમુન્ન અલય્ય ફીહા બેમા મનનત અલા અંબિયાએક, ફ ઈન્નમા અના અબ્દોક વ ફી કબ્ઝતેક.**

(અય અલ્લાહ! આ મિના છે અને આ હજની વિધિઓ (મનાસિક) માંથી એક છે. જેનાથી તેં તારા દોસ્તો પર એહસાન કર્યો. એટલે હું સવાલ કરૂં છું તારાથી કે તું

રહેમત ઉતાર મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર અને તું અમારા પર ઉપકાર કર જેવી રીતે તેં તારા દોસ્તો પર અને તારી ફરમાંબરદારી કરનારાઓ પર ઉપકાર કર્યા. કેમ કે, હું તારો બંદો છું અને તારી કુદરતની પકડમાં મારી જાન છે.)

---

મુસ્તહબ છે કે અરફાતની રાત મિનામાં અલ્લાહની ઈતાઅતમાં વિતાવે. શ્રેષ્ઠ એ છે કે ઈબાદત કરતા રહો. ખાસ કરીને નમાઝ મસ્જિદે ખીફમાં પઢો જ્યારે સવારની નમાઝ પઢો અને સૂર્યોદય સુધી દુઆઓ પઢો, પછી અરફાતની તરફ રવાના થાવ. સૂર્યોદય પહેલાં પણ નીકળવામાં કોઈ હરજ નથી. જ્યારે અરફાતની તરફ મોં કરો તો કહો :

**અલ્લાહુમ્મ ઈલયંક સંમદતો, વ ઈય્યાકઅંતમદતો, વ વજહક અરદતો, અસંઅલોક અન તોબારેક લી ફી રિહલતી, વ અન તકંઝેય લી હાંજતી, વ અન તજંઅંલની મિમ્મન તોબાહી બેહિલ યવંમ મન હોવ અફઝંલો મિન્ની.**

(અય અલ્લાહ! મેં તારી તરફ ઈરાદો કર્યો અને

તારા પર જ ભરોસો કર્યો અને તારી જાતને જ મેં ચાહી. હવે હું તારાથી સવાલ કરૂં છું કે તું મને મારા પ્રસ્થાનમાં બરકત અતા કર અને મારી હાજતો પૂરી કર અને મારી ગણત્રી એ લોકોમાં કર જેનાથી તું આજના દિવસે ફખર કરે તેના પર જે મારાથી શ્રેષ્ઠ છે.)

પછી તલબિયા પઢતા રહો, ત્યાં સુધી કે અરફાત પહોંચો.

---

## અરફાતમાં વુકૂફના આદાબ

અરફાતમાં રોકાવામાં અમુક ચીઝો મુસ્તહબ છે. આ ઘણી છે જેમાંની કેટલીક અહીં રજૂ કરવામાં આવે છે.

૧-વુકૂફની સ્થિતિમાં પાક રહેવું.

૨-મધ્યાંતરના સમયે ગુસલ કરવું.

૩-દુઆ અને અલ્લાહ તઆલા તરફ ધ્યાન ધરવા માટે પોતાને દરેક વાતથી ફારેગ કરે.

૪-વુકૂફ પહાડની ડાબી તળેટીમાં જમીન પર હોય.

૫-ઝોહર અસરની નમાઝ એક અઝાન અને બે એકામાહ સાથે મળાવીને પડે.

૬-જેટલી બની શકે તેટલી વધારે દુઆ કરે. ચાહે નકલ થયેલી હોય કે ન નકલ થયેલ હોય. અલબત્તા (માસૂમોથી) નકલ થએલ દુઆ પઢવામાં વધારે સવાબ છે, તેમાંની એક ઈમામ હુસયન અ.સ. ની અરફાતના દિવસની દુઆ છે.

ઈમામ જઅફર સાદિક અ.સ. થી મન્કૂલ છે કે આપે ફરમાવ્યું કે નમાઝને જલ્દીથી અદા કરો અને બંને નમાઝોને મેળવીને પઢો, જેથી કરીને પોતાને દુઆ માટે જલ્દી ફારિગ કરી શકો. આ દિવસ દુઆ અને માગવાનો છે. પછી પોતાના સ્થાને શાંતિ અને ગંભીર ભાવે અલ્લાહ તઆલાની હમ્દ, કલમો, મહાનતા અને સ્તુતિ પઢો. સો વખત અલ્લાહો અકબર, સો વખત અલ્હમ્દો લિલ્લાહ, સો વખત સુબ્હાનલ્લાહ અને સો વખત સૂરએ કુલહોવલ્લાહ પઢો અને જે હાજત ઈચ્છતા હોય તે માંગો. દુઆ માંગવામાં વધુ કોશિશ કરો કેમ કે આ દિવસ દુઆ અને માંગવા માટે અને અલ્લાહ તઆલા પાસે શૈતાનના છળથી બચવાની પનાહ માગવા માટે છે, કેમ કે શૈતાનને બીજી જગ્યાએથી તમને ગાફિલ કરવું એટલું પસંદ નથી, જેટલું અરફાતના દિવસે અરફાતમાં; ખબરદાર! લોકોને જોવામાં તલ્લીન ન થઈ જતાં, પોતાને સંભાળો અને એ લોકોમાંથી થઈ જાવ જે કહે છે :

અલ્લાહુમ્મ ઈન્ની અબ્દોક ફ લા તજઅલની મિન અખયબે વફદેક, વરહમ મસીરી ઈલયક મિનલ ફજજિલ અમીક.

(અય અલ્લાહ! હું તારો બંદો છું, તું મને તારી તરફ આવવાવાળામાં સૌથી નિષ્ફળ બંદો ન ઠેરવ અને દૂર દૂરથી તારી તરફ આવવાવાળા પર રહેમ કર.)

અને એઓમાંના થઈ જાવ જે કહે છે :

અલ્લાહુમ્મ રબ્બિલ મશાએરે કુલ્લેહા ફુકક રકબતી મિનન નારે, વ અવસિઅ અલય્ય મિન રિઝકેકલ હલાલે, વદરઅ અન્ની શરર ફસકતિલ જિન્ને વલ ઈનસ.

(અય અલ્લાહ! અય મશઅરોના રબ (પવિત્ર સ્થળોના ધણી) તું જહન્નમની આગથી મને નજાત આપ અને તારી હલાલ રોજી મારા પર વિસ્તૃત કર. જિન્નો અને ઈન્સાનોના દૂરાચારી લોકોની બૂરાઈને મારાથી દૂર કર.)

અને એઓમાંના થઈ જાવ જે કહે છે :

અલ્લાહુમ્મ લા તમકુર બી વ લા તખદઅની

વ લા તસ્લતદરિજની.

(અય અલ્લાહ! મને ધોકા અને પ્રપંચોની જાળમાં ન ફસાવ અને મને પગથિયે પગથિયે તારા કોપની તરફ ન ખેંચ.)

પછી કહો :

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક બે હૈવલેક વ જૂદેક વ કરમેક વ મન્નેક વ ફઝ્લેક, યા અસ્મઅસ્સામેઈન, વ યા અબ્સરન્નાઝેરીન, વ યા અસ્રઅલ હાસેબીન, વ યા અરહમર્રાહેમીન, અન્તોસલ્લેય અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ અન્ તફઅલ બી.**

(અય અલ્લાહ! હું તારી શક્તિ, તારા દયાદાન અને તારી ઉદારતા અને બક્ષિશના માધ્યમથી તને સવાલ કરૂં છું કે અય બહેતરીન સાંભળનારા! અય બહેતરીન જોવાવાળા, અને બહેતરીન હિસાબ લેનારા અને બહેતરીન રહેમ કરવાવાળા! મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર તારી રહેમત મોકલ અને મારી આ આ

હાજતો પૂરી કર.)

અહીં પોતાની હાજતો અલ્લાહ તઆલાથી માંગો.

અને પઢો :

**અલ્લાહુમ્મ હાઁજતી ઈલયૅકલ્લતી ઈન અઅઁતૅયૅતનીહા લમ યઝુઁરૅરની મા મનઅઁત, વ ઈન મનઅઁતનીહા લમ યનફઅઁની મા અઅઁતૅયૅતની, અસઅલોક ખઁલાસઁ રકઁબતી મિનન નાર.**

(અય અલ્લાહ! હું તારી પાસે એ માંગું છું કે જો તું મને એ આપી દે, તો તેના સિવાય જે કંઈ પણ રોકી લેશે તે મારા માટે નુકશાનકારક નહીં હોય અને જો તું એ હાજત રોકી લેશે તો પછી તેના સિવાય જે કંઈ આપશે તે મને ફાયદો નહીં આપી શકે. હું તારાથી સવાલ કરૂં છું કે તું મને જહન્નમની આગથી બચાવી લે.)

અને એઓમાંથી થઈ જાવ જેઓ કહે છે :

**અલ્લાહુમ્મ ઈન્ની અઁબ્દોક વ મિલ્કો યદેક, નાસેઁયતી બેયદેક, વ અજલી બે ઈલ્મેક. અસઅલોક અન તોવફ્ફેકઁની લેમા યુરઝીક અઁન્ની વ અન**

તોસલ્લેમ મિન્ની મનાસેકલે લતી અરયતહા ખલીલક ઈબરાહીમ સલવાતુલ્લાહે અલયહે વ દલલત અલયહા નબિય્યક મોહમ્મદન સલ્લાહો અલયહે વ આલેહ.

(અય અલ્લાહ! હું તારો બંદો અને તારી મિલકત છું. મારૂં કપાળ મારો કાબૂ તારા હાથમાં છે અને મારૂં મોત તારી જાણમાં છે. તું મને એ અમલની તોફીક આપ જેના થકી તું મારાથી રાજી થઈ જાય અને મારાથી મારા હજના કાર્યો (મનાસિક) કબૂલ કરી લે કે જે તે તારા દોસ્ત હઝરત ઈબ્રાહીમ અ.સ.એ બતાવ્યા હતા અને તારા નબી કરીમ સ.અ.વ.ને જેનું માર્ગદર્શન આપ્યું હતું.)

અને એઓમાંથી થઈ જાવ જેઓ કહે છે :

અલ્લાહુમ્મ મજઅલની મિમ્મન રઝિયત અમલહૂ વ અતલત ઉમરહૂ વ અહયયતહૂ બઅદલ મવતે હયાતન તય્યેબહ.

(પાલણહાર! મને એ લોકોમાં રાખજે જેના અમલથી તું રાજી છે અને જેમની વયને તેં લાંબી કરી છે અને જેમને

મૃત્યુ પછી પાક અને પવિત્ર જીવન અર્પણ કર્યું છે.)

ઈમામ સાદિક અ.સ. થી રિવાયત છે કે પછી કહો :

લા ઈલાહ ઈલ્લલ્લાહો વહૅદહૂ લા શરીક લહૂ, લહુલ્ મુલ્કો વ લહુલ્ હૅમ્દો, યુહૅયી વ યોમીતો, વ હોવ હૅય્યુલ્ લા યમૂતો, બેયદેહિલ્ ખૅયરો, વ હોવ અૅલા કુલ્લે શયઈન્ કૅદીર. અલ્લાહુમ્મ લકલ્ હૅમ્દો, કલ્લઝીં તકૂૅલો, વ ખૅયરન્ મિમ્મા યકૂૅલુલ્ કાૅએલૂન. અલ્લાહુમ્મ લક સૅલાતી વ દીની વ મહૅયાય વ મમાતી, વ લક તોરાસીં, વ બેક હૅવ્લી, વ મિન્ક કુૅવ્વતી. અલ્લાહુમ્મ ઈન્ની અઊઝોં બેક મિનલ્ ફકૅરે, વ મિન્ વસવાસિસ્ સોંદૂરે, વ મિન્ શતાતિલ્ અમ્રે, વ મિન્ અૅઝાંબિન્ નારે, વ મિન્ અઝાંબિલ્ કૅબ્ર. અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક મિન્ ખૅયરંર રિયાહોં, વ અઊઝોં બેક મિન્ શર્રરે મા યજીઓ બેહિર્ રિયાહોં, વ અસ્અલોક ખૅયરલ્ લયલે વ ખૅયરન્ નહાર.

(અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી. તે એક છે

તેનો કોઈ ભાગીદાર નથી. સલતનત તેના માટે છે અને એજ હમ્દને લાયક છે. એ જ જીવન આપે છે અને એ જ મારે છે અને અને એ જ મારે છે અને એ જ સજીવન કરે છે અને તે એવો જીવંત છે કે જેને મૃત્યુ નથી. તેની શક્તિની પકડમાં ભલાઈ છે અને તે દરેક વસ્તુ પર શક્તિ ધરાવનાર છે.

અય અલ્લાહ! દરેક પ્રકારની પ્રશંસા તારા માટે છે જેવી રીતે તું જે કહે છે અને અમે જે કહીએ છીએ તેનાથી વધારે સારી હમ્દ કરવાવાળાઓની હમ્દ પણ વધારે. અય અલ્લાહ! મારી નમાઝ, મારી હજ અને મારી ઝિંદગી અને મોત બધુ તારા માટે છે. મારી શક્તિ અને તાકાત તારા જ કારણે છે.

અય અલ્લાહ હું ભૂખ અને નિર્ધનતા, મનના વસવસાઓથી અને કામોના બગડી જવા અને કબ્રના અઝાબથી તારી પનાહ માંગું છું. અય ખુદા! હું દરેક સારી વસ્તુઓનો સવાલ કરૂં છું જેને હવાઓ લાવે છે અને તારી સમક્ષ દરેક બૂરાઈથી પનાહ માંગું છું જે ખરાબ હવાઓથી પેદા થાય છે અને હું રાત દિવસમાં ક્ષેમ કુશળતાનો સવાલ કરૂં છું.)

આ દુઆઓમાંથી કેટલીક એ છે જે અબ્દુલ્લાહ બિન મયમૂને રિવાયત કરી છે. કહ્યું છે કે મેં હઝરત સાદિક અ.સ. થી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું : રસૂલ (સ.અ.વ.) અરફાતમાં ઊભા હતા જ્યારે સૂરજ ડુબવા લાગ્યો ત્યારે ચાલવા પહેલાં કહ્યું :

**અલ્લાહુમ્મ ઈન્ની અઊઝો બેક મિનલ્ ફક્રે, વ મિન્ તશત્તોતિલ્ ઊમૂરે, વ મિન્ શર્રે મા યહ્દુસો બિલ્ લયલે વન્ નહારે, અમ્સા ઝુલ્મી મુસ્તજીરન્ બે વજ્હેકલ્ બાકી, યા ખૈર્ મન્ સુએલ વ યા અજ્વદ મન્ અઅ્તા ઝલ્લિલ્ની બે રહ્મતેક, વ અલ્બિસ્ની આફેયતક, વસ્રિફ અન્ની શર્ર જમીએ ખલ્કેક.**

(અય અલ્લાહ! હું ભૂખ અને નિર્ધનતા, કાર્યોની મૂંઝવણોથી અને એ બૂરાઈથી જે રાત-દિવસ થતી રહે છે, તારી પનાહ માંગું છું. મારો જુલ્મ તારી માફી અને દયાની પનાહમાં, મારો ડર તારી શાંતિ સલામતીની પનાહમાં અને મારી નામોશી અને બદનામી તારી ઈજ્જત અને કીર્તિની પનાહમાં અને મારી નાશ પામનારી જાત, તારી અમર જાતની

પનાહમાં છે.

અય તે શ્રેષ્ઠ જાત, જેનાથી માંગી શકાય છે અને અય તે એ બધાઓથી વધારે સખી જેઓ સખાવત કરે છે અને બધા રહેમ કરવાવાળાથી વધારે રહેમ કરવાવાળા, મને તારી રહેમતથી ઢાંકી લે અને મને તારી સલામતીના વસ્ત્રો પહેરાવ અને મારાથી તારી સર્વ મખ્લૂકની બૂરાઈને દૂર કરી દે.)

અબૂ બસીર ઈમામ સાદિક અ.સ. થી રિવાયત કરે છે કે અરફાતના દિવસે જ્યારે સૂર્ય અસ્ત થાય ત્યારે આ દુઆ પઢો :

અલ્લાહુમ્મ લા તજઅલ્હૂ આખેરલ અહદે મિન હાઝલ મવકેફે, વરઝુકની હૂ મિન કાબેલિન અબદન મા અબકયતની, વકલિબનિલ યવમ મુફલેહન મુનજેહન મુસતજાબન લી, મરહૂમન મગફૂરન લી, બે અફઝલે મા યનકલેબો બેહિલ યવમ અહદુન મિન વફદેક વ હુજજાજે બયતેકલ હરામે, વજઅલનિલ યવમ મિન અકરમે વફદેક અલયક,

વઅતેની અફઝલ મા અઅતયત અહદન મિનહુમ મિનલ ખયરે વલબરકતે વર રહમતે વર રિઝવાને વલ મગફેરતે, વ બારિક લી ફીમા અરજઓ ઈલયહે મિન અહલિન વ માલિન, કલીલિન અવ કસીરિન વ બારિક લહુમ ફિય્ય.

(ખુદાવંદા! આ સ્થળે વકૂફ (રોકાવા) કરવાને મારો અંતિમ કાળ ન ઠેરવજે અને જ્યાં સુધી તું મને જીવતો રાખે મને આ સ્થળે હંમેશા આવવાનું નસીબ કરજે અને આજના દિવસે મારી સ્થિતિમાં એવી ક્રાંતિ લાવ કે હું સફળતા પામેલ અને નજાત મેળવેલ થઈ જાઉં. મારી દુઆઓ કબૂલ થઈ જાય કે આજ તારા ઘરમાં આવનારા હાજીઓથી શ્રેષ્ઠ થઈ જાઉં, અને મને આજના દિવસે તારી દયા કૃપાથી તારી તરફ આવવાવાળોમાં માનવંત બની જાઉં અને જે કંઈ તેં તેઓને ભલાઈ, બરકત, રહેમત, રાજીપો અને બખ્શિશ આપી છે તેનો શ્રેષ્ઠ ભાગ મને અર્પણ કર અને હું જેની તરફ રજૂ કરૂં અર્થાત્ : અવલાદ કે માલ, થોડા અથવા વધારેમાં મારા માટે બરકત અતા કર અને તેઓને મારા માટે બરકત આપ.)

---

# મુઝદલફાના વુકૂફના આદાબ

આ આદાબ પણ ઘણાં છે, જેમાંથી અમે થોડાં રજૂ કરીએ છીએ.

૧–અરફાતથી ધીર, ગંભીરતા અને મોભા સાથે ઈસ્તિગ્ફાર કરતાં કરતાં રવાના થઈ જાવ. જ્યારે રસ્તાની ડાબી બાજુ જે કસીબે અહમર (લાલ માટીનો ટેકરો) છે ત્યાં પહોંચો ત્યારે આ દુઆ પઢો :

**અલ્લાહુમ્મરહઁમ તવક્કોફી, વઝિદ ફી અઁમલી, વ સલ્લિમ લી દીની, વ તકઁબ્બલ મનાસેકી.**

(અય ખુદા! મારા આ વકૂફ (રોકાવા) પર રહેમ કર, મારા અમલને વધારી દે, મારો દીન મારા માટે સલામત રાખ અને મારી હજના આમાલને મારા તરફથી સ્વીકારી લે.)

૨–મધ્યમ માર્ગે ચાલો.

૩–મગરિબ અને ઈશાની નમાઝ મુઝદલફા પહોંચીને ત્યાં બંને એકસાથે એક અઝાન અને બે એકામત સાથે પઢો, જો કે રાતનો ત્રીજો ભાગ ભલે વીતી જાય.

૪–મશઅરની પાસે વાદીના મેદાનમાં રસ્તાની જમણી તરફ ઊતરે. પહેલીવાર હજ કરવાવાળા માટે મુસ્તહબ છે કે પોતાના પગેથી મશઅરની જમીન પર ચાલે.

૫–આ રાતમાં ઈબાદત, નકલ થયેલી અને ન થયેલી દુઆઓ પઢવામાં જાગીને વિતાવે. મન્કૂલ દુઆઓમાંથી આ દુઆ પઢો

**અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક અન તજમઅ લી ફીહા જવામેઅલ ખૈર, અલ્લાહુમ્મ લા તુઅયિસની મિનલ ખૈરિલ લઝી સઅલતોક અન તજમઅહૂ લી ફી કલ્બી, સુમ્મ અતલુબ ઈલયક અન તુઅરરિફની મા અરરફત અવલેયાએક ફી મનઝેલી હાઝાં, વ અન તકયેની જવામેઅશ શરર.**

(અય અલ્લાહ! હું તારાથી સવાલ કરૂં છું કે મારા માટે આમાં નેકીના સંગ્રહને ભેગો કરી દે. ખુદાવંદા! મને આ ભલાઈ અને સારપથી નિરાશ ન કર જે મેં માંગી છે કે તું મારા દિલમાં તેને ભેગી કરી દે. હું તારાથી એ વાતની માંગણી કરૂં છું કે મને પણ માઅરેફત નસીબ કર, જેવી રીતે તેં આ સ્થળે પોતાના વલીઓને માઅરેફત કરાવી અને એ

કે મને બધી બૂરાઈઓથી સલામત રાખ.)

૬-પાકીઝગીની હાલતમાં સવાર કરો. પછી સુબ્હની નમાઝ પઢો. અલ્લાહની હમ્દો સના કરો. તેની નેઅમતો અને કસોટીઓ યાદ કરો અને નબી કરીમ સ.અ.વ. પર દુરૂદ મોકલો અને પછી આ દુઆ પઢો :

અલ્લાહુમ્મ રબ્બલ મશ્અરિલ હરામે ફુકક રકબતી મિનન નારે, વ અવસિઅ અલય્ય મિન રિઝકેકલ હલાલે, વદરઅ અન્ની શરર ફસકતિલ જિન્ને વલ ઈનસ. અલ્લાહુમ્મ અનત ખયરો મતલૂબિન ઈલયહે વ ખયરો મદઉવ્વિન વ ખયરો મસઊલિન, વ લે કુલ્લે વાફેદિન જાઈઝતુન, ફજઅલ જાઈઝતી ફી મવઝેઈ હાઝાં અન તુકીલની અસરતી વ તકબલ મઅઝેરતી વ અન તજાવઝ અન ખતીઅતી, સુમ્મજઅલિત તકવા મિનદ દુનયા ઝાદી.

(યા અલ્લાહ! અય મઅશરૂલ હરામના માલિક! મને દોઝખથી મુક્તિ અપાવ અને તારા હલાલ રિઝકને મારા પર વિશાળ કરી દે અને જિન્નાતો અને ઈન્સાનોમાંના

નાફરમાનોની બુરાઈને મારાથી દૂર રાખ. ખુદાવંદા! તું જ શ્રેષ્ઠ છો જેઓથી માંગવામાં આવ્યું, જેને પોકારવામાં આવ્યો અને દરેક આવવાવાળા માટે ઈનામ હોય છે, તો તું આ સ્થળે મારૂં ઈનામ એ નક્કી કર કે મારા ગુનાહો બક્ષી દે અને મારી ક્ષમા યાચના સ્વીકારી લે અને એ કે મારી ખતાઓથી દર ગુજર કર અને પછી દુનિયામાં મારૂં ભાતું તકવો નક્કી કર.)

૭–મુઝદલફાથી જમરાને મારવા માટે સિત્તેર કાંકરા ઉપાડે.

૮–જ્યારે વાદી મોહસ્સરમાંથી પસાર થાય તો ઉતાવળે ચાલે અને ઉતાવળે ચાલવાનું પ્રમાણ સો પગલાં નક્કી કરવામાં આવ્યા છે અને આ દુઆ પઢો :

**અલ્લાહુમ્મ સલ્લિમ્ લી અહ્દી, વક્બલ્ તવ્બતી, વ અજિબ્ દઅ્વતી, વખ્લુફ્ની બે ખૈરિન્ ફી મા તરક્તો બઅ્દી.**

(યા અલ્લાહ! મારી પ્રતિજ્ઞા કબૂલ કર, મારી તોબા સ્વીકારી લે, મારી દુઆઓને કબૂલ કર અને હું જે કાંઇ મારા પછી મૂકી જાવ તેમાં ખૈર–ભલાઇ ઇનાયત ફરમાવ.)

---

## રમીએ જમરાતના આદાબ

રમી જમરાતમાં અમુક બાબતો મુસ્તહબ છે:

૧-રમી કરતી વખતે પાક સાફ હોય.

૨-જ્યારે હાથમાં કાંકરી ઉપાડે તો આ દુઆ પઢો :

**અલ્લાહુમ્મ હાઝેંહી હંસંયાતી ફ અહંસેંહિન્ન લી વરફઅંહુન્ન ફી અંમલી.**

(અય અલ્લાહ! આ મારી કાંકરી છે. તેને મારા માટે ગણી રાખ અને મારા અમલમાં તેને ઊંચા કરો.)

૩-દરેક કાંકરી મારતી વખતે આમ કહે :

**અલ્લાહો અકંબરો, અલ્લાહુમં મદંહંરં અંન્નીશં શયંતાંન, અલ્લાહુમ્મ તસંદીકંનં બે કિતાબેક વ અંલા સુન્નતે નબિય્યેક, અલ્લાહુમં મજંઅંલહૂ હંજંજનં મબંરૂરંનં વ અંમલનં મકંબૂલંનં વ સઅંયનં મશંકૂરંનં વ ઝંમંબનં મગંફૂરા.**

(અલ્લાહ સૌથી મહાન છે. બારે ઈલાહા! શયતાનને મારાથી દૂર કર. ખુદાવંદા! મેં તારી કિતાબનું સમર્થન કર્યું

અને હું તારા મહાન નબીની સુન્નત પર છું. અય અલ્લાહ! મારા માટે હજને કબૂલ, અમલને મકબૂલ, સઈને માન પાત્ર અને ગુનાહોને માફીને પાત્ર ઠરાવી દે.)

૪–કાંકરી મારવાવાળો જમરા અકબાથી દસથી પંદર હાથ દૂર ઊભો રહે.

૫–જમરા અકબાને કાંકરી મારતી વખતે તેની તરફ મોં કરે અને કિબ્લાની તરફ પીઠ કરે અને જમરા ઊલા અને વુસતાને કાંકરી મારતી વખતે કિબ્લાને સામે રાખે.

૬–કાંકરીને અંગૂઠા પર રાખે અને શહાદતની આંગળીના નખથી ફેંકી દે.

૭–મિનામાં જ્યારે પોતાના સ્થાને પાછા આવો ત્યારે આ દુઆ પઢો :

**અલ્લાહુમ્મ બેક વસિંકતો વ અંલયક તવકકલતો, ફનિઅંમર રબ્બો વ નેઅંમલ મવલા વ નેઅંમન નસીર.**

(ખુદાવંદા! મેં તારા પર વિશ્વાસ રાખ્યો અને તારા પર ભરોસો કર્યો, તું જ શ્રેષ્ઠ પાલણહાર, શ્રેષ્ઠ માલિક અને શ્રેષ્ઠ મદદગાર અને સહાયક છો.)

# કુરબાનીના આદાબ

કુરબાનીમાં કેટલીક ચીઝો મુસ્તહબ છે, તેમાંથી :

૧-કુરબાનીનું જાનવર ઊંટ અથવા ગાય હોય, નહિંતર તર ઘેંટુ હોય.

૨-કુરબાનીનું જાનવર ભરાવદાર હોય.

૩-ઝબ્હ કે નહેર કરતી વખતે આ કહે :

**વજજહતો વજહેય લિલ્લઝી ફતરસ્સમાવાતે વલ્ અરઝ હનીફન વ મા અના મિનલ્ મુશ્રેકીન, ઈન્ન સલાતી વ નુસુકી વ મહયાય વ મમાતી લિલ્લાહે રબ્બિલ્ આલમીન, લા શરીક લહૂ વ બેઝાલેક ઓમિરતો વ અના મિનલ્ મુસ્લેમીન, અલ્લાહુમ્મ મિનક વ લક, બિસ્મિલ્લાહે વલ્લાહો અકબરો અલ્લાહુમ્મ તકબ્બલ્ મિન્ની.**

(મેં મારા વદન સાથે એ જાતની તરફ ધ્યાન ધર્યું જેણે આસમાન અને જમીનની રચના કરી. હું શુદ્ધ હૃદયે મુસલમાન છું અને હું નાસ્તિકોમાંથી નથી. બેશક! મારી નમાઝ, મારી કુરબાની, મારૂં જીવન, મારૂં મોત એ અલ્લાહ

માટે છે જે સર્વ જગતનો પાળવાવાળો છે. તેનો કોઈ ભાગીદાર નથી અને મને હુકમ થયો છે કે હું મુસલમાન થાવ. અય અલ્લાહ! તારાથી જ અને તારા જ માટે. અલ્લાહના નામથી અને અલ્લાહ સૌથી મહાન છે, મારી આ કુરબાનીને કબૂલ કરી લે.)

૪-ઝબ્હ પોતે કરે, જો પોતે ન કરી શકે તો છરીને પોતાના હાથમાં રાખે અને ઝબ્હ કરવાવાળો શખ્સ તેના હાથને પકડે અને ઝબ્હ કરે. જો આમ પણ ન થઈ શકે તો ઝબ્હને જોતો રહે. તેમાં પણ કોઈ હરજ નથી કે પોતાનો હાથ ઝબ્હ કરનારાના હાથ ઉપર રાખે.

## માથું મુંડાવવાના આદાબ

૧-માથું મુંડાવવામાં એ મુસ્તહબ છે કે, જમણી તરફ શરૂઆત કરે અને મુંડાવતી વખતે કહે :

**અલ્લાહુમ્મ અઅ્તેની બે કુલ્લે શઅ્રતિન નૂરન યવ્મલ કિયામહ.**

(અય અલ્લાહ! મને દરેક વાળના બદલામાં કયામતના દિવસે નૂર અતા કરજે.)

૨-વાળોને મિનામાં પોતાના ખેમામાં દાટી દે.

૩-માથું મુંડાવ્યા પછી પોતાની મૂંછો અને દાઢીને ઠીકઠાક કરે. નખો પણ કાપી નાંખે.

---

## હજનો તવાફ અને સઈના આદાબ

અમે ઉમરાના તવાફ અને તેની નમાઝ અને સઈના જે આદાબ બયાન કર્યા છે, આમાં પણ તે જ લાગુ પડશે.

મુસ્તહબ છે કે તવાફ ઈદના દિવસે બજાવી લાવે. જ્યારે મસ્જિદના દરવાજા પર ઊભા રહો ત્યારે આ દુઆ પઢો :

અલ્લાહુમ્મ અઈન્ની અલા નુસુકિક વ સલ્લિમ્ની લહૂ વ સલ્લિમ્હૂ લી, અસ્અલોક મસ્અલતલ્ અલ્દિઝ્ ઝલીલિલ્ મુઅતરેફે બે ઝમ્બેહી. અન્ તગ્ફેર લી ઝુંનૂબી, વ અન્ તરજઅની બે હાજતી, અલ્લાહુમ્મ ઈન્ની અબ્દોક, વલ્ બલદો બલદોક વલ્ બયતો બયતોક, જિઅતો અત્લોબો રહમતક વ અઉમ્મો તાઅતક, મુતતબેઅન્ લે અમ્રેક, રાઝેયન્ બે કદરેક, અસ્અલોક

મસઅલતલ મુઅ્તરરે ઈલયક અલ મુતીઓ લે અમરેક, અલ મુશફેકે મિન અઝાબેક, અલ ખાએફે લે ઉકૂબતેક, અન તોબલેગિની અફવક, વ તોજીરની મિનન્નારે બે રહમતેક.

(ખુદાવંદા! તું મને હજના આમાલો બજાવી લાવવામાં મારી મદદ કર અને મને તેના માટે અને તેને મારા માટે સલામતી આપ. ખુદાવંદા! હું એક કમઝોર અને ઝલીલ બંદો છું, જે પોતાના ગુનાહોનો સ્વીકારનાર છે, તારાથી સવાલ કરે છે કે મારા ગુનાહોને બક્ષી દે અને મારી હાજતને પૂરી કર. ખુદાવંદા! હું તારો ઝલીલ બંદો છું અને આ શહેર તારૂં શહેર છે અને આ ઘર તારૂં ઘર છે. હું તારી રહેમતની તલબમાં તારી પાસે આવ્યો છું. તારા હુકમનો પયરવી કરવાવાળો છું. તારા એહકામનો પાબંદ અને તારા નિર્ણય પર રાજી છું. એક મુશ્કેલીમાં મુકાયેલ શખ્સની જેમ તારા એહકામનો પાબંદ, તારા અઝાબથી ડરવાવાળો અને તારા બદલાથી ડરેલ છું. તારાથી સવાલ કરૂં છું કે મને તારી બક્ષિશ અને મહેરબાની સુધી પહોંચાડી દે અને તારી રહેમતની સાથે મને જહન્નમની આગથી બચાવી લે.)

પછી હજરે અસ્વદ પાસે આવી તેનો સ્પર્શ કરે અને ચૂમી ભરે, જો તેમ ન કરી શકે તો હાથથી સ્પર્શ કરે અને તેને ચૂમે. એમ પણ ન થઈ શકે તો હજરની તરફ મોં કરી તકબીર કહે અને પછી એવી રીતે કહે જે રીતે પહેલે દિવસે મક્કામાં આવી તવાફ કર્યો હતો અને કહ્યું હતું. જે આ પહેલા આવી ચૂક્યું છે.

---

## મિનાના આદાબ

તશરીકના દિવસોમાં મિનામાં રોકાવુ જોઈએ અને ત્યાંથી ન નીકળવું જોઈએ. જો કે મુસ્તહબ તવાફ માટે જ કેમ ન નીકળવાનું હોય.

મુસ્તહબ છે કે મિનામાં પંદર નમાઝો પછી તકબીર કહે અને શરૂઆત ઈદના દિવસે ઝહોરથી કરે. બાકી શહેરોમાં દસ નમાઝોની પછી તકબીર કહેવી જોઈએ. તકબીર આમ કહે:

**અલ્લાહો અકબરો અલ્લાહો અકબરો લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર, અલ્લાહો અકબરો વ લિલ્લાહિલ હંમ્દ, અલ્લાહો અકબરો**

અઁલા મા હદાના, અલ્લાહો અકબરો અઁલા મા રઝકઁના મિન બહીમતિલ અનઆઁમે, વલ હઁમદો લિલ્લાહે અઁલા મા અબલાના.

(અલ્લાહ મહાન છે, અલ્લાહ જ મહાન છે, અલ્લાહ સિવાય કોઈ સાચો મઅબૂદ નથી, તેને જ મોટાઈ શોભે છે કેમકે તેણે અમને હિદાયતની સદ્બુદ્ધિ આપી. અલ્લાહને માટે જ મોટાઈ શોભે છે કે જેણે અમને જાનવરોની રોજી આપી અને અલ્લાહના માટે જ સર્વ પ્રશંસા છે કે તેણે અમને નેઅમતોથી નવાજ્યા.)

મુસ્તહબ છે કે પોતાની ફરજ અને નાફેલા નમાઝોને મસ્જિદે ખીફમાં અદા કરે. અબૂ હમ્ઝા શિમાલીથી રિવાયત છે કે ઈમામ જઅફૂર સાદિક અ.સ.એ ફરમાવ્યું : જે શખ્સ મસ્જિદે ખીફમાં, (જે મિનામાં છે) સો રકઅત નમાઝ પઢી તો ત્યાંથી નીકળવા પહેલાં તે સિત્તેર વરસની ઈબાદતમાં પલ્ટાઈ જશે. જેણે તેમાં સો વખત સુબ્હાનલ્લાહ પઢી, તો તેના માટે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ લખવામાં આવશે અને જેણે સો વખત લા ઇલાહ ઈલ્લલ્લાહ પઢ્યું, તો તેનો અજર એક રૂહને જીવંત કરવાના અજરમાં બદલાઈ

જશે અને જેણે સો વખત અલહમ્દો લિલ્લાહ પઢ્યું, તો તેનો સવાબ ખિરાજે અરાકીન (પુષ્કળ માલો દોલત)ને અલ્લાહની રાહમાં સદકો દેવામાં આવે તેની બરાબર થઈ જશે.

---

## મક્કાના આદાબ

આમાં કેટલાંક કાર્યો મુસ્તહબ છે તેમાં : ૧- અલ્લાહનો ઝિક્ર અને કુરઆને મજીદની વધારે તિલાવત. ૨- એક કુરઆને મજીદ ખતમ કરે. ૩- ઝમઝમનું પાણી પીવે અને કહે :

**અલ્લાહુમ્મ મજઅલ્હૂ ઈલ્મન નાફેઅન વ રિઝ્કન વાસેઅન વ શિફાઅન મિન કુલ્લે દાઈન વ સુકમિન.**

(અય ખુદા! તું આને લાભદાયક ઈલ્મ અને વિશાળ રોજી અને દરેક બિમારીથી શિફા બનાવી દે.) પછી કહે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વશ્શુક્રો લિલ્લાહ.**

(અલ્લાહના નામથી અને અલ્લાહની જ મદદથી અને

અલ્લાહના માટે જ શુક્ર અદા કરૂં છું.)

૪- કાબાની તરફ વધારે જૂવે.

૫- દસ વખત કઅબતુલ્લાહનો તવાફ કરે. ત્રણ વખત રાત્રિની શરૂઆતમાં અને ત્રણ વખત રાતના છેલ્લા પહોરે, બે તવાફ ફજરની પછી અને બે તવાફ ઝોહરની પછી.

૬- મક્કામાં ઉતારા દરમિયાન ત્રણસો સાંઇઠ તવાફો કરે. જો એ ન કરી શકે તો ત્યાં બાવન તવાફ કરે જો એ પણ ન થઈ શકે તો જેટલા થઈ શકે એટલા તવાફ કરે.

૭- નવા હાજી માટે કાબામાં દાખલ થવું મુસ્તહબ છે અને દાખલ થવા પહેલા ગુસલ કરવું પણ મુસ્તહબ છે.

અને દાખલ થતાં સમયે કહે :

**અલ્લાહુમ્મ અન્ત કુંલેત. ફી કિતાબેક વ મનં દખંલહૂ કાન આમેનનં, ફ આમિન્ની મિનં અંઝાંબિનં નારે.**

(અય ખુદા! તેં ફરમાવ્યું છે : જે આમાં દાખલ થઈ ગયો સુરક્ષિત થઈ ગયો, એટલે મને જહન્નમની આગથી

રક્ષણ આપ.)

પછી બંને સ્તંભો વચ્ચે લાલ સંગે મરમર પર બે રકાત નમાઝ પઢે. પહેલી રકઅતમાં સૂરાએ હમ્દ પછી સૂરાએ હા મીમ સિજદા પઢે અને બીજી રકાતમાં સૂરાએ હમ્દ પછી પંચાવન આયતો પઢે.

૮- કાબાના ચારેય ખૂણામાં નમાઝ પઢે અને નમાઝ પછી આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ મનૅ તહય્યઅ અવૅ તઅૅબ્બઅ અવૅ અઅૅદદ અવિસૅતઅૅદદ લિ વિફાદતિનૅ ઈલા મખૅલૂકિૅનૅ રજાઅ રિફૅદેહી વ જાએઝતેહી વ નવાફેલેહી વ ફવાઝેૅલેહી, ફ ઈલયૅક યા સય્યેદી તહૅયેઅતી વ તઅૅબેઅતી વ ઈઅૅદાદી વસૅતિઅૅદાદી રજાઅ રિફૅદેક, વ નવાફેલેક વ જાએઝતેક, ફલા તોખૅયૅયિબિ લૅયવૅમ રજાઈ, યા મલૅ લા યખીૅબો અૅલયહે સાએલુંવૅ વલા યનૅકોૅસોૅહૂ નાએલુનૅ, ફ ઈન્ની લમૅ આતેકલૅ યવૅમ બે અૅમલિનૅ સૉલેહિૅનૅ**

કૅદદમતોહૂ, વલા શફાઅતે મખ્લૂકિને રજવતોહૂ, વલાકિન અતયતોક મુકિર્રરમ બિલઁઝ ઝુઁલમે વલ ઈસાઅતી અઁલા નફસી, ફ ઈન્નહૂ લા હુઁજ્જત લી વલા ઉઝ્ર, ફ અસઅલોક યા મન હોવ કઝાંલેક અન તોસલ્લેય અઁલા મોહમ્મદિંન વ આલેહી વ તુઅતેયની મસઅલતી વ તોકીલની અસરતી વ તર્કલેબની બે રગબતી, વલા તરૂદદની મજબૂહમ મમનૂઅવ વલા ખાંએબન, યા અઝીમો યા અઝીમો યા અઝીમો અરજૂક લિલ અઝીમે, અસઅલોક યા અઝીમો અન તગફેરલિય ઝમબલ અઝીમે, લા ઈલાહ ઈલ્લા અનત.

(યા અલ્લાહ! જેણે સંપૂર્ણ તૈયારી સાથે લોકોની તરફ હાથ ફેલાવ્યો તો લોકો તેની હાજતોને પૂરી કરશે અને તેને આપશે. પરંતુ, મારા આકા! મારી તો સર્વ આશાઓ ફક્ત તારી તરફ છે, કે તું જ મારી હાજતોને પૂરી કરીશ. એટલે અય મારા મૌલા! આજના દિવસે મને નિરાશ ન

કરીશ. અય તે ઝાત કે જે માંગવાવાળોને આપ્યા વગર પાછી નથી ફેરવતી અને ન ફઝલ કરવામાં કમી કરે છે. હું આજના દિવસે તારી બારગાહમાં ન તો સારા અમલો સાથે હાજર થયો છું અને ન મારી પાસે કોઈ શફાઅત કરવાવાળો છે કે જેનાથી હું આશા બાંધુ, હું તારી બારગાહમાં સ્વીકારૂં છું કે મેં પોતાના નફસ પર ઝુલ્મ અને ઝિયાદતી કરી છે અને મારી પાસે આ ઝુલ્મ અને ઝિયાદતીની કોઈ દલીલ અને બહાનુ પણ નથી. પસ, અય તે ઝાત કે જેનાથી સર્વ આશાઓ સંકળાયેલી છે તું હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર દુરૂદ અને સલામ મોકલ અને મારા સવાલી હાથને ખાલી ન ફેરવ. મારી મુશ્કેલીઓને આસાન કરી દે અને તારી બારગાહમાં મારી અરજને કબૂલ કર અને મને નિરાશ ન કર. અય મહાન! અય મહાન! અય મહાન! મારી આશાઓ તારી મહાનતાથી સંકળાયેલી છે. અય ઘણાં જ મહાન મારા મોટા ગુનાહોને માફ કરી દે. તારા સિવાય કોઈપણ ઈબાદતને લાયક નથી.)

કાબામાંથી નીકળતી વખતે ત્રણ વખત અલ્લાહો અકબર કહે અને આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ લા તુજૅહિદ બલાૅઅના, રબ્બના**

વલા તુશમિત બેના અઅંદાઅના, ફ ઈન્નક અનતઝંઝાંરૂન નાફેઓં.

(યા અલ્લાહ! અમારાથી તકલીફોને દૂર કરી દે અને અમોને એવી મુશ્કેલીઓથી રક્ષણ દે કે જેના લીધે અમારા દુશ્મન ખુશ થાય છે. તું જ એ ઝાત છો કે જે દરેક મુશ્કેલી બચાવવાવાળી છે.)

પછી નીચે ઊતરી આવે અને કાબાનું સન્માન કરે, જ્યારે કે સીડીને જમણી બાજુ, સીડી નઝદીક બે રકાત નમાઝ પઢે.

---

## તવાફે વિદા

જ્યારે મક્કાથી નીકળવાનો ઈરાદો કરે ત્યારે મુસ્તહબ છે કે વિદાયનો તવાફ કરે અને દરેક ચક્કરમાં હજરે અસ્વદ અને રૂકને યમાનીને સ્પર્શ કરે અને બે મુસ્તહબ ચીઝો જે પહેલાં આવી ચૂકી તેને મુસ્તજાર સુધી પહોંચવા પર બજાવી લાવે ને જે ચાહે તે અલ્લાહ તઆલાથી દુઆ કરે. પછી હજરે અસ્વદને સ્પર્શ કરે અને પોતાનું પેટ કાબાને અડકાડે. એક હાથ હજરે અસ્વદ પર રાખે અને બીજો દરવાજા તરફ રાખે, પછી અલ્લાહ તઆલાની હમ્દ બજાવી લાવે અને

તેની સના કરે અને નબી કરીમ (સ.અ.વ.) પર અને તેની આલ પર દુરૂદ મોકલે પછી દુઆ પઢેઃ

અલ્લાહુમ્મ સઁલ્લે અઁલા મોહઁમ્મદિન અઁબ્દેક વ રસૂલેક વ નબિય્યેક વ અમીનેક વ હઁબીબેક વ નજિય્યેક વ ખિઁયરતેક મિન ખઁલ્કેક, અલ્લાહુમ્મ કમા બલ્લગઁ રિસાલાતેક વ જાહદ ફી સબીલેક વ સઁદઅઁ બે અમ્રેક વ ઉવ્ઝેઁય ફી જમ્બેક વ અઁબદક હઁત્તા અતાહુલ યકીનો, અલ્લાહુમ્મ અકઁલિબ્ની મુફ્લેહઁન મુન્જેહઁન મુસ્તજાબન લી બે અફ્ઝલે મા યર્જેઓ બેહી અહઁદુન મિન વફ્દેક મિનલ મગ્ફેરતે વલ બરકતે વર રહઁમતે વર રિઝ્વાને વલ આફેયહ.

(યા અલ્લાહ! રહેમત નાઝિલ કર મોહમ્મદ (સ.અ.વ.) પર કે જે તારા બંદા, તારા રસૂલ, તારા નબી, તારા અમાનતદાર, તારા દોસ્ત, તારી તરફથી શરફ પામેલા અને તારી તમામ મખ્લૂકાતમાં સૌથી ઉત્તમ છે. ખુદાવંદા! (રહેમત નાઝિલ ફરમાવ એવી રીતે કે) જેવી રીતે તેઓએ તારી રિસાલતને પહોંચાડી, તારી રાહમાં કોશિશો કરી, તારા

એહકામોને ઝાહિર કર્યા, તારા દીનની રક્ષામાં તકલીફો વેઠી, મરવા સુધી તારી બંદગી કરી. ખુદાવંદા! તું મારી તરફ ફલાહ, કામ્યાબી અને તારા બંદાઓમાંથી કોઈને પણ મળેલ મગફેરત, બરકત, રહેમત, તારી ખૂશનૂદી અને આફિયત કરતાં મારા માટે વધુ સારી બનાવીને પલ્ટાવ.

મુસ્તહબ છે કે બાબે હનાતીનથી નીકળે જે રૂકને શામીની સામે છે અલ્લાહ તઆલાથી એક વખત ફરી પાછા આવવાની શક્તિ માંગે અને એ પણ મુસ્તહબ છે કે મસ્જિદુલ હરામમાંથી બહાર નીકળી એક દિરહમની રકમની બરાબર ખજૂર ખરીદી ફકીરોમાં વહેંચે.

## મદીનએ મુનવ્વરા

હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ. ની કબરની ઝિયારત તમામ મુસલમાનો માટે સુન્નતે મોઅક્કદા (તાકીદ ભરી સુન્નત) છે. ખાસ કરીને હજ માટે જનારાઓએ હજ પરિપૂર્ણ કરવા પછી રિસાલત મઆબ સ.અ.વ. ની કબર મુબારકની ઝિયારતનો લાભ લેવો જોઈએ, કારણ કે આં હઝરત સ.અ.વ. એ ફરમાવ્યું છે કે જે શખ્સ હજ અદા કરે છે, અને મારી કબરની ઝિયારત ન કરે, તેને મને નારાઝ કર્યો છે.

ભરોસાપાત્ર રિવાયતોમાં છે કે ઈમામ જઅફર સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે મારા જદ્દે બુઝુર્ગવાર રસૂલે મકબૂલ સ.અ.વ. એ ફરમાવ્યું હતું કે જે શખ્સ મારા જીવન દરમ્યાન અથવા મારી વફાત બાદ મારી ઝિયારત કરશે, તેની હું કયામતના દિવસે શફાઅત કરીશ.

---

## ઇઝને દુખૂલ

મસ્જિદે નબવીના બાબે જિબ્રઈલ સામે ઊભા રહીને હરમ મુબારકમાં દાખલ થવાની આ રીતે રજા માંગે.

અલ્લાહુમ્મ ઈન્ની વકફતો અલા બાબિન મિન અબવાબે બોયૂતે નબીય્યેક સલવાતોક અલયહે વ આલેહી વ કદ મનઅતન નાસ અંય યદખોલૂ ઈલ્લા બે ઈઝનેહી ફ કુલ્ત યા અય્યોહલ લઝીન આમનૂ લા તદખોલૂ બોયૂતન નબીય્યે ઈલ્લા અંય યુઅઝન લકુમ. અલ્લાહુમ્મ ઈન્ની અઅતકેદો હુરમત સાહેબે હાઝલ મશહદિશ શરીફે ફી ગયબતેહી કમા અઅતકેદોહા ફી હઝરતેહી વ અઅલમો અન્ન રસૂલક વ ખોલફાઅક

અલયહેમુસ સલામો. અહૈયાઉને ઈનદક યુરઝકૂન યરવન મકાની વ યસમઉન કલામી વ યરૂદદૂન સલામી વ અન્નક હુજબત અને સમઈ કલામહુમ વ ફતહત બાબ ફહમી બે લઝીઝે મુનાજાતેહિને વ ઈન્ની અસતઅઝેનોક યા રબ્બે અવ્વલંવ વ અસતઅઝેનો રસૂલક સલ્લલ્લાહો અલયહે વ આલેહી સાનેયંન વ અસતઅઝેનો ખલીફતકલ ઈમામલ મફરૂઝ અલય્ય તાઅતોહ. વલ મલાએકતલ મુવકકલીન બે હાઝેહિલ બુકઅતિલ મુબારકતે સાલેસન અ અદખોલો યા રસૂલલ્લાહ અ અદખોલો યા હુજજતલ્લાહ અ અદખોલો યા મલાએકતિલ્લાહિલ મુકર્રરબિનલ મુકીમીન ફી હાઝલ મશહદ. ફઅઝન લી યા મવલાય ફિદ દુખૂલે અફઝલ મા અઝિનત લે અહદિન મિન અવલેયાએક ફ ઈન લમ અકૂન અહલન લે ઝાલેક ફ અનત અહલુલ લે ઝાલેક.

---

બાબે જિબ્રઈલથી મસ્જિદે નબવીમાં દાખલ થતાં થતાં પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્લાહે, વ અલા મિલ્લતે રસૂલિલ્લાહે, સલ્લલ્લાહો અલયહે વ આલેહી, અલ્લાહુમ્મ મગ્ફિર લી, વરહમ્ની વ તુબ અલય્ય, ઈન્નક અન્તત્ તવ્વાબુર રહીમ.**

મસ્જિદે નબવીમાં જતાં દરેક વખતે દુખૂલ ન પઢી શકાય તો

**અસ્સલામો અલયક યા રસૂલલ્લાહ અસ્સલામો અલયક યા બિન્ત રસૂલિલ્લાહ.** જરૂર કહો.

મસ્જિદે નબવીમાં દાખલ થઈ એકસો વખત અલ્લાહો અકબર પઢે અને બે રકાત નમાઝ તહીયતે મસ્જિદ પઢે. પછી આં હઝરત સ.અ.વ.ની કબર મુબારક પાસે જઈ કબર મુબારકની જમણી બાજુ ઊભા રહો જેથી ડાબો ખંભો મિમ્બરની તરફ આવે. પછી નીચે મુજબ હઝરત મોહમ્મદ

# હઝરત મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની ઝિયારત

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેનાથી તેઓ રાજી થઈ જાય અને તેમની ખુશીમાં વધારો કર. તેમના ઉપર અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેનાથી તું રાજી રહે અને તેમનાં માટે તારી ખુશીમાં પણ વધારો થાય. તેમના ઉપર અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર એવી રહેમત તેમના સિવાય બીજા કોઈ ઉપર નાઝિલ ન કરી હોય અને તારી નજરમાં એવી રહેમતને લાયક તેમના સિવાય બીજું કોઈ ન હોય.

અય રબ ! હઝરત મોહંમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જે તારી ખુશીના કારણથી વધીને હોય, જેનો પ્રવાહ તારા અનંત અસ્તિત્વના આધાર ઉપર હોય અને જે ક્યારેય પણ નાશ ન પામે જેવી રીતે તારા કથન (આદેશ) નાશ નથી પામતા.

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેવી તું તારા ફરિશ્તાઓ ઉપર, તારા નબીઓ ઉપર તારા રસૂલો ઉપર અને તારી ઇતાઅત કરનારા ઉપર નાઝિલ કરે છો; એવી રહેમત જે તું તારા એ બંદાઓ ઉપર નાઝિલ કરે છો જેઓ જિન્નો-ઇન્સાનોમાંથી છે અને જેઓ તારા જવાબને લાયક છે; અને એવી રહેમત જે તું તારી એ દરેક પ્રકારની મખલૂકો ઉપર નાઝિલ કરે છો જેને તેં ખલ્ક કરી અસ્તિત્વમાં લાવી છે.

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જે તુંએ પૂરા ભૂતકાળમાં નાઝિલ કરી છે અને ભવિષ્યમાં નાઝિલ કરનાર છો. તેમના ઉપર અને તેમની આલ ઉપર એવી રહેમત નાઝિલ કર જેનાથી તું તથા તારા સિવાય બીજા બધાં રાજી

હોય. અને તારી વધારાની નેઅમતો અતા કરીને આ રહેમતમાં વધારો કર, આ જ સમયે તથા જેમ દિવસ વીતતા જાય અને તેમાં વધારો કરીને એટલો વધારો કર જેની તારા સિવાય કોઈ તેની ગણતરી ન કરી શકે.

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જેમને તેં તારા સંદેશા માટે ખાસ ચૂંટ્યા છે, જેમને તુંએ તારા ઈલ્મના ખજાનચી બનાવ્યા છે (અમાનતદાર બનાવ્યા છે), તારા દીનની સુરક્ષા કરનાર નિમ્યા છે, તારી જમીનના ખલીફા નિમ્યા છે અને તારી મખ્લૂક સમક્ષ તારી હુજ્જત (દલીલ) તરીકે મોકલ્યા છે; તારા ઇરાદાથી તેં તેઓને દરેક નજાસત તથા ખામીઓથી સંપૂર્ણ રીતે પાક રાખ્યા છે અને તારા સુધી પહોચવા માટે તેઓને માધ્યમ બનાવ્યા છે તથા તારી જન્નત (મેળવવા) માટે હાદી (રેહબર) બનાવ્યા છે.

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેના થકી તેઓ માટે તું તારી જઝા તથા કરમમાં વધારો કરે; તારા તોહફાઓ તથા વધારાની નેઅમતો થકી તેમના માટે તારી અતાને સંપૂર્ણ કર અને તેઓના ઇનામો તથા ફાયદાઓનો હિસ્સો બહોળો કર.

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર, એવી રહેમત જેના શરૂઆતની હદ ન હોય, જેની મુદ્દતનો કોઈ મર્યાદિત સમય ન હોય અને તેના પ્રવાહનો કોઈ અંત ન હોય.

અય રબ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર જે તારા અર્શ (સિંહાસન) તથા તેના નીચે જે કંઈ પણ છે તેની કિંમતની બરાબર હોય, આસમાનો તથા તેના ઉપર જે કંઇ પણ છે તે ભરાઈ જાય એટલી હોય, તારી જમીન તથા તેના નીચે જે કંઇ પણ છે તેના ભારોભાર હોય, એવી રહેમત જે તેઓની તારી નજીક લઈ આવે તથા તારા અને તેમના માટે સંતોષજનક હોય અને તે રહેમત સાથે બીજી રહેમતો જોડાયેલી હોય.

અય અલ્લાહ ! દરેક યુગમાં તેં તારા દીનની એક ઈમામ થકી મદદ કરી છે જેને તેં તારા બંદાઓ માટે નિશાની (અલમ) તરીકે નિમણૂંક કરી છે અને તારા મુલકમાં પ્રકાશના મિનારા કરાર આપ્યા છે. પછી તેમની દોરીને તારી દોરી સાથે જોડી દીધી અને તેમને તેં તારા ખુશી માટે વસીલો કરાર આપ્યા અને તેમની ઇતાઅત (લોકો ઉપર) ફરજિયાત (વાજિબ) કરાર આપી તથા તેમની નાફરમાની ન કરવાની લોકોને ચેતવણી આપી. તેમનો હુકમ માનવાનો હુકમ ક્યો

તથા તેમની મનાઈ ફરમાવેલી વસ્તુઓથી બચવાનો અને એ કે તેમની આગળ વધવાની કોઈ કોશિશ ન કરે તથા પાછળ રહી જનાર તેમની બહુ પાછળ ન રહી જાય. છાંયો શોધનારા માટે તેં છત્રછાયા છે, સાચા મોમીનોના તે રક્ષક છે, મદદ માંગનારના તેં મદદગાર છે અને જગતના લોકો માટે નૂર (પ્રકાશ-હિદાયત) છે.

અય અલ્લાહ ! જે નેઅમતો અતા કરી છે તેના માટે તારા વલી (ઈમામ અલય્હિસ્સલામ) ઉપર શુક્રની તૌફીક નાઝિલ કર અને તેવો જ શુક્ર અદા કરવાની પ્રેરણા અમને પણ અતા કર, તારી બારગાહમાંથી તેમની સત્તા માટે મદદ અતા કર, તેમના માટે વિજય મેળવવો સહેલ કરે, બહુ જ આદરણીય મદદથી તેમની સહાયતા કર, તેમની પીઠ મજબૂત બનાવ, તેમના બાવડાઓને શક્તિ અતા કર, તારી નજર થકી તેમની સંભાળ લે, તારી સુરક્ષા થકી તેમની દેખરેખ કર, તારા ફરિશ્તાઓ થકી તેમની મદદ કર અને તારા સર્વોત્તમ વિજયી લશ્કર થકી તેમની મદદ કર. તેમના થકી તારી કિતાબ, તારી શરીઅત, તારી હદો તથા તારા રસૂલ (સ.અ.વ.)ની સુન્નાતો કાયમ કર.

-અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર,- તેમના થકી

તારા દીનની નિશાનીઓને સજીવન કર જેને ઝુલ્મગારોએ નાબૂદ કરી નાખી હતી, તારી રાહ ઉપર ચડી ગયેલા કાટને તેમના થકી દૂર કર, તેમના થકી રાહ ઉપરની મુશ્કેલીઓ દૂર કર, તેમના થકી તારી રાહ ઉપરથી ગુમરાહ થઈ ગયેલાને દૂર કર, જે લોકો તારી રાહ ઉપર ચાલવામાં અડચણરૂપ છે તેઓને તેમના થકી નાશ કર; તારા દોસ્તો માટે તેમનું દિલ નમ્ર બનાવ, તારા દુશ્મન વિરૂધ્ધ તેમને હાથ ઉગામવાની કુદરત અતા કર અને અમારા ઉપર તેમને મહેરબાન, નમ્ર ખુશ અને દયાળુ થવાની તૌફીક અતા કર. અમને તેમની વાત સાંભળવાની તથા માનવાની (ઇતાઅત કરવાની) તૌફીક અતા કર, અમને તેમની ખુશી મેળવવા માટે કોશિશ કરવાની તૌફીક અતા કર તેમનો બચાવ અને મદદ કરવા માટે અમારી મદદ કર જેથી તારી બારગાહમાં અને તારા રસૂલ (સ.અ.વ.) નજદીક મુકર્રબ બની શકીએ.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલના દોસ્તો ઉપર રહેમત નાઝિલ કર જેઓ તેમના દરજજાને ઓળખે છે (માને છે), તેઓની રાહ ઉપર ચાલે છે, તેઓના માર્ગ ઉપર આગળ વધે છે, તેમને (ઈમામ અલય્હિસ્સલામ)ને વળગેલા છે, તેમની દોરીથી બંધાઈ ગયા છે, તેમની ઈમામતને અનુસરે છે, તેમના હુકમોનું પાલન કરે

છે, તેમની ઇતાઅત કરવાની કોશિશમાં (હંમેશા) રહે છે, તેમના હુકૂમતના દિવસોની રાહ જોતા હોય છે અને તેમની તરફ તેઓની આંખોની મીટ મંડાયેલી હોય છે,એવી રહેમત જે ફળદ્રુપ, પાક, વધારો પામનારી તથા સવાર-સાંજ એક પછી એક આવનારી હોય, અને તેમને તથા તેમની રૂહોને સલામતી અતા કર. તેઓના ઈરાદાઓને પરહેઝગારીમાં મક્કમ કરાર આપ, તેઓની હાલતમાં લાભદાયી સુધારો અતા કર અને તેઓની તોબા કબૂલ કર. નિઃશક, તું મહાન તોબા કબૂલ કરનાર છો, રહીમ છો અને મગ્ફેરતનો શ્રેષ્ઠ અતા કરનાર છો. તારી રહેમત થકી અમને તેમની સાથે સલામતીના રહેઠાણમાં જગ્યા ઇનાયત ફરમાવ, અય બહેતરીન રહેમ કરનાર.

અય અલ્લાહ ! આજ અરફાતનો દીવસ છે, એ દિવસ કે જેને તુંએ માનનીય, આદરણીય અને સર્વોચ્ચ કરાર આપ્યો છે જેમાં તુંએ તારી રહેમત ફેલાવી દીધી છે, જેમાં તું મગફેરત અતા કરે છો, જેમાં તું તારી સુંદર નેઅમતો અતા કરે છો અને તારા બંદાઓ ઉપર તારા ફઝલો-કરમ અતા કરે છો.

અય અલ્લાહ ! હું તારો એ બંદો છું જેને તેં ખલ્ક કર્યા પહેલા તારી નેઅમતો અતા કરી અને ખલ્ક કર્યા પછી

પણ; આમ તેં તેને એવો બનાવ્યો જેની તેં તારા દીનની તરફ હિદાયત કરી, તારા હુકમની ફરમાબરદારી કરવાની તૌફીક અતા કરી, તારી સુરક્ષા થકી તેને તેં રક્ષણ અતા કર્યું, તારા લશ્કરમાં તેનો શુમાર કર્યો અને તારા દોસ્તોથી મોહબ્બત કરવાની તથા તારા દુશ્મનોથી નફરત કરવાની તૌફીક અતા કરી.

ત્યારપછી, તેં તેને હુકમ ફરમાવ્યો અને તેણે નાફરમાની કરી, તેં તેને મનાઈઓ ફરમાવી અને તે અટક્યો નહીં, તારા હુકમની નાફરમાની કરવાની તેં તેને મનાઈ ફરમાવી અને તે અટક્યો નહિં, એ જ કર્યું જેની તેં મનાઈ ફરમાવી હતી, એટલા માટે નહિં કે તેણે તને દુશ્મન જાણ્યો તથા એટલા માટે પણ નહિં કે એ તારો વિરોધ ન હતો પણ કારણ કે તેં જેનાથી રોક્યો હતો તથા જેના વિશે તેં તેને ચેતવણી આપી હતી તે માટે તેની ઇચ્છાઓએ તેને આમંત્રિત કાર્યો તથા તારા અને તેના દુશ્મને (શેતાને) તેમાં તેની મદદ કરી અને તેણે તે કરવાની કોશિશ કરી, જો કે તે તારી ચેતવણી (વાયદો) જાણતો હતો પણ તારી મગફેરતનો આશાવાદી હતો અને તારી મગ્ફેરત ઉપર વિશ્વાસ કરી બેઠો. તેં તેને તારી જે નેઅમતો અતા કરી છે એ દ્રષ્ટિએ તેને એ જ છાજતું હતું કે તેણે તેમ ન કર્યું હોત.

મારી તરફ જો હું અહી તારી બારગાહમાં હાજર છું, નમ્ર, તુચ્છ, દુઆગીર રૂદિત તથા ભયભીત અને મારા ભયંકર ગુનાહોની કબૂલાત કરતો જેનો મારા ઉપર બોજ છે તથા એ મોટી ભૂલોની જે મેં કરી છે; તારી બારગાહમાં મગ્ફેરત શોધતો, તારી રહેમતમાં શરણ માટે પોતાને હાજર કરવા, એજ વિશ્વાસ રાખીને કે તારાથી મને કોઈ બચાવનાર બચાવી નહિં શકે અને તારી બારગાહમાં (તારા સિવાય) કોઈ રક્ષણહાર મારૂં રક્ષણ નહિં કરી શકે. તેથી, મારી તરફ એવી તવજ્જોહ કર જે તું તારી બારગાહમાં મગફેરત ચાહનાર બંદાઓ ઉપર કરે છો મને એવી મગફેરત અતા કર જેવી મગ્ફેરત તારાથી આશા રાખનારા માટે અતા કરવી જોઇએ, આ તારા માટે કાંઇ મોટી વાત નથી.

આ દિવસે એ હિસ્સો અતા કર જેના થકી હું તારી ખુશીનો મારો હિસ્સો પ્રાપ્ત કરી શકું અને મને તારી બારગાહમાં એ અતા કર્યો વગર પાછો ન જવા દે જે તું તારા એવા બંદાઓને અતા કરે છો જેઓ તારા મુતીઓ-ફરમાબરદાર બંદાઓ છે. નિઃ શંક, હું તારી બારગાહમાં એવા સારા અમલો લઈને હાજર નથી થયો જેવા સારા અમલો તેઓ લઈ આવ્યા છે, છતાં હું ફક્ત તારી તૌહીદ, તારો કોઈ બરોબરિયો નથી, તારી બરાબર અને તારા જેવો

બીજો કોઈ નથી, એ માન્યતા લઈને હાજર થયો છું. તથા એ માર્ગથી જે માર્ગ થકી તારી પાસે પહોચવાનો તેં હુકમ કર્યો છે. અને જેના વગર તારા સુધી પહોચી નથી શકાતું અને પછી એમાં તારી બારગાહમાં મારી તોબા, મારી નમ્રતા તથા તુચ્છતા અને તારા વિશે નેકગુમાની તથા તારી પાસે જે કંઇ છે તેના ઉપર મારો વિશ્વાસ પણ છે. આ બધું મેં મારી આશામાં પરોવીને રાખ્યું છે અને જે કોઈ એમ કરે છે તે તારી બારગાહમાં કદાચિત જ નિરાશ થાય છે.

હું તારી બારગાહમાં એ (મનુષ્ય-બંદા)ના જેવી દુઆ કરૂં છું જે તિરસ્કારને લાયક છે, બદનામ છે, કંગાળ છે, મોહતાજ છે, ડરપોક છે અને આશ્રય શોધી રહ્યો છે; અને એવી રીતે દુઆ કરૂ છું કે હું ભયભીત છું, નમ્ર છું, સંરક્ષણ તલબ કરૂ છું અને આશ્રય માટે વિનંતી કરૂ છું; (મારી આ દુઆમાં) ધંમડીઓના અભિમાનનું મિશ્રણ નથી, મુતીઅ-ફરમાબરદારોનો ગર્વ સમાયેલો નથી અમે મધ્યસ્થી કરનારાઓની મધ્યસ્થીના કારણે દાવેદાર પણ નથી.

નાનાઓમાં હું સૌથી નાનો છું, તુચ્છ લોકોમાંથી સૌથી વધારે તુચ્છ અને એક રજકણ જેવો અથવા તેનાથી પણ વધારે હલકો છું.

તેથી, અય તું જે બદકારોને સજા કરવામાં જલદી નથી કરતો અને જેઓ સંતોષિત છે તેને તારી નેઅમતો અતા કરવાનું રોક્તો પણ નથી. અય તું જે ખતાકારો ઉપર મહેરબાની કરે છો અને ગુનેહગારોને (સુધારવાની) મોહલત અતા કરે છો, હું કબૂલ કરૂં છું કે હું એ બદકારી કરી છે, મેં ગુનાહ કર્યાં છે, મેં ભૂલો કરી છે હું એ છું જેણે તારા હુકમની સાહસિક રીતે નાફરમાની કરવાની કોશિશ કરી છે, હું એ છું જેણે જાણી જોઈને તારા હુકમનું પલાન નથી કર્યું. હું એ બંદો છું જેણે તારા બંદાઓથી (પોતાની ભૂલો તથા ગુનાહ) છુપા રાખ્યા તથા તારી નજદીક જાહેર થયા છે, હું એ છું જેણે તારા બંદાઓની બીક રાખી તથા તારાથી પોતાને સુરક્ષિત સમજી બેઠો અને હું એ બંદો છું જેણે તારી શક્તિનો ડર ન રાખ્યો તથા તારા ક્રોધથી ભયભીત ન રહ્યો. મારા નફસ માટે હું જ દોષિત છું, મારી સજાનો જવાબદાર પણ હું જ છું, હું બહુ જ થોડી શક્તિનો ધરાવનાર તથા અતિશય દુ:ખનો માર્યો છું.

હું તને તેમના વાસ્તા આપું છે જેને તેં તારી મખ્લૂકમાંથી ખાસ ચૂંટ્યા છે, તેમના વાસ્તા જેમને તેં તારા માટે ખાસ ચૂંટ્યા છે, તેમના વાસ્તા જેમને તેં તારી મખ્લૂકમાંથી ખાસ નિમ્યા છે અને જેમને તેં તારા સંદેશ માટે

પસંદ કર્યો છે; તને હું તેમના હકનો વાસ્તા આપું છું જેમના હુકમની ફરમાબરદારી તેં તારી ફરમાબરદારીની બરાબર લેખી છે, જેમની નાફરમાની તેં તારી નાફરમાનીની બરાબર કરાર આપી છે, જેમની મોહબ્બત થકી તારી નિકટતા (કુરબત) પામી શકાય છે અને જેમની દુશ્મની તારાથી દુશ્મની કરવા બરાબર છે કે મારા જીવનના આ દિવસે મને સુરક્ષા અતા કર, એવી જ રીતે જેવી રીતે તું એને સુરક્ષા અતા કરે છો જે તને પોકારે છે, એમ કહીને કે હવે તે ગુનાહોથી પરહેઝ કરશે અને તોબા કરીને મગ્ફેરતની તલબ થકી તારી સુરક્ષા ઈચ્છે છે.

મારી સાથે એવો વર્તાવ કર જેવો વર્તાવ તું તારા મુતીઓ-ફરમાબરદાર બંદાઓ સાથે કરે છો તથા એ બંદાઓ સાથે જેઓ તારી સમીપ છે અને જેઓ તારી નજરમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે. મને એવો દરજ્જો અતા કર જેવો દરજ્જો તું તારા એ બંદાઓને અતા કરે છો જેઓએ તારા હુકમનું પાલન કર્યું, ફક્ત તારી રાહમાં તારી જ ફરમાબરદારી કરી અને પોતાની જાતને તારી રાહમાં મુશ્કેલીમાં મૂક્યા અને તારી ખુશી હાંસિલ કરવાની કોશિશ કરી.

તારી ઈબાદત કરવામાં મારી ખામીઓ માટે મારી

પૂછપરછ ન કરજે, તારી હદો ઓળંગી જવા બદલ અને તારા હુકમોનું પાલન ન કરવા બદલ પણ. મને તારી ભરપૂર નેઅમતો અતા કરીને મારી એ રીતે મને પકડમાં ન લેજે જેવી રીતે તું એ બંદાઓને પકડમાં લે છો જે તારી પાસે રહેલી ભલાઇ સુધી પહોંચવાથી મને રોકે છે જ્યારે કે જે નેઅમતો તારા તરફથી મળી છે તેમાં તે ભાગીદાર ન હતો મને ગાફિલોની નીંદરમાંથી જગાડ, ખર્ચાળની ઊંઘમાંથી અને એવી બેશુધ્ધિમાંથી જે બેશુધ્ધિવાળાને તું તરછોડી મૂકે છો. મારા દિલની એ તરફ હિદાયત (દોરવણી) કર જે તરફ તેં તારી ઇબાદત કરવાવાળાઓની હિદાયત કરી અને એવી ઈબાદત કરવાની તૌફીક અતા કર જેવી ઈબાદત તારા નેક બંદાઓ કરે છે તથા જેવી ઈબાદત થકી તું આળસુ (બેદરકાર) લોકોને બચાવી લે છો. મને એ (કાર્યો)થી સુરક્ષા (પનાહ) અતા કર જેના થકી તારાથી દૂર થઈ જવાય છે. અને તારી બારગાહમાંથી મારા માટે જે હિસ્સો નિર્માણ થયો છે તેના અને મારા વચ્ચે રૂકાવટ બને છે.

તારી બારગાહમાં નેક બનીને હાજર થવામાં અને તારા હુકમ પ્રમાણે નેકીઓમાં હરીફાઈ કરી આગળ થવામાં તથા તારી ઈચ્છા મુજબ તે બાબતમાં પૂરતી કોશિશ કરવાના રસ્તાઓ મારા માટે આસાન બનાવ. મને એવા લોકોની

જેમ તબાહ ન કર જે લોકો તારી ચેતવણીની કંઈ ગણના નથી કરતા અને તેં તેઓને તબાહ કરવાને હુકમ જારી ક્ર્યો છે. મને એવા લોકોની જેમ હલાક ન કર જે જેઓએ પોતાને તારા કોધમાં સપડાવ્યા અને તેં તેઓને હલાક કરવાનો નિર્ણય ક્ર્યો.

મને તે લોકોની સાથે નાબૂદ ન કર જેઓ તારી રાહથી દૂર થયા અને તેઓએ તેં નાબૂદ કરવાનું ઠરાવ્યું, મને લાલચના (તથા ફસાદના) પંજામાંથી નજાત અતા કર, મને મુસીબતના મોઢામાંથી છોડાવ અને ભરપૂર નેઅમતો અતા કરીને મને પકડમાં લેવાથી બચાવ. મારા અને મારા એ દુશ્મન વચ્ચે મધ્યસ્થી કર જે મને ગુમરાહ કરી શકે છે, એ હવસ વચ્ચે જે મને તબાહ કરી શકે અને એ ખામી (ભૂલ) વચ્ચે જે મને નબળો કરી નાખે છે.

મારાથી તું એવી રીતે વિમુખ ન થઈ જા જેવી રીતે તું તેનાથી વિમુખ થઈ જા છો જેના ઉપર તારા ક્રોધના કારણે તેનાથી તું રાજી થતો નથી. મને તારી બારગાહમાં નાઉમ્મીદ ન કર નહિંતર તારી રહેમતથી નાઉમ્મીદી મારા ઉપર છવાય જશે. મને તારી એવી નેઅમત ન અતા કર જેનો ભાર ઉપાડવાની મારામાં શક્તિ ન હોય કારણ કે નહિંતર તારી

વધારે પડતી મોહબ્બત થકી તારી અતા થયેલી નેઅમતો તળે હું કચડાઈ જઇશ. મારાથી તારો હાથ એવી રીતે ન છોડાવી લે જેવી રીતે તું એનાથી હાથ છોડાવે છો જેનામાં કંઈ જ સારપ નથી, જેની તને જરૂર નથી અને જેના માટે તોબા છે જ નહિં. મને તું એવી રીતે રદ ન કર જેવી રીતે તું એને રદ કરે છો. જે તારી નજરમાંથી પડી ગયો છે અને તેં તેને ઝલીલ (બદનામ) કર્યો છે બલ્કે તું મારો હાથ એવી રીતે ઝાલી લે જેથી હું તબાહ થનારાઓની જેમ તબાહ થતાં બચી જાઉં, ગુમરાહ લોકોની જેમ બેદરકાર ન બનું, ધમંડીઓ જેવી ભૂલ ન કરૂ અને હલાક થનારાઓના નસીબ જેવા નસીબથી બચી જાઉં.

મને એ વસ્તુથી સુરક્ષા અતા કર જેના થકી તું તારા બંદાઓની તથા જુદા-જુદા તબક્કાઓમાં સ્ત્રી-પુરૂષોની પરીક્ષા કરે છો. મને એ લોકોની મંઝિલ સુધી પહોંચવાની તૌફીક અતા કર જેઓને તેં ચૂંટ્યા છે, તેમને તારી નેઅમતો અતા કરી છે અને જેઓથી તું રાજી થયો છે જેથી તુંએ તેઓના જીવનને પ્રશંસાપાત્ર બનાવ્યુ અને તેઓ ભાગ્યશાળી બનીને મુત્યુ પામ્યા. મારા ગળામાં પરહેઝગારીનો તોક પહેરાવ જેના થકી સારા અમલો રદ થતા બચી શકે અને બરકતો છીનવી લેવામાં ન આવે. મારા દિલને જાગૃત કર જેથી તે

બદકારીની ખરાબી થી તથા ગુનાહોની બૂરાઇથી પરહેઝ કરે. અને ગુનાહોથી નફરત કરે જે તારી બારગાહ સિવાય બીજા કોઈ પાસેથી મેળવવાની હોય જેથી ક્યારેક હું એ પણ ત્યજી ન દઉં જેના સિવાય બીજી કોઈ સફળતા થકી તને મારાથી રાજી નથી કરી શકાતું.

મારા દિલમાંથી આ તુચ્છ દુનિયાનો મોહને નાબૂદ કર જે મને એ પામવામાં રૂકાવટ બને છે જે તારી બરગાહમાં પ્રાપ્ત થઈ શકે છે અને તારી નિકટતા (કુરબત) પામવાથી દૂર રાખે છે તથા તારી સમીપ થવાનું ભૂલાવી દે છે. મને રાત-દિવસ એકલતામાં તારી બારગાહમાં મુનાજાત કરવાનું મનપસંદ બનાવી દે જે મને એવી પવિત્રતા ઇનાયત ફરમાવ જેના થકી તારો ડર હંમેશા ધ્યાનમાં રહે, મને મોટા ગુનાહોની પકડમાંથી મુક્તિ અતા કર, મને નાફરમાનીથી દૂર રાખે, મોટા ગુનાહોથી દૂર રાખે તારી સુરક્ષાથી નાફરમાનીની બૂરાઇથી પાકીઝગી ઇનાયત ફરમાવ મને ભૂલોની ગંદકીથી પાક કર, તારી સૂરક્ષાનો પોશાક મને પહેરાવ અને મને તારી નેઅમતોમાં ઢાંકી લે તારો ફઝ્લ અને મહેરબાની મારી ઉપર જાહેર કર.

તારી તોફીક થકી મારી મદદ કર; સારી નિય્યતો

રાખવામાં, તારી ખુશી મુજબ બોલવામાં અને સારા કાર્યો કરવામાં મારી મદદ કર. તારી સત્તા તથા શક્તિના આધારના બદલે તું મને મારી પોતાની સત્તા તથ શક્તિના આધારે ન મૂકી દે. તારી બારગાહમાં જે દિવસે તું મને ફરી સજીવન કરે ત્યારે મને અપમાનિત ન કરજે, તારા દોસ્તો સમક્ષ મને શરમજનક પરિસ્થિતિમાં ન મૂકજે અને એવી તૌફીક અતા કર જેથી હું તને ભૂલી ન જાઉં તથા તારો શુક્ર અદા કરવાનું ત્યજી ન દઉં તથા ભૂલી ન જાઉં તથા તારો શુક્ર અદા કરૂં જયારે કે ગાફિલ રહેનાર અજ્ઞાની લોકો તારા એહસાનોને ભૂલી જાય છે. તેં મને જે કંઇ અતા કર્યું છે તેના માટે અને મારા ઉપર જે રહેમ ફરમાવ્યો તે બદલ તારા વખાણ કરવાની મને પ્રેરણા અતા કર. તારી પ્રત્યે મારી મોહબ્બતને બીજા મોહબ્બત કરનારાની મોહબ્બત કરતા અને (મારા તરફથી) તારા વખાણ બીજા વખાણ કરનારના વખાણ કરતા ઉચ્ચ કરાર આપ.

જયારે મને તારી મદદની જરૂર હોય તે પ્રસંગે મને ત્યજી ન દે અને મેં જે કંઇ પણ તારી નાફરમાની કરી છે તે બદલ મને હલાક ન કરજે; મારી સાથે તારા દુશ્મનો જેવો વર્તાવ ન કરજે, કારણ કે હું તારી બારગાહમાં સમર્પણ કરનાર છું, મેં જાણી લીધું છે કે હુજજત તારી તરફેણમાં છે

અને તું જ શ્રેષ્ઠ ફઝલ અતા કરનાર તથા વારંવાર એહસાનો કરનાર છો. તું એ શક્તિ છો જેનો ડર રાખવો જોઈએ અને તું જ મગ્ફેરત અતા કરનાર છો. ભૂલોને જાહેર કરવા કરતા વધારે છુપાવનાર છો.

તેથી, મને એવી જ પવિત્ર જિંદગી જીવવાની તૌફીક અતા કર જેમાં મારી બધી ઈચ્છાઓ સમાયેલી હોય અને મને જે ગમે છે તે હું મેળવી શકું, એવી રીતે કે હું એવા કામો ન કરૂં જેને તું નાપસંદ કરે છો એવા કામો પણ ન કરૂં જેની તેં મનાઈ કરી છે. મને એવા મનુષ્યના મત્યુ જેવી મત્યુ ઈનાયત ફરમાવ જેનો પ્રકાશ તેની આગળ અને તેના જમણા હાથ તરફ પ્રસરેલો હોય છે.

તારી બારગાહમાં મને નમ્રતા અતા કર, તારી મખ્લૂક સમક્ષ મને ઈજ્જત અતા કર, જયારે પણ તારી બારગાહ હું એકલો હોઉં ત્યારે મને તુચ્છ બનવાની તૌફીક અતા કર અને તારા બંદાઓ વચ્ચે મારો દરજો ઉચ્ચ કરાર આપ.મને એનાથી નિરાધાર બનાવ જે મારાથી નિરાધાર (પણ તારાથી નિરાધાર નથી) અને તારી બારગાહમાં મારી જરૂરતો તથા આવશ્યક્તાઓમાં વધારો કર. મને દુશ્મનોની ટીકાઓઓથી, મુસીબતોમાં ગિરફતાર થવાથી, બદનામી અને દુઃખથી પનાહ અતા કર. મારા ચાલચલણની બાબતમાં, જે તું જાણે છો

તેને પડદાથી છુપાવી દે જે પડદાની સાથે ધરપકડની પણ શક્યતા છે જો હું સહનશીલ ન બનું અને ગુનાહ કરવામાં ઉતાવળ કરી હોય તો મારી ધરપકડ થઈ શકે છે (એવો ભય પણ રહે).

હું તારી પનાહ તલબ કરૂં છું કે જયારે તું કોઈ કોમની પરીક્ષા કરે અથવા સજા કરે ત્યારે મને બચાવ. જયારે તેં મને આ દુનિયામાં નામોશી ભરી પરિસ્થિતિમાં ગિરફતાર નથી ર્ક્યો તો આખેરતમાં પણ મને તેવી પરિસ્થિતિમાં ન મૂક્ મારી ઉપર તેં અત્યાર સુધી જે એહસાન ર્ક્યો છે તેવાજ વારંવારના એહસાનો અને પહેલાની રહેમતો જેવી નવી રહેમતો મારા માટે બમણી કર.

મારા ઉપર ચિંતાનો બોજ એટલો ન વધાર કે મારૂં દિલ કઠોર બની જાય, મને એવી મુસીબતમાં ગિરફતાર ન કર જેના થકી મારૂં માન ઘટી જાય, મને એવી બદનામીમાં ગિરફતાર ન કર જેના થકી મારી ઈજ્જત જતી રહે અને એવો કલંક ન લગાવ જેના કરણે મને (લોકો થકી) તરછોડવામાં આવે. મારા ઉપર તારો એવો ગઝબ (અઝાબ) નાઝિલ ન કર જે મને નાઉમ્મીદ કરી મૂકે અને એવો ડર પણ નહિં જે મને (બેહદ) ભયભીત કરી મૂકે.

મને તારી ચેતવણી થી ભયભીત બનાવ, તારી

હુજજતની સંપૂર્ણતા અને ચેતવણીની બીક અતા કર તથા તારી આયતોની તિલાવત થકી ડર અતા કર, હું રાતના સમયોમાં જાગત રહીને તારી ઈબાદતમાં તલ્લીન રહું તથા એકલો હોઉં ત્યારે તારી બારગાહમાં દુઆ કરૂં, મારી જરૂરતો તારી બારગાહમાં રજૂ કરૂં અને તારી આગથી મારી ગરદનને નજાત અતા કરવા માટે તારી બારગાહમાં દુઆ કરતો રહું એવી તૌફીક અતા કર તથા તારી એ સજાથી મને બચાવ જે સજા જહન્નમી લોકો ભોગવે છે.

મારી બળવાખોરીમાં હું આંધળો ન બની જાઉં અને મરણ પામું ત્યાં સુધી (તારાથી અને લોકોથી) અળગો ન પડી જાઉં. જેઓ ચેતવા ઈચ્છે છે તેઓ માટે મને ચેતવણીનો નમૂનો ન બનાવ, જેઓ (તારી સજાથી) સાવચેત રહે છે તેઓ માટે મને સજાઓનું ઉદાહરણ ન બનાવ તથા અભ્યાસ કરનારાઓ માટે મને આકર્ષણનું કારણ ન બનાવ. તું જેઓને બેદરકાર છોડી મૂકે છે તેઓના જેવો બેદરકાર મને ન બનાવ, મારા સ્થાને બીજાની નિમણૂંક ન કર, મારૂં નામ ન બદલ, મારા શરીરમાં (બીમારી થકી) ફેરબદલ ન કર, તારી મખ્લૂક સમક્ષ મારી મશ્કરી ન થવા પામે, તારી બારગાહમાં મને અપમાનિત ન કર, તારી ઈચ્છા વિરૂધ્ધ મને કોઈપણ બીજી વસ્તુનું અનુસરણ કરનાર ન બનાવ તથા તારી રાહમાં તારા

દુશ્મનોથી બદલો લેવા સિવાય મને બીજા કોઈ પણ કામમાં કાર્યરત ન બનાવ.

મને તારી મગ્ફેરતની ઠંડકનો એહસાસ કરાવ; તારી રહેમતની મીઠાશ, તારા તરફથી સુખ,તારો દિલાસો અને તારી નેઅમતોનો બાગ અતા કર તારા અખૂટ ખજાનામાંથી મને ચિંતાથી મુક્તિનો સ્વાદ અતા કર જેથી હું એવા કામમાં મગ્ન રહું જે તને પસંદ છે અને મારી કોશિશો એવી હોય જે મને તારી નજીક લઈ આવે તથા મને તારી બારગાહ સુધી પહોચાડે.

મને તારા તોહફાઓમાંથી તોહફો અતા કર, મારી તિજારતને નફાકારક બનાવ અને મારા નફાને નુકસાન વગરનું બનાવ. મને તારી સત્તાનો ડર અતા કર અને તારી મુલાકાત માટે ઉત્સુક બનાવ. મારી તૌબાને પ્રામાણિક્તા અતા કર અને તારી બારગાહમાં તે કબૂલ કર જેથી તું મારા કોઈ નાના કે મોટા ગુનાહને માફ ર્ક્યાં વગરનો ન રહેવા દે તથા જેના થકી તું મારી દરેક જાહેર તથા છુપી ખરાબીઓને દૂર કરે. મારા મનમાંથી સાચા મોમીનો પ્રત્યેની નફરતને નાબૂદ કર અને નમ્ર લોકો પ્રત્યે મારા દિલને લાગણીશીલ બનાવ તથા મારી સાથે એવો વર્તાવ કર જેવો વર્તાવ તું નેક લોકો

સાથે કરે છો. મને સાલેહ બંદાઓનો શણગાર અતા કર, સત્યવાદી ગુજરી જનારાઓમાં મારો શુમાર કર અને આવતી પેઢી માટે મારી યાદ કાયમ કર તથા પાછળના નેક લોકોમાં મારો શુમાર કર. અને અગાઉના નેક લોકોની જગ્યાએ મને પહોંચાડ મારા ઉપર તારી નેઅમતો સંપૂર્ણ કર, તેના લાભો મને હંમેશા અતા કર, તારી મહેરબાનીઓ મારા ઉપર જાહેર કર, તારા તરફથી ફાયદાઓ થકી મારા બંને હાથ ભરી દે અને તારી સુંદર ભેટોને મારી દિશામાં મોકલ.

મને એ જન્નતમાં તારા સૌથી પવિત્ર દોસ્તોનો પાડોશી બનાવ જે જન્નતને તેં તારા ખાસ ચૂંટેલા બંદાઓ માટે શણગારી છે અને મને તારા દોસ્તો માટે ફાળવવામાં આવેલા રહેઠાણમાં માનનીય તોહફાઓનો પોશાક અતા કર. તારી નજીક મને એવી આરામગાહ અતા કર જેમાં હું સંતોષ પામી રહી શકું અને એવો વિરામગૃહ (અતા કર) જેમાં હું આરામ કરી શકુ તથા મારી આંખોને ઠંડી કરી શકું. મારા મોટા ગુનાહો થકી મારો હિસાબ ન કરજે અને મને એ દિવસે હલાક ન કરજે જયારે ખાનગી કાર્યો તપાસવામાં આવે, દરેક સંદેહ અને અનિશ્ચિતતાથી મને બચાવ (મારાથી દૂર કર) અને તારી સંપૂર્ણ રહેમત થકી સચ્ચાઈ તરફ મારો માર્ગ સહેલો બનાવ. તારી ભલાઈ (દયા) થકી મારા માટે

નેઅમતોના હિસ્સામાં વધારો અતા કર અને તારી ઉદારતા થકી મારા માટે એહસાનોના હિસ્સામાં વધારો અતા કર. તારી પાસે જે કંઇ છે તેના ઉપર જ મારૂં દિલ આધાર રાખે એવી તૌફીક અતા કર અને તને જે પંસદ છે તે બજાવી લાવવામાં મને મશગૂલ રાખ તથા મને એ કાર્યોમાં પરોવાયેલા રહેવાની તૌફીક અતા કર જેમાં તારા ચૂંટેલા બંદાઓ પરોવાયેલા રહે છે. અમારી મગજશક્તિ જયારે ગફલત કરે ત્યારે મારા દિલને તારા હુકમોની યાદથી ભરી દે અને મને ગુણવત્તા, પવિત્રતા, આરામ, સલામતી, તંદુરસ્તી, તવંગરી, શાંતિ અને સુરક્ષા અતા કર. મારા નેક અમલોને તેની સાથે તારા હુકમોની નાફરમાની ભરેલા કત્યો હોવાને કારણે રદ ન કર. અને તારી પરીક્ષા તરીકે મારા એકાંતના સમયમાં આવતા ખરાબ વિચારો થકી મારૂં નુકસાન ન કર.

દુનિયાના લોકોમાંથી કોઈ પાસે પણ માંગવાથી મારા સ્વમાનને બચાવ અને દુર્જન લોકો પાસેથી મારી હાજત તલબ કરવાથી મને રોકી લે. મને ઝાલિમોનો મદદગાર ન બનાવ તારી કિતાબ મિટાવવામાં તેઓનો સહાયક અને મદદગાર ન બનાવ.

મને એવી હદોથી સાંકળી લે જેને હું ન જાણતો હોઉં

જેથી હું ભૂલોથી બચેલો રહું. તારી બારગાહમાં મારા માટે તૌબાના તથા તારી રહેમતના, તારા એહસાનના તથા ભરપૂર રોજીનાર દરવાજાઓ ઉઘાડા કર મારા માટે તારી જઝા (ઇનામ) સંપૂર્ણ કર નિઃશંક, તું જઝાનો શ્રેષ્ઠ અતા કરનાર છો.

મને તારી ખુશી માટે મારી ભવિષ્યની જિંદગીમાં હજ અને ઉમરા બજાવી લાવવાની તૌફીક ઈનાયત ફરમાવ, અય કાએનાતના રબ (માલિક) હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર; તેમના ઉપર અને તેમની આલ ઉપર હંમેશાં માટે સલામતી નાઝિલ થાય. તારી રહમતની સાથે,

અય બહેતરીન રહેમ કરનાર!

---

## અરફાના દિવસે પઢવાની ઈમામ હુસૈન અ.સ.ની દુઆ

આજના દિવસે સૌથી મશહૂર દુઆ ઓમાં ઈમામ હુસૈન અ.સ. ની દુઆ છે, જે આપે મકામે અરફાતમાં પઢી હતી. 'ગાલિબ' ના બેટા બશર અને બશીરે રિવાયત કરી

છે કે, અમે 'અરફહ' ના દિવસે 'મકામે અરફાત' માં ઈમામ હુસૈન અ.સ.ની ખિદમતમાં હતા. ઈમામ હસૈન અ.સ. તે દિવસે પોતાના ખેમામાંથી પોતાના અમુક ફરઝંદો અને 'અહલેબૈત' અને આપના શિયાઓની એક જમાઅત સાથે ઘણી જ નમ્રતા સાથે બહાર નીકળ્યા અને ત્યાંના પહાડની ડાબી બાજુએ થોભીને આપના ચહેરા મુબારકને ખાનએ કાંબા' તરફ કરીને પોતાના હાથોને પોતાના ચહેરા મુબારકની સામે એવા મિસકીનની જેમ લાવ્યા કે જે કોઈની પાસે જમવાનું માંગતો હોય અને પછી એ હાલતમાં આ દુઆ પઢવી શરૂ કરી:

સર્વે પ્રશંસા એ અલ્લાહની છે, ન કોઈ તેના નિર્ણયને રોકી શકે છે, ન કોઈ તેની આપેલી વસ્તુને રોકી શકે છે અને ન કોઈ તેના જેવી ચીઝ બનાવી શકે છે. તે વિશાળ સખાવતવાળો છે. તેણે અજોડ વસ્તુઓ પેદા કરી છે અને તેના સંપૂર્ણ જ્ઞાનથી, દરેક ચીઝનું મજબૂત સર્જન થયું છે. કોઇપણ રચનાઓ તેનાથી છુપી નથી અને તેની બારગાહમાં અમાનતોનો નાશ થતો નથી. તેના હુકમનું પાલન કરનારને તેનું વળતર આપનાર, દરેક સંતોષ કરનારને બદલો આપનાર, દરેક ફરિયાદ કરનાર ઉપર રહેમ કરવાવાળો છે. ફાયદાઓ નાઝિલ કરનાર અને ઝળહળતા નૂરની સાથે સંપૂર્ણ

કિતાબને ઉતારનાર, દરેકની દુઆ સાંભળનાર, દરેકના દુઃખને દૂર કરનાર, દરજ્જાઓને બુલંદ કરનાર, ઝાલિમોનો નાશ કરનાર, તેના સિવાય બીજો કોઇ માઅબૂદ નથી, તેનો કોઈ સાથીદાર નથી, તેની સરખામણી બીજા કોઈની સાથે કરી શકાતી નથી, તે દરેકનો સાંભળનાર, દરેક વસ્તુને જોઈ શકનાર અને દરેક વસ્તુ પર શક્તિમાન છે.

અય અલ્લાહ! હું તારી તરફ લક્ષ આપું છું અને તારા રબ હોવાની સાક્ષી આપું છું. હું સ્વીકાર છું કે તું મારો પરવરદિગાર છે અને તારી બારગાહમાં મારે પાછા ફરવાનું છે.

તેં મારા પર તે સમયે તારી મહેર શરૂ કરી કે જ્યારે હું વાત કરવા જેવી વસ્તુ ન હતો. મને માટીમાંથી પેદા કર્યો, જુદા જુદા તબક્કાઓમાંથી પસાર કર્યો, વગેરે ઘટનાઓ, કાળના અવરોધો, ઉમર અને આયુષ્યના ફેરફારોની વોથી મને સુરક્ષિત રાખ્યો. મારો પ્રવાસ એક ચોક્કસ સમય સુધી પીંડમાંથી આકાર સુધી ચાલુ રાખ્યો અને અંતમાં તારી મહેરબાની થઈ કે તેં મને આ દુનિયામાં મોકલી આપ્યો. પરંતુ તારો કમાલ અને રહેમ અને મહેરબાની અને તમામ આનંદ અને અહેસાન છે કે તે ખુલ્લા કુફ્રની હકૂમતમાં તેં મને

ન મોકલ્યો, જેમણે તારી સાથેના વચનને તોડી નાખ્યું અને તારા નબીઓને ખોટા ઠરાવ્યા. બલકે એવા વાતાવરણમાં મોકલ્યો જ્યાં હિદાયત આવી ચૂકી હતી અને સરળ માર્ગદર્શનની વ્યવસ્થા હતી અને તેમાંજ મારા ઉછેરની વ્યવસ્થા ગોઠવી. આ સુંદર ઉછેર પહેલાં તારો શ્રેષ્ઠ વર્તાવ અને સર્વશ્રેષ્ઠ ઈનામ એ હતું કે તેં એક નજીસ ટીપાંથી બનાવ્યો અને ત્રણ અંધારા પડદાઓ, માંસ, લોહી, ચામડી વચ્ચે મારા સર્જનની કોઇપણ બાબત મારી ઉપર ન રાખી, મારા હાલ ઉપર છોડી ન દીધો અને હવે મને દુનિયામાં મોકલ્યો તો માર્ગદર્શન અને શિક્ષણની બધી જ વ્યવસ્થાની સાથે સંપૂર્ણ રીતે અને પૂર્ણ સર્જન સાથે પેદા કર્યો. હું ઘોડીયામાં બાળક હતો તો તેં રક્ષણની વ્યવસ્થા કરી, ખોરાક માટે તાજુ દૂધ મેળવી આપ્યું, ઉછેર કરનારી સ્ત્રીઓને મહેરબાન બનાવી દીધી. માયાળુ દિલવાળી માતાઓને ધ્યાન રાખનાર બનાવી દીધી. જિન્નાતોના પ્રભાવથી સુરક્ષિત રાખ્યો. અતિશયતા અને ઓછપથી બચાવીને રાખ્યો. બેશક! અય ખુદાએ રહીમ અને રહેમાન! તારી જાત ઘણી ઊંચી અને મહાન છે.

ત્યારપછી જ્યારે હું બોલવા જેવડો થયો ત્યારે તેં મને સંપૂર્ણ બક્ષિસ આપી અને ઉછેર દ્વારા મારો વિકાસ

કર્યો ત્યાં સુધી કે જ્યારે મારી વૃદ્ધિ સંપૂર્ણ થઈ ગઈ અને મારુ ઘડતર મજબૂત થઈ ગયું, ત્યારે તેં તારી હુજ્જતને ફરજિયાત કરી. તેં મને તારી માઅરેફતની સમજણ આપી, તારા જ્ઞાનના આશ્ચર્યથી મુગ્ધ બનાવ્યો અને જમીન તથા આસમાનના સૌથી વધુ અજબ સર્જનોને સમજવા માટે મને જાગૃત સમજવાળો બનાવી દીધો. પછી તારી યાદ અને તારો શુક્ર કરવા તારી તાબેદારી અને ઈબાદત કરવા માટે હોશિયાર કરી દીધો. એટલી સમજ શક્તિ આપી કે રસૂલોના સંદેશાઓને સમજી શકું, એટલી આસાની આપી કે તારી મરજીની વાતોને કબૂલ કરી શકું અને આ બધા પ્રસંગોમાં તારી મહેરબાની થકી મદદ કરી. મને શ્રેષ્ઠ માટીમાંથી પેદા કર્યો પછી આ એક બક્ષિસ આપીને પૂરૂં ન કર્યું, પરંતુ જાતજાતના ખોરાક આપ્યા, જુદા જુદા પ્રકારના પહેરવેશ આપ્યા, તારો અહેસાન મારા ઉપર મોટો છે અને તારા અહેસાનો મારા ઉપર પહેલેથી જ છે. જ્યારે બધી બક્ષિસોને સંપૂર્ણ કરી તમામ બૂરાઇઓને મારાથી દૂર કરી ત્યારે તને મારી અજ્ઞાનતા અને તારી નાફરમાનીમાં મારી દિલેરીએ તને ન રોક્યો અને તેં એ પંથનું માર્ગદર્શન આપ્યું જે તારાથી વધુ નજદીક લાવી શકે અને તે કાર્યો કરવાની શક્તિ આપી જે તારી બારગાહમાં નજદીકીનું કારણ બની શકે. હજુ પણ

જ્યારે હું દુઆ કરૂં છું ત્યારે તું કબૂલ કરી લે છો અને જ્યારે માંગણી કરૂં છું ત્યારે તું આપી દે છો, જ્યારે તાબેદારી કરૂં છું ત્યારે તું કદરદાની કરે છો અને જ્યારે શુક્ર અદા કરં છું ત્યારે વધુ આપે છો. આ બધું ખરેખર તો તારા અહેસાનો અને ઈનામોનું પરિણામ છે, તે સિવાય કશું જ નથી. તું પાક, પૂર્ણ, પેદા કરવાવાળો, પાછા લઈ જવાવાળો, પ્રશંસા અને વખાણને લાયક અને શ્રેષ્ઠતા અને મહાનતાનો માલિક છે. તારૂં નામ પાકીઝા અને તારી બક્ષિસો મહાન છે.

અય અલ્લાહ! હું તારી કઈ કઈ નેઅમતોની ગણતરી કરૂં? અને કઈ કઈને યાદ રાખું? તારી કઈ કઈ બક્ષિસોનો શુક્ર અદા કર? જ્યારે કે તારી સઘળી બક્ષિસો મોટાં મોટાં ગણત્રી કરનારાઓનો ગણત્રીથી ઉચ્ચત્તર છે અને મોટી મોટી યાદશક્તિવાળાના જ્ઞાનની મર્યાદાથી પણ ઉચ્ચત્તર છે. તે સિવાય જે નુકસાનો, દુઃખો અને આફતોને તેં ટાળી દીધા છે તે આ બક્ષિસો અને ખુશીથી પણ ઘણા જ મહત્ત્વના છે. જેનું મેં વર્ણન કર્યું અને જે મારી નજરની સામે છે.

પરવરદિગાર! હું મારા ઈમાનની હકીકત, મારા સંપૂર્ણ યકીન, ખાલીસ અને સ્પષ્ઠ તૌહીદ, નેતિકતાની છુપી અસરો, દિવ્ય જ્ઞાનનો માર્ગ, ભાલ પ્રદેશની રેખાઓ, શ્વાસ પસાર

થવાના કાણાં, દષ્ટિ-શક્તિના ખજાના, સાંભળી શકાય ત્યાં સુધી અવાજ પહોંચવાના કાણાં, હોઠોની અંદર સમાએલી વાતચીતનો ભેદ, જીભની હલન-ચલનથી નીકળતા શબ્દો, મોઢાની ઉપર નીચેના જડબાની ખુલવાની જગ્યાઓ, દાઢ ઊગવાની જગ્યાઓ, ખાવાપીવાના સરળ માર્ગો, માથાના ઢોળાવને સંભાળનારી ખોપરી, ગળાની ગોળાઈને ફેરવનાર વિશાળતા, છાતીની પહોળાઈ, ગરદનના જોડાણને સંભાળતા ભાગો, હૃદયના પર્દાને રોકનાર નસો, કાળજાના ટુકડાને ભેગા કરનાર અંગો, જે ચીજ હાડકાઓની આસપાસ છે પાંસળીઓ, હાડકાના છેડાઓ, સાંધાઓ અને આંગળીના ટેરવાઓ ઉપર છે, માંસ, લોહી, વાળ, ખોળ, નસ, હાડકાં, મગજ, રગો જે દૂધ પીવડાવવાના સમયકાળમાં મિશ્રણ થનાર અંગો, જમીન કે જે મારા અસ્તિત્વનો બોજ ઊઠાવે છે અને મારી નિંદર, જાગૃતિ, હલન-ચલનથી થતા રૂકૂઅ અને સિજદા, આ બધાના હવાલાથી સાક્ષી આપું છું કે જો હું ઈરાદો પણ કરૂં અને કોશિશ પણ કરૂં કે આખર જમાના સુધી જીવતો રહીને તારી કોઈ એક નેઅમત અને બક્ષિસનો શુક્ર અદા કરૂં, તો તે અશક્ય છે સિવાય કે તારો અહેસાન મારી મદદ કરે. પરંતુ, તે પણ તારા શુક્રનો માંગણી કરનારા છે. મારા ઉપર દરેક વખતે એક નવો અહેસાન છે અને જેનાથી દરેક નવી

બક્ષિસની એક નવા શુક્રની માંગણી છે. જો હું અને તારી મખલૂકમાં ગણ્તરી લોકો તારી જૂની-નવી નેઅમતોની ગણતરી કરવા માંગે તો તેની ગણતરી ન કરી શકે ન સંખ્યા ગણી શકે છે ન તેની મુદ્દતનો અંદાજ લગાવી શકે છે. અને તે શક્ય પણ કેવી રીત હોય જ્યારે તેં પોતે તારી બોલતી કિતાબ અને સાચી ખબર મારફ્ત એલાન કરી દીધું છે કે, ‘‘જે તમે સૌ ભેગાં મળીને પણ મારી નેઅમતોની ગણતરી કરવા માંગશો તો પણ નહિં કરી શકો.’’

બેશક! તારી કિતાબ સત્ય, તારી ખબર સાચી અને તારૂં કહેણ હક્ક છે તારા અંબિયા અને રસૂલોએ તારી વહી અને શરીઅતને સંપૂર્ણ રીતે પહોંચાડયા છે. હું પોતે પણ મારી કોશિશો, હિંમત, તાબેદારીની હદ, વિશાળતા અને દરેક રીતે તે વાતની સાક્ષી આપું છું અને તે ઉપર મારા યકીનને જાહેર કરૂં છું કે બધી પ્રશંસા તે અલ્લાહ માટે છે, જેનો કોઈ પુત્ર નથી કે તેની મિલ્કતનો વારસદાર બને તેની હુકૂમતમાં કોઇ ભાગીદાર નથી કે તેના હુકમનો વિરોધ કરે તેનો કોઇ મદદગાર નથી કે તેના સર્જનમાં તેની સાથે વાદ-વિવાદ કરે. તે પાક અને પવિત્ર છે અને કોઈના ઉપર આધારિત નથી. જો જમીન અને આસમાનમાં તેના સિવાય બીજો કોઈપણ મઅબૂદ હોત તો જમીન અને આસમાન

બંને બરબાદ થઈ જાત. તે પાક અને કોઈની પરવા કર્યા વગર એકલો છે. ન તેનો કોઈ બાપ છે ન દીકરો અને ન તો કોઇ તેનો બરોબરીયો છે. હું તેના એવ વખાણ કરૂં છું જે તેની નિકટતા પામેલા મલાએકા, અંબિયા અને રસૂલના વખાણની બરોબર છે. અય અલ્લાહ! ખૈરૂલ મુરસલીન, ખાતેમુલ નબીય્યીન, હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) અને તેમની પાક અને પાકીઝા આલ ઉપર રહેમત અને સલામતી નાઝિલ ફરમાવ.

અય અલ્લાહ! મને એવો બનાવી દે કે હું તારાથી એ રીતે ડરૂં કે જેમ તને જોઈ રહ્યો હોવ અને તકવાથી મારી મદદ કર. તારા નિર્ણયોને મારા હક્કમાં બહેતર બનાવ અને મારા નસીબને મારા માટે મુબારક બનાવી દે. જેથી જે વસ્તુનો તેં વિલંબ કર્યો તેમાં ઉતાવળ ન કરૂં અને જે વસ્તુ મારા માટે વહેલી કરી તેમાં વિલંબ ન ચાહું. અય અલ્લાહ, મારા દિલને ગની બનાવી દે. મારા નફસમાં યકીન, કાર્યમાં સફાઈ, નજરમાં પ્રકાશ અને દીનમાં દિવ્યતા અર્પણ કર. મારા માટે અંગ-ઉપાંગોને લાભદાયી બનાવ અને મારા આંખ કાનને મારા વારસદાર બનાવી દે. મારા ઉપર જુલ્મ કરવાવાળાની સામે મારી મદદ કર અને તેઓથી મારો બદલો મારી નજર સામે લે, જેથી મારી આંખોને ઠંડક નસીબ થાય.

મારા દુઃખને દૂર કર. મારા બૂરા કાર્યોને ઢાંકી દે, મારી ખતાઓને બક્ષી દે. શૈતાનને મારાથી દૂર રાખ મને તેની પકડમાંથી મુક્ત કર અને દુનિયા અને આખેરતમાં મને શ્રેષ્ઠ દરજ્જો અર્પણ કર.

અય અલ્લાહ! શુક્ર કે તેં મને પેદા કર્યો તો સાંભળવા અને જોવાની શક્તિ સાથે પેદા કર્યો. તારો શુક્ર કે તેં મને પેદા કર્યો તો સંપૂર્ણ પેદા કર્યો.

આ માત્ર તારી રહેમત છે. નહિં તો તું મારા પૈદા થવાથી બેનિયાઝ છો. અય અલ્લાહ! તેં મને પૈદા કર્યો તો મારા સ્વભાવમાં સમતોલપણું આપ્યુ અને મને પૈદા કર્યો તો, મારા ચહેરાને ખૂબસુરત અને સપ્રમાણ બનાવ્યો છે, મારી ઉપર અહેસાન કરીને મારા નફસમાં સલામતી આપી છે અને મને તોફીકની કરામત આપી છે, મને ઈનામ આપ્યું છે અને મને માર્ગદર્શન આપ્યું છે, મારા ઉપર અહેસાન કર્યો છે અને દરેક ભલાઇમાં એક ભાગ આપ્યો છે મને ખવડાવ્યું છે અને પીવરાવ્યું છે, મને બેનિયાઝ બનાવ્યો છે અને મને તારી ખાસ કરામતથી અંગો છુપાવવાનો પોશાક આપ્યો છે અને તારી જરૂરી નેઅમતો મને આસાની સાથે આપી છે.

અય અલ્લાહ! તું હવે –મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)

અને તેની પાક આલ ઉપર રહેમતો મોકલ- અને સમયના બનાવો અને દિવસ રાતની ખેંચતાણમાં મારી મદદ કર. દુનિયાના ડરામણા મોકાઓ અને આખેરતના રંજ અને ગમના પ્રસંગોથી મને છુટકારો આપ. ઝાલિમો જમીન ઉપર જે કાંઇ બૂરાઇ અંજામ આપે છે તે બાબતે મારી મદદ કર, મારા માટે પૂરતો થઇ જા. અય અલ્લાહ! જે બાબતનો મને ડર છે તે બાબત માટે મારી મદદ કર પૂરતો થઇ જા અને જેનાથી દૂર રહું છું, તેનાથી મને બચાવી લે. મારા નફ્સ અને દીનમાં મારી હિફાઝત કર અને મારી મુસાફરીમાં મારૂં રક્ષણ કર. વંશ અને માલમાં મારો જાનશીન બની જા અને જે રોઝી આપી છે, તેમાં બરકત આપ. મને ખુદ મારી પોતાની નજરમાં હલકો બનાવ અને લોકોની નજરમાં ઈજ્જત આપ. જિન્નાતો અને ઈન્સાનોની બૂરાઈથી મને સલામત રાખજે અને ગુનાહોના કારણે મને અપમાનિત ન કરતો. મારા રહસ્યને ખુલ્લા ન કરતો અને મારા કાર્યમાં મને જકડી ન લેતો અને જે નેઅમતો આપી દીધી છે તે પાછી ન લઈ લેતો અને તારી સિવાય કોઈ બીજાને હવાલે ન કરતો. અય ખુદા! તું મને તારી સિવાય બીજા કોને હવાલે કરીશ? મારી નજદીકવાળાને હવાલે કરીશ કે જેઓ સંબંધ તોડી નાંખે અથવા દૂરવાળાઓના હવાલે કરીશ કે હુમલો કરી દે અથવા મને નિર્બળ બનાવી

દેવાવાળાના હવાલે કરીશ. જ્યારે તું જ મારો રબ અને મારા મામલાઓનો માલિક છો.

અય અલ્લાહ! હું તારી પાસે મારા પરદેશમાં રહેવાની, વતનથી દૂર રહેવાની અને ઈખ્તીયાર ધરાવતા લોકોની નજરોમાં અપમાનિત થવાની ફરિયાદ કરૂં છું. અય અલ્લાહ! મારા ઉપર તારો કોપ ન મોકલતો જો મને તારા ગુસ્સાથી મુક્ત કરી દે તો પછી મને કોઈની પરવા નથી. તું પાક છો. તારી આફીયત મારા માટે ઘણી વિશાળ છે. પરવરદિગાર! હું તારી દિવ્યતાના પ્રકાશનો વાસ્તો આપું છું જેણે જમીન અને આસમાનને પ્રકાશિત કરી દીધા અને અંધારાને હટાવી દીધાં અને પહેલાં અને અંતિમ મામલાઓને સુધારી દીધા છે.

હું સવાલ કરૂં છું કે મારૂં મૃત્યુ તારા ગુસ્સાની હાલતમાં ન થાય અને મારા ઉપર તારી નારાજગી ન ઊતરે. તારી તરફ પાછું ફરવું હક છે તે પહેલાં મારાથી રાજી થઈ જા અને તારી નારાજગીને તારા પ્રેમ અને મહેરબાનીમાં ફેરવી નાંખ. તારી સિવાય કોઈ માઅબૂદ નથી. તું આદરણીય શહેર, મશઅરૂલ હરામ અને ખાન-એ-કાબાનો રબ છો. જેને તેં બરકતોથી ભરપૂર કરી દીધું છે અને દરેક લોકો માટે

સલામતીની જગ્યા બનાવી દીધી છે. અય કે જે પોતાના હિલમથી સૌથી મોટા ગુનાહોને માફ કરે છે અને પોતાની દયા અને દરિયાદીલીથી સંપૂર્ણ નેઅમતો આપે છે.

અય કે જે પોતાની મહેરબાનીથી ઘણું બધું આપે છે, એ સખ્તીઓના વખતમાં બંદાનો ખજાનો, એકાંતનો સાથી, દુઃખ અને દર્દના ફરિયાદની જગ્યા, નેઅમતોનો માલિક, મારા અને મારા બુઝુર્ગો ઈબ્રાહીમ અ.સ. ઈસ્માઈલ અ.સ. યાકૂબ અ.સ.ના ખાનદાનના રબ, જિબ્રઈલ, મિકાઈલ, ઈસરાફીલ અને ખાતેમુન્નબીયીન મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.) અને તેની પાક અને પાકીઝા ઓલાદના પરવરદિગાર, તૌરેત, ઝબૂર, ઈન્જીલ અને કુરઆનને નાઝિલ કરનાર. કાફ-હા-યા-એન-સ્વાદ અને તાહા, યાસીન અને કુરઆને હકીમને મહાન અર્શ ઉપરથી ઊતારનાર! તું તે સમયે પણ મારી સલામતીની જગ્યા છો, જ્યારે સૌથી વધુ વિશાળ માર્ગો પણ મુશ્કેલ બની જાય, અને અસીમ વિશાળતા ધરાવતા જમીન મારા માટે તંગ બની જાય, જો તારી રહેમત ન હોત તો હું હલાક થઈ જાત. તું પડી જનારને ટેકો આપનાર છો જો તારી પર્દાપોશી ન હોત તો હું બદનામ થઈ જાત. તું મારા દુશ્મનોની સામે મદદ કરવાવાળો છો અને તારી મદદ ન મળતી હોત તો હું બિલકુલ દબાઈ ગયો હતો.

અય કે જેણે ઉચ્ચતા અને બુલંદીને પોતાના માટે ખાસ કરી દીધી છે અને ચાહનારાઓ તેની જ ઈઝ્ઝતથી ઈઝ્ઝતવાળા બન્યા છે. અય કે જેની સામે બાદશાહોએ અપમાન અને નમ્રતાના તૌક પોતાની ડોકમાં પહેરી લીધા છે અને તેના ડરથી ધ્રુજી રહ્યા છે. તે આંખોના ચોરી-છુપીના ઈશારાઓ અને દિલના ભેદ અને રહસ્યોનો જાણકાર છે અને ભવિષ્યની દરેક પરિસ્થિતિ અને હાલતોને સારી રીતે જાણે છે.

અય કે જેના વિશે કોઈને ખબર નથી કે તે શું છે તેનું જ્ઞાન માત્ર તેની પાસે જ છે. અય કે જેણે જમીન ઉપર પાણીને રોકેલ છે અને હવાના માર્ગોને આસમાનથી બંધ કરેલ છે, અય કે જેનું નામ સૌથી વધુ મહાન છે અને જેની નેકીઓ ખતમ થનાર નથી. અય કે સુકા અને નિર્જન રણમાં યુસુફ અ.સ. ના માટે કાફલાને રોક્યો અને તેમને કૂવામાંથી બહાર કાઢીને ગુલામીથી બાદશાહત તરફ પહોંચાડ્યા, એ અતિશય રડવાના કારણે આંખો સફેદ થઈ જવા પછી તેમને યાકૂબ અ.સ. સુધી પાછા પલટાવ્યા, અય અય્યુબ અ.સ. ની બલાઓ અને મુસીબતોને દૂર કરનાર, અય ઈબ્રાહીમ અ.સ. ની ઝઈફીમાં તેમનો હાથ પકડીને ઝબ્હની કસોટીમાંથી રોકનાર, અય ઝકરીયા અ.સ. ની દુઆને કબૂલ કરીને યહ્યા

અ.સ. જેવો પુત્ર આપનાર અને તેમને એકલા અને વારસદાર વગર ન મૂક્યા અય કે જેણે યુનુસ અ.સ.ને માછલીના પેટમાંથી બહાર કાઢ્યા અને મધ્ય દરિયાની સપાટીને ચીરીને બની ઈસરાઈલને નજાત આપી અને ફિરઔન અને તેના લશ્કરને ડુબાડી દીધા, અય કે જે પોતાની રહેમતની ખુશખબરી આપવા માટે હવાને મોકલે છે અને અય કે જે પોતાની મખ્લૂકો ઉપર અઝાબને ઊતારવામાં ઝડપ નથી કરતો અય કે જેણે મૂસા અ.સ.નો વિરોધ કરનાર જાદુગરોને નજાત આપી, જ્યારે કે તેઓએ ઘણાં દિવસો સુધી હકનો ઈન્કાર કર્યો હતો અને અલ્લાહની રોઝી ખાતા હતા અલ્લાહ સિવાય બીજાની ઈબાદત કરતા હતા અને અલ્લાહથી દુશ્મની અને તેનો વિરોધ કરતા હતા અને તેના રસૂલને જૂઠલાવ્યા હતા.

અય અલ્લાહ! અય અલ્લાહ! એ અજોડ સર્જન કરનાર! એ અજોડ પેદા કરનાર! તારો કોઈ જવાબ નથી. તું હંમેશાંથી છો, તારો કોઈ અંત નથી. તું તે સમયે પણ જીવતો રહેનાર છો કે જ્યારે કોઈ જીવ જીવતો નહિં રહ્યો હોય. અય મૃત્યુ પામેલાઓને જીવતા કરનાર! અને દરેક વ્યક્તિના અમલ અને કાર્યનું ધ્યાન રાખનાર. અય કે જેનો શુક્ર મેં બહુ ઓછો અદા કર્યો તેમ છતાં, તેણે મને તેની નેઅમતોથી વંચિત ન કર્યો. મારી ભૂલો ઘણી મોટી છે.

પરંતુ, તેણે મને અપમાનિત ન કર્યો મને નાફરમાનીની હાલતમાં જોયો છતાં પણ બદનામ ન કર્યો અય કે નાનપણમાં મારૂ રક્ષણ કર્યું અને વૃધ્ધાવસ્થામાં રોઝી આપી છે. અય કે જેના એહસાનો મારા ઉપર અગણિત છે અને જેની નેઅમતોનો શુક્ર અદા નથી થઇ શકતો અય કે જેણે મારો સામનો ભલાઈ અને અહેસાન સાથે કર્યો જ્યારે મેં તેનો મુકાબલો બૂરાઈ અને ગુનાહથી કર્યો.

અય તે કે જેની મેં બીમારીની હાલતમાં મદદ માંગી ત્યારે તેને મને તંદુરસ્તી આપી. કપડાં વગરની હાલતમાં અવાજ દીધો ત્યારે તેને મને પોશાક આપ્યો. જ્યારે ભૂખમાં પોકાર્યા ત્યારે ખોરાક આપ્યો, જ્યારે તરસની ફરિયાદ કરી ત્યારે પાણી પીવરાવ્યું, જ્યારે અપમાનીત થવાની ફરિયાદ કરી ત્યારે ઈઝઝત આપી, જ્યારે અજ્ઞાનતામાં પોકાર કરી ત્યારે જ્ઞાન આપ્યું, જ્યારે એકલાં હોવાની ફરિયાદ કરી ત્યારે સમૂહ આપી દીધો, જ્યારે ગુમ થવાના બારામાં વિનંતી કરી ત્યારે પરત પહોંચાડી દીધો, જ્યારે ગરીબીની ફરિયાદ કરી ત્યારે તવંગર બનાવી દીધો, જ્યારે મદદ માંગી ત્યારે મને મદદ કરી. તવંગરીમાં પોકાર કરી ત્યારે નેઅમતો પાછી ન લીધી, અને કંઈ ન માંગ્યું ત્યારે પોતેજ આપી દીધું. અય તે કે જેણે મારી ભૂલો અણદેખી કરી, દુઆઓને કબૂલ

કરી, મારી ખામીઓ છુપાવી, ગુનાહોને માફ કર્યા, હેતુઓને પૂરા કર્યા, દુશ્મનોની સામે મારી મદદ કરી. હું તારી નેઅમતો, તારા અહેસાનો અને તારી મહાન બક્ષિસોની ગણતરી કરવા ચાહું તો પણ નથી કરી શકતો.

માલિક! તું તે જ છો જેણે અહેસાન કર્યા છે, તું તે જ છો જેણે ઈનામ આપ્યા છે, તું તે જ છો જેણે લુત્ફ અને અહેસાન કર્યા છે, તું તે જ છો જેણે શ્રેષ્ઠ વર્તાવ કર્યો છે, તું તે જ છો જેણે ફઝલ અને કરમ કર્યા છે, તું તે જ છો જેણે સંપૂર્ણ નેઅમતો આપી છે, તું તે જ છો જેણે રોઝી આપી છે, તું તે જ છો જેણે સદબુદ્ધિ આપી છે, તું તે જ છો જેણે બક્ષિસો આપી છે, તું તે જ છો જેણે ધનવાન બનાવ્યો છે, તું તે જ છો જેણે પસંદ કરેલી નેઅમતો આપી છે, તું તે જ છો જેણે (મને) પનાહ આપી છે, તું તે જ છો જેણે યોગ્ય કર્યું છે, તું તે જ છો જેણે માર્ગદર્શન આપ્યું છે, તું તે જ છો કે જેણે અસલામતી અને ભયથી સુરક્ષિત રાખ્યા છે. તું જ એ છો કે જેણે પર્દાપોશી કરી છે, તું તે જ છો કે જેણે માફ કરી દીધા છે. તુ એ જ છો જે ગુનાહો બક્ષી આપે છે, તું જ એ છો કે જેણે લથડતી હાલતમાં સહારો આપ્યો છે. તું જ એ છો કે જેણે શક્તિ આપી છે, તું જ એ છો કે જેણે ઈજ્જત, રૂઆબ અને દબદબો અર્પણ કર્યા છે, તું જ એ છો

કે જેણે મદદ કરી છે. તું જ એ છો કે જેણે બાવડામાં શક્તિ આપી છે. તું જ એ છો કે જેણે ટેકો આપ્યો છે, તું જ એ છો કે જેણે મદદ કરી છે, તું જ એ છો કે જેણે તંદુરસ્તી આપી છે, તું જ એ છો કે જેણે ભલાઈ કરી છે, તું જ એ છો જેણે બુઝુર્ગી આપી છે, તારી બરકત અને મહેરબાની મહાન છે. તારા વખાણ હંમેશા હંમેશા માટે છે, તારો શુક્રઅગણિત અને અમર્યાદિત છે, પરંતુ હું એ ગુનેહગાર બંદો છું કે જેને પોતાના ગુનાહોનો સ્વીકાર અને પોતાની ખતાઓનો ઈકરાર કર્યો છે માટે મને માફ કર.

હું એ જ છું જેણે ખરાબ કામો કર્યા છે. હું એ જ છું જેણે ભૂલો કરી છે, હું એ જ છું જેણે ગુનાહોનો ઈરાદો કર્યો છે, હું એ જ છું જેણે અજ્ઞાનતાથી કામ લીધું છે. હું એ જ છું જેણે ભૂલભર્યું વર્તન કર્યું છે, હું એ જ છું જેના ઉપર ભૂલો છવાઈ ગઈ છે. હું એ જ છું જેણે ઈરાદાપૂર્વક ગુનાહ કર્યા છે. હું એ જ છું જેણે જાણીજોઈને ખોટા કદમો ઉઠાવ્યા છે, હું એ જ છું જેણે બેશુમાર વાયદાઓ કર્યા છે, હું એ જ છું જેણે વાયદાઓ પાળ્યા નથી. હું એ જ છું જેણે વાયદાને તોડયા છે, હું એ જ છું જેણે બૂરાઈનો ઇકરાર કર્યો છે, હું એ જ છું જેણે એ વાતનો પણ સ્વીકાર કર્યો છે કે નેઅમતો મારા ઉપર ઊતરતી રહી છે અને હજુ પણ મારી પાસે જ

છે. પરંતુ, હું બરાબર ગુનાહોમાં સપડાએલો છું.

મને માફ કરી દે કે મારા જેવા બંદાઓના ગુનાહોથી તારૂં કંઈ નુકશાન નથી થતું. તું દરેકની ઈબાદતથી બેનિયાઝ, દરેક સારાં કાર્યો કરનારને તારી તૌફીક અને મદદથી સહારો પણ આપતો રહે છો. બધા વખાણ તારા માટે છે. મારા સરદાર! તેં મને હુકમ કર્યો તો મેં તેની અવગણના કરી છે અને મનાઇ કરી મેં તેનું અનુસરણ કર્યું. હવે મારી પાસે મુક્તિ માટે કોઈ બહાનું નથી અને અઝાબને દૂર કરવા માટે કોઈ શક્તિ પણ નથી. કેવી રીતે તારો સામનો કરૂં અને કોના સહારાથી તારી બારગાહમાં હાજર થાઉ? અય મારા મૌલા! આ કાનના સહારે કે આ આંખના મારફતે, આ જીભના સહારે કે તે દિલના સહારે આ હાથોની મદદથી કે આ પગોના સહારાથી? આ બધી તો તારી જ નેઅમતો છે અને તે બધાથી તો મેં તારા ગુનાહ કર્યા છે. આ બધા તો મારી વિરૂદ્ધ તારી હુજ્જતો અને દલીલો છે.

અય કે જેણે મારી બૂરાઈઓને મારા મા-બાપથી છુપી રાખી જેથી તેઓ મને હાંકી ન કાઢે. સમાજ અને કુટુંબથી પણ છુપા રાખ્યા છે જેથી તેઓ મારી મદદ કરે અને બાદશાહોથી પણ છુપી રાખી જેથી તેઓ મને સઝા ન કરે. જો તેઓ તારી જેમ આ બધી હરકતો જાણી જતે તો

એક પળની પણ મોહલત ન આપતાં અને મારી સંપૂર્ણ અવગણનાજ કરી દેત. બલ્કે મારી સાથેના સંબંધો તોડી નાંખતે. હવે હું તારી બારગાહમાં સાચા દિલથી અને નમ્રતા અને વિનયપૂર્વક અને મારી હલ્કી અને અપમાનિત હાલતમાં હાજર છું. મુક્ત થવા માટે ન કોઈ બહાનું છે ન તો બચાવનાર કોઈ શક્તિશાળી સહારો છે. ન મારી પાસે કોઈ દલીલ છે જેનાથી હું દલીલ કરી શકું અને ન એમ કહી શકું કે આ ગુનાહ મેં નથી કર્યા અથવા આ બૂરાઈ મારાથી નથી થઈ. હું તો ઈન્કાર પણ નથી કરી શકતો. ઈન્કાર કરું તો પણ શું ફાયદો થશે! જ્યારે બધા અંગ-ઉપાંગો મારી વિરૂધ્ધ સાક્ષી આપવા તૈયાર છે અને મને પોતાને પણ એ વાતની ખાતરી છે કે એમાં કોઈ શંકા નથી કે તું આ મોટાં મોટાં કામોના બારામાં જરૂર સવાલ કરીશ. તું હાકિમ અને ઈન્સાફ કરવાવાળો છે. તારે ત્યાં ઝુલ્મને અવકાશ નથી. મારા માટે તો ઈન્સાફ અને ન્યાય પણ વિનાશવાળો છે. (હું તારા અદલ અને ઈન્સાફથી પનાહ માંગું છું અને માત્ર તારા ફઝલ અને કરમનો મામલો ચાહું છું.)

તું જો અઝાબ પણ કરીશ તો મારા ગુનાહોનું પરિણામ હશે કેમકે તારી હુજ્જત પૂરી થઈ ચૂકી છે. જો માફ કરી આપીશ તો તે તારી દયા, ઉદારતા અને મહેરબાનીનું

પરિણામ હશે. તારી સિવાય કોઈ માઅબૂદ નથી તું પાક અને બેનિયાઝ છો અને હું ઝુલ્મ કરનારાઓમાંથી છું.

તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું માફી માંગનારાઓમાંથી છું. તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું તોહીદનો કલમો પઢવાવાળામાંથી છું તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું ભયભીત છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું ધ્રુજારીથી ભરપૂર છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું ઉમેદવારોમાંથી છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું અપેક્ષા રાખનારામાંથી છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું તારા એક હોવાનો ઈકરાર કરનારામાંથી છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો હુ મુશ્તાકોમાંથી છુ, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું લાઇલાહ ઇલ્લાહ કહેવાવાળાઓમાંથી છુ. તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું તારી તસ્બીહ કરનારામાંથી છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને હું મહાનતાનો સ્વીકાર કરનારામાંથી છું, તારા સિવાય કોઇ માઅબૂદ નથી તુ પાક છો અને મારા બાપ દાદા સૌનો પરવરદિગાર છો.

અય અલ્લાહ! આ મારા વખાણ અને પ્રસંશા તારી મહાનતાના સ્વીકાર સાથે છે અને આ મારી નિર્મળ વાતો તારા એક હોવાના સ્વીકારની સાથે છે. હું તારી નેઅમતોનો એક એક કરીને સ્વીકાર કરૂં છું અને પછી હું એ પણ સ્વીકાર છું કે કોઈ તેની ગણતરી નથી કરી શકતું. તેનો વધારો જાહેર છે. મારા જન્મ પહેલાથી તારી નેઅમતોનો સિલસિલો જ શરૂ છે જે દિવસે તેં મારૂં સર્જન કર્યું અને મારા જીવનની શરૂઆત કરી હતી. તે નેઅમતો એ છે કે ફકીરીમાં બેનિયાઝી આપી છે, નુકશાનોને દૂર કર્યું છે અને સાનુકૂળતાની વ્યવસ્થા કરી છે. સખ્તીઓને દૂર કરી છે, દુ:ખ અને દર્દને હાંકી કાઢ્યા છે. શરીરમાં શક્તિ આપી છે, દીનમાં સલામતી આપી છે, અને આ નેઅમતો એવી બેહિસાબ છે કે જો શરૂથી અંત સુધીના લોકો મારી મદદ કરે અને જો હું તેનો હિસાબ કરવા ચાહું તો પણ ન કરી શકું. તું પાક, પાકીઝા, ઉચ્ચ અને સૌથી વધીને છો, તું મહેરબાની કરનાર રબ, મહાન અને રહીમ છો, તારી નેઅમતોની ગણતરી નથી. તારા વખાણ અને પ્રશંસાની હદ સુધી કોઈ પહોંચી શકતું નથી. -મોહમ્મદ (સ.અ.વ.) અને તેની આલ ઉપર તારી રહેમત મોકલ- અને મારી ઉપર તારી નેઅમતો સંપૂર્ણ કરી દે અને તારી તાબેદારીથી નેકબખ્ત બનાવી દે કે તું પાક,

પાકીઝા, એક અને સાથીદાર વગરનો છો.

અય અલ્લાહ! તું પરેશાન હાલ લોકોની દુઆને કબૂલ કરે છો, બૂરાઈઓને દૂર કરે છો, અત્યાચાર પામેલાઓની ફરિયાદને સાંભળે છો. બીમારોને તંદુરસ્તી આપે છે. ફકીરોને ધનવાન બનાવે છો. તૂટેલાને જોડે છે, બાળકો ઉપર રહેમ કરે છો, મોટાંઓને ઝડપથી મદદ પહોંચાડે છો, તારા સિવાય કોઈ મદદગાર નથી. તારાથી કોઈ વધુ તાકત ધરાવતો નથી, તું ઉચ્ચ અને મહાન છો.

અય પગથી ગળા સુધી સાંકળથી બંધાએલા કૈદીને મુક્ત કરનાર, અય નાના બાળકોને રોઝી આપનાર, અય ભયભીત રક્ષણ ચાહનારને રક્ષણ આપનાર, અય તે ખુદા જેનો કોઈ ભાગીદાર કે વજીર નથી. મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) અને તેની પાક આલ ઉપર રહેમત મોકલ અને આજની સાંજે મને એ બધું આપ જે તેં કોઈપણ નેક બંદાને આપ્યું છે, જાહેર નેઅમતોનો સિલસિલો, છુપી નેઅમતોમાં વધારો, બલાઓથી મુક્તિ, દુઃખ અને દર્દનો નાશ, દુઆઓનો સ્વીકાર, નેકીઓની કબૂલાત, બૂરાઈઓને છુપાવવી વગેરે. તું સૂક્ષ્મદર્શી છો અને જ્ઞાની પણ છો અને દરેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છો. જેને જેને પોકારવામાં આવે છે તેમાં તું

સૌથી વધુ નઝદીક છો. જે જે 'લબ્બયક' કહેનારા છે તેઓમાં તું બહેતરીન દુઆ કબૂલ કરનાર છો અને જલ્દી દુઆ કબૂલ કરનાર છો માનવંત માફ કરનાર છો વધુ ઉદારતાપૂર્વક આપનાર છો અને જેની પાસે માંગવામાં આવે તેઓમાંથી બહેતરની સાંભળનાર છો અને દુનિયા અને આખેરતનો રહેમાન અને રહીમ છે. તારી જેવો કોઈ સવાલ કરવાને લાયક નથી અને તારી સિવાય આશાનું કોઈ સ્થાન નથી. મેં તને પોકાર કરી તો તેં સ્વીકારી લીધી. તારી પાસે માંગ્યું તો તેં આપી દીધું. તારી પાસે ઈચ્છા જાહેર કરી તો તે રહેમ કર્યો. તારા ઉપર ભરોસો કર્યો તો તેં મુક્તિ આપી. તારૂં રક્ષણ માંગ્યું તો તું એકલો જ પૂરતો થઈ ગયો.

અય અલ્લાહ! તારા બંદા, તારા રસૂલ અને નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અને તેની પાક અને પવિત્ર આલ ઉપર રહેમત મોકલ અને અમારા માટે તારી નેઅમતો સંપૂર્ણ કરી દરેક નેઅમતને મનપસંદ બનાવી દે અને અમારૂં નામ શુક્ર કરનારા અને યાદ રાખનારામાં ઉમેરી દે. આમીન, યા રબ્બલ આલમીન!

અય અલ્લાહ! જેની સત્તા અને સત્તાની સાથે કુદરત (તાકાત) અને કાબૂ પણ છે. જેણે ગુનાહોને છુપાવ્યા છે, માફી માગનારાઓને માફી આપી છે. એ માગનાર અને

ઈચ્છા કરનારની અંતિમ જગ્યા, આશા રાખનારની આશાનું સ્થાન, દરેક વસ્તુ ઉપર જ્ઞાન ધરાવનાર અને માફી માંગનારા ઉપર રાહત, રહેમત અને દયા દેખાડનાર, અય અલ્લાહ! અમે આ સાંજના સમયે તારી તરફ ધ્યાન ધરીને બેઠા છીએ સર્જનના તને ગુણવાળો અને મહાન માન્યો છે. અમારા વસીલા, તારા રસૂલ, તારા સર્જનના ચૂંટાએલા બંદા, તારી વહીના અમીન, તારા સવાબની ખબર આપનાર, તારા અઝાબથી ડરાવનાર અને પ્રકાશિત પયગંબર જેના મારફતે તેં મુસલમાન બંદાઓને નેઅમતો આપી અને તેને દુનિયાઓ માટે રહેમત બનાવ્યા છે.

અય અલ્લાહ! મોહમ્મદ (સ.અ.વ. ) અને તેની પવિત્ર આલ ઉપર એવી રહેમત મોકલ જેને તેઓ લાયક છે. એ મહાન ખુદા! હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અને તેની પાક અને પાકીઝા આલ ઉપર રહેમત મોકલ અને તારી માફી અને ક્ષમા મારફતે અમારા ગુનાહોને છુપાવ.

તારા તરફ જુદી જુદી ભાષાના અને અવાજોમાં ફરિયાદ બુલંદ છે, માટે આજની સાંજે મને દરેક તે નેઅમતનો ભાગીદાર બનાવ, જેને તું તારા બંદાઓને વહેંચી રહ્યો છે અને જે રહેમતને ફેલાવી રહ્યો છે અને જે બરકતો મોકલી રહ્યો છે અને જે તારી દયાના પોશાકથી છુપાવી રહ્યો છે

અને મારી રોઝીમાં વધારો કરી રહ્યો છે. અય બહેતરીન રહેમ કરનાર.

અય અલ્લાહ! હું પાછો ફરૂં તો સફળતા સાથે, મુક્તિ પામેલ, નેક કાર્યો સાથે ફાયદાઓ મેળવીને બુલંદી સાથે પાછો ફરૂં. મને તારી રહેમતથી નિરાશ ન કરતો અને તારી રહેમતથી ખાલી ન રાખતો. મારી આશાઓ મહરૂમીનો શિકાર ન થવા પામે અને મને તારા ફઝલ અને કરમથી જુદો ન રાખજે. જે મેળવવાની આશા રાખું છું તેનાથી નિરાશ ન કર. તારી બારગાહમાંથી મેળવ્યા વગર પાછો ન ફરૂં. તારા દરવાજેથી હટાવી ન દેતો. તું શ્રેષ્ઠ બક્ષિસ કરનાર અને સૌથી વધુ દયા કરનાર છે, હું તારા તરફ સંપૂર્ણ વિશ્વાસપૂર્વક ધ્યાન ધરૂં છું અને તારા આદરણીય ઘરનો દિલથી ઈરાદો કરેલ છે, આ મનાસીકમાં મારી મદદ કર. મારી હજને સંપૂર્ણ કરાવ. મારા ગુનાહોને બક્ષી આપ અને મારી ભૂલોને માફ કર. મેં તારી બારગાહમાં એ હાથ ફેલાવ્યો છે જેના ઉપર અપમાન અને હલ્કાઈની નિશાની લાગેલી છે. અય અલ્લાહ મેં જે માંગ્યું છે તે મને આજની સાંજે આપી દે અને જે કામના માટે પોકાર કર્યા છે તેના માટે પૂરતો થઇ જા. તારી સિવાય બીજુ કોઈ પૂરતુ થઇ શકે તેમ નથી અને તારી સિવાય બીજે કોઈ પરવરદિગાર પણ નથી. તારો હુકમ

સર્વત્ર છે અને તારૂં જ્ઞાન ચારે તરફ છે. અમારા માટેનો તારો ફેંસલો ઈન્સાફ ઉપર આધારિત છે. અમારા હકમાં ભલાઈનો ફેસલો કર અને અમને નેક કિરદાર લોકોની સાથે મેળવી દે.

અય માઅબૂદ! તારી ભલાઈ અને મહેરબાનીથી અમારા માટે શ્રેષ્ઠ લાભ, સવાબના સૌથી વધુ સારા ખજાના અને કાયમ માટેની રાહતના માર્ગને જરૂરી બનાવી દે. અમારા ગુનાહોને માફ કરી આપ. અમને હલાક થઈ જનારાઓ સાથે હલાક ન કરજે. તારી રહેમત અને રાહતના વહેણને અમારી સામેથી ન ફેરવી લે કે તું શ્રેષ્ઠ રહેમ કરનાર, ભલાઈ કરવાવાળો અને ક્ષમા કરનાર છો.

અય અલ્લાહ! આ સમયે મારી એ લોકોમાં ગણતરી કર જેઓની માંગણીઓ તેં સ્વીકારી અને જેઓના શુક્ર કરવાથી વધારો કર્યો છે. જેઓની તૌબા કબૂલ કરી છે અને જેમણે ગુનાહોથી તેઓએ માફી માંગી તો તેઓને માફ કર્યા છે. એ જલાલ અને ઈકરામવાળા! અય અલ્લાહ! અમને પાકીઝા બનાવી દે, અમારી મદદ કર, અમારી આજીજીઓને સ્વીકાર, એ સર્વશ્રેષ્ઠ સવાલો પૂરા કરનાર અને સૌથી વધુ રહેમ કરનાર. જેનાથી રહેમની દરખ્વાસ્ત કરવામાં આવે છે. અય તે ખુદા જેના માટે પાંપણોનું ફરકવું અને આંખોના ઈશારા છુપા નથી. જે દિલોમાં છુપાએલા રાઝોને પણ જાણે

છે અને સીનામાં છુપાએલા રહસ્યોને પણ જાણે છે, તેના ઇલ્મે દરેક ચીઝને ઘેરેલ છે, અને તેનુ હિલ્મ દરેક ચીઝ કરતા વિશાળ છે. તું પાક અને બેનિયાઝ છો અને વિરોધીઓના કથનો અને કલ્પનાઓથી ઘણો વધુ ઉચ્ચ અને વધીને છો. સાતેય આસમાનો બધી જમીનો અને બંનેના સર્જનો બધા તારી તસ્બીહ કરી રહ્યા છે. સૃષ્ટિનું કણેકણ તારી તસ્બીહ કરવાની ઈચ્છુક છે. પ્રશંસા તારા માટે છે અને બુઝુર્ગી અને ઉચ્ચતા તારા જ માટે છે. તું જલાલ અને ભલાઈઓનો ધણી અને મહેરબાની અને મોટી મોટી નેઅમતોનો માલિક છો. તુ બક્ષિસ આપનાર ઉદાર છો અને તું બક્ષિસ કરનાર રહેમાન અને રહીમ છો.

અય અલ્લાહ! અમારા માટે હલાલ રોઝીમાં વધારો કર, અમારા શરીર અને દીન બંનેમાં મદદ કર. અમોને ભયમાં સલામતી આપ, અમારી ગરદનોને જહન્નમની આગથી મુક્ત કર. અય અલ્લાહ! અમને અમારા કાર્યોનું નિશાન ન બનાવ અને તારા અઝાબમાં ધીરે ધીરે ખેંચી ન લે. અમો ભૂલમાં ન રહેવા પામીએ અને જિન્નાત અને ઈન્સાનના જૂઠ અને બૂરાઈને અમારાથી દૂર કર.

(તે પછી હઝરતે સર મુબારક આસમાન તરફ ઊંચું કર્યું, એવી સ્થિતિમાં કે પવિત્ર આંખોમાંથી આંસુ સતત

રીતે વહી રહ્યા હતા અને જીભ ઉપર આ ફકરો હતો.)

અય બહેતરીન સાંભળનાર અને અય બહેતરીન ધ્યાન રાખનાર, અય ઝડપી હિસાબ કરનાર, અય બહેતરીન રહેમ કરનાર, મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) અને તેમની પવિત્ર આલ ઉપર રહેમત નાઝિલ કર. અય અલ્લાહ! હું તારી પાસે એવી હાજત માંગું છું જો તું તેને પૂરી કરી દે, તો બાકી ચીજો ન આપવી પણ નુકસાનકારક નહિં હોય. જો તેને રદ કરી દીધી તો બાકી બધી ચીજે આપી દેવી પણ ફાયદારૂપ નહિં થાય. તે એ છે કે મને જહન્નમની આગથી મુક્ત કરી દે કે તારી સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી. તું એક અને ભાગીદાર વગરનો છો. તારા માટે જ વખાણ છે. તારા જ માટે મુલ્ક અને તું જ દરેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છો અને તારા ઈખ્ત્યારમાં છે. અય રબ! અય રબ! અય રબ! અય રબ! અય રબ! અય રબ! અય રબ! અય રબ! અય રબ! અય રબ!

અય અલ્લાહ! હું મારી માલદારીમાં પણ ફકીર છું, તો ગરીબીમાં કેવી રીતે ફકીર ન હોવ? મારા જ્ઞાન પછી પણ હું અજ્ઞાની છું, તો અજ્ઞાનતામાં કઈ રીતે જાહીલ ન હોવ?

તારી તદબીરોના નવા રંગો અને તારી નક્કી કરેલી

તબ્દીલીએ તારા માઅરેફતવાળા બંદાઓને તે બે વાતોથી રોકી રાખ્યા છે કે ન કોઈ ઉદારતાથી સાંત્વન મેળવે છે અને ન કોઈ બલાથી નિરાશ થવા પામે છે. ઇલાહી! મારી તરફથી એ બધુ છે જે મારી અપમાનીત અવદશાને લાયક છે, પરંતુ તારી તરફથી એવી ઉમ્મીદ છે જે તારી મહેરબાનીઓને શોભે તેવુ હોય જો કે મારી કમજોરીના અસ્તિત્વ પહેલાં તેને પ્રદર્શિત કર્યું છે, તો શું મારી કમજોરી જાહેર થયા પછી તેને રોકી લેશે? અય અલ્લાહ જો મારી નેકી જાહેર થઈ હોય તો તે તારી જ મહેરબાનીનું પરિણામ છે અને જો બૂરાઈઓ જાહેર થઈ હોય તો તે તારા અદલ (ઇન્સાફ) સાથે સંકળાયેલ છે અને તેના ઉપર તારી હુજ્જત તમામ છે. અય અલ્લાહ! જો તું મારો પોષણ કરનાર છો તો પછી મને બરબાદ કેવી રીતે કરીશ. જો તું મારો મદદગાર છે તો હું કેવી રીતે નાઉમ્મીદ થઈશ? તું મારા હાલ ઉપર મહેરબાન છો તો નિરાશા અને નિષ્ફળતાનું કારણ શું છે! હવે હું મારી ફકીરીનો જ વાસ્તો આપું છું, પરંતુ તેને કેવી રીતે વાસ્તો બનાવું જેની બારગાહ સુધી પહોંચવાનો સવાલ જ નથી. હું મારી હાલતની ફરિયાદ કેવી રીતે કરૂં? તું પોતે જ વધુ સારી રીતે જાણે છો, મારી જીભથી કઈ રીતે તરજૂમો કરૂં? તારા ઉપર સ્વયં જાહેર અને સ્પષ્ટ છે તો કઈ રીતે મારી આશાઓને નિરાશ કરીશ.

જો કે તે તારી જ મહેરબાનીની બારગાહમાં રજૂ કરવામાં આવી છે અને કેમ મારી હાલતની સુધારણા નહિ કર કારણ કે મારૂં ટકી રહેવું તારી જ જાત સાથે સંકળાએલ છે.

ખુદાયા! મારી આટલી મોટી અજ્ઞાનતા છતાં તું મારા ઉપર કેટલો મહેરબાન છો! અને મારા બૂરામાં બૂરા કૃત્યો છતાં તું મારા ઉપર કેટલો દયાળુ છો! ખુદાયા! તું મારાથી કેટલો બધો નજદીક છો અને હું તારાથી કેટલો બધો દૂર છું! જ્યારે તું આટલો બધો મહેરબાન છો તો પછી હવે આપણી વચ્ચે કોણ અવરોધરૂપ બની શકે છે? ખુદાયા! સમયના ફેરફારોથી હું માત્ર એટલું સમજ્યો છું કે, તું દરેક રંગમાં દરેક રીતે પોતાને પ્રગટ કરવા ચાહે છે, જેથી હું કોઈપણ રીતે અજ્ઞાની ન રહી જાઉં, અને દરેક સ્થિતિમાં તને ઓળખી શકું.

ઇલાહી! જ્યારે મારી તુચ્છતા મારી જીભને બંધ કરવા ચાહે છે ત્યારે તારો કરમ (કૃપા) તેમાં વાચા પેદા કરી દે છે અને મારી હાલત અને સ્થિતિ સંજોગ મને નિરાશ કરવા માંગે છે ત્યારે તારા અહેસાનો મને પુનઃ આશાવાદી બનાવી દે છે. ખુદાયા! હું, કે જેની નેકીઓ પણ બૂરાઈઓ જેવી છે, તો તેની બૂરાઈઓ કેવી હશે! હું કે જેની હકીકતો માત્ર પોકળ દાવા જેવી છે, તો તેના દાવાઓ કેવા હશે!

ઇલાહી! તારા હુકમ અને કૃપાળુ મશીય્યતે કોઈને માટે બોલવાનો મોકો બાકી નથી રાખ્યો, તેમજ ન કોઈને કોઈ એક જ સ્થિતિ ઉપર બાકી રહેવા દીધા છે. કેટલીયવાર મેં ઈતાઅતનો પાયો નાંખ્યો અને સંજોગોને દઢ બનાવ્યા, પણ તારા અદલ અને ઈન્સાફ ના ડરે મારા ભરોસાનો ભૂક્કો બોલાવી દીધો અને પછી તારી દયા અને રહેમે મને સહારો આપ્યો. ઇલાહી! તું જાણે છો કે તારી ઇતાઅતના કાર્યને યોગ્ય રીતે આગળ નથી વધાર્યુ પરંતુ મારા દિલમાં આગળ વધારવાની તમન્ના છે. તું જ એ છો કે તારા દોસ્તોના દિલોમાં તારા નૂરનો પ્રકાશ પેદા કર્યો તો તેઓ તને ઓળખવા લાગ્યા અને તારા એક હોવાનો સ્વીકાર કરવા લાગ્યા. તું જ એ છો કે જેણે પોતાના મહેબૂબના દિલોમાંથી બીજાઓને બહાર કાઢી નાંખ્યા તો હવે તારા સિવાય કોઈને ચાહનારા નથી અને કોઈનું રક્ષણ નથી માંગતા. તેં તે સમયે મોહબ્બતનો સામાન મેળવી આપ્યો જ્યારે આખી દુનિયામાં ભય ફેલાયેલો હતો. તેં આ રીતે હિદાયતના બધા માર્ગો પ્રકાશિત કરી દીધા.

ઇલાહી! જેણે તને ગુમાવી દીધો તેણે મેળવ્યું શું? જેણે તારા બદલે બીજા કોઈની શોધ કરી તો તે નિરાશ થઈ ગયો અને જેણે તારાથી મોઢું ફેરવી લીધું તે નુકશાનમાં રહ્યો.

તારા સિવાય બીજાથી આશા જ કેમ કરાય, જ્યારે તેં અહેસાનનો સિલસિલો રોક્યો નથી. તારા સિવાય બીજા પાસે માંગવામાં જ કેમ આવે, જ્યારે તારા ફઝલ અને કરમની આદતમાં ફેર નથી પડ્યો.

ઈલાહી! જેણે પોતાના દોસ્તોને પ્રેમ અને મોહબ્બતની મીઠાશની મજા ચખાડી દીધી છે તો તેની બારગાહમાં હાથ ફેલાવીને ઊભા છે અને પોતાના અંબિયાઓને ભયનો પોશાક પહેરાવી દીધો છે, તો તેની સામે માફી માંગવા માટે તૈયાર છે. તું તમામ યાદ કરનારાઓથી પહેલો યાદ કરનાર છો અને તમામ માંગનારાઓથી પહેલો આપી દેનાર છો અને પછી મહેરબાની ઉચ્ચત્તર મહેરબાની છે કે તું પોતે આપીને કરજની માંગણી કરે છો.

અય અલ્લાહ! મને તારી રહેમતના દરવાજેથી બોલાવ, જેથી હું તારી બારગાહ સુધી પહોંચી જાવ. મને તારા અહેસાનના સહારાથી તારી તરફ ખેંચી લે, જેથી હું તારી તરફ ધ્યાન આપું. અય અલ્લાહ! હું હજાર ગુનાહ કરૂં, પરંતુ મારી આશા તારાથી તૂટવાની નથી અને હું લાખ તાબેદારી કરૂં પરંતુ તારા જલાલથી મારો ડર ખતમ થનાર નથી. બધા દુઃખોએ મને તારી તરફ ધકેલી દીધો છે અને તારા ફઝલ અને કરમની જાણકારીએ મને તારી તરફ ખેંચી

લીધો છે. અય અલ્લાહ! જ્યારે તું મારી આશા છો તો હું નિરાશ કેવી રીતે થઈ જાવ અને જ્યારે તારા ઉપર ભરોસો છે તો હું અપમાનિત કઈ રીતે થઈ શકું છું. જો તેં મને હલ્કાઈમાં નાંખી દીધો તો માનવંત કેવી રીતે બનીશ. જો તેં પોતાનો બનાવી દીધો તો ઝલીલ કેમ થઈશ.

ઈલાહી! હું કેવી રીતે ફકીર ન બનું કે તેં ફકીરોની વચ્ચે રાખ્યો છે. કેવી રીતે ફકીર રહીશ જ્યારે તેં તારા ફઝલ અને કરમથી ગની બનાવી દીધો છે. તારી સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તેં પોતાને દરેકથી ઓળખાવી દીધો તેથી હવે કોઈ તને ઓળખ્યા વગરનું નથી. મારા માટે એ પણ સ્પષ્ટ અને ખુલ્લું થઈ ગયું છે કે મને તારો પ્રકાશ દરેક ક્ષણે દેખાય છે. તું હકીકતમાં દરેકના માટે જાહેર અને પ્રકાશિત છો.

અય અલ્લાહ! જેણે પોતાના રહેમથી દરેક ચીજ ઉપર કબ્જો કરી લીધો તો મહાન અર્શ પણ તેની જાતમાં ગુમ થઈ ગયો. તે અસ્તિત્વના નિશાનોને બીજા નિશાનો મારફત નાબૂદ કરી દીધા છે અને બીજાઓને નૂરના વાદળોમાં ડુબાડી દીધા.

અય તે ખુદા! જે અર્શના પર્દામાં એ રીતે છુપાએલો છે કે દ્રષ્ટિ તેને જોવા માટે તલ્સી ગઈ અને પ્રકાશના કમાલથી

એ રીતે પ્રકાશિત થયા કે તેની મહાનતા દરેક વસ્તુ ઉપર છવાઈ ગઈ.

તું કેવી રીતે છુપાઈ શકે છે જ્યારે દરેક વસ્તુમાં તારો ઉદય છે અને કેવી રીતે ગાયબ થઈ શકે છે જ્યારે દરેકની સામે રહીને તેના આમાલનું ધ્યાન રાખે છે. તું દરેક વસ્તુ ઉપર શક્તિમાન છો અને બધી પ્રશંસા તારી વાજિબ જાતના માટે છે.

---

માનવંતા મોઅમીનો અરફાના છેલ્લા દિવસે આ બે ફિકરાઓને જરૂર દોહરાવે અને મહેસૂસ કરે કે ઈસ્લામના હાદીઓએ પોતાના ચાહવાવાળાને તૌબા અને ઈસ્તેગફારની કેવી કેવી રીતોની તાલીમ આપી છે, જેની દુનિયાના સુલ્તાનોને કલ્પના સુદ્ધાં નથી.

(૧) પરવરદિગાર! મારા ગુનાહોથી તારૂં કંઈ નુકસાન નથી અને મને માફ કરી દેવાથી તારે ત્યાં કોઈ કમી પેદા થશે નહિં. તેથી જે ચીજથી તારે ત્યાં કમીનો ભય નથી તે આપી દે અને જે ચીજથી તારૂં નુકસાન નથી તેને માફ કરી દે.

(૨) અય અલ્લાહ! મારી બૂરાઈઓના કારણે મને તારી નેકીઓથી મહેરૂમ ન કર અને જો મારા રંજ અને દુઃખ

ઉપર રહેમ ન પણ કર તો ઓછામાં ઓછું મને મુસીબતમાં ઘેરાએલા અને આફતોમાં ફસાએલાનો બદલો આપી દે.

# મનાસિકે હજ
# અને
# હજના મસલાઓ

આયતુલ્લાહ અલી હુસૈની સિસ્તાની સાહેબના
ફતવા મુજબ

દુઆએ અરફા

તથા મક્કા મદીનાની ઝિયારતો સહીત

# મુશ્કેલ શબ્દોનો આસાન તરજુમો

અકરબ: વધારે નઝદીક

અકવા: મજબૂત દ્રષ્ટિબિંદુ

એઆદા કરવું: ફરીથી બજાવી લાવવું

અજીર: મહેનતાણા પર કામ કરનાર

અઝહર: વધારે સ્પષ્ટ

એહતિયાત: અમલની એ રીત છે, જેનાથી અમલ ખરી રીતે કર્યો છે તેનું યકીન થઈ જાય

એહવત: એહતિયાત પ્રમાણે

ઈશ્કાલ: આ અમલથી શરઈ બોજ ઊતરશે નહિં, તેને અંજામ ન આપવો જોઈએ

ઈશ્તેરાતે તહલ્લુલ: મોહિલ થવાની શરત કરવી

ઈસ્તેતાઅતે બઝલી: કોઈના ખર્ચો આપવાથી પ્રાપ્ત થયેલ ઈસ્તેતાઅત

ઈબાહા: મુબાહ કરવી, બીજા કોઈને ઈસ્તેમાલની ઈજાઝત આપવી

ઈફસાદ: કામનેફાસિદ કરવું - બાતિલ કરવું

ફસ્ખનો ખિયાર: મામલો તોડવાનો ઈખ્તેયાર

હજ્જે મુસ્તકિર: એટલે તેના પર પહેલા વાજિબ થઈ ચૂકી

હોય

હદસે અકબર: એ સ્થિતિ જેમાં નમાઝ માટે ગુસલ કરવું પડે

હદસે અસગર: એ સ્થિતિ જેમાં નમાઝ માટે વઝૂ કરવું પડે

હરામ: દરેક એ કાર્ય જેને તજવું શરીઅતની રૂએ જરૂરી હોય

હિબએ મુતલકા: તે બક્ષિસ જેમાં કોઈ શરત (બંધન) ન હોય

હક્કે હઝાનત: પાલનપોષણનો હક

હઝર: મુસાફરીનું ઉલટું

જાહિલે મુકસ્સિર: તે અજ્ઞાની શખ્સ જેના માટે મસાઈલ શીખવા શક્ય રહ્યા હોય, પણ તેણે આળસ કરી હોય અને જાણી જોઈને મસાઈલ ન શીખ્યા હોય.

જાહિલે કાસિર: મસઅલાથી અજાણ એવો શખ્સ જે કોઈ એવા દૂરના સ્થળે રહેવાને કારણે મસઅલાના હુકમ વિશે જાણકરી પ્રાપ્ત કરવાથી લાચાર હોય

જુનુને દાએમી: હંમેશા દીવાનો રહેવાની સ્થિતિ

જુનુને અદવારી: કદી કદી ગાંડપણનો દોરો પડવો

કસદેકુરબત: અલ્લાહની મરજીથી કરીબ થવાનો ઈરાદો

મનુબ અન્હૂ: જેના તરફથી નાયબ બનાવવામાં આવ્યો હોય

મલબદ: એ શખ્સ જેણે પોતાના વાળોને મધ અથવા ગુંદરથી

ચીપકાવ્યા હોય

મઅકૂસ: એ શખ્સ જેણે પોતાના વાળોને બાંધી અંબોડો બનાવ્યો હોય

મજબૂર: જબીરાવાળી હાલત

મસલૂસ: પેશાબ ન રોકાવાવાળી હાલત

મબ્તૂન: સંડાસ ન રોકાવાવાળી હાલત

મુતલકન: તદ્દન - દરેક હાલતમાં કોઈ બંધન કે શરત વગર

મુસ્તતીઅ: હજની ઈસ્તેતાઅત રાખવાવાળો

મતાફ: તવાફ કરવાની નક્કી જગ્યા

મુનહલ થવું: આપોઆપ ખતમ થઈ જવું

મુકલ્લફ: એવો શખ્સ જેના પર શરીઅતની ઝિમ્મેદારી લાગુ પડે છે જેમકે આકિલ, બાલિગ વગેરા હોય

મવજૂઅ: એ જાનવર જેના અંડકોષ ચોળી નાખ્યા હોય

મુતજર્રી: ગુનાહના અને ખુદાની નાફરમાનીની હિંમત કરનાર

મુસ્તાજર અલયહે: તે અમલ જેના માટે મહેનતાણુ નક્કી થયેલ હોય

મુદ: આશરે ૭૫૦ ગ્રામ - પોણો કિલો

મુરતદ: એ મુસલમાન જેણે દીને ઈસ્લામ છોડી દીધો હોય

મોહરિમ: એહરામવાળો શખ્સ

મોહિલ: એહરામ વગરનો શખ્સ

મિલકીયતે મુતઝલઝલ: એ મિલ્કત જે પાછી લઈ શકાતી હોય

વુકૂફે ઈખ્તેયારી: ઈખ્તેયારવાળી હાલતમાં વુકૂફ

વુકૂફે ઈઝતેરારી: મબજૂરીવાળી હાલતમાં વુકૂફ

ઝાહિર આ છે: ફતવો આ છે.

રિજાઅ: કોઈ અમલને ખુદાને ગમે છે એ આશાએ અંજામ આપવો

ઉજરતુલ મિસ્લ: સામાન્ય સ્થિતિમાં જે ઉજરત આપવામાં આવે છે તે

તજરીદ: કપડા ઊતારવા

તર્કો: મરનારે પાછળ છોડેલ માલ

તકાસ: બીજા ઉપર નીકળતા પોતાના માલને બીજી કોઈ રીતે વાળી લેવું, જેમ કે પોતાની પાસે કોઈ વસ્તુ સામેવાળાની હોય તેને રાખી લેવી વગેરે

સબ: ગાળ આપવી

સફીહ: કમ અકલ - બેવકૂફ - જે પોતાની માલ-મિલકત સાચવી ન શકતો હોય.

યવમે તરવિયા: આઠ ઝિલહજનો દિવસ

તબર્રોઅન: મફત માત્ર સવાબ ખાતર

શૌત: ખાનએ કાબાનો પૂરો ચક્કર; તેનું બહુવચન અશ્વાત

છે. આ શબ્દ સઈના ચક્કરોમાં પણ વપરાય છે.

તદારૂકઃ કમીને પૂરી કરવી (ભૂલાએલ અમલ બજાવી લાવવો)

હિબાઃ તોહફો, ભેટ.

## હજનું વાજિબ હોવું

આગળ આપેલી બધી શરતો ધરાવનાર દરેક મુકલ્લફ પર હજ વાજિબ છે, જે કુરઆન અને યકીની સુન્નતથી પૂરવાર છે.

હજ, દીનના અરકાનોમાંથી એક રૂકન છે અને તેનું વાજિબ હોવું દીનની જરૂરિયાતોમાંથી છે. હજની માન્યતા સ્વીકાર્યા પછી તેને છોડી દેવી ઘણો મોટો ગુનોહ છે. જ્યારે કે ખુદ હજનો ઈન્કાર કરવો, જો કોઈ ભૂલ અથવા ધોકાના કારણે ન હોય, તો કુફ્ર છે.

પરવરદિગારે આલમ કુરઆન મજીદમાં ફરમાવે છેઃ

અને લોકો પર વાજિબ છે કે, માત્ર ખુદાને ખાતર કા'બાના ઘરની હજ કરે, જે ત્યાં સુધી પહોંચવાની ક્ષમતા ધરાવતો હોય અને જેણે ક્ષમતા હોવા છતાં હજનો ઈન્કાર કર્યો, તો ખુદા પૂરા વિશ્વથી બેપરવા છે. (સૂરએ આલે ઈમરાનઃ ૯૭)

શેખ કુલૈની (રહે.) ભરોસાપાત્ર માધ્યમો દ્વારા હઝરત ઈમામ જઅફર સાદિક અ.સ.થી રિવાયત કરેલ છે કે, ઈમામ અ.સ. એ ફરમાવ્યું: જે શખ્સ ઈસ્લામી હજ પઢ્યા વગર મરી જાય, જ્યારે કે તેનું હજ ન પઢવું કોઈ અનિવાર્ય જરૂરત, બીમારી અથવા હુકૂમત તરફથી રૂકાવટના કારણે ન હોય, તો તે યહૂદી અને ઈસાઈની મોતે મર્યો.

આ વિષય પર અસંખ્ય રિવાયતો છે, જે હજના વાજિબ હોવા અને તેની મહત્ત્વતા પુરવાર કરે છે. પણ, ટૂંકમાં રજૂ કરવા ખાતર અમે તેને રજૂ નથી કરતાં અને આપણા આશય માટે ઉપરોક્ત આયત અને રિવાયતને પૂરતી સમજીએ છીએ.

પવિત્ર શરીઅતમાં દરેક મુકલ્લફ પર હજ એક વખત વાજિબ છે. જેને ઈસ્લામી હજ કહેવામાં આવે છે. કેટલીક વખત શક્ય છે કે, હજ એક થી વધુ વાર વાજિબ થઈ જાય. દાખલા તરીકે મહેનતાણુ સ્વીકારી કોઈના વતી નિયાબતમાં હજ કરવા જવી, જેનું વર્ણન આગળ આવશે.

(મસઅલો: ૧) જ્યારે શરતો પૂરવાર થવાના આધારે હજ વાજિબ થઈ જાય તો તરત જ હજ કરવી વાજિબ છે એટલે ઈસ્તેતાઅત (ક્ષમતા) ના પ્રથમ વરસે જ હજ અદા કરવી વાજિબ છે. એટલે જે મુકલ્લફ પ્રથમ વરસે હજ ન કરે

તો બીજા વરસે અંજામ આપે એવી જ રીતે આવતા વરસોમાં જ્યાં સુધી હજ અદા નહીં કરે વાજિબ હોવું બાકી રહેશે. હજના તરત જ વાજિબ હોવાના બે કારણો છે.

૧. જેમ કે આલિમોમાં મશહૂર છે કે વાજિબ તરત જ હોવું શરીઅત મુજબ છે.

૨. એહતેયાતની બિના પર વાજિબ તરત જ હોવું અકલી છે. જેથી વાજિબમાં વગર કારણે ઢીલ કરવાના લીધે અઝાબને પાત્ર ન થાય.

આમાંથી પહેલો પ્રકાર એહવત અને બીજો અકવા છે. એટલે ભરોસો ન હોવા છતાં, કે ભાવિમાં અંજામ આપી દઈશ, જલદી ન કરે તો, પાછળથી અંજામ આપી પણ દે તો ઉદ્ધત ગણાશે અને ન બજાવી લાવવાની સૂરતમાં મોટા ગુનાહોને આચરનાર બનશે.

(૨) જ્યારે હજ વાજિબ થઈ જાય ત્યારે તેની પ્રાથમિક તૈયારીઓ અને સાધનો એવી રીતે ભેગાં કરવા વાજિબ છે કે, હજ તેના નિર્ધારિત સમયે અદા કરી શકાય, જો કાફ્લાઓ અનેક હોય અને ભરોસો હોય કે જેના પણ સાથે જશે હજ થઈ જશે તો મુકલ્લફને અધિકાર છે કે મરજી પડે તેની સાથે જાય, જો કે વધારે સારૂં એ છે કે, વધારે સંતોષકારક કાફલા

સાથે જાય અને આવા (સંતોષકારક) કાફલા સાથે જવામાં ઢીલ કરવી જાઈઝ નથી. સિવાય કે વિશ્વાસ હોય કે બીજો કાફલો મળી જાશે. જેની સાથે જઇ સમયસર હજ અદા કરી શકશે. એવી જ રીતે જમીન, સમંદર કે હવાઈ માર્ગેથી જવા વિશે પણ આ જ હુકમ છે.

(૩) જે ઈસ્તેતાઅત (ક્ષમતા) પ્રાપ્ત થઈ જવા પછી એ જ વરસે હજ પર જવું વાજિબ થઈ જાય અને કોઈ શખ્સ એ યકીન સાથે કે ઢીલ કરવા છતાં આ જ વરસે હજ કરી શકશે; જાવામાં ઢીલ કરે, પરંતુ બનવાજોગ એ જ ઢીલના કારણે હજ ન કરી શકે તો અઝહર એ છે કે હજ તેના ઝિમ્મે સાબિત નહિં થાય. એવી જ રીતે બધા એ મોકાઓમાં જો કોઈ અકસ્માતના કારણે હજ ન કરી શકે તો (હજ તેના ઝિમ્મે સાબિત નહિં થાય), એ શરતે કે તેના તરફથી કોઈ ખામી કે ઢીલ ન થઈ હોય.

## હજ વાજિબ થવાની શરતો

**૧. બલૂગ** (પાકટવય): નાબાલિગ પર હજ વાજિબ નથી. ભલે તે બાલિગ થવાની અણી પર કેમ ન હોય. એટલે જો બાળક હજ કરે તો આ હજ ઈસ્લામી હજ નહીં ગણાય.

જો કે અઝહર એ છે કે તેની હજ સહીહ છે.

(૪) જ્યારે એક બાળક ઘરેથી હજ માટે નીકળે અને મીકાત પર એહરામ બાંધવા પહેલા બાલિગ થઈ જાય અને મુસ્તતીઅ (સક્ષમ) પણ હોય ભલે ઈસ્તેતાઅત એ જ સ્થળે હાંસિલ થયેલ હોય તો ઈશ્કાલ વગર તેની હજ ''ઈસ્લામી હજ'' ગણાશે. એવી જ રીતે એહરામ બાંધવા પછી મુઝદલફામાં વકૂફની પહેલા બાલિગ થાય તો પોતાની હજ તમામ કરે અને અકવા એ છે કે, આ હજ પણ ''ઈસ્લામી હજ'' ગણવામાં આવશે.

(૫) જે કોઈ શખ્સ પોતાને નાબાલિગ સમજી મુસ્તહબ હજ કરે અને હજ પછી અથવા હજ દરમિયાન ખબર પડે કે તે બાલિગ હતો તો આ જ 'ઈસ્લામી હજ' ગણાશે એટલે તેને પૂરતી સમજે.

(૬) સમજદાર બાળક પર હજ કરવી મુસ્તહબ છે, પરંતુ બઈદ નથી કે આ હજ સહીહ હોવા માટે વાલીની ઈજાઝતની શરત હોય. જેમ કે ફકીહો દરમ્યાન આ (ઇજાઝતનું જરૂરી હોવું) મશહૂર છે.

(૭) બાલિગ શખ્સની હજ સહીહ હોવામાં મા-બાપની ઈજાઝતની તદ્દન શરત નથી. પરંતુ તેના મુસ્તહબ હજ પર

જવાથી મા અને બાપ અથવા બેમાંથી કોઈ એકને દુ:ખ થતું હોય, દાખલા તરીકે રસ્તાના એ ખતરાઓ જે તેને નડી શકે છે તેનાથી ડરતા હોય અને તે કારણે તેમને દુ:ખ થતું હોય તો એ શખ્સ માટે (ઉપરોક્ત) ઝિક્ર થયેલ હજ પર જાવું જાઈઝ નથી.

(૮) અણસમજુ બાળક અથવા બાળાના વાલી માટે મુસ્તહબ છે કે, તે તેઓને હજ કરાવે, એવી રીતે કે તેનું એહરામ બાંધે, તેને તલબીયા પઢાવે અને જો તે બાળક કે બાળા તલકીન લાયક હોય તો તેને તલકીન કરે અને જો તે બોલી ન શકે તો પોતે તેના વતી તલબીયા કહે અને એહરામવાળા શખ્સે જે જે ચીઝોથી બચવું વાજિબ છે તે ચીઝોથી તેમને બચાવે. વલી માટે જાઈઝ છે કે, જો તે ફખના રસ્તેથી જઈ રહ્યો હોય તો ફખના સ્થળ સુધી બાળકના સિવેલા કપડા અથવા જે સિવેલા કપડાંના હુકમમાં આવતા હોય, ઉતારવામાં વિલંબ કરે. હજના કાર્યોમાંથી જેને આ બાળક કે બાળા અંજામ આપી શકતા હોય તેને અંજામ આપવાનું કહે અને જે અંજામ ન આપી શકતા હોય તેને વલી પોતે તેની નયાબતમાં અંજામ આપે. તેને તવાફ કરાવરાવે, સફા અને મરવા વચ્ચે સઈ કરાવરાવે. અરફાત અને મશઅરમાં વકૂફ કરાવરાવે. જો બાળક કે બાળા રમી

(કાંકરા મારવા) કરવા પર શક્તિમાન હોય તો તેને રમી કરવાનું કહે અને જો શક્તિમાન ન હોય તો તેના તરફથી પોતે રમી કરે. તવાફની નમાઝ પઢે, તેનું માથું મૂંડે અને બીજા આમાલનો પણ આ જ હુકમ છે.

(૯) અણસમજુ બાળકનો વાલી બાળકને એહરામ પહેરાવી શકે છે ભલે પોતે એહરામ બાંધેલ ન હોય.

(૧૦) અઝહર એ છે કે, વાલી જેના પર અણસમજુ બાળકને હજ કરાવવી મુસ્તહબ છે તે એ શખ્સ છે જેની પાસે બાળકની સાર-સંભાળ અને રખેવાળીનો અધિકાર છે. ભલે પછી તે મા-બાપ હોય અથવા કોઈ બીજુ અને જેની વિગત નિકાહના પ્રકરણ'માં અપાએલ છે.

(૧૧) બાળકના હજના ખર્ચાઓ જે વતનમાં રહેવાથી વધારે હોય તો વધારાનો ખર્ચો વલીની જવાબદારી રહેશે, પરંતુ જે બાળકના રક્ષણ ખાતરનો આધાર મુસાફરીમાં લઇ જવા પર જ હોય અને હજના ખર્ચાઓ, મુસાફરીના ખર્ચાઓની સરખામણીમાં વધારે હોય તો બાળકના માલમાંથી મુસાફરીના ખર્ચાઓ લઈ શકાય છે, હજના ખર્ચાઓ નહીં.

(૧૨) અણસમજુ બાળકની કુરબાનીનો ખર્ચો વલીના માથે છે એવી જ રીતે બાળકના શિકારનો કફ્ફારો પણ

વલીના ઝિમ્મે છે. પરંતુ એ કફ્ફારાઓ જે કફ્ફારાઓ અમુક કાર્યોને જાણી જોઈને આચરવાથી વાજિબ થાય છે, ઝાહિર એ છે કે આ બાળકના અંજામ આપવાથી વાજિબ નથી થતાં ભલે બાળક સમજદાર જ કેમ ન હોય. એટલે એ કફ્ફારો ન વલીના ઝિમ્મે છે અને ન બાળકના માલમાં લાગુ પડે છે.

**૨. અકલ**: પાગલ શખ્સ પર હજ વાજિબ નથી. પરંતુ, જેના પર પાગલપણાના દોરા પડતા હોય અને તેને ઠીક રહેવાનો સમય એટલો હોય કે હજના સંબંધી પ્રાથમિક તૈયારીઓ અને હજના આમાલ અંજામ આપી શકતો હોય, અને મુસ્તતીઅ પણ હોય તો તેના પર હજ વાજિબ છે, ભલે બીજા સમયોમાં પાગલ રહેતો હોય. એવી જ રીતે જાણતો હોય કે પાગલપણું હંમેશા હજના દિવસોમાં જ જાહેર થાય છે તો વાજિબ છે કે તંદુરસ્તીની હાલતમાં હજ માટે નાયબ નિયુક્ત કરી લ્યે જે હજના દિવસોમાં તેના તરફથી હજ અંજામ આપે.

**૩. આઝાદી.**

**૪. ઈસ્તેતાઅતઃ** (ક્ષમતા) આમાં કેટલીક ચીઝો જરૂરી છે.

(અ) સમય વિશાળ : એટલે પવિત્ર સ્થળો (મક્કા) એ જવા અને વાજિબ આમાલો બજાવી લાવવા માટે સમય પૂરતો હોય. એટલે જો માલ અને બીજી શરતો એવા સમય પ્રાપ્ત થાય કે મક્કા જાવા અને વાજિબ આમાલ બજાવી લાવવા માટે સમય પૂરતો ન હોય અથવા સમય તો વિશાળ હોય એટલી તકલીફ હોય જે સામાન્ય રીતે સહન ન કરી શકાય, તો હજ વાજિબ નહીં થાય. આ સ્થિતિમાં માલને બીજા વરસ સુધી સાચવવું વાજિબ હોવા વિશે હુકમ મસઅલા નં.: ૩૯ માં આવશે.

(બ) શારીરિક તંદુરસ્તી અને શક્તિ : એટલે જો બીમારી કે વૃદ્ધાવસ્થાના કારણે પવિત્ર સ્થળો (મક્કા) જવાની શક્તિ ન રાખતો હોય અથવા મુસાફરી તો કરી શકતો હોય પણ ત્યાં સખ્ત ગરમીના કારણે એટલો સમય ન રોકાઈ શકતો હોય કે હજના આમાલ અદા કરી શકે અથવા ત્યાં રોકાવું તેના માટે ઘણું કષ્ટદાયી અને તકલીફનું કારણ બનતું હોય તો ખુદ તેના પર હજ પર જવું વાજિબ નથી, પરંતુ મસઅલાનં.: ૬૩ માં આપેલ વિગતો મુજબ નાયબ બનાવવો વાજિબ છે.

(ક) ખુલ્લો અને સલામતી ભર્યો રસ્તો : એટલે માર્ગમાં કોઈ એવી રૂકાવટ અથવા જાન માલનો અને આબરૂનો ખતરો

ન હોય; જેના કારણે મીકાત અથવા બીજા પવિત્ર સ્થાનો સુધી પહોંચવું શક્ય ન હોય. નહિંતર હજ વાજિબ નહિં થાય. આ જાવાનો હુકમ છે, પણ વાપસીનો હુકમ વિગતવાર છે જેની વિગત પાછા આવવાના ખર્ચા જેવી જ છે જે મસઅલા નં. ૨૨માં આવશે. એહરામ બાંધ્યા પછી બીમારી, દુશ્મની અથવા બીજા કોઈ કારણસર મુકલ્લફનું પવિત્ર સ્થળોની ઝિયારતે ન જઈ શકવા વિશે ખાસ હુકમોનો ઉલ્લેખ ઈ.અ. મસદૂર અને મહેસૂરની ચર્ચામાં આવશે.

(૧૩) જો હજ માટે બે માર્ગો હોય. લાંબો સલામતીભર્યો અને ટૂંકો ખતરનાક તો આ સંજોગોમાં હજ સાકિત નહિં થાય. બલ્કે સલામતીભર્યા માર્ગે હજ પર જવું વાજિબ થશે, ભલે એ રસ્તો લાંબો જ કેમ ન હોય. હા, જો લાંબા રસ્તેથી જવા માટે ઘણા બધા શહેરોના ચક્કર લગાવવા પડે અને સામાન્ય રીતે એમ ન કહેવાય કે રસ્તો ઉઘાડો અને સલામત છે, તો તેના પર હજ વાજિબ નથી.

(૧૪) જે કોઈની પાસે પોતાના શહેરમાં માલ હોય જે હજ પર જવાના કારણે નાશ થઈ જશે અને તે માલનું બરબાદ થવું એ શખ્સ માટે ઘણું વધારે નુકસાન કારક હોય તો હજ પર જવું વાજિબ નથી.

જો હજ અદા કરવાથી હજથી વધારે અગત્યની વાજિબ અથવા હજની બરાબર વાજિબ છૂટી જવાનું કારણ બને તો હજને છોડી વધારે અગત્યના વાજિબ કામને અંજામ આપશે અને જો હજના કારણે હજની બરાબર વાજિબ કામ છૂટતું હોય તો મુકલ્લફને અધિકાર છે ચાહે હજ કરે અથવા બીજું વાજિબ કામ. બિલકુલ આવો જ હુકમ છે કે જ્યારે હજને અંજામ આપવું એવા હરામ કામને અંજામ આપવા પર અવલંબિત હોય કે જેનાથી બચવું હજથી વધારે મહત્ત્વનું (હોય તો હજ છોડી દેશે) અથવા હજની બરાબર હોય. (તો પસંદગીનો અધિકાર છે)

(૧૫) જો કોઈ શખ્સ હજના કારણે કોઈ અગત્યનું કામ છૂટી જવા અથવા એવા હરામ કામ કે જેનાથી બચવું હજ કરતાં વધારે અગત્યનું છે, અંજામ આપી હજ કરે તો જો કે આ શખ્સ અગત્યનું વાજિબ છોડવાના અથવા હરામ કામ આચરવાના કારણે ગુનેહગાર થાશે, પણ જાહેર છે કે, તેની હજ ઈસ્લામી હજ ગણાશે એ શરતે કે બાકી બીજી શરતો મોજૂદ હોય. આ હુકમ એ બે શખ્સો વચ્ચે ફરક નથી રાખતો કે જે શખ્સ પર હજ પહેલેથી વાજિબ હતી અથવા તેની ઈસ્તેતાઅતનું આ પહેલું વરસ છે.

(૧૬) જે માર્ગમાં કોઈ દુશ્મન મોજૂદ હોય કે જેને હટાવવા માટે ખર્ચો આપવો પડે અને આ ખર્ચો તેની આર્થિક સ્થિતિ માટે વધારે નુકશાનકારક હોય તો ખર્ચો આપવો વાજિબ નથી અને તેનાથી હજ સાકિત થઈ જશે. આ સિવાયના સંજોગમાં ખર્ચ આપવો વાજિબ થશે. પરંતુ દુશ્મનને રાજી કરવા માટે પૈસા દેવા વાજિબ નથી. જેથી તે રસ્તો ઉઘાડે.

(૧૭) જે હજની મુસાફરી દાખલા તરીકે સમંદરી માર્ગ પર આધારિત હોય અને બુદ્ધિવાનોની નઝદીક આ મુસાફરીમાં ડુબવા, બીમાર પડવા અથવા એવા પ્રકારનો ડર લાગવાનો સંભવ હોય કે જેને સહન કરવું કઠીન હોય અને ઉપાય પણ શક્ય ન હોય તો હજનું વાજિબ હોવું સાકિત થઈ જશે. પરંતુ આમ છતાં જો હજ કરવામાં આવે તો અઝહર એ છે કે, આ હજ સહીહ થશે.

(ખ) **નફકા (ખર્ચી)** જેને વાટ ખર્ચી, વહાન અને ભાતું કહેવામાં આવે છે. ભાતાથી મુરાદ દરેક એ વસ્તુ જેની મુસાફરીમાં જરૂરત પડે છે. દાખલા તરીકે ખાવા-પીવાની વસ્તુ, અથવા બીજી મુસાફરીની જરૂરતો અને વાહનથી મુરાદ સવારીનું સાધન છે. વાટ ખર્ચી અને વાહન માટે જરૂરી છે કે તે ઈન્સાનની હેસિયત પ્રમાણે હોય. એ

જરૂરી નથી કે તેની પાસે જ વાટ ખર્ચી અને વાહન હોય બલ્કે એટલા પ્રમાણમાં માલ (ચાહે રોકડ રકમ અથવા કોઈ બીજા રૂપમાં) હોય જેનાથી તે વાટ ખર્ચી અને વાહન મેળવી શકે તો તે કાફી છે.

(૧૮) વાહનની શરત ત્યારે છે જ્યારે તેની જરૂરત હોય. પરંતુ જે કોઈ શખ્સ કષ્ટ અને શ્રમ વગર પગપાળા જઈ શકતો હોય અને પગપાળા જવું તેના મોભાની વિરૂદ્ધ ન હોય તો પછી વાહનની શરત નથી.

(૧૯) મુસાફરીની જરૂરતો અને વાહનનું ધોરણ એ છે કે હાલમાં મોજૂદ હોય. એટલે કોઈ પણ કારોબાર વગેરે દ્વારા વાટખર્ચી મેળવવા શક્તિમાન હોવા છતાં વાજિબ નથી કે તે કારોબાર દ્વારા વાટ ખર્ચી અને વાહન મેળવે, અને વાહનની શરત હોવામાં તેનું મુકદ્દસ મકામોથી દૂર કે નજદીક હોવાનો કાંઇપણ ફર્ક નથી.

(૨૦) હજના વાજિબ હોવામાં ઈસ્તેતાઅતવાળા હોવાની જે શરત છે તે ઈસ્તેતાઅત એ જગ્યાએથી પ્રાપ્ત થવી જોઇએ જ્યાં ઈન્સાન છે, ન કે તેના વતનથી, એટલે મુકલ્લફ વેપાર અથવા બીજા અન્ય કારણસર કોઈ બીજા શહેર જાય અને ત્યાં મુસાફરીની જરૂરતો અને વાહન અથવા એટલી

રોકડ રકમ હોય કે હજ કરી શકે તો હજ વાજિબ થઈ જશે. ભલે પછી તે પોતાના શહેરમાં હોત તો મુસ્તતીઅ ન બનેત.

(૨૧) મુકલ્લફની કોઈ મિલકત હોય જેને યોગ્ય કિંમતે ખરીદવાવાળો ન મળી રહ્યો હોય અને હજ કરવાનો આધાર તેના વેચાણ પર હોય, તો વેચવી વાજિબ છે, ભલે ઓછી કિંમતે વેચવી પડે. પરંતુ જો ઓછી કિંમતે વેચવું ઘણું નુકશાનકારક હોય તો વાજિબ નથી. જો હજના ખર્ચા આવતા વરસ કરતા ઈસ્તેતાઅતવાળા વરસે વધારે હોય; દાખલા તરીકે આ વરસે વાહનનું ભાડું વધારે હોય તો આ કારણસર આવતા વરસ સુધી હજ મુલતવી રાખવી જાઈઝ નથી. જેમ કે ગત મસઅલાઓમાં બયાન થઈ ચૂક્યું છે કે, હજને ઈસ્તેતાઅતવાળા વરસે જ બજાવી લાવવી જોઇએ.

(૨૨) હજના વાજિબ હોવામાં પાછા ફરવાનો ખર્ચ હોવો ત્યારે શરત છે જ્યારે હાજી પોતાના વતનમાં પાછો ફરવા માગતો હોય. પણ જો ઈરાદો ન હોય અને કોઈ બીજા શહેરમાં રહેવાનો ઈરાદો હોય તો જરૂરી છે કે એ શહેર સુધી પાછા ફરવાનો ખર્ચો તેની પાસે હોય, એટલે વતન સુધી પાછા ફરવાનો ખર્ચો હોવો જરૂરી નથી. એવી જ રીતે જે શહેરમાં જવા માગે છે ત્યાં જવાનો ખર્ચો વતનમાં પાછા ફરવાના

ખર્ચાથી વધારે હોય, તો પછી એ શહેર સુધી પાછા ફરવાનો ખર્ચો હોવો જરૂરી નથી. બલ્કે વતન સુધી પાછા ફરવાનો ખર્ચો હોવો હજના વાજિબ થવા માટે પૂરતો છે. સિવાય કે આ (બીજા) શહેરમાં રહેવા માટે મજબૂર હોય તો એ બીજા શહેર સુધીનો ખર્ચ તેની પાસે હોવો જોઇએ.

(ગ) **રૂજૂઅ બકિફાત :** હજથી પાછા ફર્યા પછી પોતાના અને પોતાના બાલ-બચ્ચાના ખર્ચનો બંદોબસ્ત એવી રીતે કરી શકતો હોય કે તે બીજાનો મોહતાજ ન થઈ જાય અથવા આધિ-ઉપાધિમાં ન પડી જાય. સારાંશ એ છે કે જરૂરી છે કે, મુકલ્લફના હજ પર જવાથી અથવા હજ પર માલ ખર્ચ કરવાથી પોતાને અને પોતાના બાલ-બચ્ચાઓને નિર્ધનતા અને તંગદસ્તીમાં સપડવાનો ડર ન હોય. એટલે એ શખ્સ પર હજ વાજિબ નથી. જે માત્ર હજના દિવસોમાં કમાઈ શકતો હોય અને જો તે હજ પર ચાલ્યો જાય તો કમાણી નહિં કરી શકે જેના કારણે પૂરૂં વરસ અથવા અમુક દિવસો જીવન નિર્વાહ નહિં કરી શકે. એવી જ રીતે એ શખ્સ પર પણ હજ વાજિબ નથી જેની પાસે એટલો માલ હોય કે હજના ખર્ચા તો થઈ શકે, પરંતુ એ જ માલ તેના અને તેના બાલ-બચ્ચાના નિર્વાહ માટે આવકની મૂડી હોય અને પોતાના મોભા પ્રમાણે બીજા માધ્યમથી રોજી ન કમાઈ શકતો હોય.

આ મસઅલાથી સ્પષ્ટ થઈ જાય છે કે હજના માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ વેચવી વાજિબ નથી અને ન તો એ જરૂરતની વસ્તુઓ વેચવી વાજિબ છે જે કેફિયત (ગુણવત્તા) અને કમ્મીયત (પ્રમાણ) ના હિસાબે તેની હેસિયતના પ્રમાણે હોય. એટલે જે રહેવાનું ઘર, ઉમદા વસ્ત્રો અને ઘરનું રાચરચીલું મોભા પ્રમાણે હોય અને એવી જ રીતે આજીવિકા કમાવા માટે કામમાં આવનાર કારીગરીના હથિયારો, અથવા એ કિતાબો જે જ્ઞાની પુરૂષો માટે જરૂરી છે. તેનું વેચવું વાજિબ નથી. તાત્પર્ય એ કે, જે વસ્તુઓ ઈન્સાનના જીવન માટે જરૂરી હોય અને હજના માટે તેના વપરાશથી કષ્ટ અને ઉપાધિનો સામનો કરવો પડે તો તે વસ્તુઓના કારણે મુકલ્લફ મુસ્તતીઅ નહિં થાય.

પરંતુ જો ઉપરોક્ત વસ્તુઓ જરૂરતથી એટલા પ્રમાણમાં વધારે હોય કે જે હજના ખર્ચા માટે પૂરતી હોય અથવા પૂરતી ન હોય પણ જે બીજો માલ મોજૂદ હોય તેને મેળવી હજનો ખર્ચો પૂરો કરી શકાતો હોય તો આ શખ્સ મુસ્તતીઅ ગણાશે અને તેના પર હજ વાજિબ થશે; ભલે જરૂરતથી વધારે વસ્તુઓ વેચીને હજના ખર્ચા પૂરા કરવા પડે. બલ્કે જો કોઈની પાસે મોટું ઘર હોય, જેને વેચી આનાથી ઓછી કિંમતનું એવું ઘર મળી શકતું હોય જેમાં વગર તકલીફે અને

વગર કષ્ટે જીવન વિતાવી શકાતું હોય અને આ વધારાની રકમ હજ પર જવા આવવા અને બાલ-બચ્ચાના ખર્ચા માટે પૂરતી હોય અથવા કાફી ન હોય પણ કંઈક બીજો માલ મેળવી પૂરતી થતી હોય તો મોટું ઘર વેચી હજ પર જાવું વાજિબ થશે.

(૨૩) જો જરૂરતની એવી વસ્તુ જેને વેચી હજ પર જાવું વાજિબ ન હોય, જેની જરૂરત અમુક સમય પછી ખતમ થઈ જાય તો હજ વાજિબ થઈ જશે, ભલે તેને વેચીને જવું પડે. દાખલા તરીકે ઓરત પાસે શણગારના ઘરેણાં હોય, જેની તેને જરૂરત હોય, અને પછી ઘડપણ અથવા બીજા કોઈ કારણે જરૂરત ન રહે તો એ સંજેગોમાં હજ વાજિબ છે, ભલે ઘરેણાં વેચીને જાવું પડે.

(૨૪) જે કોઈ પાસે પોતાનું અંગત મકાન હોય અને તેને રહેવા માટે એવી જગ્યા મળી જાય જેમાં કોઈ હરજ કે કષ્ટ વિના જીવન વિતાવી શકતો હોય, દાખલા તરીકે વકફવાળી (ધર્માદા) ની જગ્યા હોય જેમાં તે રહી શકતો હોય અને તે હાથમાંથી નીકળી જવાનો ડર ન હોય, તો જ્યારે ઘરની કિંમત હજના ખર્ચા માટે પૂરતી હોય અથવા પૂરતી ન હોય પણ બીજો માલ તેની પાસે હોય જેને ભેળવી હજના ખર્ચા

પૂરા થઈ જતા હોય તો હજ કરવી વાજિબ છે, ભલે પોતાના ઘરને વેચવું પડે. આ જ હુકમ ઈલ્મી કિતાબો બીજી જરૂરતની વસ્તુઓને પણ લાગુ પડે છે.

(૨૫) જે કોઈ હજની મુસાફરીનો પૂરો ખર્ચો ધરાવતો હોય, પરંતુ શાદી અથવા ઘરની જરૂરત અથવા ઝિંદગીના બીજા સાધનોની જરૂરત અથવા-કોઈ અન્ય જરૂરત હોય, તો જો હજ પર માલ ખર્ચવો અસહ્ય તકલીફનું કારણ બને તો હજ વાજિબ નહિં થાય નહિંતર વાજિબ થશે.

(૨૬) જે ઈન્સાનનો પોતાનો માલ કોઈના ઝિમ્મે કરજ રૂપે હોય અને હજના બધા ખર્ચાઓ અથવા હજના અમુક ખર્ચા માટે એ માલની જરૂરત હોય તો નીચે મુજબ સંજોગોમાં તેના પર હજ વાજિબ છે ભલે પછી તે લેણુ વસૂલ કરીને હજ માટે ખર્ચવુ પડે.

(અ) કરજની મુદ્દત પૂરી થઈ ગઈ હોય અને કરજદાર કરજ ચૂકવવા તૈયાર હોય.

(બ) કરજની મુદ્દત પૂરી થઈ ગઈ હોય અને કરજદાર ટાળમટોળ કરી રહ્યો હોય અથવા કરજ પાછું ન આપતો હોય અને તેને પાછું આપવા પર મજબૂર કરી શકાય -ચાહે તેની વિરૂદ્ધ સરકારી કોર્ટમાં કેસ કરવો પડે.-

(ક) કરજદાર ઈન્કાર કરી રહ્યો હોય, અને કરજ પૂરવાર કરીને તેનુ વળતર હાંસિલ કરવુ શક્ય હોય.

(ખ) કરજદાર સમય પાકવા પહેલા પોતાની મરજીથી પાછુ આપે, પરંતુ, જો આ પાછું આપવુ લેણદારની માંગણી પર આધારિત હોય ભલે પછી કરજ જલ્દી પાછું આપવાથી ખુદ કરજદારને ફાયદો થશે, જેમકે સામાન્ય રીતે એવું જ બને છે, તો આવા સંજેગોમાં કરજ માંગનાર (લેણદાર) પર હજ વાજિબ નહિં થાય.

નીચેના સંજોગોમાં જો કરઝાના પ્રમાણને તેનાથી ઓછી કિંમતે વેચવું શક્ય હોય અને આ ઓછી કિંમતે વેંચવાથી તેને મોટું નુકસાન ન થતું હોય અને તેને વેચવાથી મળનારી રકમ હજના ખર્ચા માટે પૂરતી હોય, ભલે પછી તેની પાસેની કંઈક બીજી રકમ ભેળવીને જ કેમ ન હોય, તો તેના પર હજ વાજિબ છે, પરંતુ જો બયાન થયેલ એકપણ શરત ન હોય તો તેના પર હજ વાજિબ નથી.

(અ) એવું કરજ જેનો સમય પાકી ગયો હોય, પરંતુ દેણદાર તેને પાછું આપવા શક્તિમાન ન હોય.

(બ) એવું કરજ જેનો સમય પાકી ગયો હોય, પણ કરજદાર અદા ન કરતો હોય અને ચૂકવણી માટે તેને મજબૂર

કરી શકાય તેમ ન હોય અથવા એમ કરવું લેણદાર માટે કષ્ટ અને શ્રમદાયક હોય.

(ક) એવું કરજ જેનો સમય પાકી ગયો હોય અને કરજદાર આ કરજનો ઈન્કાર કરી દે અને તેને પૂરવાર કરવુ અને વળતર હાંસિલ કરવુ શક્ય ન હોય અથવા લેણદાર માટે કષ્ટ અને શ્રમદાયક હોય.

(ખ) કરજનો સમય પાક્યો ન હોય અને તેને પાછું લેવાનુ તેના નક્કી સમય પર ટાળવું કરજદાર માટે લાભદાયક હોય અને તે તેને સમય પહેલાં અદા પણ ન કરે.

(૨૭) કારીગર લોકો દાખલા તરીકે લુહાર, મિસ્ત્રી, સુતાર વગેરે જેઓની આવક પોતાના અને પોતાના બાલ-બચ્ચાઓ માટે વરસભરના ખર્ચાઓ માટે કાફી હોય, જો તેઓ વારસા વગેરેથી એટલો માલ મેળવે કે હજની મુસાફરીનો ખર્ચ અને એ દરમિયાન તેની હેસીયત મુજબ તેના ઘરવાળાઓના ખર્ચા માટે એ માલ પૂરતો હોય તો તેઓ પર હજ વાજિબ છે.

(૨૮) જે શખ્સ શરઈ વાજિબાતો દાખલા તરીકેઃ ખુમ્સ, ઝકાત વગેરે પર જીવન ગુઝારતો હોય અને સામાન્ય રીતે તેના ખર્ચાઓ વગર કષ્ટે પૂરા થવા યકીની હોય અને જો તેને

એટલા પ્રમાણમાં માલ મળી જાય જે તેની હજની મુસાફરીનો ખર્ચ અને એ દરમિયાન ઘરવાળાના ખર્ચા માટે પૂરતો હોય તો બઈદ નથી કે તેના પર હજ વાજિબ થઈ જાય. એવી જ રીતે એ શખ્સ પર, જેની પૂરી ઝિંદગીના ખર્ચાનો ભોગવનાર અને જવાબદાર અન્ય શખ્સ હોય અથવા એ શખ્સ પર, જે પોતાના પાસે મોજૂદ માલથી હજ કરે તો હજની પહેલા અને પછીની ઝિંદગીમાં કાંઈ ફરક ન પડે તો હજ વાજિબ થઈ જશે.

(૨૯) જે કોઈ શખ્સ એટલા પ્રમાણમાં માલનો ધણી બની જાય, જે હજના ખર્ચા માટે પૂરતો હોય, પણ તેનું ધણીપણું અસ્થિર હોય, તો જો આ શખ્સ એટલી શક્તિ ધરાવે છે કે જેનાથી માલ મળ્યો છે તેને માલ પાછો મેળવવાનો અધિકાર ખતમ કરી દ્યે ઉપભોગ દ્વારા અથવા ફેરફાર કરીને તો સ્પષ્ટ છે કે, ઈસ્તેતાઅત સાબિત થઈ જશે. દાખલા તરીકે એવી ભેટ અને બક્ષિસ જે પાછી લઈ શકાય તેમાં એવો જ હુકમ છે. પરંતુ જો આ ભેટ રદ કરવાનો અધિકાર ખતમ ન કરી શકતો હોય તો ઈસ્તેતાઅત શરતી રહેશે કે એ શખ્સ જેની પાસેથી માલ મળ્યો છે તે બક્ષિસ રદ ન કરે. એટલે જો હજના આમાલ પૂરા થવા પહેલાં અથવા પછી માલ દેવાવાળાએ ભેટને રદ કરી દ્યે તો સમજવામાં આવશે

કે શરૂઆતથી જ ઈસ્તેતાઅત ન હોતી અને સ્પષ્ટ એ છે કે આવા પ્રકારની અસ્થિર મિલકતના રૂપમાં હજ માટે નીકળવું વાજિબ નથી. સિવાય એ કે ઈન્સાનને ભરોસો હોય કે ભેટ રદ કરવામાં નહિં આવે. હજ માટે નીકળવું વાજિબ થવા માટે ફક્ત સંભાવના કાફી નથી.

(૩૦) મુસ્તતીઅ માટે એ વાજિબ નથી કે તે પોતાના જ માલથી હજ કરે, એટલે જે માલ ખર્ચ કર્યા વગર અથવા બીજાના માલથી ચાહે ગસબી હોય, હજ કરે તો કાફી છે. પરંતુ જો તવાફ અથવા નમાઝે તવાફમા અંગ ઢાંકનાર કપડું ગસબી હોય તો એહવત એ છે કે, તેને પૂરતું ન ગણે. જે કુરબાનીની રકમ ગસબી હોય તો હજ સહી નહિ થાય, પરંતુ કુરબાની રકમ ચૂકવવાની જવાબદારીએ ખરીદે અને પછી તેની રકમ ગસબી માલથી અદા કરે તો એ સૂરતમાં હજ સહી થશે.

(૩૧) કસબ વગેરે દ્વારા પોતાને હજ માટે મુસ્તતીઅ બનાવવો વાજિબ નથી. એટલે જો કોઈ માલ ભેટ કરે જે હજની મુસાફરી માટે પૂરતો હોય, તો માલ સ્વીકારવો વાજિબ નથી. એવી જ રીતે કોઈ સેવા માટે અજીર બનાવવા માંગે અને તે એ ઉજરતથી મુસ્તતીઅ થઈ જાય અને ખિદમત

કરવી તેના મોભાની વિરૂદ્ધ ન હોય, તો પણ સ્વીકારવું વાજિબ નથી. પરંતુ જો કોઈ હજની મુસાફરીમાં ખિદમત માટે અજીર બને અને તે ઉજરતથી મુસ્તતીઅ બની જાય તો તેના પર હજ વાજિબ છે.

(૩૨) જે કોઈ હજની નિયાબત માટે અજીર બને અને ઉજરતના કારણે પોતે પણ મુસ્તતીઅ થઈ જાય તો જો નિયાબતી હજ એ જ વરસ બજાવવી શરત હોય, તો પહેલાં નિયાબતી હજ અદા કરશે અને આવતા વરસે તેની ઈસ્તેતાઅત બાકી રહે તો હજ તેના પર વાજિબ છે. અને જો ઇસ્તેતાઅત બાકી ન રહે તો હજ વાજિબ નથી અને જો નિયાબતી હજ એ જ વરસે અંજામ આપવી શરત ન હોય તો પહેલા પોતાની હજ અદા કરશે. સિવાય એ કે તેને ભરોસો હોય કે આવતાં વર્ષે પોતાની હજ અદા કરી શકશે. (તો પછી પોતાની હજ પહેલાં બજાવી લાવવી વાજિબ નથી.)

(૩૩) જો કોઈ શખ્સ એટલા પ્રમાણમાં માલ કરજ લે જે હજના ખર્ચા માટે પૂરતો હોય તો તેના પર હજ વાજિબ નથી, ભલે પાછળથી કરજ ભરપાઈ કરવા શક્તિમાન હોય, પરંતુ કરજ અદા કરવાનો સમય એટલો લાંબો હોય કે

અક્કલમંદો આ લાંબા સમયના કરજાને ગણનાપાત્ર ન સમજતા હોય તો હજ વાજિબ થઈ જશે.

(૩૪) જો કોઈ પાસે એટલો માલ હોય જે હજના ખર્ચા માટે પૂરતો હોય અને માલની ભારોભાર કરજ પણ હોય અથવા કરજ ભરપાઈ કરવા પછી તે માલ હજના ખર્ચા માટે પૂરતો ન રહે તો સ્પષ્ટ છે કે, તેના પર હજ વાજિબ નથી, એનાથી ફરક નથી પડતો કે કરજનો વખત પૂરો થઈ ચૂક્યો હોય કે હજી મુદ્દત બાકી હોય. સિવાય એ કે કરજ અદા કરવાની મોહલત એટલી લાંબી હોય, દાખલા તરીકે ૫૦ વરસના કે બુદ્ધિવાનો તેને ગણતરીમાં ન લાવતા હોય. એવી જ રીતે ફરક નથી પડતો કે કરજ પહેલાં હોય અને માલ પછી પ્રાપ્ત થતો હોય અથવા માલ પહેલા મળે અને કરજ પાછળથી લીધું હોય, એવી હાલતમાં કે માલ આવી ગયા પછી તે કરજદાર થવા બાબતે કસૂરવાર ન હોય.

(૩૫) જો કોઈ શખ્સ પર ખુમ્સ અથવા ઝકાત વાજિબ હોય અને તેની પાસે એટલા પ્રમાણમાં માલ હોય કે જો ખુમ્સ અથવા ઝકાત અદા કરે તો પછી તે હજના ખર્ચા માટે પૂરતો ન રહે તો તેના પર ખુમ્સ અથવા ઝકાત અદા કરવી વાજિબ થશે અને હજ વાજિબ નહીં થાય. એનાથી કાંઈ

ફરક નથી પડતો કે ખુમ્સ અથવા ઝકાત આ માલ પર વાજિબ છે અથવા પહેલેથી વાજિબ હોય અને માલ હવે મળ્યો હોય.

(૩૬) જો કોઈ પર હજ વાજિબ હોય અને તેના પર ખુમ્સ અથવા ઝકાત અથવા કોઈ વાજિબ હક પણ હોય તો જરૂરી છે કે તેને અદા કરે  કેમકે હજની મુસાફરીના કારણે તેમાં ઢીલ નથી કરી શકતો જો તવાફ અથવા નમાઝે તવાફતમાં અંગ ઢાંકનાર વસ્ત્રો અથવા કુરબાનીની કિંમત પર ખુમ્સ વાજિબ હોય તો તેનો હુકમ એ જ છે જે ગસબી માલનો હુકમ છે, જે મસઅલા નં.: ૩૦ માં બયાન થઈ ચૂક્યો છે.

(૩૭) જે કોઈની પાસે કંઈક માલ મોજૂદ હોય અને તેને ખબર ન હોય કે આ માલ હજના ખર્ચા માટે પૂરતો છે કે નહિં તો એહતિયાતે વાજિબના આધારે તપાસ કરવી વાજિબ છે.

(૩૮) જે કોઈની પાસે તેની પહોંચની બહાર એટલો માલ હોય જે હજના ખર્ચા માટે પૂરતો હોય અથવા બીજો માલ જે મોજૂદ છે તેને ભેળવવાથી પૂરતો થઈ જતો હોય તો જો એ માલનો ઉપયોગ કરવા અથવા કોઈને વકીલ બનાવી તેને વેચવા પર શક્તિ ન હોય તો તેના પર હજ વાજિબ

નથી, નહિંતર હજ વાજિબ છે.

(૩૯) જે કોઈની પાસે હજની મુસાફરીનો ખર્ચો. હોય અને હજના સમયમાં હજ પર જવા શક્તિમાન હોય તો તેના પર હજ વાજિબ થઈ જશે. એટલે જો તે એ માલનો એટલો ઉપયોગ કરે જેના કારણે ઈસ્તેતાઅત ખતમ થઈ જાય અને તેની ભરપાઇ ન કરી શકતો હોય અને તેના માટે એ સ્પષ્ટ હોય કે હજના સમયમાં હજ પર જવા તે શક્તિમાન હતો તો અઝહર એ છે કે હજ તેના ઝિમ્મે સાબિત થઈ જશે. પરંતુ જે તેના માટે એ સ્પષ્ટ ન હોય કે હજના સમયમાં હજ પર જવા તે શક્તિમાન હતો તો અઝહર એ છે કે, હજ તેના ઝિમ્મે સાબિત નહિ થાય.

પ્રથમ સૂરતમાં જ્યારે આ માલમાંથી એટલો ખર્ચ કરે જેના કારણે ઈસ્તેતાઅત ખતમ થઈ જાય, જેમ કે માલને ઓછા ભાવે વેચી નાખે અથવા ભેટ આપી દે તો આ ઉપયોગ સહી ગણાશે. પરંતુ, તે ઇસ્તેતાઅત ખત્મ કરવાનો ગુનેહગાર છે ભલેપછી તે તકલીફ ઉપાડીને પણ હજ પર જવા શક્તિમાન ન હોય.

(૪૦) સ્પષ્ટ છે કે મુસાફરીનો ખર્ચો. અને વાહન તેની પોતાની માલિકીના હોવું શરત નથી. એટલે જે તેની પાસે એટલો માલ હોય જેને વાપરવાની તેને રજા હોય અને એ

આ માલ હજના ખર્ચા માટે પૂરતો હોય અને બીજી શરતો પણ પૂરી હોય, તો હજ વાજિબ થઈ જશે. પરંતુ, હા હજ પર જવું એ સમયે વાજિબ થશે જ્યારે માલ વાપરવાની છૂટ શરીઅતના રૂએ રદ ન કરી શકાતી હોય અથવા યકીન હોય કે રદ નહીં કરે.

(૪૧) જેવી રીતે હજ વાજિબ હોવામાં મુસાફરીના ખર્ચા અને જતી વખતે વાહનનું હોવું શરત છે, એવી જ રીતે હજના આમાલ પૂરા થવા સુધી, તેનું બાકી રહેવું પણ શરત છે. એટલે જો હજ પર જવા પહેલાં અથવા મુસાફરી દરમિયાન માલ બરબાદ થઈ જાય તો હજ વાજિબ નહિ થાય અને માલના બરબાદ થવાથી ખબર પડે છે કે આ શખ્સ શરૂથી જ મુસ્તતીઅ ન હતો. એવી જ રીતે મજબૂરીમાં તેના પર કોઈ કરજ આવી પડે, દાખલા તરીકે ગલતીથી કોઈનો માલ બરબાદ થઈ જાય અને તે આ માલનો ઝામિન હોય, એટલે તેને આ માલ દેવો પડે તો. તેના પર હજ વાજિબ નહિં થાય. પરંતુ જો જાણી જોઈને કોઈનો માલ બરબાદ કરે તો હજ સાકિત નહિં થાય, બલ્કે હજ તેના ઝિમ્મે બાકી રહેશે, એટલે તેના પર હજ કરવી વાજિબ થાશે ભલે મહેનત મશક્કત વેઠવી પડે અને જો હજના આમાલ અદા કર્યા પછી અથવા દરમિયાનમાં પાછા ફરવાનો ખર્ચો કે એ માલ જે પોતાના

શહેરમાં જીવનનિર્વાહ માટે રાખે હતો તે બરબાદ થઇ જાય, તો એનાથી ઝાહિર નથી થતું કે આ શખ્સ આરંભથી મુસ્તતીઅ ન હતો, બલ્કે તેની આ હજ પૂરતી રહેશે અને પછી તેના પર વાજિબ નહિ થાય.

(૪૨) જે કોઈની પાસે હજનો ખર્ચો હતો, પરંતુ એ જાણતો નહોતો કે આ હજ માટે પૂરતો છે, અથવા તેનાથી ગાફિલ હતો, અથવા વાજિબ હોવા વિશે જાણતો નહોતો અથવા હજ વાજિબ થવા વિશે ગાફિલ હતો, માલ બરબાદ થવા અને ઈસ્તેતાઅત ખતમ થવા પછી, તેને ખબર પડી અથવા યાદ આવ્યું તો જો તે પોતાના ન જાણવા અને ગાફિલ હોવા બાબતે કસૂરવાર ન હતો તો હજ તેના ઝિમ્મે સાબિત નહીં થાય. નહિંતર જાહેર છે કે, બાકી બધી શરતો પૂરી હોય તો તેના પર હજ વાજિબ અને સાબિત થઈ જશે.

(૪૩) જેવી રીતે મુસાફરીના ખર્ચા અને વાહન મોજૂદ હોવાથી ઈસ્તેતાઅત ઊભી થાય છે. એવી જ રીતે જો કોઈ વાટ ખર્ચી અને વાહન અથવા તેની કિંમત ભેટ આપે તો તેનાથી પણ ઈસ્તેતાઅત બની જાય છે અને તેમાં કાંઈ ફરક નથી કે આપવાવાળો એક શખ્સ હોય કે ઘણાં લોકો. જો કોઈ એમ ઓફર કરે કે તે હજના માટે વાટ ખર્ચી, વાહન અને

ઘરવાળાઓનો ખર્ચો આપશે અને તેના કહેવા પર ભરોસો હોય તો હજ વાજિબ થઈ જશે. એવી જ રીતે જો કોઈ માલ આપે જેથી તેને હજમાં ખર્ચ કરવામાં આવે અને તે માલ હજ પર જવા આવવા અને ઘરવાળાઓના ખર્ચા માટે પૂરતો હોય તો હજ વાજિબ થઈ જશે. ચાહે જે માલ આપવામાં આવી રહ્યો છે તેનો તેને માલિક બનાવી દે અથવા તેને વાપરવાની છૂટ આપે. પરંતુ, અસ્થિર મિલકત (એટલે જે શરીઅતની રૂએ પાછી લઈ શકાય) વાપરવાની છૂટનો હુકમ મસઅલા નં.: ૨૯ અને ૪૦ માં બયાન થઈ ચૂક્યો છે. જો હજના ખર્ચાનું એક પ્રમાણ પાસે હોય અને બાકીનો ભાગ કોઈ ભેટ આપે તો હજ વાજિબ થઈ જશે. પરંતુ જો માત્ર જવાનો ખર્ચો આપે અને પાછા ફરવાના ખર્ચાઓ ન હોય તો મસઅલા નં.: ૨૨ માં આપેલ વિગત પ્રમાણે વાજિબ નહિં થાય. એવી જ રીતે બાલ-બચ્ચાનો ખર્ચો ન આપવામાં આવે તો તેના પર હજ વાજિબ નહિં થાય. સિવાય એ કે તેનો ખર્ચો પોતા પાસે હોય અથવા હજ પર ન જવા છતાં તેના ખર્ચાઓ ભોગવી ન શકતો હોય અથવા ખર્ચાઓ વગર ઘરવાળાઓને છોડવાથી હરજ કે કષ્ટમાં ન પડતા હોય અને ઘરવાળાઓનો ખર્ચો તેના પર વાજિબ પણ ન હોય.

(૪૪) જ્યારે કોઇ મરવાવાળો કોઈ બીજા માટે માલની

વસિયત કરે, જેથી તે હજ અદા કરે અને માલ તેની હજ અને બાલ બચ્ચાના ખર્ચા માટે પૂરતો હોય તો મસઅલા નં.: ૪૩ માં આપેલ વિગત મુજબ વસિયત કરવાવાળાના મરવા પછી હજ તેના પર વાજિબ થઈ જશે. એવી જ રીતે જો માલને હજ માટે વકફ અથવા નઝર કરવામાં આવે અથવા વસિયત કરવામાં આવે અને વકફનો ટ્રસ્ટી અથવા નજર કરવાવાળો અથવા વસી આ માલ કોઈને ભેટ આપે તો તેના પર હજ વાજિબ થઈ જશે.

(૪૫) **રજૂઅ બ કિફાયત**: જેનો અર્થ પાંચમી શરતમાં બયાન થઈ ચૂક્યો છે. ભેટથી મળવાવાળી ઈસ્તેતાઅતમાં શરત નથી. પરંતુ જો તેની આવક માત્ર હજના દિવસોમાં જ હોય અને તે આ આવકથી પૂરા વરસનો ખર્ચ પૂરો કરતો હોય અને જો તે હજ કરવા જાય તો પૂરા વરસ અથવા અમુક દિવસોના ખર્ચા પૂરા કરવા શક્તિમાન ન હોય તો તેના પર હજ વાજિબ નહિં થાય. સિવાય એ કે, તેને એ સમયનો ખર્ચો પણ આપવામાં આવે. જો કોઈની પાસે કંઈક માલ પહેલેથી મોજૂદ હોય જે હજના ખર્ચા માટે પૂરતો ન હોય અને વધારાનો માલ કોઈ તેને ભેટ આપે તો અઝહર એ છે કે, હજના વાજિબ હોવામાં રૂજૂઅ બ કિફાયત જરૂરી રહેશે.

(૪૬) જો એક શખ્સ કોઈને માલ આપે કે તેનાથી હજ કરે તો તેને સ્વીકારવું વાજિબ છે, પરંતુ જો માલ આપનાર હજ કરવા કે ન કરવાનો અધિકાર આપે અથવા હજનો ઉલ્લેખ જ ન કરે તો આ બંને સંજોગોમાં માલ સ્વીકારવો વાજિબ નથી.

(૪૭) બક્ષિસથી ઊભી થનારી ઈસ્તેતાઅતમાં કરજ અવરોધક નથી (એટલે કરજ હોવા છતાં ઈન્સાન બક્ષિસના કારણે મુસ્તતીઅ થઈ શકે છે.) પરંતુ જો હજ પર જવાથી કરજ સમય પર આપી ન શકાય તો ચાહે કરજની મુદ્દત પૂરી થઈ ગઈ હોય અથવા હજી બાકી હોય હજ પર જાવું વાજિબ નથી.

(૪૮) જે માલ અમુક લોકોને આપવામાં આવે કે તેઓમાંથી કોઈપણ એક હજ કરે તો જે પહેલા સ્વીકારી લે માત્ર તેના પર હજ વાજિબ થશે. બીજા લોકો પર હજ વાજિબ નહિં થાય અને જો કોઈપણ કબૂલ ન કરે જો કે કબૂલ કરી શકતા હોય તો ઝાહિર એ છે કે કોઈપણ ઉપર હજ વાજિબ નહિં થાય.

(૪૯) જે શખ્સને માલ આપવામાં આવી રહ્યો હોય, તેના પર હજ એ સંજોગોમાં વાજિબ થાશે કે એટલા પ્રમાણમાં

માલ આપવામાં આવે કે તેના મુસ્તતીઅ બનવાના સંજોગોમાં જે હજ તેની ફરજ બને છે તેને અંજામ આપી શકે. નહિંતર વાજિબ નહિ થાય. દાખલા તરીકે કોઈની ફરજ હજ્જે તમત્તોઅ હોય અને તેને હજ્જે ઈફરાદ અથવા કિરાનના માટે માલ આપવામાં આવે અથવા એનાથી ઉલ્ટી સૂરત હોય, તો તેના પર કબૂલ કરવું વાજિબ નથી. એવી જ રીતે જે શખ્સ હજ્જે ઈસ્લામ અંજામ આપી ચૂક્યો હોય તેના પર પણ કબૂલ કરવું વાજિબ નથી. પરંતુ કોઈના ઝિમ્મે હજ્જે ઈસ્લામ હોય અને તે કંગાળ થઈ ગયો હોય અને તેને માલ આપવામાં આવે તો જે કબૂલ કર્યા વિના હજ અંજામ ન આપી શકતો હોય તો કબૂલ કરવું વાજિબ છે. એવી જ રીતે એ શખ્સ જેના પર નઝર વગેરેના કારણે હજ વાજિબ હોય અને એ માલને સ્વીકાર્યા વિના હજ અદા કરવા શક્તિમાન ન હોય તો તેના પર પણ સ્વીકારવું વાજિબ છે.

(૫૦) જે કોઈને હજ માટે માલ આપવામાં આવે અને એ માલ મુસાફરી દરમિયાન બરબાદ થઈ જાય તો હજનું વાજિબ હોવું સાકિત થઈ જશે. પરંતુ જે મુસાફરી પોતાના ખર્ચે ચાલુ રાખવા પર શક્તિમાન હોય અર્થાત્ એ જગ્યાએથી હજની ઈસ્તેતાઅત રાખતો હોય તો હજ વાજિબ થઈ જશે અને આ હજ હજ્જે ઈસ્લામ ગણાશે. પણ તેના વાજિબ

હોવા માટે શરત છે કે પાછો ફરીને પોતાના અને પોતાના બાલ-બચ્ચાના ખર્ચા પૂરા કરી શકે, પરંતુ જો તે જાણતો હોય કે મુસાફરી ચાલુ રાખવાથી પોતાના બાલ બચ્ચાઓના ખર્ચા પૂરા નહિ કરી શકે તો મુસાફરી ચાલુ રાખવી વાજિબ નથી.

(૫૧) જે એક શખ્સ બીજાને વકીલ બનાવે કરજ લઈ અને તેનાથી તારી હજ અદા કર અને પછી હું કરજ ભરપાઈ કરી દઈશ. તો બીજા શખ્સ પર કરજ લેવું વાજિબ નથી. પરંતુ હા, જો પહેલો શખ્સ પોતે જ કરજ લઈને આપે તો તેના પર હજ વાજિબ થઈ જશે.

(૫૨) ઝાહિર છે કે, કુરબાનીની કિંમત માલ આપનારના ઉપર છે. એટલે માલ બક્ષનાર કુરબાનીની રકિંમત સિવાય બાકીના હજના ખર્ચાઓ આપે તો માલ લેનાર પર હજ વાજિબ હોવામાં ઈશ્કાલ છે. સિવાય એ કે કુરબાની પોતાના પૈસે ખરીદવા શક્તિમાન હોય પરંતુ જો કુરબાની પર ખર્ચ કરવાથી અસહ્ય તકલીફમાં મૂકાય જાય તેમ હોય તો તેના પર કબૂલ કરવું વાજિબ નથી, પરંતુ ઝાહિર છે કે કફ્ફારાઓ માલ લેવાવાળા પર વાજિબ છે ન માલ આપનાર ઉપર.

(૫૩) હજે બઝલી (એ હજ જે કોઈના માલ દેવાના

કારણે વાજિબ હોય) ઈસ્લામી હજ માટે કાફી છે. એટલે જો આના પછી તે મુસ્તતીઅ થઈ જાય તો બીજીવાર હજ વાજિબ નહિં થાય.

(૫૪) માલ બક્ષવાવાળા માટે જાઈઝ છે કે તે પોતાનો માલ પાછો લઈ લે, ચાહે માલ લેવાવાળાએ એહરામ બાંધ્યો હોય કે ન બાંધ્યો હોય. પરંતુ જો એહરામ બાંધવા પછી માલ પાછો લઈ લે તો અઝહર છે કે, જો માલ લેવાવાળા માટે અસહ્ય તકલીફ કે હરજ ન હોય તો મુસ્તતીઅ ન હોવા છતાંપણ હજને પૂરી કરે અને હજ પૂરી કરવા અને પાછા ફરવાના ખર્ચા માલ આપવાવાળાના ઝિમ્મે રહેશે. પરંતુ, માલ આપવાવાળો રસ્તામાં માલ લઈ લે તો માત્ર પાછા ફરવાનો ખર્ચો માલ આપનારા પર રહેશે.

(૫૫) જે કોઈને ઝકાત, ફી સબીલિલ્લાહના ભાગમાંથી આપવામાં આવે કે તે એને હજ પર ખર્ચ કરે અને તેમાં સાર્વજનિક હેતુ પણ હોય અને - એહતિયાતે વાજિબના આધારે - હાકિમે શરાઅ ઈજાઝત પણ આપે તો તેના પર હજ વાજિબ થઈ જશે અને જો સેહમે સાદાતથી અથવા ઝકાતના ફકીરોના હિસ્સામાંથી કોઈને માલ આપવામાં આવે અને એ શરત રાખવામાં આવે કે તેને હજ પર ખર્ચ કરે તો

આ શરત સહી નથી અને તેનાથી ઈસ્તેતાઅતે બઝલી પ્રાપ્ત નથી થતી.

(૫૬) જો કોઈ ભેટ મળેલ માલથી હજ કરે અને પાછળથી ખબર પડે કે એ માલ ગસબી હતો તો આ હજ ઈસ્લામી હજ નહિં ગણાય અને માલના માલિકને હક છે કે તે માલ આપવાવાળા અથવા લેવાવાળાથી પોતાનો માલ માંગે. અગર મૂળ ધણી માલ લેવાવાળા પાસેથી પોતાનો માલ મેળવી લ્યે અને જો માલ લેવાવાળાને આ માલ ગસબી હોવાની પહેલેથી જાણ ન હતી તો તે માલ આપનારથી આપેલો માલ માંગવાનો હક રાખે છે, નહિંતર માંગવાનો હક નથી રાખતો.

(૫૭) જે કોઈ મુસ્તતીઅ ન હોય પોતાના માટે મુસ્તહબ હજ પોતાના અથવા કોઈ અન્ય નિયાબતમાં ઉજરત પર અથવા વગર ઉજરતે હજ અંજામ આપે તો તેની આ હજ ઈસ્લામી હજ નહિં ગણાય. એટલે તેના પછી જ્યારે પણ મુસ્તતીઅ બને હજ પઢવી વાજિબ છે.

(૫૮) જે કોઈને યકીન હોય કે તે મુસ્તતીઅ નથી અને મુસ્તહબના ઈરાદાથી હજ કરે પણ નિય્યત એ હોય કે આ સમયે મારી જે ઝિમ્મેદારી છે તેને અંજામ આપી રહ્યો છું. પછી પાછળથી ખબર પડે કે તે મુસ્તતીઅ હતો તો તે હજ

ઈસ્લામી હજ માટે પૂરતી છે અને ફરીવાર હજ કરવી વાજિબ નથી.

(૫૯) જે પત્ની મુસ્તતીઅ હોય તો હજ કરવા માટે પતિની ઈજાઝત જરૂરી નથી અને ન પતિ માટે જાઈઝ છે કે તે પોતાની પત્નીને ઈસ્લામી હજ અથવા બીજી વાજિબ હજથી રોકે. પણ હજનો સમય વિશાળ હોય તો પત્નીને પહેલાં કાફલા સાથે જવાથી રોકી શકે છે. તલાકે રજઈવાળી સ્ત્રી જ્યાં સુધી ઈદ્દતમાં છે પત્નીના હુકમમાં આવે છે.

(૬૦) જ્યારે સ્ત્રી મુસ્તતીઅ થઈ જાય અને તેની જાનને ખતરો ન હોય તો મેહરમનું સાથે હોવું જરૂરી નથી અને જો જાનનો ખતરો હોય તો જરૂરી છે, કે કોઈ એવો શખ્સ સાથે રહે જેના કારણે તેની જાન સલામત રહે, ચાહે એ શખ્સને ઉજરત દેવી પડે. અલબત્તા ઉજરત દેવાની શક્તિ હોય નહિંતર તેના પર હજ વાજિબ નહી થાય.

(૬૧) જો કોઈ શખ્સ નઝર માને દાખલા તરીકે દર વરસે અરફાતના દિવસે કરબલામાં હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરશે અને પાછળથી મુસ્તતીઅ થઈ જાય તો તેના પર હજ વાજિબ થઈ જશે અને નઝર ખતમ થઈ જશે અને આ જ હુકમ દરેક એ નઝર માટે છે જે હજની

સાથે ટકરાતી હોય.

(૬૨) જે મુસ્તતીઅ શખ્સ પોતે હજ કરવા પર શક્તિમાન હોય તો તેણે જાતે હજ કરવી જોઈએ એટલે જો કોઈ બીજો શખ્સ ઉજરત પર અથવા વગર ઉજરતે તેના વતી હજ કરે તો પૂરતું નથી.

(૬૩) જે કોઈના પર હજ વાજિબ થઈ જય પણ વૃધ્ધાવસ્થા અથવા બીમારી અથવા કોઈ અન્ય કારણસર પોતે જાતે અંજામ આપવા શક્તિમાન ન હોય અથવા કષ્ટદાયક હોય અને ભવિષ્યમાં વગર કષ્ટે હજ અદા કરવાની આશા પણ ન હોય તો આવી હાલતમાં પોતાની હજ માટે કોઈને નાયબ બનાવવો વાજિબ છે. એવી જ રીતે કોઈ શખ્સ દોલતમંદ તો હોય પણ હજના આમાલ પોતે અંજામ આપવા પર શક્તિમાન ન હોય અથવા પોતે હજ કરવી અસહ્ય તકલીફનું કારણ હોય તો એ શખ્સ પણ બીજાને નાયબ બનાવે. જેવી રીતે હજ તરત જ પઢવી વાજિબ છે એવી જ રીતે નાયબ બનાવવો પણ તરત જ વાજિબ છે.

(૬૪) જે મુસ્તતીઅ શખ્સ (કોઈ કારણસર) જાતે હજ પઢવા પર શક્તિમાન ન હોય અને નાયબ તેના વતી હજ કરે અને તે મુસ્તતીઅ શખ્સ મરી જાય, જ્યારે કે તેનો ઉઝર

બાકી હોય તો નાયબની હજ પૂરતી ગણાશે. ભલે હજ તેના માથે ચઢેલી જ કેમ ન હોય. (મુસ્તીકર હોય) પરંતુ મરવા પહેલા જો ઉઝર ખતમ થઈ જાય એહવત એ છે કે, જે પોતે હજ કરી શકતો હોય તો પોતે કરે. જો નાયબના એહરામ બાંધવા પછી તેનો ઉઝર ખતમ થઈ જાય તો તેના પર જાતે હજ પઢવી વાજિબ છે. જો કે એહવત એ છે કે નાયબ પણ હજના આમાલો પૂરા કરે.

(૬૫) જે કોઈ પોતે હજ ન અદા કરી શકતો હોય એ નાયબ બનાવવા પર પણ શક્તિમાન ન હોય તો હજ વાજિબ હોવું સાકિત થઈ જશે. પરંતુ જો હજ તેના પર વાજિબ થઈ ચૂકી હતી તો તેના મરવા પછી હજની કઝા કરાવવી વાજિબ છે, નહિંતર કઝા વાજિબ નથી અને જો નાયબ બનાવવો શક્ય હતો તો પણ નાયબ ન બનાવ્યો અને મરી જાય તો તેના તરફથી કઝા કરાવવી વાજિબ છે.

(૬૬) જો નાયબ બનાવવું વાજિબ હોય અને નાયબ ન બનાવે પરંતુ કોઈ શખ્સ વળતર વગર તેના તરફથી હજ અંજામ આપે તો આ હજ પૂરતી નહિં ગણાય અને અહેવતના આધારે પોતાના તરફથી નાયબ બનાવવો વાજિબ છે.

(૬૭) નાયબ બનાવવા અંગે સ્પષ્ટ છે કે મીકાતથી નાયબ

બનાવવો પૂરતો છે અને પોતાના શહેરથી નાયબ બનાવવો જરૂરી નથી.

(૬૮) જે શખ્સ નાઝિમ્મે હજ વાજિબ હોય, જો તે હજના અહેરામ પછી હરમમાં મરી જાય તો આ ઈસ્લામી હજ માટે પૂરતુ ગણાશે ચાહે તેની હજ તમત્તોઅ હોય, કિરાન હોય યા ઈફ્રાદ અને જો ઉમરા તમત્તોઅની વચ્ચે મરી જાય તો પણ હજના માટે પૂરતું ગણાશે અને તેની કઝા વાજિબ નથી. પણ જો તેની પહેલાં મરી જાય તો કઝા પઢાવવી વાજિબ છે, ચાહે અહેરામ બાંધ્યા પછી હરમમાં દાખલ થવા પહેલાં મરે અથવા હરમમાં દાખલ થયા પછી એહરામ વગર અને સ્પષ્ટ છે કે, આ હુકમ ઈસ્લામી હજ માટે ખાસ છે અને એ હજ જે નઝર અથવા ઈફસાદ (કોઈની હજ બાતિલ હોવાના) કારણે વાજિબ થઈ હોય તેના પર આ હુકમ લાગું નહીં થાય. બલ્કે ઉમરા મુફ્રર્દામાં પણ આ હુકમ લાગુ નહિં થાય. એ આધારે તેઓમાંથી કોઈ એક પર પણ પૂરતી હોવાનો હુકમ નથી લગાવી શકાતો. પરંતુ જો કોઈ એહરામ બાંધ્યા પછી મરી જાય અને હજ પહેલેથી તેના પર વાજિબ ન હોય તો જો તે હરમમાં દાખલ થયા પછી મરી જય તો તેની હજ ઈસ્લામી હજ ગણાશે. પણ જો હરમમાં દાખલ થવા પહેલાં મરે તો સ્પષ્ટ છે કે, તેના તરફથી

તેની કઝા વાજિબ નથી.

(૬૯) મુસ્તતીઅ કાફિર પર હજ વાજિબ છે, પણ જ્યાં સુધી કાફિર છે તેની હજ સહીહ નથી અને જો તે ઈસ્તેતાઅત ખતમ થઈ જવા પછી મુસલમાન થાય તો તેના પર હજ વાજિબ નથી.

(૭૦) મુરતદ (જે મુસલમાન ઈસ્લામથી ફરી જાય) પર હજ વાજિબ છે, પરંતુ જો મુરતદની સ્થિતિમાં હજ કરે તો સહીહ નથી. જ્યારે તૌબા કરે અને હજ કરે ત્યારે સહીહ થાશે અને અકવા એ છે કે ઉપરોક્ત હુકમ મુરતદે ફિતરી પર પણ લાગુ પડે છે.

(૭૧) જો કોઈ મુસલમાન શીઆ ન હોય અને હજ કરે અને પાછળથી શીઆ થઈ જાય તો ફરીવાર હજ પઢવી વાજિબ નથી. પરંતુ આ હુકમ એ સ્થિતિમાં છે, જ્યારે પોતાના મઝહબ પ્રમાણે સહીહ હજ કરી હોય. એવી જ રીતે તેણે શીઆ મઝહબ પ્રમાણે હજ અંજામ આપી હોય અને કુરબતની નિય્યત કરી હોય તો હજ સહીહ ગણાશે.

(૭૨) જ્યારે કોઈના પર હજ વાજિબ હોય અને તે તેને બજાવી લાવવામાં વિલંબ કે આળસ કરે ત્યાં સુધી કે તેની ઈસ્તેતાઅત ખતમ થઈ જાય તો જે રીતે પણ શક્ય હોય

હજને અદા કરવી વાજિબ છે. ભલે કષ્ટ અને શ્રમ ઊઠાવવા પડે. જો હજની પહેલાં મરી જાય તો વાજિબ છે કે તેણે છોડેલા માલમાંથી હજની કઝા કરાવે અને જો કોઈ તેના મરવા પછી વિના વળતર તેના તરફથી હજ અંજામ આપે તો પણ હજ સહીહ છે અને પૂરતી ગણાશે.

## હજની વસિયત

જે શખ્સ મરવા પડયો હોય અને તેના ઝિમ્મે ઇસ્લામી હજ હોય તો જો તેની પાસે એટલા પ્રમાણમાં માલ હોય જે હજના ખર્ચા માટે પૂરતો હોય તો તેના પર લાઝિમ છે કે એવો બંદોબસ્ત કરે કે તેને સંતોષ થઇ જાય કે તેના મરવા પછી તેના તરફથી હજ અદા કરવામાં આવશે. ચાહે સાક્ષીઓની મોજૂદગીમાં વસિયત કરે. પરંતુ જો તેની પાસે કંઇપણ માલ ન હોય અને સંભવ હોય કે કોઇ તેના વતી વળતર વિના હજ અદા કરી દેશે તો પણ વસિયત કરવી વાજિબ છે. કોઇના પર વાજિબ થયેલ હજ તેના ઝિમ્મે બાકી હોય અને જો તે મરી જાય તો વાજિબ છે કે હજની કઝા તેણે છોડેલા મૂળ માલમાંથી કરાવવામાં આવે, ભલે તેણે વસિયત ન કરી હોય. એવી જ રીતે તેણે વસિયત તો કરી હોય પણ હજના ખર્ચાઓ ત્રીજા ભાગ (એક

તૃતીયાંશ)માંથી ખાસ અલગ કાઢયા ન હોય તો એ સંજોગમાં પણ હજના ખર્ચાઓ મૂળ માલમાંથી લેવામાં આવશે. અને જો હજની વસિયત પણ કરી હોય અને તેના ખર્ચાને છોડેલા માલના ત્રીજા ભાગમાંથી લેવાની શરત પણ કરી હોય તો જો ત્રીજા ભાગનો માલ હજના ખર્ચા માટે પૂરતો હોય તો વાજિબ છે કે હજ ત્રીજા ભાગના માલમાંથી કરવામાં આવે અને બાકી વસિયતો પર હજને પ્રાથમિકતા રહેશે. અને જો ત્રીજા ભાગનો માલ હજના ખર્ચાઓ માટે પૂરતો ન હોય તો કમીને મૂળ વારસામાંથી પૂરી કરવામાં આવશે.

(૭૪) જો કોઇ શખ્સ જેના પર ઇસ્લામી હજ વાજિબ હોય, મરી જાય અને તેનો કંઇક માલ બીજા કોઇ પાસે અમાનત રૂપે રાખ્યો હોય તો અમુક આલિમો કહે છે કે, જો અમાનતદારને શંકા હોય કે જો માલ વારસદારોને પાછો આપશે તો વારસદારો મર્હુમ વતી હજ અંજામ નહીં આપે તો અમાનતદારના માટે જાઇઝ છે બલ્કે વાજિબ છે કે, તે પોતે અથવા કોઇને નાયબ બનાવી મર્હુમ વતી હજ અંજામ આપે અને જો માલ હજના ખર્ચાઓથી વધારે હોય તો વધારાનો માલ વારસદારોને પાછો આપે પરંતુ આ હુકમ ઇશ્કાલથી ખાલી નથી.

(૭૫) જો કોઇ શખ્સ જેના ઝિમ્મે ઇસ્લામી હજ હોય, મરી જાય અને તેના પર ખુમ્સ અથવા ઝકાત પણ વાજિબ હોય, અને છોડેલ માલ ઓછો હોય તો જે માલ પર ખુમ્સ અથવા ઝકાત વાજિબ હોય તે માલમાંથી ખુમ્સ અથવા ઝકાત નિકાળાવમાં આવશે અને જો એ ખુમ્સ અથવા ઝકાત તેના ઝિમ્મે હોય પણ તે ખુમ્સ અને ઝકાત વાજિબ થયેલો માલ મોજૂદ ન હોય જેના પર ખુમ્સ અને ઝકાત વાજિબ હતા તો પછી હજને પ્રાથમિકતા આપવામાં અવાશે. અને જો તેના પર કોઇ કરજો હોય તો બઇદ નથી કે કરજને હજ પર પ્રાથમિકતા આપવામાં આવે.

(૭૬) જો કોઇ મરી જાય અને તેના ઝિમ્મે ઇસ્લામી હજ હોય તો જ્યાં સુધી હજ મરવાવાળા પર બાકી હોય, તેના વરસદારોને વારસામાં મુકેલો માલ એવી રીતે વાપરવો જાઇઝ નથી જે મય્યતની કઝા હજ બજાવી લાવવામાં અંતરાય રૂપ હોય અને તેનાથી ફરક નથી પડતો કે હજના ખર્ચાઓ વારસાના માલની બરાબર હોય કે તેનાથી કમ, અલબત્તા જો હજના ખર્ચા વારસાના માલ કરતા ઓછા હોય તો વધારાની રકમ વાપરવામાં કોઇ હરજ નથી, ભલે આમ વાપરવાથી વધારાની રકમ નષ્ટ થઇ જાય.

(૭૭) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય અને તેણે છોડેલો માલ હજના ખર્ચા માટે પૂરતો ન હોય તો જો તેના ઝિમ્મે કોઇ કરજ અથવા ખુમ્સ અથવા ઝકાત હોય તો વાજિબ છે કે તેણે છોડેલો માલ તે અદા કરવામાં ખર્ચ કરવામાં આવે. પરંતુ જો કોઇ કરજો વગેરે ન હોય તો તેણે છોડેલો માલ તેના વારસદારો માટે રહેશે. અને વારસદારો પર વાજિબ નથી કે હજ અદા કરાવવા માટે હજના ખર્ચા પોતાના માલમાંથી પૂરા કરે.

(૭૮) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય તો નાયબ તેના વતનથી જ બનાવવો વાજિબ નથી. બલ્કે મીકાત ત્યાં સુધી કે મક્કાની વધારે નઝદીક મીકાતથી નાયબ બનાવવો પણ પૂરતો છે જો કે એહવત એ છે કે મરવાવાળાના વતનથી નાયબ બનાવવામાં આવે. જો મરવાવાળાએ છોડેલ માલ હજના ખર્ચાઓ માટે પૂરતો હોય તો કોઇ પણ મીકાતથી નાયબ બનાવી શકાય છે. બલ્કે જે મીકાતથી ઉજરત અને ખર્ચો ઓછો હોય તે મીકાતથી નાયબ બનાવવામાં આવે, જો કે મુસ્તહબ એહતેયાત એ છે કે, જો માલ પૂરતો હોય તો તેના શહેરથી નાયબ બનાવવામાં આવે, એ સ્થિતિમાં વધારાની ઉજરતી બાલિગ વારસદારોની રજાથી તેઓના ભાગના માલમાંથી અદા કરવામાં આવે, નાબાલિગ

વારસદારોના ભાગમાંથી નહીં.

(૭૯) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય અને તેણે છોડેલો માલ હજના ખર્ચા માટે પુરતો હોય તો એહવત એ છે કે, હજ અદા કરવામાં જલદી કરવામાં આવે, તેના માલથી ચાહે કોઇને ઉજરત પર હજ માટે મોકલવો પડે, જો પ્રથમ વરસે મીકાતથી અજીર ન મળે તો એહવત એ છે કે, તેના વતનથી નાયબ અને અજીર મુકર્રર કરવામાં આવે અને બીજા વરસ સુધી ઢીલ ન કરે ચાહે એ ખબર હોય કે આવતા વરસે મીકાતથી અજીર મળી જશે અને આ સૂરતમાં (જ્યારે કે નાયબને વતનથી નક્કી કરે) મીકાતથી વધારે ખર્ચો નાબાલિગ વારસદારોના ભાગમાંથી નથી લઇ શકાતો.

(૮૦) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય અને તેણે છોડેલેં માલ હજના ખર્ચા માટે પુરતો હોય અને (હજે બદલ માટે) નાયબ સામાન્ય નિયમથી વધારે કિંમત પર જ મળવો શક્ય હોય તો એહતિયાતે વાજિબ એ છે કે, વધારે કિંમત આપી નાયબ બનાવવામાં આવે. અને વારસદારો વારસાનો ભાગ વધારે મેળવવા માટે આવતા વરસ સુધી ઢીલ નથી કરી શકતા. પરંતુ આ સંજોગોમાં નિયમથી વધારે કિંમતને નાબાલિગ વારસદારોના ભાગમાંથી નથી લઇ શકાતો.

(૮૧) જો મરવાવાળાના અમુક વારસદારો સ્વીકાર કરે કે તેના પર ઇસ્લામી હજ વાજિબ હતી અને બાકીના વારસદારો તેનો ઇન્કાર કરે તો માત્ર ઇકરાર કરવાવાળાઓ પર વાજિબ છે કે વારસાના ભાગના પ્રમાણમાં પોતાના ભાગમાંથી ખર્ચો આપે (દાખલા તરીકે ઇકરાર કરવાળાઓને ભાગે અર્ધો વારસો આવ્યો હોય તો તેઓ હજના ખર્ચાનો અર્ધો ભાગ આપે) એટલે જો આ પ્રમાણ હજના ખર્ચા માટે પૂરતું હોય ચાહે કોઇ બીજાના મેળવવાથી અથવા કોઇ બીજી રીતે, તો નાયબ બનાવવો વાજિબ થશે. નહિતર નહીં. અને ઇકરાર કરવાવાળાઓ પર પોતાના ભાગમાંથી અથવા પોતાના બીજા માલમાંથી કમી પૂરી કરવી વાજિબ નથી.

(૮૨) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય અને જો કોઇ વળતર વગર તેના તરફથી હજ અંજામ આપે તો પૂરતું છે અને વારસદારો માટે મરવાવાળાના માલમાંથી નાયબ બનાવવો વાજિબ નથી. એવી જ રીતે મરવાવાળો ત્રીજા ભાગના માલમાંથી હજની વસિયત કરીને મરે અને કોઇ શખ્સ વળતર વિના તેના તરફથી હજ અંજામ આપે તો પુરતું છે અને ત્રીજા ભાગના માલમાંથી નાયબ બનાવવો વાજિબ નથી.પરંતુ હજના ખર્ચા જેટલો માલ ત્રીજા ભાગના માલમાંથી વારસદારોને નહીં આપવામાં આવે બલ્કે

મરવવાળાની દ્રષ્ટિમાં જે નેકીનું કામ હોય તેમાં વાપરવામાં આવશે.

(૮૩) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય અને તેણે પોતાના શહેરથી નાયબ બનાવાની વસિયત કરી હોય તો તેના શહેરથી નાયબ બનાવવો વાજિબ છે. પરંતુ મીકાતની સરખામણીમાં વધારાનો ખર્ચો ત્રીજા ભાગના માલમાંથી આપવામાં આવશે. અને જો હજની વસિયત કરે, પરંતુ સ્થળ નક્કી ન કરે, તો મીકાતથી નાયબ બનાવવો પૂરતું છે. પણ એ કે કોઇ એવો સંકેત કે ઇશારો હોય જેનાથી જાહેર થાય કે મરવાવાળાનો ઇરાદો પોતાના શહેરથી નાયબ બનાવવાનો હતોઃ દાખલા તરીકે મરવાવાળો હજના માટે એટલો માલ નક્કી કરે જે વતનથી નાયબ બનાવવા માટે પૂરતો હોય (તો તેના ઇરાદા પ્રમાણે અમલ કરવામાં આવે)

(૮૪) જો મરવાવાળો પોતાના શહેરથી હજની વસિયત કરે, પરંતુ વસી અથવા વારસદાર મીકાતથી નાયબ બનાવે તો જો મરવાવાળાના માલમાંથી નાયબને ખર્ચો આપ્યો હોય તો આ ઇજારો બાતિલ થશે. પણ અજીરના હજ અંજામ આપવાથી મરવાવાળાની જવાબદારી પૂરી થઇ જશે.

(૮૫) જો મરવાવાળો કોઇ બીજા શહેરથી હજની વસિયત કરે દાખલા તરીકે મશહદનો રહેવાવાળો વસિયત કરે કે

નજફથી કોઇને નાયબ બનાવવામાં આવે તો એ વસિયત પર અમલ કરવો વાજિબ છે અને મીકાતથી વધારાનો ખર્ચ ત્રીજા ભાગના માલમાંથી લેવામાં આવશે.

(૮૬) જો મરવાવાો વસિયત કરે કે તેના તરફથી ઇસ્લામી હજ અંજામ આપવામાં આવે અને તેના માટે ઉજરત નક્કી કરે તો તેના પર અમલ કરવો વાજિબ છે, એટલે જો ઉજરત સામાન્ય નિયમ મુજબ હોય તો મરવાવાળાના મૂળ માલમાંથી આપવામાં આવશે, નહિંતર નિયમથી વધારે પ્રમાણ ત્રીજા ભાગમાંથી આપવામાં આવશે.

(૮૭) જો મરવાવાળો કોઇ એવા નક્કી માલથી હજની વસિયત કરે, જેના વિશે વસીને ખબર હોય કે એ માલ પર ખુમ્સ અથવા ઝકાત વાજિબ છે તો વસી પર વાજિબછે કે પહેલા ખુમ્સ અદા કરે અને પછી બાકીનો માલ હજ પર ખર્ચ કરે અને જો બાકીનો માલ હજના ખર્ચાઓ માટે પૂરતો ન હોય તો જરૂરી છે કે મૂળ માલમાંથી કમીને પૂરી કરે, એ શરતે કે ઇસ્લામી હજ હોય. પરંતુ જો વસિયત 'તઅદુદે મતલૂબ' પર અવલંબિત હોય. અર્થાત વસિયત કરવાવાળાની દ્રષ્ટિમાં બે વસ્તુ હોય એક એ સારૂં કામ કરવામાં આવે અને બીજું એ કે એ સારૂં કામ હજ હોય તો મરવાવાળાની દ્રષ્ટિમાંજે પણ સારૂં કામ હોય માલ તેમાં વાપરવામાં આવે.

અને વસિયત ‘તઅદુદે મતલૂબ’ની રૂએ ન હોય તો નક્કી થયેલ માલમાંથી બચનારી રકમ વારસદારોમાં વહેંચી દેવામાં આવશે.

(૮૮) જો મરવાવાળાના તરફથી નાયબ બનાવવો વાજિબ થઇ જાય ચાહે વસિયતના કારણે અથવા કોઇ અન્ય કારણે તો એ શખ્સ (દાખલા તરીકે વસી અથવા વારસદાર) જેના પર નાયબ બનાવવો વાજિબ હતો ગફલત કરે અને માલ બરબાદ થઇ જાય તો એ શખ્સ ઝામિન રહેશે અને તેના પર પોતાના માલમાંથી નાયબ બનાવવો વાજિબ છે.

(૮૯) જો એ જાણ થઇ જાય કે મરનાર પર હજ વાજિબ છે, પણ એ ખબર ન પડે કે તેણે અદા કરી છે કે નહીં તો કઝા કરાવવી વાજિબ છે અને તેનો ખર્ચો મૂળ માલમાંથી લેવામાં આવશે.

(૯૦) હજ માટે માત્ર નાયબ બનાવવાથી મરવાવાળો ઝિમ્મેદારીથી છૂટતો નથી, એટલે જો ખબર પડે કે નાયબે હજ અદા નથી કરી, ચાહે કોઇ અંતરાયના કારણે અથવા વગર અંતરાયે તો બીજો નાયબ બનાવવો વાજિબ છે. અને તેનો ખર્ચો મૂળ માલમાંથી આપવામાં આવશે. જો ઉજરત મરવાવાળાના માલમાંથી આપી હોય અને તેને પાછી લેવી શક્ય હોય તો પાછી લેવામાં આવે.

(૯૧) જો અજીર અનેક હોય તો અઝહર એ છે કે, એવા શખ્સને અજીર બનાવવામાં આવે કે જેનું નાયબ બનવું મરવા વાળાના મોભા અને હેસિયતથી વિરૂદ્ધ ન હોય, ભલે બીજો શખ્સ ઓછી કિંમતે જવા પર રાજી હોય. ભલે પછી ખર્ચો મૂળ વારસામાંથી હોય ન ત્રીજા ભાગમાંથી અને અમુક વારસદારો નાબાલિગ હોય અથવા અમુક બાલિગ વારસદારો રાજી ન હોય : પરંતુ આ હુકમ એ સંજોગોમાં મુશ્કિલ છે જ્યારે ઉપરોકત રીતે અજીર બનાવવો બીજા માલી વાજિબો દાખલા તરીકે : કરજ અને ઝકાતથી જે મરવાવાળાને ઝિમ્મે હોય અથવા બિન માલી વાજિબો જેની મરવાવાળાએ વસિયત કરી હોય તેની સાથે ટકરાતો હોય.

(૯૨) નાયબને મરવાવાળાના શહેરથી અથવા મીકાતથી નાયબ બનાવવો વાજિબ છે અને તેમાં વારસદારોની તકલીદ અને ઇજતેહાદને ધ્યાનમાં રાખવામાં આવશે નહિ કે મરવા વાળાની એટલે જો મરવવાળાનો અકીદો એ હોય કે પોતાના શહેરથી હજ વાજિબ છે, જ્યારે કે વારસદારોનો અકીદો એ છે કે, મીકાતથી પણ નાયબ બનાવવો જાઇઝ છે તો વારસદારો પર વાજિબ નથી કે તે મરવાવાળાના શહેરથી નાયબ બનાવે.

(૯૩) જો મરવાવાળાના ઝિમ્મે ઇસ્લામી હજ હોય પણ તેની મીરાસ કે છોડેલ માલ ન હોય તો વારસદારો પર નાયબ બનાવવો વાજિબ નથી, પરંતુ મોઅમીનો માટે મુસ્તહબ છે, ખાસ કરીને મરવાવાળાના નિકટના સગાઓ માટે મુસ્તહબ છે કે તેઓ મરવાવાળાને જવાબદારીથી મુક્ત કરાવે.

(૯૪) જો મરવાવાળો હજની વસિયત કરે અને ખબર હોય કે આ હજ ઇસ્લામી હજ છે, અને જો ત્રીજા ભાગના માલમાંથી હજ કરાવવાની વસિયત ન કરી હોય તો પછી હજના ખર્ચાઓ મૂળ માલમાંથી લેવામાં આવશે સિવાય કે તેને ત્રીજા ભાગમાંથી ખર્ચો લેવાની વસિયત કરી હોય, પરંતુ જો ખબર હોય કે જે હજની વસિયત કરી છે તે ઇસ્લામી હજ નથી અથવા ઇસ્લામી હજ હોવા વિશે શંકા હોય તો પછી તેનો ખર્ચો ત્રીજા ભાગના માલમાંથી લેવામાં આવશે.

(૯૫) જો મરવાવાળો હજની વસિયત કરે અને કોઇ ખાસ શખ્સને તે માટે નિયુક્ત કરે તો વસિયત પર અમલ કરવો વાજિબ છે. અને જો આ ખાસ શખ્સનું મહેનતાણુ પ્રચલિત મહેનતાણાથી વધારે હોય તો ત્રીજા ભાગના માલમાંથી આપવામાં આવશે અને જો આ પણ શક્ય ન હોય

તો અગર વસિયત તઅદુદે તલબના આધાર પર હોય (અર્થાત એ કે, વસિયતથી મરનારનો હેતુ એ છે કે હજ અંજામ અપાઇ જાય અને આ ખાસ વ્યક્તિ મારફત થાય એટલે બંને ચીઝો હોય) અથવા ઇસ્લામી હજની વસિયત કરવામાં આવી હોય તો પછી કોઇપણ એવા શખ્સને નાયબ બનાવવો જોઇએ. જે પ્રચલિત મહેનતાણું લેતો હોય.

(૯૬) જો મરવાવાળો હજની વસિયત કરે અને તેના માટે માલ પણ નક્કી કરે, પણ કોઇ એ કિંમતે હજ પર જવા રાજી ન હોય તો જો હજ ઇસ્લામી હજ હોય તો મૂળ માલમાંથી કમી પૂરી કરવામાં આવશે અને જો હજ ઇસ્લામી હજ સિવાય હોય અને વસિયત તઅદુદે મતલૂબ પર આધારિત હોય (એટલે વસિયતથી મય્યતની ગરજ બે વસ્તુ હોય એક એ કે કોઇ નેક કામ કરવામાં આવ અને બીજું એ કે નેક કામ હજ હોય) તો આ નક્કી માલને મરનારની દ્રષ્ટિમાં જે નેક કામ હતા તેના પર વાપરવામાં આવે, નહિતર વસિયત બાતિલ છે અને નક્કી માલ વારસામાં ગણાશે.

(૯૭) જો કોઇ પોતાનું ઘર એ શરતે વેચે કે ખરીદનાર આ કિંમતને તેના મરવા પછી હજ પર ખર્ચ કરે તો ઘરની કીમત વારસાનો ભાગ ગણાશે. અને જો હજ ઇસ્લામી હજ

હોય તો શરત લાઝિમ થઇ જશે. અને વાજિબ છે કે ઘરની કિંમત હજની ઉજરત પર વાપરે, પરંતુ ઉજરત નિયમ મુજબની હોય નહિતર વધારે પ્રમાણ ત્રીજા ભાગમાંથી લેવામાં અવાશે અને જો હજ ઇસ્લામી હજ સિવાયની હોય તો પણ શરત લાઝિમ છે અને હજની પૂરી ઉજરતને ત્રીજા ભાગના માલમાંથી લેવામાં આવશે અને જો ત્રીજા ભાગનો માલ હજના ખર્ચાઓ માટે પૂરતો ન હોય તો ત્રીજા ભાગ કરતા વધારાના માલમાં આ શરત મુજબ અમલ કરવો જરૂરી નથી.

(૯૮) જો કોઇ શખ્સ પોતાનું ઘર એ શરત પર આપે કે તેના મરવા પછી તે તેના તરફથી હજ કરાવશે તો આ કરાર સહી અને લાઝિમ છે (અર્થાત) તેના પર અમલ કરવો જરૂરી છે અને આ ઘર માલિકની મિલકતમાંથી નિકળી જશે અને એ ઘરને વારસામાં ગણવામાં નહીં આવે, ભલે હજ મુસ્તહબ જ કેમ ન હોય અને વસિયતનો હુકમ આ ઘર પર લાગુ નહીં પડે. આ જ હુકમ એ સમયે પણ છે જ્યારે કોઇ પોતાનું ઘર બીજા કોઇની મિલ્કતમાં એ શરતે આપે કે તેના મરવા પછી તે એને વેચી ઘરની કિમતથી તેના તરફથી હજ કરાવશે. આ બધી સૂરતો સહી અને લાઝિમ છે ચાહે એ વસ્તુ જેને શરત કરવામાં આવી છે મુસ્તહબ અમલ જ કેમ ન હોય અને વારસદારોનો ઘર પર કોઇ હક નહીં રહે. જો એ

શખ્સ જેને સાથે શરત કરી હતી, શરતની વિરૂધ્ધતા કરે તો વારસદારો મામલો ખતમ કરવાનો અધિકાર નથી ધરાવતા. પરંતુ મરવાવાળાનો સરપરસ્ત ચાહે તે વસી હોય કે હાકિમે શરઅ મામલો ખતમ કરી શકે છે જો તે મામલો ખત્મ કરે તો માલ મરવાવાળાની મિલકતમાં પાછો ફરશે અને વારસાનો ભાગ બની જશે.

(૯૯) જો વસી (એ શખ્સ જેના નામ પર વસિયત કરવામાં આવી છે) મરી જાય અને ખબર ન પડે કે વસીએ મરવા પહેલા કોઇને નાયબ બનાવ્યો છે કે નહીં તો મૂળ માલમાંથી નાયબ બનાવવો વાજિબ છે, એ શરતે કે, હજ ઇસ્લામી હજ હોય, પણ જો હજ ઇસ્લામી હજ સિવાય બીજી કોઇ હજ હોય તો પછી ત્રીજા ભાગના માલમાંથી નાયબ બનાવવામાં આવશે અને જો વસીએ હજના ખર્ચા પ્રમાણે માલ લીધો હોય અને તે માલ મોજૂદ પણ હોય તો તેને વાપસ લેવામાં અવાશે. ભલે એ સંભવ હોય કે વસીએ પોતાના માલથી નાયબ બનાવી દીધો હશે. અને પાછળથી પોતાના માલના બદલામાં મરવાવાળાના માલમાંથી લીધો હશે. અને જો માલ મોજૂદ ન હોય તો વસી જામિન નહીં થાય. એટલા માટે કે સંભવ છે કે માલ બેપરવાઇ વગર બરબાદ થઇ ગયો હોય.

(૧૦૦) જો વસીથી બેપરવાઇ વગર માલ બરબાદ થઇ જાય તો તે ઝામિન નથી અને જો હજ ઇસ્લામી હજ હોય તો વાજિબ છે કે બાકી છોડેલા માલમાંથી નાયબ બનાવવામાં આવે અને જો બીજી કોઇપણ હજ હોય તો બાકી રહેલા માલના ત્રીજા ભાગમાંથી નાયબ બનાવે અને જો બાકી માલ વારસદારોમાં વહેંચાઇ ગયો હોય તો તેઓના ભાગના પ્રમાણમાં ઉજરત માટે તેઓ પાસેથી પાછો લેવામાં આવશે. આ જ હુકમ એ સૂરતમાં પણ છે જ્યારે કોઇ હજ માટે નાયબ બને અને હજ અદા કરવા પહેલા મરી જાય અને તેણે કાંઇ માલ છોડયો ન હોય અને જો કાંઇ માલ હોય તો તેનાથી પાછો લેવો શકય ન હોય.

(૧૦૧) જો વસીથી નાયબ નક્કી કરવા પહેલા માલ બરબાદ થઇ જાય અને ખબર ન પડે કે વસીએ લાપરવાહી કરી હતી કે નહીં, તો વસીથી એ માલના બદલે માલ લેવો જાઇઝ નથી.

(૧૦૨) જો મરવાવાળો ઇસ્લામી હજની સિવાય બીજી કોઇ હજના માટે નક્કી માલની વસિયત કરે અને સંભવ હોય કે આ નક્કી માલ ત્રીજા ભાગથી વધારે હોય તો આ નક્કી થયેલ બધો માલ વારસદારોની રજા વગર વાપરવો જાઇઝ નથી.

# નિયાબતના હુકમો

(૧૦૩) હજના નાયબમાં ત્રણ શરતો હોવી જરૂરી છે.

૧. બલૂગ : નાબાલિગ બાળકનું કોઇ બીજા માટે ઇસ્લામી હજ અથવા કોઇ બીજી વાજિબ બજાવી લાવવુ પૂરતુ નથી (મતલબ તેની જવાબદારી અદા નહિં થાય) બલ્કે એહવત પ્રમાણે સમજદાર બાળક (અર્થાત સારા નરસાની પરખ રાખનાર)ના માટે આ જ હુકમ છે, પરંતુ મુસ્તહબી હજમાં બઇદ નથી કે વલીની ઇજાઝતથી સમજદાર બાળકનું નાયબ બનવું સહીહ હોય.

૨. અકલ : પાગલ શખ્સને નાયબ બનાવવું પૂરતું નથી ચાહે દીવાનગી કાયમી હોય અથવા કદી કદી તેના દોરા પડતા હોય અને તે દોરાની હાલતમાં હજ કરે. અલબત્તા સફીહ (મૂર્ખ)ને નાયબ બનાવવામાં કોઇ હરજ નથી.

૩. ઇમાન : ઇમામોની ઇમામતનો ઇન્કાર કરનાર ગેર મોમિનને નાયબ બનાવવું પૂરતું નથી. અને જો તે આપણા મઝહબ પ્રમાણે હજ કરે તો પણ એહવત પ્રમાણે કાફી નથી.

૪. ફારિગુઝ્ઝિમ્મા : અર્થાત કે જે વરસે તેણે નિયાબતની હજ અદા કરવાની છે એ વરસે તેના ઝિમ્મે કોઇ અન્ય

વાજિબ હજ ન હોય એવી હાલતમાં કે જો તે અંજામ ન આપે તો સજાપાત્ર બને, પરંતુ જો વાજિબ હોવાનું ન જાણતો હોય અથવા તેનાથી ગાફિલ હોય તો એવા શખ્સને નાયબ બનાવવામાં કોઇ હરજ નથી.

આ શરત ઇજારો સહીહ હોવાની શરત છે ન કે નાયબની હજ સહીહ હોવાની. એટલે કે એ સંજોગમાં જયારે કે નાયબ પર હજ વાજિબ હોય અને તે અજાણતા અથવા ગફલતની હાલતમાં અને તે કોઇના તરફથી હજ કરે તો જેની નિયાબતમાં હજ કરી છે એ તો જવાબદારીથી મુક્ત થઇ જશે, પરંતુ નાયબ નક્કી કરેલ ઉજરતના બદલે પ્રચલિત ઉજરતનો હકદાર રહેશે.

(૧૦૪) નાયબમાં અદાલત જરૂરી નથી, પરંતુ મનૂબ અન્હૂ (જેની નયાબતમાં હજ કરી રહ્યો છે) તેની તરફથી હજ બજાવી લાવવાનું ઇત્મેનાન હોવું જરૂરી છે. જો તે ખબર આપે કે હજ બજાવી લાવ્યો અને જો તેની ખબરથી ઇત્મેનાન હાંસિલ ન થાય તો એ સંજોગોમાં ખબર પૂરતી ગણવામાં ઇશ્કાલ છે.

(૧૦૫) મનૂબ અન્હૂ (જેના વતી હજ કરી રહ્યો છે) ના ઝિમ્મેદારીથી મુક્ત થવા માટે નાયબનું સહી રીતે હજ કરવું

જરૂરી છે. એટલે નાયબ માટે જરૂરી છે કે તે હજના આમાલ અને હુકમોને સહીહ રીતે જાણતો હોય, ભલે કોઇ બીજા શખ્સના માર્ગદર્શનથી હજના આમાલ અદા કરતી વખતે જ જાણી લ્યે. જ્યારે શક થાય કે નાયબ હજના આમાલ સહીહ રીતે બજાવી લાવ્યો છે કે નહીં, ભલે પછી આ શક એ કારણે હોય કે ખુદ નાયબનું હજના હુકમો અને આમાલનું જાણવું શંકાશીલ હોય તો પણ બઇદ નથી કે હજને સહીહ સમજવામાં આવે.

(૧૦૬) બાલિગ શખ્સ સમજદાર નાબાલિગ તથા દીવાના તરફથી નાયબ બની શકે છે. બલ્કે દીવાના શખ્સને જો દોરો કદી કદી પડતો હોય અને ખબર હોય કે હંમેશા હજના દિવસોમાં પાગલપણાનો દોરો પડે છે, તો તંદુરસ્તીના સમયમાં નાયબ બનાવવો વાજિબ છે, એવી જ રીતે એ સ્થિતિમાં પણ નાયબ બનાવવો વાજિબ છે, જ્યારે તંદુરસ્તીની હાલતમાં હજ તેના પર વાજિબ થઇ ચૂકી હોય ભલે પછી મરવા સમયે પાગલપણાની સ્થિતિમાં હોય.

(૧૦૭) નાયબ અને મનૂબ અન્હૂ એક જ જાતીના હોવા જરૂરી નથી. એટલે ઔરતના તરફથી મર્દ અને મર્દના તરફથી ઔરતનું નાયબ બનવું સહીહ છે.

(૧૦૮) સરૂરા (જે પ્રથમવાર હજ કરી રહ્યો હોય) ગેર સરૂરા અને સરૂરા બંને તરફી નાયબ બની શકે છે. ચાહે નાયબ અથવા મનૂબ અન્હૂ મર્દ હોય કે ઔરત. કહેવામાં આવ્યું છે કે, સેરૂરાને નાયબ બનાવવો મકરૂહ છેઃ પરંતુ આ કરાહત સાબિત નથી. બલ્કે એવા શખ્સ જે માલી ઇસ્તેતાઅત હોવા છતાં હજ ન કરી શકતો હોય બઇદ નથી કે સેરૂરાને નાયબ બનાવવો તેના માટે અવલા અને વધારે સારૂં હોય. આ જ પ્રમાણે એ શખ્સ જેના પર હજ વાજિબ અને સાબિત હોય અને મરી જાય તો અવલા અને વધારે સારૂં એ છે કે સેરૂરાને તેના તરફથી નાયબ બનાવવામાં આવે.

(૧૦૯) મનૂબ અન્હૂનું મુસલમાન હોવું શરત છે. એટલે કાફર તરફથી નિયાબત સહીહ નથી. જો કાફર ઇસ્તેતાઅતની સ્થિતિમાં મરી જાય અને તેના વારસદારો મુસલમાન હોય તો તેઓ પર વાજિબ નથી કે તેના તરફથી હજ પઢાવે. એવી જ રીતે નાસબી હોય તો તેની નિયાબત પણ જાઇઝ નથી. એ સિવાય કે તે નાસબી બાપ હોય. બાપ સિવાય બાકી સગાઓ તરફથી નાયબ બનાવવામાં ઇશ્કાલ છે. પરંતુ હજ અદા કરી તેનો સવાબ તેઓને હદિયો કરવામાં કોઇ હરજ નથી.

(૧૧૦) જીવતા શખ્સની મુસ્તહબી હજમાં નિયાબત થઇ શકે છે, ચાહે ઉજરત લઇને હોય કે વગર ઉજરતે. એવી જ રીતે જો વાજિબ હોય અને પોતે અંજામ આપવાથી લાચાર હોય તો જેમ પહેલા બયાન થઇ ચૂકયું છે, નાયબ બનાવવામાં કોઇ હરજ નથી. પરંતુ એ સિવાય જીવતા શખ્સની નિયાબત જાઇઝ નથી. મરેલા શખ્સની દરેક સ્થિતિમાં નિયાબત જાઇઝ છે ચાહે વળતર લઇને હોય કે વિના વળતર. ચાહે વાજિબ હોય કે મુસ્તહબ.

(૧૧૧) નિયાબત સહીહ હોવામાં નિયાબતનો ઇરાદો (નિય્યત) જરૂરી છે. અર્થાત મનૂબ અન્હૂને કોઇ પણ રીતે મખ્સૂસ અને નક્કી કરે. અલબત્તા નામ લઇને નક્કી કરવું જરૂરી નથી. જો કે દરેક મોકા ઉપર એમ કરવું/નામ લઇને નક્કી કરવું મુસ્તહબ છે.

(૧૧૨) જેવી રીતે કોઇની નિયાબતી હજ વળતર લઇને કે મફ્ત અંજામ આપવી સહીહ છે એવી રીતે જોઆલા અથવા કોઇ કરાર અને મામલામાં શરત રાખવાથી અને એના જેવી બીજી રીતે પણ નિયાબત સહીહ છે.

(૧૧૩) જો નાયબ હજના અમુક આમાલ બજાવી લાવવા માટે અશક્ત અને લાચાર થઇ જાય કે તે આમાલ

બિલકુલ અંજામ ન આપી શકે અથવા શરીઅતમાં નક્કી થયેલ રીતે અંજામ ન આપી શકે તો સ્પષ્ટ છે કે તેનો હુકમ પોતાની હજ બજાવી લાવનાર જેવો જ છે એટલે નાયબની હજ અમુક મોકાઓ પર સહીહ થશે અને મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુક્ત થઇ જશે, જ્યારે કે કેટલાક બીજા પ્રસંગોમાં બાતિલ થાશે. એટલે જો અરફાતમાં ઇખ્તેયારી વકૂફથી લાચાર હોય અને ઇઝતેરારી વકૂફ અંજામ દે તો તેની હજ સહીહ રહેશે. અને મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુક્ત થઇ જશે. પરંતુ જો બંને વુકૂફોથી લાચાર હોય તો તેની હજ બાતિલ છે અને એવા શખ્સને નાયબ બનાવવો જેના માટે પહેલેથી જ જાણકારી હોય કે આ ઇખ્તેયારી અમલ બજાવી નહીં શકે, એહતેયાતની રૂએ જાઇઝ નથી ત્યાં સુધી કે વળતર વિના પણ કોઇના તરફથી હજ કરે તો તેના અમલને પૂરતો ગણવો મુશ્કિલ છે. અલબત્તા એવા શખ્સને નાયબ બનાવવામાં કોઇ હરજ નથી કે જેના વિશે જાણકારી હોય કે તે એહરામની હરામ બાબતો દાખલા તરીકે : છાંયામાં રહેવું અથવા કોઇ અન્ય હરામ ચીઝમાંથી કોઇને આચરશે, ચાહે કોઇ કારણસર હોય અથવા કારણ વગર. એવી રીતે એ શખ્સને પણ નાયબ બનાવવામાં કોઇ હરજ નથી કે જેના વિશે જાણકારી હોય કે હજની એવી વાજિબ બાબતો છોડી દેશે જેના કારણે હજના સહીહ હોવામાં

નુકસાન નથી થતું ભલે પછી તેને જાણી જોઇને છોડવામાં આવે દાખલા તરીકે તવાફુન્નિસા અથવા અગ્યારમી અને બારમી રાત મિનામાં વિતાવવી.

(૧૧૪) જો નાયબ એહરામ બાંધવા પહેલા મરી જાય તો મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુક્ત નહીં થાય. એટલે જો નાયબ બનાવવો વાજિબ હોય તો જરૂરી છે કે કોઇ બીજા શખ્સને નાયબ બનાવવામાં આવે. અને જો એહરામ બાંધવા પછી અને હરમમાં દાખલ થયા પછી મરી જાય ; તો એહવત છે કે, મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુકત થઇ જશે. અને આ હુકમમાં ઇસ્લામી હજ અને બીજી હજ માટે એક જ છે કે જયારે નાયબ ઉજરત લઇને હજ પર ગયો હોય, પણ જો ઉજરત વગર હજ કરી રહ્યો હોય તો પછી મનૂબ અન્હૂનું ઝિમ્મેદારીથી મુકત થવું ઇશ્કાલથી ખાલી નથી.

(૧૧૫) જો અજીર એહરામ બાંધવા અને હરમમાં દાખલ થવા પછી મરણ પામે, જ્યારે કે તેને મરનારને ઝિમ્મેદારીથી મુક્ત કરવા માટે નાયબ બનાવ્યો હોય તો આ અજીર પૂરી ઉજરતનો હકદાર થાશે. પરંતુ જો તમે હજના આમાલ અંજામ આપવા માટે નાયબ અને અજીર બનાવ્યો હોય અને ઇજારામાં એકથી વધારે ચીઝો દ્રષ્ટિ સમક્ષ રાખવામાં આવી હોય (અર્થાત બે હેતુઓ હોય એક એ કે ઝિમ્મેદારીથી

મુક્ત થઇ જશે અને બીજાું એ કે આમાલ અંજામ અપાઇ જાય.) તો પછી જેટલા આમાલ અંજામ આપ્યા હોય તેના પ્રમાણમાં ઉજરતનો હકદાર રહેશે. (દાખલા તરીકે : જો ત્રીજ ભાગના આમાલ અંજામ આપ્યા હોય તો એક તૃતીયાંશ ઉજરતનો હકદાર રહેશે) પરંતુ જો અજીર (નાયબ) એહરામના પહેલા મરી જાય તો ઉજરતમાંથી કંઇ નહીં મળે. અલબત્તા જો અમલના પ્રથમ કાર્યો પણ (મામલા) ઇજારામાં દાખલ હોય. અર્થાત ઇજારામાં બે બાબતોનો ઉદ્દેશ્ય હોય એક આમાલ અંજામ આપવા બીજાું પ્રાથમિક વિધિઓ પતાવવી તો એ સમયે જેટલા પ્રમાણમાં પ્રાથમિક વિધિઓ પતાવી હશે એટલા પ્રમાણમાં ઉજરતનો હકદાર રહેશે.

(૧૧૬) જો કોઇને શહેરથી હજ કરવા માટે અજીર બનાવવામાં આવે પણ રસ્તો નક્કી ન કરવામાં આવે તો અજીરને અધિકાર છે કે, જે રસ્તેથી ઇચ્છે જાય અને જો રસ્તો નક્કી કરવામાં આવ્યો હોય તો અવગણના જાઇઝ નથી. પરંતુ જો અજીર અવગણના કરી હજના આમાલ બજાવી લાવે તો જો રસ્તો ઇજારામાં શરત હોય ન કે તે ઇજારાના ભાગરૂપે હોય તો અજીર પૂરી ઉજરતનો હકદાર ઠરશે. જયારે કે નાયબ બનાવવા વાળાને મામલો રદ કરવાનો હક પ્રાપ્ત હશે. અને રદ કરવાની સૂરતમાં અજીર પ્રચલિત

ઉજરતના હકદાર રહેશે. અને જો માર્ગને હજના આમાલના એક ભાગ તરીકે ઇજારો આપવામાં આવ્યો હોય તો તે એ સમયે પણ નાયબ બનાવવાળાને મામલો ખતમ કરવાનો હક પ્રાપ્ત રહેશે. અને મામલો ખતમ કરવાના સંજોગોમાં અજીર એ આમાલાની જેને અંજામ આપી ચૂક્યો હોય તેની પ્રચલિત ઉજરત લેશે અને માર્ગ વટાવવાની ઉજરત નહીં અને જો મામલો ખતમ ન કરે તો પછી પૂરી નક્કી થયેલ ઉજરતનો હકદાર રહેશે. પરંતુ નાયબ બનાવનારને અજીરથી નક્કી થયેલ માર્ગે ન જવાના સંજોગોમાં બાકીના પૈસા પાછા લેવાનો હક છે.

(૧૧૭) જો કોઇ નક્કી થયેલ વારસામાં કોઇની હજ પોતે અંજામ દેવા માટે નાયબ બને તો એ જ વરસમાં બીજા શખ્સની હજ પોતે અંજામ આપવા માટે નાયબ નથી બની શકતો, પરંતુ બંને ઇજારાના વરસ અલગ હોય અથવા એકમાં અથવા બંનેમાં હજ જાતે અંજામ આપવાની શરત ન હોય તો બંને ઇજારા સહીહ ગણાશે.

(૧૧૮) જો કોઇ શખ્સ કોઇ નક્કી વરસમાં કોઇની હજ અંજામ આપવા માટે અજીર બને તો જાઇઝ નથી કે તે નાયબ બનાવનારની રજા વગર એ હજને નક્કી વરસ પહેલા

અથવા પછી અંજામ આપે. એટલે જો ઢીલ કરે તો જો કે મનૂબ અન્હૂ (જેના તરફથી હજ કરવામાં આવી છે) ઝિમ્મેદારીથી મુક્ત થઇ જશે, પરંતુ નાયબ બનાવનારને મામલો ખતમ કરવાનો અધિકાર રહેશે એટલે ઇજારો ખતમ કરવાના સંજોગમાં અજીર કોઇ પણ ઉજરતનો હકદાર નહીં રહે. અને આ એ સંજોગોમાં છે જયારે ઇજારો નક્કી થયેલ વરસમાં હજ કરવાનો હોય. પરંતુ ઇજારો તો હજ કરવાનો હોય અને વરસ માત્ર શરત રૂપે હોય તો નાયબ પ્રચલિત ઉજરતનો હકદાર રહેશે. અને ઇજારો ખતમ ન કરવાની સૂરતમાં અજીર નક્કી થયેલ ઉજરતનો હકદાર ઠરશે, પરંતુ નક્કી થયેલ વર્ષે હજ અંજામ ન આપવાની કિંમત માંગવાનો હક નાયબ બનાવવાવાળાને પ્રાપ્ત છે.

એવી જ રીતે અગર અજીર હજને ઠરાવેલ વર્ષથી પહેલા અંજામ આપે અને જે હજના માટે ઇજારો કર્યો હોય તે એવી હજ હોય કે તેના અંજામ આપવાથી મતુબ અન્હ જવાબદારીથી મુક્ત થઇ જાય જેમ કે તે ઇસ્લામી હજ હોય તો મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુક્ત થઇ જશે, જો કે અજીરે નક્કી વર્ષ પહેલા અંજામ આપી છે અને હવે કેમકે મનૂબ અન્હૂ તો ઝિમ્મેદારીથી મુકત થઇ ગયો છે એટલે ઠરાવેલ વર્ષમાં હજ અંજામ આપવી શકય જ નથી, તો ઉજરત

સંબંધે એજ હુકમ છે જે એ પહેલા ઢીલની સૂરતમાં બયાન થઇ ચૂક્યો છે.

અને જો આમ ન હોય એટલે મુસ્તહબ હજ અંજામ આપવા માટે અજીર બનાવવામાં આવ્યો હોય કે દાખલા તરીકે આવતા વરસે હજ અંજામ આપે, પરંતુ અજીર એજ વરસે અંજામ આપી દે તો જો ઇજારો ઠરાવેલ વરસમાં અંજામ આપવાનો હોય તો અજીર ઉજરતનો હકદાર નહીં રહે. બલ્કે વાજિબ છે કે, હજ ઠરાવેલ વરસમાં અંજામ આપે અને ઇજારામાં વરસ માત્ર શરત રૂપે હોય તો પણ આ જ હુકમ છે, જો ઇજારો આપનાર એ શરતને રદ ન કરે અને જો રદ કરે તો પછી અજીર નક્કી થયેલ કિંમતનો હકદાર રહેશે.

(૧૧૯) જો અજીર દુશ્મનના રોકવાથી અથવા બીમારીના કારણે હજના આમાલ બજાવી ન શકે તો તેનો હુકમ ખુદ પોતાની હજ અંજામ દેવાવાળા ઇન્સાનની જેમ છે, જે દુશ્મન કે બીમારીના કારણે પોતાની હજ ન અંજામ આપી શકે જેની વિગત આગળ બયાન થશે. એટલે જો હજનો ઇજારો એ જ વરસ માટે બંધાયો હતો તો ઇજારો ખતમ થઇ જશે. અને જો એ વરસની કેદ નહોતી તો હજ તેના ઝિમ્મે બાકી રહેશે. પરંતુ જો વર્ષનું નક્કી હોવું શરતના રૂપમાં હતું તો

અજીર બનાવવાવાળાને ''ખયારે તખલ્લુફ'' (શરત ભંગના સંજોગમાં અધિકાર) પ્રાપ્ત થઇ જશે.

(૧૨૦) નાયબ કોઇ એવું કામ કરે જેના કારણે કફ્ફારો વાજિબ થતો હોય જેમ કે છાંયામાં ચાલે અથવા અરિસામાં જોવે તો કફ્ફારો પોતાના માલમાંથી અદા કરશે. ભલે પૈસા લઇને નાયબ બન્યો હોય કે વગર પૈસે.

(૧૨૧) જો કોઇને હજના માટે નક્કી ઉજરત પર નાયબ બનાવવામાં આવે અને ઉજરત હજના ખર્ચાથી ઓછી નીકળે, તો ઇજારો આપનાર પર આ કમી પૂરી કરવી વાજિબ નથી. એવી જ રીતે હજના ખર્ચાથી વધારે નીકળે તો પાછા લેવાનો હક પણ નથી.

(૧૨૨) જો કોઇને વાજિબ અથવા મુસ્તહબ હજ માટે નાયબ બનાવવામાં આવે અને નાયબ મશઅરના પહેલા પોતાની હજને સંભોગથી બાતિલ કરી નાખે તો તેના પર વાજિબ છે કે, હજ પૂરી કરે અને આ હજથી મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુક્ત થઇ જશે. પણ નાયબ પર વાજિબ થાશે કે આવતા વરસે હજ કરે અને એક ઉંટ કફ્ફારો પણ આપે. સ્પષ્ટ છે કે અજીર ઉજરતનો હકદાર રહેશે ચાહે આવતા વરસે કારણસર અથવા વગર કારણે હજ ન પણ કરે. વગર

વળતર હજ અંજામ આપવાવાળા માટે પણ આ જ હુકમ છે. ફરક માત્ર એટલો છે કે ઉજરતનો હકદાર નથી.

(૧૨૩) અકદની સાથે જ અજીર ઉજરતનો માલિક થઇ જાય છે, તેમ છતાં હજ બજાવી લાવ્યા પહેલા તેને ઉજરત આપવી વાજિબ નથી સિવાય કે શરત થઇ હોય કે ઉજરત પહેલા આપવામાં આવશે. પરંતુ સ્પષ્ટ છે કે, અજીર હજ કર્યા પહેલા ઉજરતની માંગણી કરવાનો અધિકાર ધરાવે છે, ચાહે હજની પહેલા ઉજરત દેવાની શરત સ્પષ્ટ રીતે ન પણ કરવામાં આવી હોય. એટલા માટે કે આ શરત સૂચિત છે અને તે એ કે સામાન્ય રીતે ઉજરત પહેલે આપવામાં આવે છે કેમકે અજીરના માટે ઉજરત લીધા પહેલા હજ પર જવું અને અમલ બજાવી લાવવા શકય નથી હોતા.

(૧૨૪) જો કોઇ પોતે હજ કરવા માટે નાયબ બને તો તેને હક નથી કે નાયબ બનાવવાવાળાની રજા વિના એ હજ માટે કોઇ બીજાને નાયબ બનાવે. પરંતુ જો ઇજારા દ્વારા અમલને પોતાની જવાબદારીએ સ્વીકારે અને પોતે અંજામ આપવાની શરત ન કરે તો પછી તેના માટે જાઇઝ છે કે, તે હજ માટે કોઇ બીજાને નાયબ બનાવે.

(૧૨૫) જો કોઇને વિશાળ સમયમાં હજે તમત્તોઅ માટે

નાયબ બનાવવામાં આવે અને સંજોગવશાત સમય તંગ થઇ જાય અને નાયબ ઉમરા તમત્તોઅને હજે ઇફ્રાદથી બદલી નાખી હજે ઇફ્રાદ અંજામ આપે અને પાછળથી ઉમરા મુફ્રદા અંજામ આપે તો મનૂબ અન્હૂ ઝિમ્મેદારીથી મુક્ત થઇ જશે અને જો ઇજારો ઉમરા તમત્તોઅ અને હજે તમત્તોઅના આમાલ બનાવવાનો હોય તો નાયબ ઉજરતનો હકદાર નહીં રહે, પરંતુ જો મનૂબ અન્હૂને ઝિમ્મેદારીથી મુકત કરવાનો હોય તો હકદાર બનશે. જેમ કે કોઇના ઝિમ્મે હજ હોય અને કોઇને અજીર બનાવે જેથી અજીર તેની જવાબદારી અદા કરીને જવાબદારીમાંથી મુક્ત કરે આ સંજોગમાં અજીર પોતાની જવાબદારી મુજબ હજ અદા કરીને ઇજારો આપનારને જવાબદારીમાંથી મુક્ત કરાવે તેથી ઉજરત (મહેનતાણા)નો હકદાર બનશે. પરંતુ જો હજ ખાસ રીતે અંજામ આપવાનું નક્કી થયેલ હોય અને હજ બીજી રીતે અંજામ આપવામાં આવે જેનાથી ઇજારો આપનાર જવાબદારીમાંથી મુક્ત થઇ જાય તો પણ અજીર ઉજરતનો હકદાર થતો નથી.

(૧૨૬) મુસ્તહબી હજમાં એક શખ્સ અનેક લોકોનો નાયબ બની શકે છે, પરંતુ વાજિબ હજમાં એક શખ્સ બે અથવા વધારે લોકોનો નાયબ નથી બની શકતો, સિવાય એ

સૂરતમાં કે જયારે બે અથવા વધારે લોકો પર હજ ભાગીદારીના રૂપમાં વાજિબ થઇ હોય દાખલા તરીકે બે લોકો નઝર માને કે અમારૂં કામ થઇ ગયું તો અમે બંને મળીને કોઇને હજ પર મોકલશું. આ સૂરતમાં બંને માટે પોતા તરફથી એક શખ્સને નાયબ બનાવી મોકલવો જાઇઝ છે.

(૧૨૭) મુસ્તહબ હજમાં ઘણા લોકો એક જ વર્ષમાં એક શખ્સના નાયબ બની શકે છે. ચાહે મનૂબ અન્હૂ જીવંત હોય કે મરેલ અને ચાહે નાયબ ઉજરત લઇને નિયાબત કરી રહ્યો હોય કે વગર ઉજરતે. એવી જ રીતે વાજિબ હજમાં પણ એક શખ્સ પર સંખ્યાબંધ હજ વાજિબ હોય દાખલા તરીકે કોઇ જીવતા અથવા મરેલા શખ્સ પર બે હજ વાજિબ હોય એ બંને નઝરથી વાજિબ થઇ હોય અથવા દાખલા તરીકે : એક ઇસ્લામી હજ હોય અને બીજી નઝરથી વાજિબ થઇ હોય તો અનેક લોકોનું એક શખ્સની નિયાબત કરવું જાઇઝ છે. એટલે એક ઇસ્લામી હજ માટે અને બીજાને બીજી હજ માટે નાયબ બનાવી શકાય છે. એવી જ રીતે એક શખ્સ વતી બે લોકો એકને વાજિબ હજ માટે અને બીજાને મુસ્તહબ હજ માટે નાયબ બનાવવો જાઇઝ છે. બલ્કે બઇદ નથી કે હજમાં ખામીની સંભાવના આધારે

એહતેયાત ખાતર એક શખ્સની એક વાજિબ હજ માટે બે નાયબ બનાવવા જાઇઝ છે.

(૧૨૮) તવાફ પોતે મુસ્તહબ છે એટલે તવાફમાં જાઇઝ છે કે મરવાવાળા તરફથી નિયાબત કરવામાં આવે. એવી જ રીતે જો જીવતો (મનૂબ અન્હૂ) મક્કામાં ન હોય અથવા મક્કામાં હોય પણ પોતે તવાફ ન કરી શકતો હોય તો તેના તરફથી પણ નિયાબત કરવી જાઇઝ છે.

(૧૨૯) નાયબ નિયાબતી હજના આમાલથી ફારીગ થયા પછી પોતાના વતી અથવા કોઇ બીજાના વતી ઉમરા મુફરદા કરી શકે છે. જેવી રીતે પોતાની અથવા બીજા કોઇની વતી તવાફ કરવામાં પણ કોઇ હરજ નથી.

## મુસ્તહબ હજ

(૧૩૦) જે શખ્સ હજ કરી શકતો હોય તેના માટે મુસ્તહબ છે કે તે હજ કરે, ભલે ઇસ્તેતાઅત ન પણ હોય. અથવા ઇસ્લામી હજ અદા કરી ચૂક્યો હોય, બલ્કે જો શક્ય હોય તો દર વરસે હજ કરવી મુસ્તહબ છે.

(૧૩૧) ઉચિત છે કે મક્કાથી પાછા ફરવા સમયે બીજીવાર હજ માટે આવવાની નિય્યત હોય. બલ્કે કેટલીક રિવાયતમાં એટલું છે કે, પાછુ આવવાની નિય્યત ન કરવી મોતને નિકટ કરે છે.

(૧૩૨) મુસ્તહબ છે કે, જેને ઇસ્તતાઅત ન હોય તેને હજ કરાવવામાં આવે. જેવી રીતે હજ કરવા માટે કરજ લેવું મુસ્તહબ છે જ્યારે કે પાછું વાળવાનો ભરોસો હોય. એવી રીતે હજમાં વધારે ખર્ચ કરવો પણ મુસ્તહબ છે.

(૧૩૩) ફકીરના માટે જાઇઝ છે કે જ્યારે તેને સેહમે ફોકરાથી ઝકાત આપવામાં આવે. તો તે તેને મુસ્તહબ હજ પર ખર્ચ કરે.

(૧૩૪) પરણેલી સ્ત્રી માટે મુસ્તહબ હજ માટે શોહરની ઇજાઝત જરૂરી છે. તલાકે રજઇના ઇદ્દાવાળી ઔરત માટે પણ આ જ હુકમ છે. પરંતુ તલ્લાકે બાઇનવાળી ઔરત માટે પતિની સંમતિ જરૂરી નથી. અને જે સ્ત્રીનો ધણી મરી ગયો હોય તેના માટે વફાતના ઇદ્દામાં હજ કરવી જાઇઝ છે.

## ઉમરાના પ્રકારો

(૧૩૫) ઉમરા પણ હજની જેમ ક્યારેક વાજિબ અને ક્યારેક મુસ્તહબ અને ઉમરા ક્યારેક મુફરદા હોય છે અથવા તમત્તોઅ.

(૧૩૬) હજની જેમ ઉમરા પણ દરેક શરતો ધરાવનાર મુસ્તતીઅ પર વાજિબ છે અને હજની જેમ તરત જ વાજિબ છે. એટલે ઉમરાની ઇસ્તેતાઅત રાખનાર પર ચાહે તે હજની

ઇસ્તેતાઅત ન પણ રાખતો હોય, ઉમરા વાજિબ છે. પરંતુ સ્પષ્ટ છે કે, જેનો ફરીજો હજે તમત્તોઅ હોય અને તે તેની ઇસ્તેતાઅત ન રાખતો હોય બલ્કે ઉમરા મુફરદાની ઇસ્તેતાઅત રાખતો હોય તો પણ તેના પર ઉમરા મુફરદા વાજિબ નથી. એટલે એવા શખ્સના માલમાંથી ઉમરા માટે નાયબ બનાવવો જે મુસ્તતીઅ થઇ ગયો હોય અને હજની મોસમ પહેલા મરી જાય. વાજિબ નથી. એવી રીતે હજ માટે અજીર બનાવવાળા પર નયાબતી હજના આમાલ પછી ફારિગ થવા પર ઉમરા મુફરદા અંજામ આપવો વાજિબ નથી. પરંતુ બહેતર છે કે બયાન થયેલા મોકા ઉપર એહતિયાત તર્ક ન કરે.

(૧૩૭) વરસના દરેક મહિનામાં ઉમરા મુફરદા કરવા મુસ્તહબ છે અને બે ઉમરા વચ્ચે ત્રીસ દિવસનો ગાળો જરૂરી નથી એટલે કે એક મહિનાના અંતમાં અને બીજો બીજા મહિનાની શરૂમાં ઉમરા કરવો જાઇઝ છે. એક મહિનામાં બે ઉમરા શક્ય નથી ચાહે એક ઉમરો પોતે અંજામ આપે અને બીજો ઉમરો તેના તરફથી અન્ય કોઇ અંજામ આપે. પરંતુ હા, બીજો ઉમરો રજાઅની નિય્યતથી અંજામ આપવામાં કોઇ હરજ નથી. એવી જ રીતે એક ઉમરો પોતા માટે અને બીજો ઉમરો કોઇ અન્ય તરફથી અથવા બંને ઉમરા બે જુદા

જુદા લોકો તરફથી હોય તો પછી એક માસમાં બે ઉમરા કરવામાં કોઇ હરજ નથી. ઉમરા મુફરદા અને ઉમરા તમત્તોઅ વચ્ચે બયાન થયેલુ અંતર શરત હોવા વિશે ઇશ્કાલ છે. એ શખ્સ જે ઝીલ હજમાં ઉમરા તમત્તોઅ કરે અને ઇરાદો રાખતો હોય કે હજના આમાલ પછી ઉમરા મુફરદા અંજામ આપે તો તેના માટે એહવત એ છે કે ઉમરાને માહે મોહર્રમ સુધી વિલંબિત કરે. અને એ જ પ્રમાણે જેને શવ્વાલ મહિનામાં ઉમર-એ-મુફરદા અંજામ આપ્યો છે તે તે જ મહિનામાં ઉમર-એ-તમત્તોઅ બજાવી ન લાવે. ઉમરા મુફરદાને ઉમરા તમત્તોઅ અને હજે તમત્તોઅની વચ્ચે અંજામ આપવાથી જાહેર છે કે, ઉમરા તમત્તોઅ બાતિલ થઇ જશે એટલે ઉમરા તમત્તોઅ ફરી કરવો જરૂરી છે. પરંતુ જો હજના માટે તરવીયાના દિવસે (૮ ઝીલહજ) સુધી મક્કામાં રહે તો એ સમયે જે ઉમરા મુફરદા બજાવી લાવ્યો છે તે ઉમરા તમત્તોઅ ગણાશે અને ત્યાર પછી હજે તમત્તોઅ કરે.

(૧૩૮) જેવી રીતે ઉમરા મુફરદા ઇસ્તેતાઅતના કારણે વાજિબ થઇ જાય છે, એવી જ રીતે નઝર, કસમ, અહદ વગેરેથી પણ વાજિબ થઇ જાય છે.

(૧૩૯) નીચે દર્શાવેલ અમુક વસ્તુઓ સિવાય ઉમરા મુફરદા અને ઉમરા તમત્તોઅના આમાલ સરખા છે જેની

વિગત આગળ આવશે.

(૧) ઉમરા મુફરદામાં તવાફુન્નિસા વાજિબ છે જ્યારે કે ઉમરા તમત્તોઅમાં વાજિબ નથી.

(૨) ઉમરા તમત્તોઅ માત્ર હજના દિવસોમાં અંજામ આપી શકાય છે, જે શવ્વાલ, ઝીલ કઅદ અને ઝીલ હજ છે, જ્યારે કે ઉમરા મુફરદાને વરસના કોઇ પણ મહિનામાં પણ અંજામ આપી શકાય છે અને રજબમાં વધારે ફઝીલત છે.

(૩) ઉમરા તમત્તોઅના અહેરામ ઉતારવા પર માત્ર તકસીર (અમુક વાળ કાપવા) છે. જ્યારે કે ઉમરા મુફરદાના એહરામને તકસીરથી પણ ઉતારી શકાય અને હલક (માથું મુંડાવવું) થી પણ જો કે હલક શ્રેષ્ઠ છે. આ હુકમ પુરૂષો માટે છે જ્યારે કે સ્ત્રીઓ માટે તકસીર નક્કી છે. ઉમરા તમત્તોઅના એહરામ ઉતારવા હોય કે ઉમરા મુફરદાના.

(૪) ઉમરા તમત્તોઅ અને હજે તમત્તોઅ એક જ વર્ષમાં અંજામ આપવા વાજિબ છે, જેની વિગત આગળ આવશે. જ્યારે કે ઉમરા મુફરદામાં આ વાજિબ નથી. એટલે જે શખ્સ પર હજે ઇફરાદ અને ઉમરા મુફરદા વાજિબ હોય તે એક વરસ હજ અને બીજા વરસે ઉમરા કરી શકે છે.

(૫) એ શખ્સ જે ઉમરા મુફરદામાં સઇથી ફારેગ થયા

પહેલા જાણી જોઇને સંભોગ કરે, તો ઇશ્કાલ વગર તેના ઉમરા બાતિલ થઇ જશે. અને બીજી વાર અંજામ આપવા વાજિબ થશે. અર્થાત આવતા માસ સુધી મક્કામાં રોકાય અને ફરીથી ઉમરા કરે: જ્યારે કે ઉમરા તમત્તોઅમાં જો સઇની પહેલા સંભોગ કરે તો તેનો હુકમ મસઅલા નં.૨૨૦માં આવશે.

(૧૪૦) ઉમરાએ મુફરદા માટે એહરામ એજ મીકાતોથી બાંધવો વાજિબ છે, જ્યાંથી ઉમરાએ તમત્તોઅના એહરામ બાંધવામાં આવે છે. મીકાતનું વર્ણન આગળ આવશે. પરંતુ જો મુકલ્લફ મક્કામાં હોય અને ઉમરાએ મુફરદાનો ઇરાદો કરે તો તેના માટે જાઇઝ છે કે હરમથી બહાર સૌથી નિકટના સ્થળ દાખલા તરીકે હુદેબિય્યા, જેઅરાનિયા અથવા નઇમથી એહરામ બાંધે તેના માટે મીકાત જઇને એહરામ બાંધવો વાજિબ નથી. પરંતુ જે શખ્સે પોતાનો ઉમરા મુફરદા સઇની પહેલા સંભોગના કારણે બાતિલ કરી નાખ્યો છે, તેને કોઇ એક મીકાત પર જઇને બાંધવો પડશે. અને એહવત એ છે કે હરમની બહાર સૌથી નિકટ સ્થળેથી એહરામ બાંધવો તેના માટે પૂરતો નથી. મસઅલા નં.૨૨૩માં તેની વિગત આવશે.

(૧૪૧) મક્કામાં બલ્કે હરમમાં પણ એહરામ બાંધ્યા

વિના દાખલ થવું જાઇઝ નથી. એટલે જો કોઇ હજના મહિનાઓ (શવ્વાલ, ઝિલ કઅદ, ઝિલ હજ) સિવાય કોઇ મહિનામાં દાખલ થવા માટે તો તેના પર વાજિબ છે કે, ઉમરાએ મુફરદાનો એહરામ બાંધે. સિવાય એ લોકોની જેઓ વારંવાર કામસર આવે જાય છે. દાખલા તરીકે કઠિયારો, ભરવાડ વગેરે. એવી જ રીતે એ લોકો જેઓ ઉમરાએ તમત્તોઅ અને હજે તમત્તોઅ અથવા ઉમરાએ મુફરદા અંજામ આપી મક્કાથી બહાર જાય તો તેઓ માટે એ જ મહિનામાં એહરામ વગર મક્કામાં દાખલ થવું જાઇઝ છે. ઉમરાએ તમત્તોઅ પછી અને હજે તમત્તોઅની પહેલા મક્કાથી બહાર આવવાવાળાનો હુકમ મસઅલા નં. ૧૫૩માં આવશે.

(૧૪૨) જે શખ્સ હજના મહિનાઓ (શવ્વાલ, ઝિલકઅદ અને ઝિલહજ)માં ઉમરાએ મુફરદા અંજામ આપે અને તરવિયાના દિવસ સુધી મક્કામાં રહે અને હજનો ઇરાદો કરે તો તેના ઉમરાને, ઉમરાએ તમત્તોઅ ગણવામાં આવશે એટલે તે હજે તમત્તોઅ કરે. આ હુકમમાં વાજિબ અને મુસ્તહબ હજમાં કોઇ ફરક નથી.

## હજના પ્રકારો

(૧૪૩) હજના ત્રણ પ્રકારો છે. તમત્તોઅ, ઇફરાદ અને

કિરાન. હજ્જે તમત્તોઅ એ લોકોનો ફરીજો છે, જેમના વતન અને મક્કાની વચ્ચે સોળ ફરસખથી વધારે અંતર હોય : જ્યારે કે ઇફરાદ અને કિરાન મક્કામાં રહેવાવાળાઓ અને એ લોકોનો ફરીજો છે જેમના વતન અને મક્કા વચ્ચે સોળ ફરસખથી ઓછું અંતર હોય.

(૧૪૪) જેની ફરજ હજ્જે તમત્તોઅ હોય, તેઓ માટે હજ્જે ઇફરાદ અને કિરાન અને એવી જ રીતે જેઓની ફરજ કિરાન અને ઇફરાદ હોય તેઓ માટે હજ તમત્તોઅ પૂરતી નથી. પરંતુ કદી કદી હજ્જે તમત્તોઅવાળાની ફરજ તબ્દીલ થઇને હજ્જે ઇફરાદ થઇ જાય છે. જેનો ઉલ્લેખ આગળ આવશે. અને આ હુકમ ઇસ્લામી હજ માટે છે. જ્યારે કે મુસ્તહબ હજ, નઝર કરેલી અને વસિયત કરેલી એ હજ જેનો પ્રકાર નક્કી ન કર્યો હોય, તેમાં દૂરવાળાઓ અને નઝદીકવાળાઓને હજના પ્રકારમાં અધિકાર છે, જો કે હજ્જે તમત્તોઅ શ્રેષ્ઠ છે.

(૧૪૫) મક્કાથી ૧૬ ફરસખ દૂર રહેવાવાળો જો મક્કામાં રહેઠાણ કરી લે, તો જ્યારે તે ત્રીજા વરસમાં દાખલ થાશે, તેની ફરજ તમત્તોઅમાંથી નીકળી ઇફરાદ અથવા કિરાન થઇ જશે. પરંતુ ત્રીજા વર્ષમાં દાખલ થવા પહેલા તેના પર હજ્જે તમત્તોઅ જ વાજિબ રહેશે. અને આ હુકમમાં એથી કાંઇ

ફરક નથી પડતો કે તે મક્કામાં વસવાટ પહેલાં મુસ્તતીઅ થયો હતો અને હજ તેના પર વાજિબ થઇ છે અથવા વસવાટ દરમિયાન મુસ્તતીઅ થયો છે અને હજ તેના પર વાજિબ થઇ છે. એવી જ રીતે એનાથી પણ ફરક નથી પડતો કે મક્કાને વતન બનાવે અથવા ન બનાવે અને આ જ હુકમ એ લોકો માટે પણ છે જેઓ મક્કાની આસપાસ સોળ ફરસખની અંદર વસાહત પસંદ કરે છે.

(૧૪૬) જો કોઈ શખ્સ મક્કામાં વસવાટ શરૂ કરે અને પોતાની ફરજ પલટવા પહેલાં હજે તમત્તોઅનો ઈરાદો કરે, તો કહેવામાં આવ્યું છે કે, તેના માટે હરમની બહાર સૌથી વધારે નિકટ સ્થળેથી એહરામ બાંધવો જાઈઝ છે. પરંતુ આ કથન ઈશ્કાલથી ખાલી નથી અને એહવત છે કે, તે કોઈ એક મીકાત પર જઈને એહરામ બાંધે. બલ્કે એહવત એ છે કે, પોતાના શહેરવાળાઓની મીકાત પર જાય. જાહેર છે કે, આ હુકમ દરેક એ શખ્સ માટે છે જે મક્કામાં હોય અને હજે તમત્તોઅનો ઈરાદો કરે, ભલે હજ મુસ્તહબ જ કેમ ન હોય.

## ૧. હજે તમત્તોઅઃ

(૧૪૭) આ હજ બે ઈબાદતો ઉમરા અને હજ મળીને બને છે. કદી કદી માત્ર હજને હજે તમત્તોઅ કહે છે. હજે

તમત્તોઅમાં ઉમરાએ તમત્તોઅને હજે તમત્તોઅની પહેલા અંજામ આપવો વાજિબ છે.

(૧૪૮) ઉમરાએ તમત્તોઅમાં પાંચ વસ્તુઓ વાજિબ છે:

૧. કોઈ એક મીકાતથી એહરામ બાંધવો જેની વિગત આગળ ઉપર આવશે.

૨. ખાનએ કાબાને ફરતો તવાફ કરવો.

૩. તવાફની નમાઝ

૪. સફા અને મરવા વચ્ચે સઈ કરવી.

૫. તકસીર અર્થાત્ માથું, દાઢી અથવા મૂછોના અમુક વાળ કાપવા.

જ્યારે હાજી તકસીર કરી લ્યે ત્યારે એહરામ ઉતારી ફારેગ થઈ જાય. એટલે એહરામના કારણે જે બાબતો તેના પર હરામ થઈ હતી તે તેના પર હલાલ થઈ જશે.

(૧૪૯) મુકલ્લફ પર વાજિબ છે કે નવમી ઝિલ્હજ પાસે આવવા પર, પોતાને હજના આમાલ માટે તૈયાર કરે.

## હજમાં તેર ચીઝો વાજિબ છેઃ

જે નીચે મુજબ છે:

(૧) મક્કાથી એહરામ બાંધવો: જેની વિગત આગળ

આવશે.

(૨) અરફાતનો વુકૂફ: એટલે નવમી ઝિલ્હજના દિવસે મધ્યાંહન પછી ગુસલ કરે અને ઝોહર અસરની નમાઝો સાથે પઢવા જેટલો સમય પસાર થયા પછીથી લઈને સૂર્યાસ્ત સુધી અરફાતના સ્થળે રોકાય. અરફાત મક્કાથી ચારફરસખના અંતરે છે.

(૩) મુઝદલફાનો વુકૂફ: એટલે ઈદની રાત્રિના અમુક ભાગથી લઈને સૂર્યોદયના સમયથી થોડાક પહેલા સુધી મુઝ્દલફા (મશઅર)માં ઠહેરવું. મુઝ્દલફા, અરફાત અને મક્કાની વચ્ચે એક સ્થળનું નામ છે.

(૪) જમરા અકબાને રમી કરવી: (પથ્થર મારવા.) ઈદે કુરબાનના દિવસે મિનાના સ્થળે રમી કરવી. મિના, મક્કાથી લગભગ એક ફરસખના અંતર પર આવેલું છે.

(૫) ઈદના દિવસે અથવા તશરીકના દિવસો (૧૧-૧૨-૧૩ ઝિલ્હજ)માં મિનાના સ્થળ પર કુરબાની કરવી.

(૬) માથું મૂંડાવવું: અથવા માથા, દાઢી અથવા મૂછના અમુક વાળ કાપવા (હલક અથવા તકસીર) અને ત્યાર પછી એહરામના કારણે હરામ થવાવાળી ચીઝો હલાલ થઈ જશે. સિવાય કે સ્ત્રી, ખુશ્બૂ અને એવી જ રીતે એહતિયાતે

વાજિબની રૂએ શિકાર.

(૭) મક્કા પાછા ફર્યા પછી ખાનએ કાબાની ઝિયારતનો તવાફ઼ કરવો.

(૮) તવાફ઼ની નમાઝ પઢવી.

(૯) સફ઼ા અને મરવાની વચ્ચે સઈ કરવી. આ કાર્યની પછી ખુશ્બૂ પણ હલાલ થઈ જશે.

(૧૦) તવાકફુન્નિસા

(૧૧) તવાફુન્નિસાની નમાઝ. આ અમલ પછી પત્ની પણ હલાલ થઈ જશે.

(૧૨) અગિયારમી અને બારમી રાત મિનામાં વિતાવવી. બલ્કે અમુક સંજોગમાં તેરમીની રાત પણ મિનામાં વિતાવવી જેનો ઉલ્લેખ આગળ આવશે.

(૧૩) રમીએ જમરાતઃ અગિયાર અને બારમીના દિવસના સમયે ત્રણે જમરાત (ઉલા, વુસ્તા અને અકબા)ને કાંકરિયો મારવી બલ્કે અઝહર એ છે કે જે શખ્સ તેરમી રાત મિનામાં વિતાવે તો તે તેરમીના દિવસે પણ રમી કરે.

(૧૫૦) હજે તમત્તોઅમાં નીચે મુજબની ચીઝો શરત છે.

(૧) નિય્યતઃ એટલેહજે તમત્તોઅ અદા કરવાની નિય્યત

કરે માટે જો કોઇ બીજી હજની નિય્યત કરે અથવા નિય્યતમાં ઢચુપચુ હોય તો હજ સહીહ નહીં થાય.

(૨) ઉમરા અને હજ બંનેને હજના મહિનાઓ (શવ્વાલ, ઝિલ્કાદ અને ઝિલ્હજ)માં અંજામ આપે. એટલે જો ઉમરાનો એક હિસ્સો શવ્વાલથી પહેલા અંજામ આપે તો ઉમરા સહીહ નહીં થાય.

(૩) ઉમરા અને હજ એક જ વરસમાં બજાવી લાવે એ જરૂરી છે. એટલે જો એક વરસે ઉમરાએ તમત્તોઅ કરે અને બીજા વરસે હજે તમત્તોઅ બજાવી લાવે તો હજે તમત્તોઅ સહીહ નહિં થાય. એનાથી કાંઇપણ ફરક નથી પડતો કે આવતા વરસ સુધી મક્કામાં રહે અથવા ઉમરા પછી વતન પાછો ફરી જાય અને બીજીવાર આવે અને એનાથી પણ ફરક નથી પડતો કે ઉમરાના એહરામને તકસીર કર્યા પછી ઉતારે અથવા આવતા વરસ સુધી એહરામની હાલતમાં બાકી રહે.

(૪) ઈખ્ત્યારની હાલતમાં હજનો એહરામ મક્કા શહેરથી બાંધે અને શ્રેષ્ઠ સ્થળ મસ્જિદે હરામ છે, પણ જો કોઈ કારણે મક્કાથી એહરામ ન બાંધી શકે તો જ્યાંથી પણ શક્ય હોય ત્યાંથી બાંધી લ્યે.

(૫) એક શખ્સના તરફથી ઉમરાએ તમત્તોઅ અને હજે

તમત્તોઅના બધા આમાલ એક જ શખ્સ અંજામ આપી શકે છે, એટલે જો બે જણાને એવી રીતે નાયબ બનાવવામાં આવે કે, એકને ઉમરાએ તમત્તોઅના માટે અને બીજાને હજના માટે તો એ સહીહ નહિં થાય, ચાહે મનૂબ અન્હૂ જીવતો હોય કે મરણ પામેલો હોય. એવી જ રીતે એક જ શખ્સ ઉમરા અને હજ બંને કરે, પરંતુ ઉમરા એકના તરફથી અને હજ બીજાના તરફથી તો આ પણ સહીહ નહીં થાય.

(૧૫૧) મુકલ્લફનું ઉમરાએ તમત્તોઅના આમાલ બજાવી લાવ્યા પછી હજે તમત્તોઅ અદા કર્યા પહેલાં મકકાથી નીકળવું એહવત પ્રમાણે જાઈઝ નથી. સિવાય એ કે તેને કોઈ કામ હોય, ભલે તે કામ જરૂરી ન હોય, એવા સંજોગમાં હજના આમાલ રહી જવાનો ડર ન હોય. એટલે જો તેને ખબર હોય કે તે મક્કા પાછો ફરીને હજના માટે એહરામ બાંધી શકશે તો અઝહર એ છે કે, એહરામ વગર મક્કાથી નીકળવું જાઈઝ છે. નહિંતર હજના માટે એહરામ બાંધી પોતાના કામ માટે જાય. એ સ્થિતિમાં જાહેર છે કે, તેણે મક્કા પાછા આવવું વાજિબ નથી. બલ્કે તે પોતાની જગ્યાએથી જ અરફાત સીધો જઈ શકે છે. જો કોઈ ઉમરાએ તમત્તોઅ બજાવી લાવે તો તેના માટે ઈખત્યારીની હાલતમાં હજે તમત્તોઅ છોડવી જાઈઝ નથી, ભલે હજ મુસ્તહબ જ કેમ ન હોય; પરંતુ જો

હજ બજાવી લાવવી શક્ય ન હોય તો એહવત એ છે કે, ઉમરાએ તમત્તોઅને ઉમરાએ મુફ્રદા ઠરાવી તવાફુન્નિસા બજાવી લાવે.

(૧૫૨) અઝહર એ છે કે, હજે તમત્તોઅ કરવાવાળા માટે ઉમરાના આમાલ શરૂ કર્યા બાદ અને ખત્મ કર્યા પહેલાં મક્કાથી બહાર જાવું જાઈઝ છે. જ્યારે કે મક્કા પાછા આવવું શક્ય હોય, જો કે એહવત એ છે કે ન જાય.

(૧૫૩) ઉમરા તમત્તોઅના આમાલથી પરવારયા પછી મક્કાથી બાહર કોઈ બીજી જગ્યા જાવું હરામ છે, એ નવા મોહલ્લાઓમાં જવું હરામ નથી જે હવે મક્કા શહેરનો ભાગ ગણાય છે. એટલે હાજીનું ઉમરાએ તમત્તોઅથી ફારિગ થયા પછી આ નવા મહોલ્લાઓમાં કોઈ કામસર અથવા વગર કામે જવું જાઈઝ છે.

(૧૫૪) જ્યારે હાજી ઉમરા તમત્તોઅના આમાલથી ફારિગ થયા બાદ એહરામ વગર મક્કાથી બાહર જાય તો તેના બે પ્રકાર છે:

૧. જે મહિનામાં ઉમરા કર્યા હતા તેના પૂરા થવા પહેલાં જો મક્કા પાછો ફરે તો જરૂરી છે કે એહરામ વગર મક્કામાં દાખલ થાય અને મક્કાથી હજે તમત્તોઅનો એહરામ બાંધી અરફાત જાય.

૨. જે મહિનામાં ઉમરા કર્યા હોય તેના પૂરા થવા પછી મક્કા પાછો ફરે તો જરૂરી છે કે મક્કા પાછા ફરવા માટે ઉમરાનો એહરામ બાંધે.

(૧૫૫) જે શખ્સની ફરજ હજે તમત્તોઅ હોય અને જો તે હજે ઈફરાદ અથવા કિરાન બજાવી લાવે તો તેની ફરજ સાકિત નહિં થાય. આ હુકમથી એ શખ્સ બાકાત છે, જે ઉમરાએ તમત્તોઅ શરૂ કરે પરંતુ પૂરો કરવાનો સમય બાકી ન રહે અને આ શખ્સ પોતાની નિય્યતને હજે ઈફરાદની તરફ ફેરવી નાખે અને હજ પછી ઉમરાએ મુફરદા બજાવી લાવે. સમય સંકુચિત હોવાની આ સીમા, કે જેના કારણે હજે ઈફરાદ તરફ ફરવું, જાઈઝ છે, આ બાબતે ફકીહોમાં મતભેદ છે અઝહર એ છે કે, પલટવું એ સમયે વાજિબ થશે, જ્યારે અરફાના દિવસે મધ્યાંતર પહેલાં ઉમરાના આમાલ પૂરા ન કરી શકે. પરંતુ જો અરફાના દિવસે મધ્યાંતર પહેલાં આમાલ પૂરા કરવા શક્ય હોય, ચાહે તરવીયાના દિવસે (૮ ઝીલહજ) અથવા તેના પછી તો આ સ્થિતિમાં પલટવું જાઈઝ હોવું ઈશ્કાલથી ખાલી નથી.

(૧૫૬) જે શખ્સની ફરજ ઉમરાએ તમત્તોઅ હોય અને તે ઉમરાના એહરામ બાંધવા પહેલાં જ જાણતો હોય કે તે અરફાના દિવસે મધ્યાંતર સુધી ઉમરાના આમાલ સંપૂર્ણ

નહિં કરી શકે તો તેનું ઈફરાદ અથવા કિરાન તરફ પલટવું પૂરતું નહિં ગણાય બલ્કે જો હજ તેના ઝિમ્મે બાકી રહે તેમ હોય તો તેના પર વાજિબ છે કે તે આવતા વરસે હજે તમત્તોઅ બજાવી લાવે.

(૧૫૭) જો કોઈ વિશાળ સમયમાં હજે તમત્તોઅનો એહરામ બાંધે પણ તવાફ અને સઈમાં જાણી જોઈને અરફાના દિવસે મધ્યાંતર સુધી ઢીલ કરે તો તેનો ઉમરા બાતિલ થઈ જાશે અને અઝહર એ છે કે હજે ઈફરાદની તરફ પલટવું પૂરતું નહિં થાય, જો કે અહેવત એ છે કે રજાઅની નિય્યતથી હજે ઈફરાદના આમાલ અંજામ આપે બલ્કે તવાફ, નમાઝે તવાફ, સઈ અને હલક અથવા તકસીરને ઉમરામાં અહેવતની સામાન્ય નિય્યત (અર્થાત હજ ઈફરાદ અને ઉમરા મુફરદા બંનેને શામિલ કરનારી) થી બજાવી લાવે.

## ૨. હજે ઈફરાદઃ

જેમ કે બયાન થઈ ચૂક્યું છે કે, હજે તમત્તોઅના બે ભાગ છે, એક ઉમરાએ તમત્તોઅ અને બીજી હજ. તેનો પહેલો ભાગ બીજા ભાગ સાથે. સંકળાયેલ છે અને ઉમરાને હજની પહેલા બજાવી લાવવામાં આવે છે. જ્યારે કે, હજે ઈફરાદ પોતે એક સ્વતંત્ર અમલ છે અને જેમકે બતાવી

ચૂકાયું છે કે આ મક્કા અને તેની આસપાસ સોળ ફરસખની અંદર રહેનારા પર ફરજ છે અને મુકલ્લફને ઈખ્ત્યાર છે કે હજે ઈફરાદ અથવા હજે કિરાન બજાવી લાવે અને જો સાથે ઉમરાએ મુફરદા પણ બજાવી શકતો હોય તો સ્વતંત્ર રીતે ઉમરાએ મુફરદા પણ વાજિબ થઈ જશે. પણ જો કોઈ હજે ઈફરાદ અને ઉમરાએ મુફરદામાંથી કોઈ એક અમલ અંજામ આપી શકતો હોય તો માત્ર એજ અમલ વાજિબ થાશે જે અંજામ આપી શકતો હોય અને જો એક સમયમાં એક અંજામ આપી શકતો હોય અને બીજા સમયમાં બીજા અમલને તો તેના પર વાજિબ છે કે તે એ સમયોમાં પોતાના ફરીજાને અંજામ આપે. જો એક જ વખતમાં બંને અંજામ આપવા શક્ય હોય તો બંનેને અંજામ આપવા વાજિબ છે. એ સ્થિતિમાં ફકીહો વચ્ચે મશહૂર છે કે હજે ઈફરાદને ઉમરા મુફરદાની પહેલાં બજાવી લાવે અને એ જ એહવત છે.

(૧૫૮) હજે ઈફરાદ અને હજે તમત્તોઅના બધા આમાલ નીચે દર્શાવેલ અમુક બાબતો સિવાય સરખા છે.

૧. હજે તમત્તોઅમાં ઉમરા અને હજને હજના મહિનાઓ (શવ્વાલ, ઝિલકાદ અને ઝિલહજ) માં અને એક જ વરસમાં બજાવી લાવવા જરૂરી છે જેમકે પહેલાં બયાન થઈ ચૂક્યું છે. જ્યારે કે હજે ઈફરાદમાં એ જરૂરી નથી.

૨. હજે તમત્તોઅમાં ઊંટ, ગાય કે ઘેટાની કુરબાની વાજિબ છે જ્યારે કે હજે ઈફરાદમાં વાજિબ નથી.

૩. અહેવત છે કે હજે તમત્તોઅમાં તવાફ અને સઈને વુકૂફે અરફાત અને મશઅરની પહેલાં અંજામ ન આપવામાં આવે, એ સિવાય કે કોઈ અંતરાય હોય, જેમ કે મસઅલા નં.: ૪૧૨ માં આવશે જ્યારે કે હજે ઈફરાદમાં આ જાઈઝ છે.

૪. હજે તમત્તોઅનો અહેરામ મક્કાથી બાંધવામાં આવે છે, જ્યારે કે હજે ઈફરાદના એહરામનો હુકમ અહલે મક્કા અને તે સિવાયના લોકો માટે જુદો-જુદો છે. આ મસઅલો મીકાતની ચર્ચામાં આવશે.

૫. ઉમરાએ તમત્તોઅને હજે તમત્તોઅની પહેલાં બજાવી લાવવા વાજિબ છે. જ્યારે કે હજે ઈફરાદમાં એમ નથી.

૬. હજે તમત્તોઅના એહરામની પછી એહતેયાતે વાજિબની રૂએ મુસ્તહબ તવાફ કરવો જાઈઝ નથી. જ્યારે કે હજે ઈફરાદમાં જાઈઝ છે.

(૧૫૯) મુસ્તહબ હજે ઈફરાદનો એહરામ બાંધવાવાળા માટે ઉમરા તમત્તોઅ તરફ પલટી જવું જાઈઝ છે. એટલે એ તકસીર કરીને એહરામ ખોલી શકે છે. સિવાય કે સઈ પછી

તલબીયા પઢી ચૂક્યો હોય તો પછી ઉમરા તમત્તોઅની તરફ પલટી નથી શકાતો.

(૧૬૦) હજ્જે ઈફરાદ માટે એહરામ બાંધી મક્કામાં દાખલ થનાર માટે મુસ્તહબ તવાફ કરવો જાઈઝ છે પરંતુ જે સંજોગમાં ઉમરા તમત્તોઅ તરફ પલટવું જાઈઝ હોય તે પલટવાનો ઈરાદો રાખતો ન હોય તો એહવતે ઉલા એ છે કે તે તવાફની નમાઝ પઢયા પછી તલબીયા કહે. આ એહતિયાતે વાજિબ તવાફમાં પણ લાગુ પડશે.

## ૩. હજ્જે કિરાનઃ

(૧૬૧) હજ્જે કિરાન હજ્જે ઈફરાદની સાથે બધા અંગોમાં સમાન છે. સિવાય એ કે હજ્જે કિરાનમાં એહરામ બાંધતી વખતે હાજીએ કુરબાની સાથે રાખવાની હોય છે અને એટલા માટે તેના પર કુરબાની કરવી વાજિબ છે. હજ્જે કિરાનમાં એહરામ તલબીયા કહેવા ઉપરાંત ઈશઆર (જાનવર પર નિશાની લગાવવી) અને તકલીદ (જાનવરના ગળામાં કંઈ લટકાવવા) થી પણ થઈ શકે છે અને જ્યારે કોઈ હજ્જે કિરાનનો એહરામ બાંધી લ્યે ત્યારે તેના માટે હજ્જે તમત્તોઅ તરફ પલટવું જાઈઝ નથી.

---

# એહરામના મીકાત

પવિત્ર ઈસ્લામી શરીઅતે એહરામ બાંધવા માટે અમુક સ્થળો નક્કી કરેલા છે, જ્યાંથી એહરામ બાંધવો વાજિબ છે અને એવા સ્થળોને મીકાત કહેવામાં આવે છે. જેની સંખ્યા નવ છે.

## ૧. ઝુલ હુલયફાઃ (મસ્જિદે શજરા)

આ મદીના મુનવ્વરાની પાસે આવેલ છે. આ મદીનામાં રહેવાવાળાઓ અને દરેક એ શખ્સની મીકાત છે જે મદીનાના રસ્તે હજ પર જવા માગે. એહવત એ છે કે એહરામ મસ્જિદે શજરાથી બાંધવામાં આવે કેમ કે મસ્જિદની બહારથી બાંધેલ એહરામ પૂરતો નથી ચાહે તે મસ્જિદની સામે ડાબી અથવા જમણી બાજુએથી બાંધવામાં આવે, સિવાય એ ઔરતની કે જે હૈઝવાળી હોય અથવા હૈઝવાળી હોવાના હુકમમાં હોય.

(૧૬૨) જે શખ્સ મદીનાના રસ્તે હજ માટે જતો હોય તેને કોઈપણ અંતરાય, બીમારી અથવા કમજોરી વગર મસ્જિદે શજરાથી જોહફા સુધી એહરામ બાંધવામાં વિલંબ કરવો જાઈઝ નથી.

## ૨. વાદીએ અકીકઃ

આ ઈરાકવાસીઓ, નજદના રહેવાવાળા અને દરેક એ

શખ્સ માટે મીકાત છે, જે આ માર્ગે હજના માટે જાય. તેના ત્રણ ભાગ છે.

પહેલાં ભાગને મસલખ', બીજાને ગમરા', અને ત્રીજાને ઝાતે ઈર્ક' કહે છે. અહેવતે ઉલા એ છે કે તકય્યા, બીમારી અથવા કોઈ અન્ય રૂકાવટ ન હોય તો હાજીએ ઝાતે ઈર્ક પહોંચવા પહેલાં અહેરામ બાંધી લેવો જોઈએ.

(૧૬૩) કહેવામાં આવ્યું છે કે, તકય્યાની હાલતમાં ઝાતે ઈર્કની પહેલાં વસ્ત્રો ઉતાર્યા વગર તકય્યાની હાલતમાં એહરામ બાંધવો જાઈઝ છે અને જ્યારે ઝાતે ઈર્ક પહોંચી જાય ત્યારે પોતાના કપડાં ઉતારી એહરામના કપડા પહેરી લ્યે અને તેના પર કફ્ફારો પણ લાગુ નહિં પડે. પરંતુ આ કથન ઈશ્કાલથી ખાલી નથી.

## ૩.જોહફા

આ શામવાળાઓ, મિસર અને પશ્ચિમવાળાઓ બલ્કે દરેક એ શખ્સ માટે મીકાત છે જે આ માર્ગેથી પસાર થાય ત્યાં સુધી અઝહરની રૂએ એ શખ્સનો પણ જે મસ્જિદે શજરાથી પસાર થઈને આવ્યો હોય, પરંતુ કોઈ કારણસર કે વિના કારણે એહરામ ન બાંધી શક્યો હોય.

### ૪. ચલમલમઃ

આ યમનવાળાઓ અને દરેક એ શખ્સનો મીકાત છે જે આ માર્ગેથી આવે. (ચલમલમ એક પહાડીનું નામ છે.)

### ૫. કરને મનાઝિલઃ

આ તાઈફ અને એ માર્ગેથી આવનારાઓ માટે મીકાત છે. ગત ચાર મીકાતોની જેમ એહરામ ત્યાં આવેલ મસ્જિદથી બાંધવો જરૂરી નથી, બલકે દરેક એ સ્થળેથી જેના પર મીકાતનું નામ લાગુ પડે ત્યાંથી એહરામ બાંધી શકાય છે અને તે (સ્થળ)ને નક્કી ન કરી શકે તો તેની પહેલાં નઝર કરી એહરામ બાંધી શકાય છે. કેમકે આ ઈખત્યારની સ્થિતિમાં પણ જાઈઝ છે.

### ૬. ઉપરોક્ત મીકાતોમાંથી કોઈ એકની હરોળમાં આવતી જગ્યાઃ

આ એ લોકો માટે છે, જેઓ એવા માર્ગેથી આવી રહ્યા હોય, જ્યાં ઉપરોક્ત મીકાત ન પડતા હોય. એટલે તે સમયે એ મીકાતોની સમાન રેખાથી એહરામ બાંધી શકાય છે. સમાન રેખાના મીકાતથી મુરાદ એ જગ્યા છે કે જો ઈન્સાન કિબ્લાની સામે મોં કરી ઊભો રહે તો ઉપરોક્ત મીકાતોમાંથી કોઈ એક તેના સીધા અથવા ઉલટા હાથ પર એવી રીતે

આવે કે જો સમાન રેખાના મીકાતથી પસાર થઈ જાય તો ઉપરોક્ત મીકાત તેની પીઠ પર આવશે સમાન રેખાની મીકાતની ઓળખ માટે સામાન્ય ખાતરી પૂરતી છે. બૌધિક રીતે શોધખોળ અને ચિંતન મનન જરૂરી નથી. જો હાજી પોતાના રસ્તામાં એવી બે જગ્યાએથી પસાર થાય જેમાંની દરેક મીકાતની સમાન રેખાએ હોય તો એહવત અને ઊલા એ છે કે પ્રથમ જગ્યાએથી એહરામ બાંધે.

## ૭. મક્કાઃ

જેવી રીતે આ હજે તમત્તોઅનો મીકાત છે એવી જ રીતે મક્કા અને મક્કાની આસપાસ રહેવાવાળાઓ માટે આ હજે ઈફરાદ અને કિરાનની મીકાત પણ છે. ચાહે તેની ફરજ મક્કાવાળાઓની જેમ તબ્દીલ થઈ હોય કે નહિં. એટલે તેમના માટે જાઈઝ છે કે હજે ઈફરાદ અને કિરાન માટે મક્કાથી એહરામ બાંધે અને પોતાની મીકાત પર જઈને ત્યાંથી એહરામ બાંધવો જરૂરી નથી. જો કે ઔરત સિવાય લોકો માટે વધારે સારૂં એ છે કે, તેઓ કોઈ મીકાત દાખલા તરીકે જેઅરાનીયા પર જઈને એહરામ બાંધે. અહવત ઊલા એ છે કે પયગંબરે અકરમ સ.અ.વ. ના જમાનામાં જે મક્કા હતું ત્યાંથી એહરામ બાંધવામાં આવે. તો પણ અઝહર એ

છે કે, નવા મોહલ્લાઓથી પણ એહરામ બાંધી શકાય છે. સિવાય એ ભાગો કે જે હરમથી બહાર છે.

### ૮. મહલે રેહાઈશઃ

આ એ લોકોની મીકાત છે, જેઓનું રહેઠાણ મીકાતની સરખામણીમાં મક્કાથી વધારે નિકટ હોય. એટલે તેઓ માટે પોતાના ઘરેથી એહરામ બાંધવો જાઈઝ છે અને મીકાત પર જવું જરૂરી નથી.

### ૯. અદના હિલ જેમ કે હુદેબિયહ જેઅરાન તન્ઈમ્ઃ

આ ઉમરાએ મૂફરદાના માટે મીકાત છે, એ લોકો માટે જેઓ હજે કિરાન અને ઈફરાદથી ફારેગ થઈ ઉમરાએ મુફરદા કરવા ઈચ્છતા હોય, બલ્કે દરેક એ શખ્સના માટે જે મક્કામાં હોય અને ઉમરાએ મુફરદા કરવા ચાહતો હોય. સિવાય એ સૂરતમાં જે મસઅલા ન.: ૧૪૦ માં આવી ચૂકી છે.

હુદેબિયહ, જેઅરાન અને તન્ઈમ ત્રણ જગ્યા છે જે મક્કાના લોકોની નજદીક જાણીતી છે.

---

# મીકાતના હુકમો

(૧૬૪) મીકાતની પહેલાં એહરામ બાંધવો જાઈઝ નથી. એટલે એહરામની હાલતમાં મીકાતથી પસાર થઈ જવું પૂરતું નથી. બલ્કે જરૂરી છે કે ખુદ મીકાતથી એહરામ બાંધવામાં આવે. નીચેના બે સંજોગો સિવાય.

૧. મીકાતથી પહેલાં અહેરામની નઝર કરે, એટલે નઝરના કારણે મીકાતની પહેલાં અહેરામ બાંધવો સહીહ રહેશે અને મીકાતથી ફરીવાર એહરામ બાંધવો અથવા મીકાતથી પસાર થવું જરૂરી નથી. બલ્કે એવા માર્ગેથી મક્કા જવું પણ જાઈઝ છે, જેમાં મીકાત ન આવતી હોય, અને વાજિબ અથવા મુસ્તહબ હજ કે ઉમરાએ મુફરદા હોવાથી કાંઈ ફરક નથી પડતો, પરંતુ જો એહરામ હજ અથવા ઉમરાએ તમત્તોઅ માટે હોય તો એ વાત ધ્યાનમાં રાખવી પડશે કે એહરામ હજના મહિનાઓમાં જ હોય, જેમ કે પહેલાં બયાન થઈ ચૂક્યું છે.

૨. જ્યારે રજબમાં ઉમરાએ મુફરદાનો ઈરાદો કરે અને ખોફ હોય કે જો એહરામ બાંધવામાં વિલંબ કરશે અને મીકાત સુધી પહોંચવાની વાટ જોશે તો રજબમાં ઉમરા અદા નહીં કરી શકે તો તેના માટે મીકાતની પહેલાં એહરામ

બાંધવો જાઈઝ છે અને તેના માટે ઉમરા રજબ મહિનાનો જ ગણાશે, ચાહે બાકી આમાલ શાબાનમાં બજાવી લાવે અને આ હુકમમાં વાજિબ કે મુસ્તહબ ઉમરામાં કોઈ ફરક નથી.

(૧૬૫) મુકલ્લફને જ્યારે મીકાત પર પહોંચવાનું યકીન થઈ જાય અથવા સંતોષ થઈ જાય અથવા શરઈ દલીલ મોજૂદ હોય તો વાજિબ છે કે એહરામ બાંધે. જો તેને મીકાત પહોંચવા પર શક હોય તો એહરામ બાંધવો જાઈઝ નથી.

(૧૬૬) જે કોઈ મીકાતની પહેલા એહરામ બાંધવાની નઝર કરે અને પછી નઝરની વિરૂધ્ધ અમલ કરી મીકાતથી એહરામ બાંધે તો તેનો એહરામ બાતિલ નહિં થાય. તો પણ જો તેણે જાણી જોઈને નઝરની વિરૂધ્ધ અમલ કર્યો હોય તો નઝર તોડવાનો કફ્ફારો આપવો પડશે.

(૧૬૭) મીકાતથી પહેલાની જેમ મીકાત પછી પણ એહરામ બાંધવો જાઈઝ નથી. એટલે જો કોઈ શખ્સ હજ અથવા ઉમરા કરવા મક્કા કે હરમમા પ્રવેશ કરવા માંગે તો તેના માટે ઈખત્યારી હાલતમાં એહરામ વગર મીકાતથી પસાર થવું જાઈઝ નથી. ભલે આગળ બીજી મીકાત આવતી હોય. એટલે જે કોઈ મીકાતથી પસાર થઈ જાય તો શક્ય સંજોગોમાં પાછું ફરવું વાજિબ છે. તો પણ આ હુકમથી એ

શખ્સ અપવાદ છે, જે ઝુલ હલયફાથી વિના કારણે એહરામ વગર પસાર થઈ જોહફા પહોંચી જાય. એટલે અઝહર છે કે, એ શખ્સ માટે જોહફાથી એહરામ બાંધવો પૂરતો થશે. પરંતુ ગુનેહગાર ઠરશે. એહવત એ છે કે, મુકલ્લફ મીકાતની સમાન રેખા કે સામેથી પણ વગર એહરામે પસાર ન થાય. જો કે બઈદ નથી કે આગળ કોઈ બીજી મીકાત કે મીકાતની સમાન રેખા મોજૂદ હોય તો સમાન રેખાવાળી મીકાતથી વગર એહરામે પસાર થવું જાઈઝ હોય તેમજ એવો મુસાફર જેની હજ, ઉમરા, હરમમાં દાખલ થવાની કે મક્કામાં દાખલ થવાની નિય્યત ન હોય બલ્કે હરમની બહાર જે કામ (ધંધાકીય) હોય, પરંતુ મીકાતથી પસાર થવા બાદ હરમમાં દાખલ થવાનો ઈરાદો કરે તો તેના માટે ઉમરાએ મુફરદા માટે અદના હિલ (હરમથી બાહર સૌથી નિકટ સ્થળ) થી એહરામ બાંધવો જાઈઝ છે.

(૧૬૮) ઉપરોક્ત સ્થિતિમાં સિવાય જે મુકલ્લફ જાણી જોઈને મીકાતથી વગર એહરામે પસાર થાય તેની બે સૂરતો બનશે.

૧. મીકાત સુધી પાછા ફરવાનું શક્ય હોય તો પાછા ફરીને મીકાતથી એહરામ બાંધવો વાજિબ છે, ચાહે હરમની

અંદરથી પાછા ફરવું પડે અથવા બહારથી એટલે આમ કરવાથી ઈશ્કાલ વગર અમલ સહીહ થશે.

૨. મીકાત સુધી પાછા ફરવાનું શક્ય ન હોય એ સંજોગમાં ચાહે હરમની અંદર હોય અને અંદર હોવાની સ્થિતિમાં બાહર આવી શકતો હોય કે નહિ. તો અઝહર એ છે કે એ સંજોગમાં હજ બાતિલ છે અને મીકાતની સિવાય કોઈ બીજ જગ્યાએથી એહરામ પૂરતો નહિં થાય અને મુસ્તતીઅ હોવાના સંજોગમાં આવતા વરસે હજ પઢવી વાજિબ થશે.

(૧૬૯) મસઅલા તં.: ૧૬૭ માં આપેલ સૂરત સિવાય જે મુકલ્લફ ભૂલ, બેહોશી, મસઅલાથી અજાણતા અથવા મીકાત ન ઓળખવાના કારણે એહરામ વગર મીકાતથી પસાર થાય. તો આ મસઅલાના ચાર રૂપો છેઃ

૧. જો મીકાત પાછા જવું શક્ય હોય તો વાજિબ છે કે મીકાત પાછા ફરીને ત્યાંથી એહરામ બાંધે.

૨. હરમમાં દાખલ થઈ ચૂક્યો હોય અને મીકાત સુધી જવું શક્ય ન હોય, પરંતુ હરમથી બહાર જવું શક્ય હોય તો લાઝિમ છે કે, હરમથી બહાર જાય અને ત્યાંથી એહરામ બાંધે અને ઊલા એ છે કે, હરમથી જેટલું દૂર જઈ શકાય એટલું દૂર જઈને એહરામ બાંધે.

૩. હરમમાં દાખલ થઈ ચૂક્યો હોય અને હરમથી બહાર જવું શક્ય ન હોય તો તેના પર વાજિબ છે કે જ્યાં પણ હોય ત્યાંથી એહરામ બાંધે ચાહે મક્કામાં દાખલ થઈ ચૂક્યો હોય.

૪. હરમથી બહાર હોય અને મીકાત સુધી પાછા જવું શક્ય ન હોય તો એ સંજોગમાં જેટલું બની શકે તેટલું પાછળ જાય અને પછી એહરામ બાંધે.

ઉપરોક્ત ચારે રૂપોમાં જો મુકલ્લફ, બયાન કરેલ જવાબદારી અદા કરે તો તેનો અમલ સહીહ થાશે.

એહરામને મીકાતથી પહેલા અથવા પછી બાંધવાવાળો શખ્સ ચાહે અજાણતા અથવા ભૂલથી એવું કરે એહરામ તજનારનો હુકમ રાખે છે. ઉપરોક્ત ચારેય સૂરતોનો હુકમ તેના ઉપર લાગુ પડશે.

(૧૭૦) જો હૈઝવાળી સ્ત્રી મસઅલો ન જાણવાના કારણે મીકાતથી એહરામ ન બાંધે અને હરમમાં દાખલ થઈ જાય તો એહવત એ છે કે જે મીકાત સુધી પાછી ફરી નથી શકતી તો હરમથી બાહર જાય અને ત્યાંથી એહરામ બાંધે, બલ્કે એ સંજોગમાં એહવત એ છે કે, જેટલું બની શકે તેટલું હરમથી દૂર જઈ એહરામ બાંધે, એ શરતે કે, તેનો આ અમલ હજ છૂટી જવાનું કારણ ન બને અને જો આ તેના

માટે શક્ય ન હોય તો તેણીના હુકમો બીજાઓની બરાબર છે જે મસઅલા નં.: ૧૬૯ માં બયાન થઇ ચૂક્યા છે.

(૧૭૧) જે કોઈનો ઉમરા બાતિલ થઈ જાય, ચાહે તેના એહરામ બાતિલ થવાને કારણે હોય, તો શક્ય સૂરતમાં તેને ફરીથી બજાવી લાવવો જોઇએ અને જો ફરીથી અંજામ ન આપી શકે, ચાહે તેનું કારણ સમયનો અભાવ હોય તો તેની હજ બાતિલ થઈ જશે અને જરૂરી છે કે, આવતા વર્ષે ફરી હજ કરે.

(૧૭૨) ફકીહોના એક વર્ગનું આ કહેવું છે કે, જો મુકલ્લફ ભૂલીને અથવા અજાણતામાં એહરામ વગર ઉમરા કરે તો તેનો ઉમરા સહીહ છે. પરંતુ આ કથન ઈશ્કાલથી ખાલી નથી અને એ સંજોગમાં એહવત એ છે કે, જો શક્ય હોય તો આ પહેલા બતાવ્યા મુજબ ફરીથી ઉમરા કરે.

(૧૭૩) ગત મસઅલામાં બયાન થઈ ચૂક્યું છે કે, જેનું વતન મક્કાથી દૂર હોય અને તે શખ્સ હજ કરવા માંગે તો પ્રથમ પાંચ મીકાતોમાંથી કોઈપણ એકથી ઉમરા માટે એહરામ બાંધવો વાજિબ છે. એટલે જો તેઓનો રસ્તો મીકાતોથી પસાર થતો હોય તો કોઈ ઈશ્કાલ નથી, પરંતુ જો તેનો માર્ગ કોઈ મીકાતથી પસાર ન થતો હોય, જેમકે આજના જમાનામાં

મોટાભાગના હાજીઓ જદ્દાના એરપોર્ટ પર ઊતરે છે, તેઓમાંથી અમુક હાજી મદીના મુનવ્વરા જવા કરતાં હજના આમાલ અને ઉમરાને પ્રાથમિકતા આપે છે, જ્યારે કે ખબર છે કે જદ્દા મીકાત નથી બલ્કે સમાન રેખાની મીકાત હોવાનું ન તો સાબિત છે અને ન ભરોસો એટલે એ સંજોગમાં હાજીઓ નીચે દર્શાવેલ ત્રણ રીતોમાંથી કોઈપણ એક રીતને પસંદ કરે.

૧. નઝરનો એહરામ પોતાના વતનથી અથવા અમુક મીકાતો પસાર થવા પહેલાં બાંધી લ્યે. એમાં કોઈ ઈશ્કાલ નથી જ્યારે કે સૂરજથી છાંયામાં હોવાનું લાઝિમ ન આવતું હોય દાખલા તરીકે સફર રાતની હોય એવી જ રીતે વરસાદથી બચવાની જરૂરત ન હોય.

૨. જદ્દાથી કોઈ એક મીકાત અથવા સમાન રેખાની મીકાત પર જાય અથવા એવી જગ્યા પર જાય જે કોઇપણ મીકાતથી થોડુંક પાછળ હોય અને ત્યાંથી નઝર કરીને એહરામ બાંધે. દાખલા તરીકે રાબિગ જે જોહફાની પાછળ છે અને મશહૂર શહેર છે જે સામાન્ય માર્ગથી જદ્દા સાથે મળેલ છે અને જોહફાની સરખામણીમાં અહીં પહોંચવું આસાન છે.

૩. જીદ્દામાં જ નઝર કરીને એહરામ બાંધી લ્યે, એ

શરતે કે ખબર હોય ભલે પછી સંક્ષિપ્ત જાણકારી જ હોય કે હરમ અને જીદ્દાની વચ્ચે એક મીકાતની સમાન રેખાનો ભાગ મોજૂદ છે. જેમ કે એ ભાગ જોહફાથી સમાન રેખા પર અને સામે હોવો બઈદ નથી. અલબત્તા જો એ વાતનો માત્ર સંદેહ હોય અને ઈલ્મ ન હોય તો એવા શખ્સ માટે જદ્દામાં નઝર કરીને એહરામ બાંધવો જાઈઝ નથી. પરંતુ જે હાજી જદ્દા આવે અને મીકાત અથવા મીકાતનું હુકમ રાખવાવાળી જગ્યા પર જાવાનો ઈરાદો રાખતો હોય અને પછી ન જઈ શકે તો એ સંજેગોમાં જદ્દાથી નઝર કરી એહરામ બાંધવો જાઈઝ છે અને અઝહર એ છે કે, એ સૂરતમાં હરમમાં દાખલ થવા પહેલાં એહરામને નવેસરથી બાંધવો જરૂરી નથી.

(૧૭૪) જેમ કે પહેલા બયાન કરવામાં આવ્યું છે કે હજે તમત્તોઅવાળા પર વાજિબ છે કે, હજે તમત્તોઅનો એહરામ મક્કાથી બાંધે એટલે જો જાણી જોઈને હજે તમત્તોઅનો એહરામ મક્કા સિવાય બીજ જગ્યાએથી બાંધે તો તેનો એહરામ સહીહ નહિં થાય, ચાહે મક્કામાં એહરામ બાંધીને દાખલ થાય. એટલે જો શક્ય હોય તો મક્કામાં ફરીથી એહરામ બાંધે, નહિતર હજ બાતિલ થશે.

(૧૭૫) જે હજે તમત્તોઅ કરવાવાળો મક્કાથી એહરામ

બાંધવાનુ ભૂલી જાય તો શક્ય સૂરતમાં પાછું જવું વાજિબ છે, અને જો પાછુ ફરવુ શક્ય ન હોય તો જે જગ્યાએ હોય ત્યાંથી એહરામ બાંધી લે, ભલે અરફાતમાં જ હોય અને તેની હજ સહીહ થાશે આ જ હુકમ એ શખ્સ માટે પણ છે જેને મસઅલાની જાણકારી ન હોય.

(૧૭૬) જો કોઈ શખ્સ હજના એહરામને ભૂલી જાય અને હજના આમાલ પૂરા કર્યા પછી યાદ આવે તો તેની હજ સહીહ થાશે અને જે શખ્સ હજનો મસઅલો ન જાણતો હોય તેના માટે પણ આ જ હુકમ છે.

---

## એહરામની રીત

એહરામમાં ત્રણ ચીઝો વાજિબ છે:

### ૧. નિય્યતઃ

એટલે મુકલ્લફ ઈરાદો કરે કે ઉમરા અથવા હજ કુરબતન એલલ્લાહ અંજામ આપીશ. નિય્યતમાં જરૂરી નથી કે આમાલને વિગતવાર જાણતો હોય, બલ્કે સંક્ષિપ્ત જાણકારી પણ પૂરતી છે. એટલે જે નિય્યત કરતી વેળા દાખલા તરીકે ઉમરામાં જે કઈ વાજિબ છે તેને વિગતવાર ન જાણતો હોય તો એક એક

અમલને અમલી રિસાલામાંથી ભરોસાપાત્ર શખ્સથી શીખીને અંજામ આપવું પૂરતું છે.

નિય્યતમાં અમુક વસ્તુઓનું ધ્યાન રાખવુ જરૂરી છે.

૧. કસ્દે કુર્બત અને કસ્દે ઈખ્લાસ (ખાલિસ અલ્લાહની કુરબત માટેનો નિર્ણય) જેમ કે બધી ઈબાદતોમાં જરૂરી છે.

૨. ખાસ સ્થળેથી એહરામની નિય્યત કરવી, જેની વિગત મીકાતોની ચર્ચામાં આવી ચૂકી છે,

૩. એહરામને નક્કી કરવો-કે ઉમરાનો છે કે હજનો અને હજનો હોય તો નક્કી કરવો કે હજ્જે તમત્તોઅનો છે કે ઈફરાદનો કે કિરાનનો અને જો કોઈના વતી હજ પઢી રહ્યો હોય તો નિયાબતનો કસ્દ કરવો અને કોઈપણ વતી કસ્દ ન કરવો એ જ પૂરતું છે કે ઈબાદત ખુદ પોતાના તરફથી બજાવી લાવી રહ્યો છે. અઝહર એ છે કે, જે હજ નઝરના કારણે વાજિબ થઈ હોય તેના સાકિત હોવા માટે કાફી છે કે નઝર કરેલ અમલ તેણે અંજામ આપેલ અમલ સાથે બંધબેસતો હોય અને જરૂરી નથી કે નિય્યતમાં હજ નઝરને કારણે કરી છે તેનો ઇરાદો કરે, એવી જ રીતે એ શખ્સ માટે જે હજ કરે તો તે હજને ઈસ્લામી હજ સમજવા માટે એ પૂરતું છે કે ઈસ્લામી હજ જે તેના પર વાજિબ છે તે એ અમલ સાથે જે

તે બજાવી લાવેલ છે બરાબર મળે છે અને વધારાના કોઇપણ કસ્દની જરૂરત નથી.

(૧૭૭) નિય્યતના સહી હોવા માટે એ જરૂરી નથી કે જીભથી કહે, જો કે મુસ્તહબ છે એવી જ રીતે કુરબતની નિય્યતમાં દિલથી પસાર કરવું જરૂરી નથી બલ્કે દાઈ કાફી છે. (અર્થાત ઈબાદત પ્રતિ ઉત્તેજિત કરનાર વસ્તુ ખુદાની કુરબત હોય.) જેમ કે બીજી ઈબાદતોમાં દાઈ કાફી છે.

(૧૭૮) એહરામના સહીહ હોવામાં એહરામની હાલતમાં હરામ બાબતોને છોડવાનો ઈરાદો એહરામની શરૂથી છેવટ સુધી હોવો જરૂરી નથી. એ રૂએ જો હરામ આચરવાનો ઈરાદો હોય તો પણ એહરામ સહીહ રહેશે. પરંતુ જો ઉમરાએ મુફરદાના એહરામ દરમિયાન જો કોઈ પોતાની પત્ની સાથે, સઈથી પરવાર્યા પહેલાં, સંભોગનો ઈરાદો રાખતો હોય અથવા સંભોગ વિશે ઢચુપચુ હોય તો ઝાહેર છે કે તેનો એહરામ બાતિલ છે અને એહવતની રૂએ વીર્ય સ્ખલન સંબંધમાં પણ આ જ હુકમ છે. જે એહરામ બાંધતી વખતે સંભોગ અથવા વીર્ય સ્ખલનને છોડવાનો ઈરાદો હોય પણ પાછળથી આ ઈરાદા પર બાકી ન રહે અર્થાત એહરામના પછી બંને કાર્યોમાંથી કોઈ એક આચરવાનો ઈરાદો કરે તો તેનો એહરામ

બાતિલ નહિં થાય.

## ૨. તલબીયા

તલબીયા આ રીતે કહે: **લબ્બયક, અલ્લાહુમ્મ લબ્બયક, લબ્બયક લા શરીક લક લબ્બયક.** અને એહવતે ઊલા છે કે આ વાક્યનો વધારો કરે: **ઈન્નલ હમ્દ વન્નેઅમત લક વલ્મુલ્ક, લા શરીક લક** અને જાઈઝ છે કે આ વાક્યના અંતમાં **લબ્બયક** શબ્દનો ઉમેરો કરે અને આમ કહે: **લા શરીક લક લબ્બયક.**

(૧૭૯) નમાઝમાં તકબીરતુલ એહરામની જેમ તલબીયાના શબ્દો પણ શીખવા અને ખરી રીતે ઉચ્ચારવા જરૂરી છે. ચાહે કોઈ બીજા શખ્સની મદદથી સહીહ રીતે અદા કરી શકે. પરંતુ જો કોઈને તલબીયા યાદ ન હોય અને કોઈ પઢાવવાવાળો પણ ન મળે તો જેવી રીતે અદા કરી શકતો હોય અદા કરે એ શરતે કે, એટલું ગલત પણ ન હોય કે સામાન્ય રીતે તલબીયા જ ન સમજવામાં આવે અને એ સંજોગમાં એહવત એ છે કે ભેગું કરે એટલે અરબી ભાષાના બીજા શબ્દો અને વાક્યો આ મતલબ અદા કરવા માટે ઉમેરે અને સાથે બીજી ભાષાનો તરજૂમો પણ પઢે અને કોઈને તલબીયા પઢવા માટે નાયબ પણ બનાવે.

(૧૮૦) કોઈ અકસ્માતમાં મૂંગો થઈ જનારો શખ્સ જો તલબીયાના શબ્દોનું કંઈ પ્રમાણ અદા કરી શકતો હોય તો જેટલા પ્રમાણમાં તલબીયા કહી શકે તલબીયા કહે અને જો બિલકુલ ન બોલી શકતો હોય તો તલબીયાને મનમાં બોલશે અને બોલતી વખતે પોતાની જીભ અને હોઠોને હલાવે અને પોતાની આંગળીથી એવી રીતે ઈશારો કરે કે જાણે તલબીયાના શબ્દોની આકૃતિ રજૂ કરી રહ્યો છે. પરંતુ, એ શખ્સ જે જન્મથી મૂંગો હોય અથવા જન્મથી મૂંગા જેવો હોય તો તે પોતાની જીભ અને હોઠોને એવી રીતે હલાવે જેવી રીતે તલબીયા કહેવાવાળો શખ્સ જીભ હલાવતો હોય અને તેની સાથે આંગળીથી પણ ઈશારો કરે.

(૧૮૧) અણસમજ બાળક તરફથી બીજો શખ્સ તલબીયા કહેશે.

(૧૮૨) હજ્જે તમત્તોઅ, ઉમરાએ તમત્તોઅ અને ઉમરાએ મુફરદાના એહરામ તલબીયા કહ્યા વગર બાંધી નથી શકાતા. પરંતુ હજ્જે કિરાનનો એહરામ માત્ર તલબીયા કહેવાથી નહિં બલ્કે ઈશઆર (જાનવર પર નિશાની લગાવવી) અતે તકલીદ (જાનવરના ગળામાં કોઈ વસ્તુ લટકાવવા)થી પણ બાંધી શકાય છે. ઈશઆર ઊંટની કુરબાની માટે ખાસ છે. જ્યારે કે તકલીદ કુરબાનીના બધા જાનવરોમાં સરખી

છે. ઊલા અને બહેતર એ છે કે ઊંટની કુરબાનીમાં ઈશ્આર અને તકલીદને ભેગા કરવામાં આવે અને. હજે કિરાન કરવાવાળો જો પોતાના એહરામને ઈશઆર અથવા તકલીદથી બાંધે તો એહવત ઊલા એ છે કે તલબીયા પણ કહે.

ઈશઆર એ છે કે ઊંટની ખૂંધને એક બાજુથી ચીરીને ખૂનવાળી કરવામાં આવે, જેથી ખબર પડે કે આ કુરબાની છે અને એહવત એ છે કે જમણા ભાગને ચીરવામાં આવે, પણ જો કુરબાની માટે ઊંટ વધારે હોય તો એક શખ્સનું બે ઊંટો વચ્ચે ઊભા રહી એક ઊંટની ખૂંધને જમણી બાજુથી અને બીજા ઊંટને ડાબી બાજુથી ચીરવું જાઈઝ છે.

તકલીદ એ છે કે હાજી રસ્સી અથવા ચામડાનો પટ્ટો અથવા નઅલૈન (જોડા) અથવા એવા પ્રકારની કોઈ બીજી ચીઝ કુરબાનીના ગળામાં લટકાવે, જેથી ખબર પડે કે આ કુરબાની છે. બઈદ નથી કે તકલીદના બદલે તજલીલ (ઓંઢાડવું) પૂરતું હોય. અને તજલીલ એ છે કે, હાજી કપડાં અથવા એના જેવી બીજ કોઈ ચીઝથી કુરબાનીના જાનવરને ઢાંકી દે, જેથી ખબર પડે કે આ કુરબાની છે.

(૧૮૩) એહરામના સહીહ હોવામાં હદસે અસગર કે અકબરથી પાક હોવું શરત નથી, એટલે એ શખ્સ જે હદસે

અસગર કે અકબરના કારણે મોહદીસ (નાપાક) થયો હોય, દાખલા તરીકે જનાબતવાળો, હૈઝ અને નિફાસવાળી ઔરતો વગેરે હોય, તો તેનો એહરામ સહીહ છે.

(૧૮૪) તલબીયા અને હજે કિરાન કરવાવાળા માટે ઈશઆર અને તકલીદનું સ્થાન એવું છે જેવું નમાઝમાં તકબીરતુલ એહરામનું, એટલે તલબીયા અથવા હજે કિરાનના રૂપમાં ઈશઆર અને તકલીદના વગર એહરામ નથી બાંધી શકાતો; એટલે જો કોઈ એહરામની નિય્યત કરી એહરામ બાંધી લે અને તલબીયા કહેવાની પહેલાં એહરામમાં હરામ કરવામાં આવેલ કોઈ એકનું આચરણ કરે તો ન ગુનેહગાર થાશે ન તેના પર કફ્ફારો વાજિબ થશે.

(૧૮૫) શ્રેષ્ઠ એ છે કે, મસ્જિદે શજરાથી એહરામ બાંધે તે તલબીયા કહેવામાં અવ્વલે બિયદાઅ'' જે ઝિલ હુલયફાના અંતમાં છે કે જ્યાંથી જમીન એકધારી સપાટ થઈ જાય છે, ત્યાં સુધી વિલંબ કરે. જો કે, એહવત એ છે કે, તલબીયા કહેવામાં જલ્દી કરે (અર્થાત્ મીકાતમાં કહે) અને ઊંચા અવાજમાં કહેવામાં 'બિયદાઅ' સુધી ઢીલ કરે આ હુકમ પુરૂષ માટે છે, જ્યારે કે સ્ત્રીને તો કોઈપણ સ્થળે તલબીયા માટે અવાજ ઊંચી ન કરવી જોઈએ.

બીજા મીકાતોથી એહરામ બાંધવાવાળાઓ માટે બહેતર છે કે અમુક સમય સુધી તલબીયામાં ઢીલ કરે, એવી જ રીતે મસ્જિદે હરામથી એહરામ બાંધવાવાળાઓ માટે વધારે સારૂં એ છે કે તલબીયા પઢવામાં રકતા સુધી ઢીલ કરે. રકતા રદમથી પહેલાંનું સ્થળ છે. રદમ મક્કામાં એક જગ્યાનું નામ છે, જેને આજકાલ રદમ કહે છે, જે મસ્જિદે રાયાની નઝદીકનું સ્થળ છે અને મસ્જિદે જિનના પહેલાં છે.

(૧૮૬) તલબીયા એક વખત કહેવી વાજિબ છે, જ્યારે કે, વધારે વખત કહેવી બલ્કે જેટલીવાર કહી શકે તેનું પુનરાવર્તન કરવું મુસ્તહબ છે અને ઉમરાએ તમત્તોઅ અદા કરવાવાળાઓ માટે એહવત એ છે કે, જ્યારે જૂના મક્કાના ઘરોના સ્થળ પર તેની નજર પડે ત્યારે તે તલબીયા કહેવું બંધ કરી દે અને જૂના મક્કાના ઘરોનું સ્થળ એ શખ્સ માટે જે મક્કાની ઉપરની તરફથી મદીનાના રસ્તે આવે અને તેની હદ અકબા મદનીયેન'' છે અને જે શખ્સ મકાની નીચેના ભાગમાંથી દાખલ થાય, તેની હદ અકબા ઝી તોવા'' છે. એવી જ રીતે ઉમરાએ મુફરદા અંજામ આપવાવાળા માટે એહવત એ છે કે જો તે હરમની બહારથી દાખલ થાય તો હરમમાં દાખલ થતી વખતે તલબીયા કહેવી બંધ કરે. પરંતુ જો તેણે અદના હિલથી એહરામ બાંધ્યો હોય તો પછી

મક્કાના ઘરો દેખાવાના સ્થળેથી તલબીયા કહેવી બંધ કરી દે અને દરેક પ્રકારની હજ અદા કરવાવાળો તલબીયાને અરફાતના દિવસે મધ્યાંહનના સમયે બંધ કરી દેવી જોઇએ.

(૧૮૭) જે કોઈ એહરામના બે કપડાં પહેરવા પછી અને એ સ્થળેથી પસાર થવા પહેલાં કે જે જગ્યા સુધી તલબીયા કહેવામાં ઢીલ કરવી જાઈઝ નથી, શક કરે કે તલબીયા કહી છે કે નહિં તો તે સમજે કે નથી કહી અને જો તલબીયા કહેવા પછી શક કરે કે બરાબર તલબીયા કહી છે કે નહિં તો સમજે કે બરાબર કહી છે.

## ૩. એહરામના બે કપડા (લુંગી અને ચાદર)નું પહેરવું.

એહરામના બે કપડા (લુંગી અને ચાદર) નું પહેરવું, પણ તેને એ વસ્ત્રો ઉતારીને પહેરવામાં આવે જેનું પહેરવું એહરામવાળા પર હરામ છે. આ હુકમથી બાળકો બાકાત છે અને બાળકો વસ્ત્રો ઉતારવામાં ફખના સ્થળ સુધી વિલંબ કરી શકાય છે, જ્યારે કે તેઓ એ રસ્તેથી જઈ રહ્યા હોય.

ઝાહેર એ છે કે, આ બે કપડા પહેરવામાં કોઈ ખાસ રીતે જરૂરી નથી. એટલે એકને જે રીતે ચાહે લુંગીની જેમ ઉપયોગમાં લ્યે અને બીજાને ચાદર તરીકે જુએ તો બગલમાંથી

કાઢી ખભા પર નાંખે અથવા કોઈપણ રીતે ઓઢે, જો કે એહવત એ છે કે, જેવી રીતે સામાન્ય રીતે આ બે કપડા પહેરવામાં આવે છે એવી જ રીતે પહેરે.

(૧૮૮) અઝહર એ છે કે, એહરામના બે કપડા પહેરવા એક સ્વતંત્ર વાજિબ છે અને એહરામના સહીહ અમલ માટે શરતરૂપ નથી.

(૧૮૯) એહતિયાત એ છે કે લુંગી દૂંટીથી લઈને સાથળો સુધી છુપાવી લ્યે અને ચાદર બંને ખભા, બંને બાજુ અને કમરનો મોટો ભાગ છુપાવી લ્યે એટલા અંદાજની હોવી જોઇએ. એહતિયાતે વાજિબ એ છે કે, એહરામને નિય્યત અને તલબીયાની પહેલાં પહેરે અને જો નિય્યત અને તલબીયાને એહરામની પહેલાં અંજામ આપે તો એહવતે અવલા એ છે કે, એહરામના પછી ફરીવાર નિય્યત અને તલબીયા કહે.

(૧૯૦) જે કોઈ મસઅલો ન જાણવાના કારણે અથવા ભૂલીને ખમીસ પર એહરામ બાંધી લ્યે તો ખમીસ ઉતારી નાંખે, તેનો એહરામ સહીહ રહેશે બલ્કે અઝહર એ છે કે જે જાણી જેઈને ખમીસ ઉપર એહરામ બાંધી લ્યે તો પણ તેનો એહરામ (ખમીસ ઉતારવા પછી) સહીહ થાશે.

અને જો એહરામ બાંધ્યા પછી ખમીસ પહેરી લ્યે તો તેનો એહરામ નિ:શંક સહીહ છે, પરંતુ લાઝિમ છે કે, ખમીસ ફાડી નાંખે અને પગની બાજુએથી ઉતારે.

(૧૯૧) એહરામની હાલતમાં ચાહે શરૂથી કે પાછળથી ઠંડી અથવા ગરમીથી બચવા માટે અથવા કોઈ અન્ય કારણસર બે કપડાથી વધારે પહેરવામાં કોઈ ઈશ્કાલ નથી.

(૧૯૨) એહરામના કપડામાં એ જ શરતો જરૂરી છે જે નમાઝના વસ્ત્રોમાં જરૂરી છે. એટલે લાઝિમ છે કે એહરામના કપડામાં શુદ્ધ રેશમ અથવા ભક્ષક પ્રાણીઓના અંશો ન હોય બલ્કે એહવત એ છે કે, કોઈપણ હરામ ગોશ્તવાળા જાનવરના અંશો અને સોનાના તારથી બનેલા ન હોય. એવી જ રીતે જરૂરી છે કે પાક હોય, હા એ નજાસત જે નમાઝમાં માફ છે તે એહરામમાં પણ માફ છે.

(૧૯૩) એહવત એ છે કે, લુંગી એવા કપડાંની ન હોય જેનાથી શરીર દેખાતું હોય બલ્કે બદનને છુપાવનાર હોય પણ આ શરત ચાદરમાં જરૂરી નથી.

(૧૯૪) એહરામના કપડામાં એહવતે અવલા એ છે કે, બંને કપડા વણેલા હોય અને ચામડું, ખાલ અને નમદ (એટલે ઊન ચોંટાડેલ કપડુ વગેરે) જેવા ન હોય.

(૧૯૫) પુરૂષો માટે લુંગી અને ચાદર પહેરવી વાજિબ છે જ્યારે કે સ્ત્રીઓ માટે જાઈઝ છે કે તેઓ પોતાના રોજીંદા વસ્ત્રોમાં જ એહરામ બાંધી શકે છે, એ શરતે કે તેમાં વર્ણન થયેલ શરતો મોજૂદ હોય.

(૧૯૬) જો કે રેશમી કપડા પહેરવા માત્ર પુરૂષો પર હરામ છે અને સ્ત્રીઓ પર હરામ નથી, પરંતુ એહવત એ છે કે, સ્ત્રીઓના એહરામના કપડા પણ રેશમના ન હોય બલ્કે એહવત એ છે કે, સ્ત્રીઓ એહરામની હાલતમાં શુદ્ધ રેશમની કોઈપણ વસ્તુ ન પહેરે સિવાય એ કે જરૂરત હોય જેમકે ગરમી અથવા ઠંડીથી બચવા માટે પહેરવું પડે.

(૧૯૭) જો એહરામ બાંધ્યા પછી એક અથવા બંને કપડા નજીસ થઈ જાય તો એહવત એ છે કે તેને પાક કરવા અથવા બદલવામાં જલ્દી કરે.

(૧૯૮) એહરામના કપડાને સતત પહેરી રાખવા જરૂરી નથી, એટલે ચાદરને ખભા પરથી હટાવવામાં ચાહે જરૂરત મુજબ હટાવે કે વગર જરૂરતે, કાંઇપણ ઈશ્કાલ નથી એવી જ રીતે જો બીજી ચાદર શરતો પ્રમાણે હોય તો બદલી પણ શકાય છે.

---

# એહરામમાં તજી દેવાની વસ્તુઓ

ગત મસઅલાએઓમાં વર્ણન થયું કે તલબીયા અને તલબીયાનો હુકમ રાખવાવાળી વસ્તુઓ (દાખલા તરીકેઃ ઈશ્આર અને તકલીદ હજ્જે કિરાનમાં) વગર એહરામ નથી બાંધી શકાતો, ચાહે નિય્યત પણ કરી લીધી હોય.

જ્યારે મુકલ્લફ એહરામ બાંધી લ્યે ત્યારે નીચે જણાવેલ પચ્ચીસ વસ્તુઓ તેના પર હરામ થઈ જાય છેઃ

(૧) જમીની જાનવરનો શિકાર (૨) સંભોગ (૩) સ્ત્રીને ચુંબન કરવું (૪) સ્ત્રીને આલિંગન કરવું (૫) સ્ત્રીને કામવાસનાની નજરે જોવી અથવા તેણી સાથે રમત કરવી (૬) વીર્ય સ્ખલન (૭) નિકાહ કરવા (૮) સુગંધ લગાવવી (૯) પુરૂષો માટે સિવેલા કપડા પહેરવા અથવા એવા કપડા પહેરવા જે સિવેલા વસ્ત્રોના હુકમમાં આવતા હોય (૧૦) સૂરમો લગાડવો (૧૧) અરીસો જોવો (૧૨) પુરૂષો માટે બંધ જોડા અથવા મોજા પહેરવા (૧૩) ફોસૂક (જૂઠ બોલવું, ગાળો ભાંડવી, એવી વર્તણૂંક કરવી જે કોઈ મોમિનના માટે અપમાનજનક હોય) (૧૪) વાદ-વિવાદ કરવો (૧૫) શરીરના ટોલા વગેરે મારવા (૧૬) શૃંગાર કરવો એટલે બનવું શણગારવું (૧૭) શરીર પર તેલ ચોપડવું (૧૮)

શરીરના વાળ સાફ કરવા (૧૯) પુરૂષોએ માથું ઢાંકવું એવી જ રીતે પાણીમાં માથું ડુબાડવું અને આ ઔરતો પર પણ હરામ છે (૨૦) સ્ત્રીઓએ પોતાનું મોં છુપાવવું (૨૧) પુરૂષોએ છાંયામાં રહેવું (૨૨) શરીરમાંથી ખૂન કાઢવું (૨૩) નખ કાપવા (૨૪) એક કથન પ્રમાણે દાંત કાઢવા (૨૫) હથિયાર લઈને ચાલવું.

## ૧. જમીની જાનવરનો શિકારઃ

(૧૯૯) મોહરિમના માટે જમીની જનવરોનો શિકાર કરવો, મારવા, જખ્મી કરવા અથવા તેના કોઈ અંગને તોડવા બલ્કે કોઈપણ પ્રકારની યાતના આપવી જાઈઝ નથી. એવી જ રીતે મોહિલ્લ (એહરામ વાંધ્યું ન હોય તેને) માટે પણ હરમમાં પ્રાણીઓને યાતના આપવી જાઈઝ નથી. અહીં ખુશ્કીના જાનવર (ભૂચર)થી મુરાદ એ જાનવર છે જે જંગલી હોય ચાહે આ સમયે કોઈ કારણે પાલતું થઈ ગયા હોય અને ઝાહેર એ છે કે, આ હુકમમાં હલાલ અને હરામ ગોશ્તવાળા જાનવરોનો શિકાર કરવામાં ફરક નથી.

(૨૦૦) મોહરિમના માટે ખુશ્કીના જાનવરનો શિકાર કરવામાં કોઈ બીજાની મદદ કરવી પણ હરામ છે. ચાહે બીજો શખ્સ મોહરિમ હોય કે મોહિલ્લ ત્યાં સુધી કે ઈશારા

વગેરેથી પણ મદદ કરવી હરામ છે. બલ્કે એહવત એ છે કે, મોહરિમ શખ્સ દરેક એ કામમાં જે ખુદ મોહરિમ પર હરામ છે, જે મસઅલા નં.: ૧૯૯ માં બયાન થયેલ છે, કોઈ બીજાની મદદ ન કરે.

(૨૦૧) મોહરિમના માટે જાઈઝ નથી કે તે શિકારને પોતાની પાસે સંભાળી રાખે, ચાહે એહરામની પહેલાં પોતે કરેલ હોય અથવા કોઈ બીજાએ. હરમમાં કરેલ હોય યા હરમની બહાર.

(૨૦૨) મોહરિમ માટે શિકારનું ગોશ્ત ખાવું જાઈઝ નથી. ભલે મોહિલ્લે હરમની બહાર શિકાર કર્યો હોય. એવી રીતે મોહિલ્લ માટે પણ એ પ્રાણીનું ગોશ્ત ખાવું જેને મોહરિમે (એહરામવાળા શખ્સે) હરમની બહાર શિકાર કર્યો હોય, - ચાહે શિકારને માર્યો હોય અથવા શિકાર કરીને ઝબ્હ કર્યો હોય- એહવતની રૂએ હરામ છે. ઉપરાંત મોહલ્લિ પર એ પ્રાણીનું ગોશ્ત ખાવું પણ હરામ છે, જેને કોઈ મોહરિમ અથવા કોઈ અન્ય શખ્સે હરમમાં શિકાર યા ઝબ્હ કર્યો હોય.

(૨૦૩) ભૂચર પ્રાણીઓના બચ્ચાઓ માટે પણ આ જ હુકમ છે. જે ખુદ પ્રાણીનો હુકમ છે. પરંતુ બઈદ નથી કે એ

પ્રાણીના ઈંડાને ખાવા, તોડવા અને ઉપાડવા પણ મોહરિમ પર હરામ હોય. એટલે એહવત એ છે કે ઈંડાઓને ઉપાડવા, તોડવા અને ખાવામાં કોઈ બીજાની મદદ પણ ન કરે.

(૨૦૪) જેમ કે ગત મસઅલાઓમાં બતાવવામાં આવ્યું કે આ હુકમો ખુશ્કીના જાનવરોના શિકાર માટે ખાસ છે અને તીડ પણ એમાંથી છે, પરંતુ દરિયાના જાનવરોના શિકારમાં કાંઈ વાંધો નથી. દરિયાઈ પ્રાણીઓથી મતલબ એ પ્રાણીઓ છે, જે માત્ર પાણીમાં જીવે છે દાખલા તરીકે માછલી. ઝમીન ઉપર અને પાણીમાં બંને જગ્યાએ જીવન વિતાવવાવાળા જાનવરોની ગણત્રી ઝમીન ઉપર જીવન વીતાવનાર જાનવરોમાં થશે. જો કે અઝહર એ છે કે, એ પ્રાણી જેના ઝમીન ઉપર જીવન વીતાવનારના હોવા વિશે શંકા હોય તેનો શિકાર કરવામાં કાંઈ વાંધો નથી.

(૨૦૫) જેવી રીતે મોહરિમ પર જમીન ઉપરના જાનવરોનો શિકાર હરામ છે અવી જ રીતે હલાક કરવો, ચાહે શિકાર ન પણ કરે. હરામ છે. આ હુકમથી અમુક ચીઝો બાકાત છેઃ

૧. પાલતુ જાનવર જો કે અત્યારે કોઈ કારણથી જંગલી બની ગયા હોય દાખલા તરીકે ભેડ, ગાય, ઊંટ અને એ

પક્ષીઓ જેઓ બરાબર ઉડી નથી શકતા દાખલા તરીકે કુકડા, ચીની કુકડા વગેરે ઝબ્હ કરવા મોહરિમ માટે જાઈઝ છે. એવી જ રીતે એ પ્રાણીઓને પણ ઝબ્હ કરવા જાઈઝ છે, જેના પાલતુ હોવાનો શક હોય.

૨. ફાડી ખાનાર અને સાપ વગેરે કે જેનાથી મોહરિમને પોતાની જાનનો ખતરો હોય તેને મારી નાખવા જાઈઝ છે.

૩. ભક્ષક પક્ષીઓ જે હરમના કબૂતરોને યાતના આપે છે તેને પણ મારવા જાઈઝ છે.

૪. ઝેરીલા, કાળા સાપ બલ્કે દરેક ખતરનાક સાપ, વીંછી અને ઉંદરોને દરેક સ્થિતિમાં મારવા જાઈઝ છે અને તેને મારવા પર કાંઈ કફ્ફારો પણ નથી. મશહૂર કથન મુજબ શેર અપવાદ છે. (એક કથન મુજબ)

ઉપરાંત કહેવામાં આવે છે કે જે ભક્ષક પ્રાણીઓથી જાનનો ડર ન હોય તેને મારવાથી કફ્ફારો વાજિબ થઈ જાય છે અને તેનો કફ્ફારો તેની કિંમત છે.

(૨૦૬) મોહરિમના માટે કાગડાઓ અને શિકારી બાજને તીર મારવા જાઈઝ છે અને એ તીર લાગવાથી મરી જાય તો કફ્ફારો વાજિબ નથી.

## શિકારના કફ્ફારાઓઃ

(૨૦૭) જો મોહરિમ શાહમૃગને મારી નાંખે તો એક ઊંટ કફ્ફારો દેવો પડશે. જો જંગલી ગાયને મારે તો એક ગાય કફ્ફારો આપે. એહવતની રૂએ જંગલી ગધેડાને મારવાનો પણ આ જ હુકમ છે. હરણ અને સસલાંને મારવા પર એક બકરી આપે. એહવતની રૂએ શિયાળ મારવાનો પણ આ જ હુકમ છે.

(૨૦૮) કોઈ શખ્સ એવા જાનવરનો શિકાર કરે જેનો કફ્ફારો ઊંટ હોય અને તેની પાસે એટલો માલ ન હોય, જેનાથી ઊંટ ખરીદી શકે તો સાંઇઠ મિસ્કીનને ખાવું ખવરાવવું વાજિબ છે કે દરેક મિસ્કીનને એક મુદ્દ (લગભગ ૭૫૦ ગ્રામ) ખાવું આપે અને જો તે પણ ન કરી શકે તો ૧૮ રોઝા રાખે. જો તે એવું જાનવર હોય જેનો કફ્ફારો ગાય હોય અને ગાય ખરીદવાના પૈસા ન હોય તો 30 મિસ્કીનોને ખાવું ખવરાવે અને ખાવું ન ખવરાવી શકતો હોય તો ૯ રોઝા રાખે, અને જો તે એવું જાનવર હોય જેનો કફ્ફારો બકરી હોય અને જો બકરી ન ખરીદી શકતો હોય તો ૧૦ મિસ્કીનોને ખાવું ખવરાવે અને એ પણ ન કરી શકે તો ત્રણ દિવસ રોઝા રાખે.

(૨૦૯) કતાત, ચકોર અને તીતર મારવા પર ઘેંટીનું એવું બચ્ચું જે દૂધ છોડી ઘાસ ચરવું શરૂ કરી દીધુ હોય, કફ્ફારામાં આપવું વાજિબ છે. ચકલી, ચંડૂલ અને મમૂલા વગેરે મારવા પર અઝહર છે કે એક મુદ્દ ખોરાક આપે અને ઉપરોક્ત પક્ષીઓ સિવાય કબૂતર અથવા કોઈ અન્ય પંખી મારવા પર એક ઘેંટુ કફ્ફારો આપે અને તેના બચ્ચાંને મારવા પર એક બકરીનું બચ્ચું અથવા ઘેંટીનું બચ્ચું કફ્ફારો આપે અને ઈંડું કે જેમાં બચ્ચું ફરકતું હોય તેના માટે પણ આ જ હુકમ છે અને ઈંડામાં બચ્ચું હોય પણ હલનચલન ન કરતું હોય તો એક દિરહમ કફ્ફારો આપે. બલ્કે એહવતની રૂએ જો ઈંડામાં બચ્ચું ન પણ હોય તો પણ એક દિરહમ કફ્ફારો આપે. એક તીડના કતલ પર એક ખજૂર અથવા એક મુઠ્ઠી ખોરાકનો કફ્ફારો આપે અને મુઠ્ઠીભર ખાવાનું આપવું ઉત્તમ છે અને જો એક કરતા વધારે તીડોનો શિકાર કરે તો કફ્ફારા પણ સંખ્યા મુજબ વધશે. પરંતુ જો સામાન્ય રીતે તેની સંખ્યા વધારે ગણાતી હોય તો પછી કફ્ફારો એક ઘેંટુ થાશે.

(૨૧૦) જંગલી ઉંદર, શાહુડી અને ઘો વગેરે મારવા પર બકરીનું બચ્ચું અને રણની ગરોળી મારવા પર મુઠ્ઠીભર ખોરાક કફ્ફારો આપે.

(૨૧૧) મધમાખીને જાણી જોઈને મારવા પર થોડાક

પ્રમાણમાં ખોરાકનો કફ્ફારો આપે. અને નુકસાનથી બચવાના સંજોગમાં મારવાનો કંઇપણ કફ્ફારો નથી.

(૨૧૨) જે મોહરિમ હરમની બહાર શિકાર કરે તો તેણે દરેક જાનવરનો બયાન થયેલ કફ્ફારો આપવો પડશે અને જે જાનવરો માટે કફ્ફારો નક્કી ન હોય તો તેની હાલની બજાર કિંમત કફ્ફારા રૂપે આપવી પડશે અને જો કોઈ જાનવરને મોહિલ્લ (એહરામ વગરનો) શખ્સ હરમમાં મારી નાખે તો તેની કિંમત કફ્ફારો આપે, સિવાય શેરની કે અઝહર એ છે કે, તેના કફ્ફારામાં એક ઘેંટો આપવો પડશે અને જો મોહરિમ હરમમાં શિકાર કરે તો તેણે હરમમાં શિકાર કરવાનો કફ્ફારો તેને એહરામની હાલતમાં શિકાર કરવાનો કફ્ફારો એમ બંને કફ્ફારાઓ આપવા પડશે.

(૨૧૩) મોહરિમના માટે એવો માર્ગ છોડી દેવો જેના પર તીડો વધારે હોય વાજિબ છે અને જો એમ ન કરી શકે તેવા સંજોગમાં તેને મારવામાં કોઈ હરજ નથી.

(૨૧૪) જો અમુક લોકો જે એહરામની હાલતમાં હોય ભેગાં મળીને શિકાર કરે તો તેમાંના દરેકને જુદો કફ્ફારો આપવો પડશે.

(૨૧૫) શિકાર કરેલા જાનવરનું ગોશ્ત ખાવાનો કફ્ફારો અને શિકાર કરવાનો કફ્ફારો બરાબર છે. એટલે જો કોઈએ

એહરામની હાલતમાં શિકાર કર્યો અને પછી તેને ખાઈ લીધો તો બે કફ્ફારા વાજિબ થશે. એક શિકારનો, બીજો ખાવાનો.

(૨૧૬) મોહરિમ સિવાય કોઈ બીજો શખ્સ શિકારને સાથે લઈ હરમમાં દાખલ થાય તો તેના પર વાજિબ છે કે તેને છોડી દ્યે. એટલે જો તે ન છોડે અને તે પ્રાણી મરી જાય તો તેના પર કફ્ફારો દેવો વાજિબ છે. મસઅલાનં.: ૨૦૧ માં વર્ણવેલ બધી સુરતોમાં એહરામ બાંધતી વખતે શિકારને સાથે રાખવો હરામ છે. એટલે જો તેણે આઝાદ ન કર્યો અને તે મરી ગયો તો લાઝિમ છે કે કફ્ફારો આપે અને એહવત એ છે કે, ચાહે તે હરમમાં દાખલ થવા પહેલાં જ મરી જાય તો પણ કફ્ફારો આપે.

(૨૧૭) પ્રાણીનો શિકાર કરવા અને તેનું ગોશ્ત ખાવા પર કફ્ફારો વાજિબ થઈ જાય છે અને તેનાથી કાંઈ ફરક નથી પડતો કે આ કામ જાણી બુઝીને કર્યું અથવા ભૂલથી અથવા અજાણતા થઈ ગયું.

(૨૧૮) શિકારનું પુનરાવર્તન કરવાથી કફ્ફારો પણ ફરી વાજિબ થઈ જાય છે. ચાહે તેનું કારણ ગલતી, ભૂલ, મજબૂરી, એવી અજાણતા જે બાબતે કસૂરવાર ન હોય. એવી જ રીતે એહરામ વગરનો શખ્સ જાણી જોઈને હરમમાં અને મોહરિમ

શખ્સ વિવિધ એહરામોમાં જેમકે એક વખત ઉમર-એ-તમત્તોઅ અહેરામમાં બીજી વખત હજે તમત્તોઅના એહરામમાં અને ત્રીજી વખત ઉમર-એ-મુફરદાના એહરામમાં શિકારનું પુનરાવર્તન (રીપીટ) કરે તો કફ્ફારો પણ રીપીટ થાશે. પરંતુ જો મોહરિમ જાણી જોઈને એક જ એહરામમા શિકારનુ પુનરાવર્તન કરે તો માત્ર એક જ કફ્ફારો વાજિબ થશે. બલકે એ એ લોકોમાંથી હશે, જેના વિશે ખુદાએ કહ્યું છે કે, વ મન આદ ફ યન્તકેમુલ્લાહો મિન્હૂ'' અર્થાત જો પુનરાવર્તન કરશે તો ખુદા તેનાથી ઈન્તેકામ લેશે.

## ૨. સંભોગઃ

(૨૧૯) મોહરિમ પર ઉમરાએ તમત્તોઅની વચમાં, ઉમરાએ મુફરદાની વચમાં અને હજ દરમિયાનમાં તવાફુન્નિસાની નમાઝ પહેલા સંભોગ કરવો હરામ છે.

(૨૨૦) જે ઉમરા તમત્તોઅવાળો જાણી જોઈને પોતાની પત્ની સાથે સમાગમ કરે તો ચાહે કોબોલ (આગળ) થી કરે યા દોબોર (પાછળથી) કરે; જો સઈની પછી કર્યા હોય તો તેનો ઉમરા બાતિલ નહીં થાય અને કફ્ફારો વાજિબ થશે અને એહવત પ્રમાણે કફ્ફારામાં એક ઊંટ અથવા એક ગાય આપે અને જો સઈ પતાવ્યા પહેલાં સંભોગ કરે તો તેનો

કફ્ફારો એ જ છે, જે બયાન થઈ ચૂક્યો અને એહતિયાત આ મુજબ છે કે પોતાનો ઉમરા તમામ કરે અને ત્યાર પછી હજ કરે અને પછી આવતાં વરસે તેને ફરી વાર અદા કરે.

(૨૨૧) જો હજના માટે એહરામ બાંધવાવાળો જાણી જોઈને પોતાની પત્ની સાથે મશઅરના મેદાનમાં વુકૂફ પહેલાં સમાગમ કરે, ચાહે આગળથી કરે કે પાછળથી, તેના પર કફ્ફારો વાજિબ છે અને વાજિબ છે કે એ હજને પૂરી કરે અને આવતા વરસે તેને ફરીવાર બજાવી લાવે. ચાહે હજ વાજિબ હોય કે મુસ્તહબ. ઔરત માટે પણ એ જ હુકમ છે કે જો તે એહરામની હાલતમાં હોય અને હુકમને જાણતી હોય અને આ અમલ પર રાજી હોય તો તેના પર કફ્ફારો વાજિબ છે અને જરૂરી છે કે હજને પૂરી કરીને આવતા વરસે ફરી બજાવી લાવે. પરંતુ જે સ્ત્રીને મજબૂર કરવામાં આવી હોય તો તેના પર કંઈ વાજિબ નથી અને શોહર પર બે કફ્ફારા વાજિબ છે. તેનો કફ્ફારો એક ઊંટ છે અને ઊંટ ન દઈ શકે તો એક બકરી કફ્ફારો આપે અને આ હજમાં વાજિબ છે કે પતિ-પત્ની અલગ-અલગ રહે એવી રીતે કે કોઇપણ સ્થળે ભેગાં ન થાય, સિવાય કે કોઇ ત્રીજી વ્યક્તિ મોજૂદ હોય એટલે સુધી કે બંને હજના આમાલથી ફારેગ થઈ જાય અને એ જગ્યાએ આવી જાય જ્યાં સંભોગ કર્યો હતો. પરંતુ જો

કોઈ અન્ય માર્ગેથી આવે (અર્થાત્ સમાગમની જગ્યા એ રસ્તામાં ન હોય) તો જાઈઝ છે કે આમાલ પૂરા થયા પછી તેઓ એક સાથે એકાંતમાં રહે. એવી રીતે બીજીવાર પઢવામાં આવનારી હજમાં પણ સમાગમવાળી જગ્યા પર પહોંચવાથી લઈને મિનામાં ઝબ્હ કરવા સુધી બંનેનું અલગ રહેવું વાજિબ છે. બલ્કે એહતિયાત એ છે કે ત્યાં સુધી અલગ રહે જ્યાં સુધી હજના બધા આમાલથી પરવારી પાછા એ એ જગ્યા આવી જાય, જ્યાં સમાગમ થયો હતો.

(૨૨૨) જે મોહરિમ જાણી જોઈને મશઅરના વુકૂફની પછી તવાફુન્નિસાની પહેલાં પોતાની પત્ની સાથે સંભોગ કરે તો ગત મસઅલામાં બયાન થયેલ કફ્ફારો વાજિબ છે. પરંતુ હજનું ફરી પઢવું વાજિબ નથી અને એ જ હુકમ છે જો તવાફુન્નિસાનો ચોથો ચક્કર પૂરો કર્યો પહેલાં સમાગમ કરે; પરંતુ જો ચોથો ચક્કર પૂરો કર્યા પછી હોય તો કફ્ફારો પણ વાજિબ નથી.

(૨૨૩) જે મોહરિમ ઉમરા મુફરદામાં જાણી જોઈને પોતાની પત્ની સાથે સમાગમ કરે તો ગત બયાન થએલા કફ્ફારો તેના પર વાજિબ છે અને સઈ પછી સમાગમ કરવા પર તેનો ઉમરા બાતિલ નહિં થાય, પણ જો સઈની પહેલાં

કરે તો તેનો ઉમરા બાતિલ થઈ જશે. એટલે વાજિબ છે કે આવતા મહિના સુધી મક્કામાં રહે અને પાંચ મશહૂર મીકાતોમાંથી કોઈ એક મીકાતથી ઉમરા ફરી બજાવી લાવવા એહરામ બાંધે. એહતિયાત પ્રમાણે અદના હિલથી એહરામ બાંધવો પૂરતો નથી અને એ પણ એહતિયાત છે કે બાતિલ થનાર ઉમરાને પણ પૂરો કરે.

(૨૨૪) જો મોહિલ્લ (એહરામ વગરનો) શખ્સ પોતાની એહરામવાળી પત્નીની સાથે સમાગમ કરે અને પત્ની રાજી હોય તો ઔરત પર વાજિબ છે કે એક ઊંટ કફ્ફારો આપે, અને જો રાજી ન હોય બલ્કે મજબૂર હોય તો કંઈ વાજિબ નથી અને એહતિયાત એ છે કે, તેનો પતિ તેનો કફ્ફારો આપે. પહેલી સૂરતમાં પણ એહતિયાત છે કે, પતિ તેની પત્ની પર વાજિબ થનારા કફ્ફારાનું નુકસાન આપે અર્થાત કફ્ફારાની કિંમત અદા કરે.

(૨૨૫) જે મોહરિમ શખ્સ અજાણતા અથવા ભૂલથી પોતાની પત્નીથી સમાગમ કરે તો તેનો ઉમરા અને હજ સહીહ છે અને તેના પર કફ્ફારો પણ વાજિબ નથી.

આ હુકમ કફ્ફારો વાજિબ કરનારી તમામ હરામ બાબતો આચરવામાં પણ લાગુ પડશે, જેની વિગત આગળ ઉપર

આવશે. અર્થાત અજાણતા અથવા ભૂલથી મોહરિમ એ હરામ બાબતોનું આચરણ કરે તો તેના પર કફ્ફારો વાજિબ નહિં થાય સિવાય કે નીચેના અમુક પ્રસંગો બાકાત છે.

૧. હજ અથવા ઉમરામાં તવાફ કરવાનુ ભૂલી જાય ત્યાં સુધી કે પોતાના શહેર પાછા ફરીને પોતાની પત્ની સાથે સંભોગ કરે.

૨. ઉમરાએ તમત્તોઅમાં સઈનું કંઈક પ્રમાણ ભૂલી જાય અને એમ સમજીને કે સઈ સંપૂર્ણ થઈ ગઈ છે એહરામ ઉતારી નાંખે.

૩. જો મોહરિમ કારણ વગર પોતાના માથા અથવા દાઢી પર હાથ ફેરવે, જેના કારણ એક અથવા વધારે વાળ ખરી જાય.

૪. જો કોઈ અજ્ઞાનતાના કારણે ખુશ્બૂદાર તેલ અથવા જેમાં ખુશ્બૂ ભેળવેલી હોય પોતાના શરીરે ચોપડે. આ બધાના હુકમ તેની જગ્યાએ આવશે.

## ૩. સ્ત્રીને ચુંબન કરવું :

(૨૨૬) મોહરિમનું કામવાસનાથી પોતાની સ્ત્રીને ચૂમવું જાઈઝ નથી. એટલે જે તેણે વાસનાથી ચુંબન ભર્યું અને વીર્ય સ્ખલન થઈ ગયું તો એક ઊંટ કફ્ફારો વાજિબ થઈ જાશે

અને જે વીર્યપાત ન થાય તો બઈદ નથી કે એક ઘેંટાનો કફ્ફારો પૂરતો હોય; પરંતુ જો વાસના વગર ચૂમી ભરી હોય તો એહતેયાતે વાજિબ એછે કે એક બકરો કફ્ફારો આપે.

(૨૨૭) જે મોહિલ્લ (એહરામ વગરનો) શખ્સ પોતાની એહરામવાળી પત્નીને ચુંબન કરે તો એહતેયાત એ છે કે એક બકરી કફ્ફારો આપે.

## ૪. સ્ત્રીનો સ્પર્શ કરવોઃ

(૨૨૮) મોહરિમનું વાસનાપૂર્વક પોતાની સ્ત્રીને સ્પર્શવું, ઉઠાવવું અને આલિંગનમાં લેવુ જાઈઝ નથી અને જો કોઈએ એમ કર્યું તો લાઝિમ છે કે એક બકરી કફ્ફારો આપે ચાહે વીર્ય સ્ખલન થાય કે ન થાય. પરંતુ, આમ કરવું કામેચ્છા વગર હોય તો કાંઈ કફ્ફારો નથી.

## ૫. સ્ત્રીને જોવી અને તેની સાથે રમતગમત કરવીઃ

(૨૨૯) મોહરિમના માટે જાઈઝ નથી કે તે પોતાની સ્ત્રી સાથે વાસનાપૂર્વક રમતગમત કરે, એટલે જો આમ કરવાથી વીર્યપાત થઈ જાય તો લાઝિમ છે કે એક ઊંટ કફ્ફારો આપે અને ઊંટ ન દઈ શકતો હોય તો બકરી આપે. જે સંજોગમાં પોતાની પત્નીને વાસનાપૂર્વક જોવાથી વીર્ય સ્ખલન થાય તે

સંજોગમાં જોવાથી પરહેઝ કરવી જોઇએ. બલ્કે એહવતે અવલા એ છે કે ચાહે મની ન નીકળે તો પણ વાસનાપૂર્વક પોતાની સ્ત્રી તરફ દષ્ટિપાત ન કરે. અને જો વાસનાપૂર્વક સ્ત્રીને જોવાથી જે વીર્ય સ્ખલન થઈ જાય તો એહતિયાત એ છે કે, કફ્ફારો આપે જે એક ઊંટ છે. પરંતુ જો વીર્ય સ્ખલન ન થાય અથવા વગર વાસનાએ જોવાથી વીર્ય સ્ખલન થાય તો પછી કોઈ કફ્ફારો નથી.

(૨૩૦) જે મોહરિમ પરાઈ સ્ત્રીને એવી દષ્ટિએ જુવે જે તેના માટે જાઈઝ નથી અને વીર્ય ન નીકળે તો કફ્ફારો વાજિબ નથી અને જો વીર્યસ્ખલન થાય તો લાઝિમ છે કે કફ્ફારો આપે અને એહવત એ છે કે જો માલદાર હોય તો એક ઊંટ કફ્ફારો આપે અને જો આર્થિક સ્થિતિ મધ્યમ હોય તો એક ગાય આપે અને અઝહર એ છે કે ગરીબ હોય તો એક બકરી કફ્ફારો આપવુ પૂરતુ છે.

(૨૩૧) મોહરિમનું પોતાની પત્ની સાથે બેસવું અને વાતો કરી આનંદ પ્રાપ્ત કરવો જાઈઝ છે; જો કે એહવત એ છે કે મોહરિમ પોતાની પત્નીથી દરેક પ્રકારનો આનંદ મેળવવો તજી દે.

## ૬. ઈસ્તિમના - વીર્ય સ્ખલન ઈચ્છવોઃ

(૨૩૨) વીર્ય સ્ખલન કરવાના કેટલાક પ્રકાર છેઃ

૧. ઈન્દ્રીયને હાથેથી મસળવી અથવા ચાહે બીજી કોઈ અન્ય વસ્તુથી સદંતર હરામ છે. હજમાં તેનો હુકમ એ જ છે કે જે સંભોગનો છે અને ઉમરાએ મુફરદામાં પણ એહતિયાતની રૂએ તેનો હુકમ એ જ છે; એટલે જો મોહરિમ ઉપરોક્ત કાર્ય હજના એહરામમાં મશઅરના વુકૂફ પહેલાં કરે તો લાઝિમ છે કે કફ્ફારો આપે, એ હજને પૂરી કરે અને આવતા વરસે આ હજને ફરી બજાવી લાવે. જો ઉમરા મુફરદામાં સઈથી ફારેગ થવા પહેલાં આ અમલ અંજામ આપે એહતેયાતે વાજિબની રૂએ કફ્ફારો આપે અને આ ઉમરાને પૂરો કરી, બીજે મહિને તેને ફરી બજાવી લાવે.

૨. પોતાની પત્નીને ચુંબન કરવાથી, સ્પર્શથી, જોવાથી કે રમત ગમત કરી વીર્ય સ્ખલન કરવામાં પણ એ જ હુકમ લાગુ પડે છે, જે ગત મસઅલામાં બયાન થઈ ચૂક્યો છે.

૩. સ્ત્રીને લગતી વાતો સાંભળવાથી અથવા તેના ગુણો અથવા તેની કલ્પના કે વિચાર કરવાથી વીર્ય સ્ખલન કરવું પણ મોહરિમ પર હરામ છે, પરંતુ અઝહર એ છે કે કફ્ફારો નહિં લાગે.

## ૭. નિકાહ કરવાઃ

(૨૩૩) મોહરિમ માટે નિકાહ કરવા અથવા કોઈ બીજાના નિકાહ પઢવા જાઈઝ નથી. ચાહે બીજો આદમી મોહરિમ હોય કે ન હોય. ચાહે નિકાહ દાયમી હોય કે ગેરદાયમી અને ઉપરોક્ત બધી સૂરતોમાં નિકાહ બાતિલ છે.

(૨૩૪) જ્યારે મોહરિમ કોઈ સ્ત્રી સાથે નિકાહ કરીને તેની સાથે સમાગમ કરે અને જો આ લોકો મોહરિમ હોવાનુ અને તે બાબતેનો શરઇ હુકમ જાણતા હતા તો મોહરિમ, સ્ત્રી અને નિકાહ પઢનાર પર એક એક કફ્ફારો વાજિબ થશે અને જો એમાંથી અમુક આ વિષયમાં હુકમે શરઈ જાણતા હોય અને અમુક ન જાણતા હોય, તો જેઓ જાણતા ન હતા તેઓ પર કફ્ફારો વાજિબ નહિ થાય. તેનાથી કાંઈ ફરક નથી પડતો કે નિકાહ પઢનાર અને ઔરત મોહરિમ હતા કે નહિં.

(૨૩૫) ફકીહો વચ્ચે મશહૂર છે કે, મોહરિમ માટે કોઈ નિકાહની મહેફિલમાં ભાગ લેવો જાઈઝ નથી. ત્યાં સુધી કે એહવતે અવલા નિકાહ પર ગવાહી પણ ન આપે, ભલે એહરામ બાંધવા પહેલાં નિકાહની મહેફિલમાં ભાગ લીધો હોય.

(૨૩૬) એહવતે અવલા એ છે કે, મોહરિમ નિકાહ

માટે ઓફર પણ ન કરે. હા પણ તલાકે રજઈમાં મોહરિમ રજૂ કરી શકે છે જેવી રીતે તલાક આપવી પણ જાઈઝ છે.

## ૮. ખુશ્બૂ લગાવવીઃ

(૨૩૭) મોહરિમના માટે ખુશ્બૂનો વપરાશ હરામ છે; ચાહે સૂંઘવા, ખાવા, લગાવવા, રંગ કરવા અથવા ભાપ લેવા દ્વારા હોય, એવી જ રીતે એવા કપડાં પહેરવા પણ હરામ છે, જેમાં ખુશ્બૂની અસર બાકી હોય. ખુશ્બૂથી મતલબ દરેક એ વસ્તુ છે, જેનાથી શરીર, કપડાં કે ખોરાકને ખુશ્બૂદાર બનાવવામાં આવે. દાખલા તરીકે કસ્તૂરી, અંબર દરૂસ અને કેસર વગેરે. અઝહર એ છે કે, મોહરિમ બધી જાણીતી ખુશ્બૂઓ દાખલા તરીકે ગુલાબ, ચમેલી વિગેરેથી પરહેઝ કરે. તો પણ ખલૂકે કાબાને સુંઘવામાં કે તેને જિસમ પર લગાડવામાં પરહેઝ કરવી વાજિબ નથી. અને જો બદન કે કપડાં પર લાગી જાય તો ધોઈને સાફ કરવું પણ વાજિબ નથી. ખલૂકે કાબા એક ખાસ અત્તર છે, જેને કેસર અને બીજી વસ્તુઓથી બનાવવામાં આવે છે અને તેનાથી મહાન કાબાને સુગંધિત કરવામાં આવે છે.

(૨૩૮) સુગંધી ફુલોને સુંઘવા મોહરિમ પર હરામ છે. ચાહે તે ફુલો એ હોય જેનાથી અત્તર બનાવવામાં આવે છે.

દાખલા તરીકે યાસ્મીન, ગુલાબ વગેરે અથવા એ સિવાયની અન્ય જંગલી વનસ્પતિઓ જેમાંથી ખુશ્બૂ નીકળે છે. અઝહર એ છે કે તે વનસ્પતિની ખુશ્બૂને સૂંઘવું હરામ નથી. દાખલા તરીકે શેખ (એક પ્રકારની ઘાસ) અઝખર (ખુશ્બૂદાર ઘાસ) ખિઝામી (એક ખુશ્બૂદાર બુટ્ટી) નું સુંઘવું ઈશ્કાલ નથી રાખતું. પરંતુ ખુશ્બુદાર ફળો અને લીલોતરી દાખલા તરીકે સફરજન બેહી (એક પ્રકારનું ફળ) અને ફુદીનો વગેરે ખાવું મોહરિમ માટે જાઈઝ છે, પરંતુ એહતિયાત એ છે કે ખાતી વખતે તેને સૂંઘે નહિં આ જ હુકમ ખુશ્બૂદાર તેલનો છે. એટલે અઝહર એ છે કે સુગંધી તેલ જે ખાવામાં વપરાય છે અને સામાન્ય રીતે તેની ગણના અત્તરોમાં નથી થતી, તેનું ખાવું જાઈઝ છે, પરંતુ એહતિયાત એ છે કે ખાતી વખતે સૂંઘવામાં ન આવે.

(૨૩૯) સફા અને મરવા વચ્ચે સઈ કરતી વખતે જો ત્યાં અત્તર વેચનારા મોજૂદ હોય તો મોહરિમના માટે પોતાની જાતને ખુશ્બૂ સૂંઘવાથી બચાવવી વાજિબ નથી. પરંતુ સઈ સિવાય તેના પર વાજિબ છે કે ખુશ્બૂ સૂંઘવાથી પોતાને બચાવે. સિવાય ખલૂકે કાબાને સૂંઘવાથી જેમકે મસઅલા ન.: ૨૩૭ મા બયાન થયુ કે કાબાની ખુશ્બૂ સૂંઘવામા કાંઈ હરજ નથી.

(૨૪૦) જે મોહરિમ જાણી જોઈને કોઈ ખુશ્બૂદાર વસ્તુ ખાય અથવા એવા વસ્ત્રો પહેરે જેમાં ખુશ્બૂની અસર બાકી હોય તો એહતેયાતે વાજિબ એ છે કે, એક બકરો કફ્ફારો આપે. પરંતુ આ બે બાબતો સિવાય ખુશ્બૂના વાપરવા પર કફ્ફારો વાજિબ નથી, જો કે એહવત એ છે કે કફ્ફારો આપે.

(૨૪૧) મોહરિમનું બદબૂના કારણે પોતાનું નાક બંધ રાખવું હરામ છે, તો પણ બદબૂથી બચવા માટે એ સ્થળેથી ઉતાવળે પસાર થઈ જવામાં કાંઈ હરજ નથી.

## ૯. પુરૂષ માટે સિવેલા કપડાં પહેરવાઃ

અથવા એવા કપડાં પહેરવા જે સિવેલા કપડાંની ગણતરીમાં આવતા હોયઃ

(૨૪૨) મોહરિમ માટે જાઈઝ નથી કે એવા વસ્ત્રો પહેરે જેમાં બટન અથવા એવી ચીઝ હોય જે બટનનું કામ આપી શકતી હોય (અર્થાત્ એવા વસ્ત્રો જેનો એક ભાગ બીજા ભાગથી બટન અથવા કોઈ એવી ચીઝથી મળેલો હોય) અને બટન બંધ કરે એવી જ રીતે બખ્તરની જેવો લિબાસ પહેરવો પણ જાઈઝ નથી. (અર્થાત એવો લિબાસ જેમાં બાંયો અને ગળું હોય અને માથાને ગળામાંથી અને હાથોને બાંયોમાંથી કાઢે) એવી જ રીતે ઈજાર અને એના જેવી વસ્તુઓ દાખલા

તરીકે પાટલુન વગેરેને ગુપ્તાંગો છુપાવવા માટે પહેરવા જાઈઝ નથી. સિવાય એ કે જેમાં પાયજા ન હોય -જેમ કે લુંગી- અને એહતેયાતે વાજિબ એ છે કે સામાન્ય વપરાશમાં આવતા લિબાસ દાખલા તરીકે ખમીસ, કબા, અરબી જભ્ભો ન પહેરે ચાહે તેમાં બટન લાગેલા હોય કે ન લાગેલા હોય. પરંતુ મજબૂરીની હાલતમાં પોતાના ખભા પર ખમીસ અથવા એવી જ ચીઝ નાંખવી, કબાને ઊલટી કરીને બાંયોમાંથી હાથ નિકાળ્યા વગર પહેરવી જાઈઝ છે. ઉપરોક્ત હુકમમાં કપડાં સિવેલા, વણેલા અથવા થાપેલા હોવામાં કોઈ ફરક નથી. મોહરિમ માટે પૈસાની થેલી કેડે બાંધવી જાઈઝ છે, ભલે સિવેલી હોય. દાખલા તરીકે હમયાન (એ વસ્તુ જેમાં પૈસા રાખીને કેડે બાંધવામાં આવે છે) અને મનતેકા (એવો કમરપટ્ટો જેને વિવિધ મકસદ માટે કેડે બાંધવામાં આવે છે) એવી જ રીતે સારણગાંઠના રોગી મોહરિમનો પટ્ટો (એવો કમરપટ્ટો જે સારણગાંઠના રોગી આંતરડાને નીચે આવવાથી બચાવવા માટે બાંધે છે) ચાહે સિવેલ હોય વાપરી શકે છે.એવી જ રીતે મોહરિમને માટે સૂવાના સમયે અથવા એ સિવાય પોતાના જિસ્મને (માથા સિવાય) સિવેલા રજાઈ વગેરેથી ઢાંકવું જાઈઝ છે.

(૨૪૩) એહવત એ છે કે, મોહરિમ પોતાની લુંગીને

પોતાના ગળામાં નાખીને ન બાંધે બલ્કે કોઈપણ જગ્યાએ ન બાંધે અને સોઈ વગેરેથી પણ તેને મજબૂત ન કરે. બલ્કે એહવતની રૂએ ચાદરમાં પણ ગાંઠ ન મારે, પરંતુ સોઈ વગેરેથી ચાદરને મઝબૂત અને સ્થિર કરવામાં કાંઈ હરજ નથી.

(૨૪૪) સ્ત્રીઓ માટે એહરામની હાલતમાં હાથના મોઝા સિવાય દરેક પ્રકારના સિવેલા કપડાં પહેરવા જાઈઝ છે.

(૨૪૫) જે મોહરિમ જાણી જોઈને એવા ડપડાં પહેરે જેને પહેરવા તેના માટે જાઈઝ નહોતા તો વાજિબ છે કે એક બકરી કફ્ફારો આપે બલ્કે અહેવત એ છે કે જો મજબૂરીની હાલતમાં પહેરે તો પણ કફ્ફારો આપે. જો તેણે અનેક વખત આવાં કપડાં પહેર્યા હોય અથવા એક સાથે અનેક કપડાં પહેર્યા હોય તો તેની સંખ્યા મુજબ કફ્ફારા આપે. દાખલા તરીકે અમુક કપડાંને એક જ વખતે એક ઉપર એક પહેર અને તે વિવિધ પ્રકારના કપડાં ગણાતા હોય બલ્કે એહવત એ છે કે જો તે એક જ પ્રકારના કપડાં ગણાતા હોય તો પણ તેની સંખ્યા પ્રમાણે કફ્ફારા આપે.

## ૧૦. સુરમો લગાવવોઃ

(૨૪૬) સુરમો લગાવવાના બે પ્રકાર છે:

૧. કાળો સુરમો અથવા એવો સુરમો લગાવવામાં આવે જેને લોકોમાં સામાન્ય રીતે શૃંગાર ગણવામાં આવે છે. તો અઝહર એ છે કે, મોહરિમનું શણગાર ખાતર સુરમો લગાવવો હરામ છે બલ્કે, એહવત એ છે કે અગર શણગાર માટે ન પણ લગાડે તો પણ હરામ છે. પરતુ મજબૂરીની હાલતમાં દાખલા તરીકે દવા રૂપે સુરમો લગાડવામાં કાંઈ હરજ નથી.

૨. કાળો સુરમો અથવા એવો સુરમો જે શૃંગાર માટે વપરાય છે, તે સિવાય કોઈ અન્ય સુરમો લગાવે તો જો શૃંગારના ઇરાદાથી ન હોય તો કાંઈ હરજ નથી. નહિંતર એહવત એ છે કે આ સુરમો પણ ન લગાવે. બધા સંજોગોમાં સુરમો લગાવવા પર કફ્ફારો વાજિબ નથી, જો કે હરામ સુરમો લગાવવાની સૂરતમાં વધારે સારૂં એ છે કે,એક બકરી કફ્ફારો આપે.

## ૧૧. અરીસામાં જોવું:

(૨૪૭) મોહરિમના માટે શણગાર માટે અરીસામાં જોવું જાઈઝ નથી. પરંતુ જો કોઈ અન્ય કારણસર દાખલા તરીકે પોતાના ચહેરાના ઝખમપર મલમ લગાવવા અથવા ચહેરા પર (વઝૂ માટે) પાણી પહોંચવામાં રૂકાવટ ગોતવા અથવા ડ્રાઈવરનું પાછળ આવતી ગાડીઓને જોવા અથવા કોઈ અન્ય

જરૂરત માટે અરીસામાં જોવું જાઈઝ છે અને બધી એ વસ્તુઓ જે સાફ અને ઉજળી હોય અને અરીસાનું કામ આપી શકતી હોય, અરીસાનો હુકમ રાખે છે. એ શખ્સ જે શણગાર માટે અરીસામાં જોવે તેના માટે મુસ્તહબ છે કે તલબીયા ફરી પઢે. ડોક્ટરના સૂચવેલા ચશ્મા પહેરવામાં કાંઈ હરજ નથી તો પણ એહવત એ છે કે જો ચશ્મા પહેરવા શણગારમાં ગણાય તો તેનાથી પરહેઝ કરવામાં આવે.

## ૧૨. પુરૂષો માટે બૂટ અથવા મોઝા પહેરવાઃ

(૨૪૮) મોહરિમ પુરૂષ માટે એવી ચીઝ પહેરવી હરામ છે જે તેના પગના ઉપરનો સંપૂર્ણ ભાગ ઢાંકી લે, દાખલા તરીકે બૂટ અને મોઝા. સિવાય કે મજબૂરીની હાલતમાં દાખલા તરીકે પુરૂષને હવાઈ ચપ્પલ ન મળે અથવા એના જેવા કોઈ બીજા ચપ્પલ ન મળી શકે અને મજબૂરીમાં બૂટ પહેરવા પડે, પરંતુ એહતિયાત એ છે કે ઉપરનો ભાગ ફાડીને બે ભાગ કરીને પહેરે. પરંતુ હા, એવી ચીઝ પહેરવી જાઈઝ છે જે પગના ઉપરના અમુક ભાગને છુપાવે. એવી જ રીતે બૂટ અને મોઝા પહેર્યા વગર પગના ઉપલા ભાગને છુપાવવો દાખલા તરીકે બેસીને ચાદરને પોતાના પગ પર લપેટવી જાઈઝ છે. બૂટ અથવા તેના જેવી ચીઝો પહેરવાથી

કફ્ફારો વાજિબ નથી થતો, ચાહે મજબૂરીમાં પહેર્યા હોય અથવા વગર મજબૂરીએ, પરંતુ મોઝા અને એના જેવી ચીઝોને જાણી જોઈને પહેરવા પર એહતિયાતની રૂએ એક બકરી કફ્ફારો આપે, સ્ત્રીઓ માટે બૂટ, મોઝા અથવા એવી ચીઝો જે પગના ઉપરના ભાગને પુરૂં છુપાવી દે, પહેરવામાં કાંઈ વાંધો નથી.

## ૧૩. ફુસૂકઃ

એટલે જૂઠું બોલવું, ગાળો ભાંડવી અને મોટાઈ તથા અહંકાર કરવો.

(૨૪૯) ફુસૂકમાં જૂઠું બોલવું, ગાળો ભાંડવી અને અભિમાન કરવાનો સમાવેશ થાય છે. જો કે ફુસૂક દરેક સંજોગમાં હરામ છે, પણ. એહરામની હાલતમાં તેનુ હરામ હોવુ ભારપૂર્વકનુ છે. અભિમાન કરવાનો મતલબ એ છે કે, કોઈ પોતાના કૂળ, મોભા, માલ અથવા એના જેવી ચીઝો પર અભિમાન કરવું. અભિમાન ત્યારે હરામ છે જ્યારે, એના કારણે મોમિનનું અપમાનિત અથવા ઝલીલ થતો હોય, નહિંતર હરામ નથી; ન મોહરિમ પર ન ગેર મોહરિમ પર. ફુસૂકનું તૌબા કરવા સિવાય કાંઈ કફ્ફારો નથી. જો કે એહવત છે કે એક ગાયનો કફ્ફારો આપે.

## ૧૪. જેદાલઃ

(૨૫૦) મોહરિમનો એવી રીતે વિવાદ અથવા તકરાર કરવી, જેમાં અલ્લાહની કસમ ખાઈને કોઈ વસ્તુ પુરવાર કરવામાં આવે અથવા કોઈ ચીઝનો. ઈન્કાર કરવામાં આવે, હરામ છે. અઝહર એ છે કે, કસમમાં માત્ર બે શબ્દો ''બલે (હા) વલ્લાહે'' અથવા ''લા (ના) વલ્લાહે'નો આદર કરવો મોઅતબર નથી બલ્કે ઝાતે હકીકી (અલ્લાહ)ની કસમ હોય તો પૂરતું છે. ચાહે તેમાં ખાસ નામ ''અલ્લાહ'' ના મારફત કસમ ખાય અથવા તેના સિવાય કોઈ બીજા નામથી અને ચાહે કસમ ''બલે (હા)'' અથવા ''લા (ના)'' થી શરૂ થાય કે ન થાય. એવી જ રીતે કસમ અરબી ભાષામાં ખાય અથવા કોઈ અન્ય ભાષામાં અને અલ્લાહ સિવાય કોઈ અન્ય પવિત્ર વસ્તુની કસમ માન્ય નથી, ત્યાં સુધી કે કોઈ એમ કહે મારી જાનની કસમ આમ છે આમ નથી. એવી જ રીતે ખબર આપવા સિવાયની કસમ માન્ય નથી. દાખલા તરીકે કોઈને વિનંતી કરવા કસમ ખાય અને કહે કે, ''અલ્લાહની કસમ છે મને ફલાણી ચીઝ આપી દયો.'' ખુદ પોતાના નિર્ણય પર ભાર મૂકવા ખાતર કસમ ખાવી કે ભવિષ્યમાં ફલાણું કામ કરીશ, અથવા નહિં કરીશ અને એમ ઠહેવું કે, અલ્લાહ કસમ ફલાણી ચીજ હું તમને આપીશ. અમુક ફકીહોનું

કહેવું છે કે સાચી કસમમાં વિવાદ સ્થાપિત થવા માટે કસમને ત્રણ વાર ઉચ્ચારવી જરૂરી છે. નહિંતર જેદાલ સ્થાપિત નહિ થાય. તો પણ આ કથન ઈશ્કાલથી ખાલી નથી. જો કે એહવત તેના વિરૂદ્ધમાં છે અર્થાત એક વખત પણ કહેવાથી જેદાલ સ્થાપિત થઈ જશે અને જૂઠી કસમમાં ત્રણ વખત ઉચ્ચાર વગર જેદાલ સ્થાપિત થવામાં કાંઇપણ શંકા નથી.

(૨૫૧) જો કસમ તજવાથી મુકલ્લફને નુકસાન થતું હોય જેમ કે કસમ ન ખાવાથી તેનો હક માર્યો જતો હોય તો આવા સંજોગમાં જેદાલ જાઇઝ છે.

(૨૫૨) જો જેદાલ કરવાવાળો ત્રણવાર ઉપરાઉપરી સાચી કસમ ખાય તો તેના પર એક બકરી કફ્ફારો વાજિબ છે અને ત્રણ વારથી વધારે ખાવાથી કફ્ફારામાં વધારો નહિં થાય. પરંતુ જો ત્રણવાર અથવા તેનાથી વધારે વાર કસમ ખાવા પછી કફ્ફારો આપે અને પછી કસમ ખાય અથવા કસમ ખાય અને અમુક સમય પછી ફરીથી ત્રણ અથવા તેનાથી વધારે કસમ ખાય તો આ બંને સંજોગોમાં કફ્ફારો પણ બેવડો (ડબલ) થઈ જશે. જો જૂઠી કસમ ખાય તો એક જૂઠી કસમ ખાવા પર એક બકરી, બે વાર કસમ ખાવા પર બે બકરી અને ત્રણ વાર કસમ ખાવા પર એક ગાય કફ્ફારો વાજિબ છે. અને જો ત્રણ વખત કરતા વધારે જૂઠી કસમ

ખાય અને વચ્ચે કફ્ફારો ન આપ્યો હોય તો કફ્ફારામાં વધારો નહિ થાય અને જો બે વાર ખોટી કસમ ખાવાનો કફ્ફારો આપ્યા પછી ત્રીજીવાર કસમ ખાય તો એક બકરી જ કફ્ફારો થાશે ન કે એક ગાય.

## ૧૫. શરીર પરની જૂઓ વગેરે મારવીઃ

(૨૫૩) મોહરિમ માટે જૂ મારવી અને એહવતની રૂએ પોતાના જિસમ અથવા લિબાસથી કાઢીને ફેકવી જાઈઝ નથી. પણ જિસમની એક જગ્યાએથી પડકી બીજી જગ્યાએ છોડવામાં કોઈ હરજ નથી. જો કોઈ જૂઅને મારી નાખે અથવા ફંકી દે તો એહવતે અવલા એ છે કે, મૂઠ્ઠીભર ખાવાનું કફ્ફારો આપે. એહવત એ છે કે, જો મચ્છર, માંકડ અને તેના જેવા જંતુઓ મોહરિમને નુકશાન ન પહોંચાડે તો તેને પણ ન મારે. પરતુ અઝહર એ છે કે, તેને હાંકી કાઢવા જાઈઝ છે. જો કે એહવત એ છે કે તેને પણ તજી દે.

## ૧૬. શૃંગાર કરવોઃ (બનવું સજવું)

(૨૫૪) એહવત એ છે કે, મોહરિમ પુરૂષ અને સ્ત્રી પોતાને દરેક એ ચીઝથી બચાવે જે સામાન્ય રીતે શણગારમાં ગણાતી હોય. ચાહે શણગારનો ઈરાદો કરે કે ન કરે. જો કે સામાન્ય રીતે મહેદી લગાવવી શણગારમાં ગણાય છે,પરંતુ

જો મહેંદી લગાવવી શણગારમાં ન ગણાય દાખલા તરીકે ઈલાજની ગરજથી વાપરે તો કાંઈ હરજ નથી. એવી જ રીતે એહરામ બાંધવા પહેલાં મહેદી લગાવવામાં કાંઈ હરજ નથી, ચાહે તેની અસરો એહરામ બાંધવા સુધી બાકી રહે.

(૨૫૫) શોભાની નિય્યત વિના એહરામની હાલતમાં વીંટી પહેરવામાં કાંઈ વાંધો નથી. એટલે વીંટી પહેરવી મુસ્તહબ અમલ હોવાના કારણે,અથવા ગુમ થઈ જવાના ભયે, અથવા તવાફના ચક્કરો ગણવાના હેતુથી અથવા આવી જાતના કોઈપણ કામ માટે પહેરવામાં કાંઈ હરજ નથી, પરંતુ એહવત છે કે શોભા ખાતર ન પહેરે.

(૨૫૬) મોહરિમ સ્ત્રીએ શણગારની નિય્યતથી ઘરેણાં પહેરવા હરામ છે, બલ્કે એહવત એ છે કે, શણગારની નિય્યત વગર પણ ન પહેરે. તો પણ એટલા પ્રમાણમાં ઘરેણાં પહેરવા જેને તે સામાન્ય રીતે એહરામ પહેલાં પણ પહેરતી હતી આ હુકમથી બાકાત છે. પરંતુ એહવતે અવલા એ છે કે, ઘરેણાં પહેરી પોતાના ધણી અને બીજા મોહરિમ પુરૂષોને ન દેખાડે. ઉપરોક્ત તમામ સંજેગોમાં જો કોઈ શણગાર કરે તો કફ્ફારો વાજિબ નથી.

## ૧૭. તેલ ચોપડવું:

(૨૫૭) મોહરિમના માટે તેલ લગાડવું હરામ છે, ચાહે તે ખુશ્બૂદાર ન પણ હોય, પરંતુ ખુશ્બૂદાર તેલ ખાવું જાઈઝ છે. જે તેલ કુદરતી ખુશ્બૂવાળું હોય જેમ કે મસઅલા નં.: ૨૩૮માં વર્ણન થઈ ચૂક્યું. મોહરિમ માટે ખુશ્બૂ વગરનું તેલ દવા તરીકે વાપરવું જાઈઝ છે, બલ્કે જરૂરત અને લાચારીના સમયે ખુશ્બૂદાર તેલ ચાહે તેની ખુશ્બૂ કુદરતી હોય અથવા બહારથી ભેળવેલી હોય ઉપયોગ કરવો પણ જાઈઝ છે.

(૨૫૮) જાણી જોઈને ખુશ્બૂદાર તેલ ચાહે તેની ખુશ્બૂ કુદરતી હોય અથવા બહારથી ભેળવવામાં આવેલ હોય વાપરવાનો કફ્ફારો એહતિયાતની રૂએ એક બકરી છે અને જો અજાણતાથી વાપરવામાં આવે તો તેનો કફ્ફારો એહવતની રૂએ એક ફકીરને જમાડવાનો છે.

## ૧૮. શરીરના વાળ ઉતારવા:

(૨૫૯) મોહરિમનું પોતાના અથવા કોઈ બીજાના શરીર પરથી વાળ સાફ કરવા જાઈઝ નથી. ચાહે બીજો એહરામ વગરનો જ કેમ ન હોય. ચાહે મૂંડીને ઉતારે અથવા ઉખાડીને. આ હુકમમાં વાળ ઓછા વત્તા હોવાથી કાંઈ ફરક નથી પડતો, બલ્કે એક વાળનો અમુક ભાગ દાખલા તરીકે અર્ધો વાળ

પણ કાપવો જાઈઝ નથી. પરંતુ જો માથામાં જૂ વધારે હોવાના કારણે તેને પીડા કે યાતના થતી હોય, તો પછીમાથું મૂંડાવવું જાઈઝ છે. એવી જ રીતે જો જરૂરત હોય તો વાળ સાફ કરવા પણ જાઈઝ છે. એવી જ રીતે વઝૂ અથવા ગુસ્લ અને તયમ્મુમ અથવા નજાસતથી પાક થવામાં અથવા એવી રૂકાવટ દૂર કરવામાં જે શરીર પર ચોંટેલી હોય અને હદસ અથવા ખબસથી પાક થવામાં રૂકાવટ બનતી હોય તેને દૂર કરતી વખતી વગર ઇરાદે જે વાળ ખરી પડે તેમાં કાંઇ હરજ નથી.

(૨૬૦) જરૂરત વગર માથું મૂંડવાનો કફ્ફારો એક બકરી છે અને મજબૂરીના કારણે માથું મૂંડવાનો કફ્ફારો એક બકરી અથવા ત્રણ દિવસના રોઝા અથવા છ મિસ્કીનોને ખાવું ખવરાવવું; છે. દરેક મિસ્કીનનો ખોરાક બે મુદ લગભગ ૧૫૦૦ ગ્રામની બરાબર છે. જો મોહરિમ તેની બંને બગલની નીચેના વાળ ખેંચીને કાઢે તો એક બકરી કફ્ફારો આપે અને એહવત એ છે કે, જો એક બગલની નીચેના વાળ ખેંચીને કાઢે તો પણ એક બકરી કફ્ફારો આપે. જો દાઢી અથવા કોઈ અન્ય જગ્યાના વાળ ઉતારે તો એક મિસ્કીનને મૂઠ્ઠીભર ખાવું આપે.

ઉપરોક્ત સંજોગોમાં જો કોઈ મૂંડવા અથવા ખેંચીને કાઢવા

સિવાય કોઈ અન્ય રીતથી વાળ ઉતારે તો એહવત એ છે કે તેનો પણ એ જ હુકમ લાગુ પડશે અને જો મોહરિમ કોઈ બીજાનું માથું મૂંડે તો મૂંડાવવાવાળો એહરામમાં હોય અથવા એહરામ વગરની હાલતમાં મોહરિમ પર કોઈ કફ્ફારો વાજિબ નથી.

(૨૬૧) મોહરિમના માટે એવી રીતે માથું ખંજવાળવામાં કે જ્યારે વાળ ન ખરે અથવા ખૂન ન નીકળે, કાંઈ હરજ નથી. આ જ હુકમ બદનને ખંજવાળવા માટે પણ છે. જો મોહરિમ વગર કારણે પોતાનું માથું અથવા દાઢી ઉપર હાથ ફેરવે અને એક અથવા અમુક વાળ ખરી જાય તો મૂઠ્ઠીભર ખાવાનું સદકો આપે અને જો વઝૂ કરતી વખતે અમુક વાળ ખરે તો તેના પર કંઈ વાજિબ નથી.

## ૧૯. પુરૂષો માટે માથું ઢાંકવું :

(૨૬૨) મોહરિમ પુરૂષ માટે મકનો, અથવા કપડું અથવા પછેડી વગેરેથી પોતાનું પુરૂં માથું અથવા માથાનો અમુક ભાગ ઢાંકવો જાઈઝ નથી. એહવત એ છે કે ગારા અથવા ઘાસ પાન તેમજ કોઇપણ વસ્તુ માથે ઊંચકીને પણ માથું ન ઢાંકે. તો પણ મશ્કનો પટ્ટો અથવા માથાના દુખાવા વગેરેના કારણે માથા પર રૂમાલ બાંધવામાં કાંઈ હરજ નથી. આ

મસઅલામાં માથાથી મુરાદ વાળ ઊગવાની જગ્યાથી છે અને અકરબ એ છે કે બંને કાનોને પણ આ હુકમમાં શામિલ કરી લે.

(૨૬૩) શરીરના કોઈપણ ભાગ દાખલા તરીકે હાથો વડે માથું ઢાંકવું જાઈઝ છે. પણ વધારે સારૂં એ છે કે તેનાથી પણ પરહેઝ કરે.

(૨૬૪) મોહરિમના માટે પૂરા માથાને પાણી અથવા એહવત પ્રમાણે કોઈ અન્ય વસ્તુમાં ડુબાડવું જાઈઝ નથી. ઝાહેર એ છે કે આ હુકમમાં પુરૂષ અને સ્ત્રીમાં કાંઈ ફરક નથી અને માથાથી મુરાદ ગરદન. ઉપરનો પૂરો ભાગ છે.

(૨૬૫) એહવત એ છે કે, જો મોહરિમ માથું ઢાંકે તો એક બકરી કફ્ફારો આપે અને જે પ્રસંગોમાં માથું ઢાંકવુ જાઈઝ છે અથવા મજબૂરીના કારણે માથુ ઢાંકે તો ઝાહિર એ છે કે, કાંઈ કફ્ફારો વાજિબ નથી.

## ૨૦. સ્ત્રીઓએ મોં ઢાંકવું :

(૨૬૬) એહરામની હાલતમાં સ્ત્રીઓ માટે બુરખો, નિકાબ અથવા હવા ખાવાની ચીઝથી મોં ઢાંકવું હરામ છે. એટલે એહવત છે કે પોતાના ચહેરાને અથવા ચહેરાના કંઈક

ભાગને કોઈપણ ચીઝથી ન ઢાંકે, તો પણ સૂતી વખતે અને નમાઝમાં જેટલું માથુ ઢાંકવુ જરૂરી છે તેનું યકીન કરવા માટે જરૂરી જરૂરી ભાગને ઢાંકવામાં વાંધો નથી, પરંતુ એમાં શરત છે કે આ ઢાંકવુ ચાદર વગેરેને છુટ્ટી મૂકીને ઢાંકવુ શક્ય ન હોય.

(૨૬૭) એહરામની હાલતમાં સ્ત્રી પોતાની ચાદર ખેંચી નામહેરમથી પરદો કરી શકે છે અર્થાત માથા પર ઓઢેલી ચાદર અથવા બીજા કપડાને પોતાની નાક બલ્કે ગળા સુધી તાણી લે અને અઝહર એ છે કે ચાદરના આ ભાગને હાથ વગેરે વડે ચહેરાથી દૂર રાખવો વાજિબ નથી જો કે એહવત છે.

(૨૬૮) એહવતે અવલા એ છે કે મોં ઢાંકવાનો કફ્ફારો એક બકરી છે.

## ૨૧. પુરૂષોનું છાંયામાં રહેવું :

(૨૬૯) છાંયામાં હોવું બે રીતે કલ્પી શકાય છે:

૧. ચાલતી વસ્તુ, દાખલા તરીકે છત્રી, મેહમિલની છત, ગાડી અથવા હવાઈ જહાઝની છતો વગેરેના છાંયા નીચે રહેવું જ્યારે કે છાંયાવાળી ઉપરોક્ત દાખલારૂપ વસ્તુઓનો

છાંયડો મોહરિમ પુરૂષ પર હરામ છે, ચાહે તે સવાર હોય કે પગપાળો, પરંતુ વાદળની નીચે રહેવું જાઈઝ છે અને જો છાંયાવાળી વસ્તુ તેની એકબાજુ દાખલા તરીકે સામે અથવા પાછળ હોય તો ઝાહેર છે કે પગવાળા ચાલતા શખ્સ માટે આવો છાંયો જાઈઝ છે. એટલે મહેમિલ કે ગાડીના છાંયામાં ચાલવું મોહરિમ પુરૂષ માટે જાઈઝ છે અને સવાર શખ્સ માટે એહતેયાત એ છે કે એનાથી પરહેઝ કરે સિવાય એ કે સામાન્ય રીતે સૂરજથી બચવાનું ન કહેવાય. અર્થાત એ વસ્તુ ખુલી ગાડીની દિવારમાં મોહરિમ પુરૂષ કોઈ એક તરફ હોય અને એટલી નાની હોય કે મોહરિમનું માથું અને છાતી તેનાથી ન ઢંકાતા હોય.

૨. સ્થિર વસ્તુઓનો છાંયડો દાખલા તરીકે દિવારો, વૃક્ષો, પહાડ અથવા એના જેવી કોઈ વસ્તુના છાંયામાં હોવું, મોહરિમ માટે એહવતની રૂએ જાઈઝ છે. ચાહે સવાર હોય કે પગપાળો. એવી રીતે મોહરિમનું પોતાના હાથો વડે સૂર્યના તાપથી બચાવવું જાઈઝ છે જો કે એહવત તેનાથી પરહેઝ કરવામાં છે.

(૨૭૦) છાંયામાં હોવાનો મતલબ એ છે કે સૂરજથી પોતાની જાતને બચાવવી અને એહવત એ છે કે, આ હુકમમાં

સૂરજની સાથે વરસાદને પણ જોડવામાં આવે. પરંતુ અઝહર એ છે કે, હવા, ઠંડી, ગરમી અથવા એના જેવી બીજી ચીઝોથી પોતાની જાતને બચાવવી જાઈઝ છે. જો કે એહતેયાત એને પણ તર્ક કરવામાં છે. એટલે એહવત મુજબ રાતમાં જ્યારે વરસાદ ન પડી રહ્યો હોય ત્યારે મોહરિમ માટે છતવાળી ગાડી અથવા કોઈ એવી ચીઝમાં સવાર થવામાં કાંઈ હરજ નથી. ભલે પછી, આ સવારી મોહરિમને હવાથી બચાવતી હોય.

(૨૭૧) છાંયા નીચે ચાલવાની જે મનાઇ બતાવવામાં આવી તે મુસાફરીની સ્થિતિ માટે ખાસ છે. એટલે જે મોહરિમ કોઈ સ્થળે પહોંચે અને એ સ્થળને ચાહે રહેવા માટે પસંદ કરે કે ન કરે દાખલા તરીકે મુસાફરી દરમિયાન જો આરામ કરવા અથવા મિત્રોથી મળવા-હળવા અથવા કોઈ અન્ય કારણસર રોકાય તો ત્યારે છાંયામાં રહેવામાં ઈશ્કાલ નથી, પરંતુ એ સંજોગમાં કે જ્યારે એ કોઈ સ્થળે પહોંચે અને તેને પોતાના માટે રહેવાનું સ્થળ નક્કી કરે પણ ઈચ્છતો હોય કે પોતાના કામકાજ પતાવવા અહીં તહીં જાય દાખલા તરીકે મક્કામાં પહોંચે અને ઈચ્છતો હોય કે તવાફ અને સઈ બજાવવા માટે મસ્જિદુલ હરામમાં જાય અથવા દાખલા તરીકે મિનામાં પહોંચે અને કુરબાની કે રમીએ જમરાતના માટે

જાવા માગતો હોય તો એ સ્થિતિમાં તેના માટે છતવાળી ગાડીમાં સવાર થવું અથવા છત્રીથી માથા પર છાંયો કરવો જાઈઝ હોવાનો હુકમ આપવો ઘણો મુશ્કિલ છે, એટલે એહતેયાત ન છોડવી જોઈએ.

(૨૭૨) સ્ત્રીઓ અને બાળકોના માટે છાંયામાં રહેવામાં કાંઈ હરજ નથી અને મજબૂરીમાં પુરૂષો માટે પણ એ જ હુકમ છે.

(૨૭૩) જે મોહરિમ ખુદ પોતાને ઢાંકીને સૂરજ અથવા વરસાદથી બચાવે તો તેના પર કફ્ફારો વાજિબ છે અને ઝાહેર એ છે કે કફ્ફારો વાજિબ હોવામાં ઈખત્યારી હાલત અને મજબૂરીની હાલતમાં ફરક નથી અને જો કોઈ વારંવાર છાયામાં ચાલે તો અઝહર એ છે કે દરેક એહરામ માટે એક કફ્ફારો આપે, પરંતુ દરેક દિવસ માટે એક કફ્ફારો આપવો અહેતિયાતે મુસ્તહબ છે અને કફ્ફારામાં એક બકરી પૂરતી છે.

## ૨૨. શરીરમાંથી લોહી કાઢવું :

એહતિયાતની રૂએ મોહરિમના માટે પોતાના શરીરમાંથી લોહી કાઢવું જાઈઝ નથી. ભલે ફસદ ખોલવા, હજામત, દાંત કઢાવવા, જિસમ ખંજવાળવા અથવા કોઈ બીજા કારણે

હોય. સિવાય કે કોઇ જરૂરત (મજબૂરી)ને કારણે હોય, પરંતુ અઝહર રૂએ મિસ્વાક કરવો જાઈઝ છે, ભલે તેના કારણે લોહી નીકળે. એહવત અવલા એ છે કે, વગર જરૂરત લોહી કાઢવાનો કફ્ફારો એક બકરી છે.

## ૨૩. નખ કાપવાઃ

મોહરિમના માટે નખ કાપવા અથવા નખના અમુક ભાગને કાપવો જાઇઝ નથી સિવાય કે કાંઇ જરૂરત હોય દાખલા તરીકે નખ રહેવા દેવામાં પીડા કે દર્દ થતું હોય એટલે નખનો અમુક ભાગ તૂટી ગયો હોય અને બાકીનો ભાગ રહેવા દેવાથી તકલીફ થતી હોય તો બાકીનો નખ કાપવો જાઈઝ છે.

(૨૭૪) હાથ અથવા પગનો એક નખ કાપવાનો કફ્ફારો એક મુદ ખોરાક અને એ જ રીતે નવ નખ સુધી (નખ કાપવાની સંખ્યા મુજબ કફ્ફારો થાશે) પરંતુ જો હાથ અને પગના તમામ નખો એક જ બેઠકમાં કાપે તો પછી એક બકરી કફ્ફારો વાજિબ થાશે અને જો જુદી જુદી બેઠકોમાં કાપે તો કફ્ફારો બે બકરીઓ (એક હાથ અને બીજા પગના નખો માટે) થાશે.

(૨૭૫) જે મોહરિમ એવા શખ્સના ફતવા પર અમલ

કરીને નખ કાપે, જેણે નખ કાપવા જાઈઝ હોવાનો ફતવો ગલતીથી આપ્યો હોય, અને કાપતા લોહી નીકળી આવે તો એહતિયાતની રૂએ કફ્ફારો ફતવો આપવાવાળા પર વાજિબ છે.

## ૨૪. દાંત કઢાવવા :

(૨૭૬) અમુક ફકીહોએ મોહરિમ માટે દાંત કઢાવવા હરામ ઠરાવ્યા છે. ભલે ખૂન ન પણ નીકળે અને તેનો કફ્ફારો એક ઘેંટુ વાજિબ ઠરાવ્યો છે. પરંતુ આ હુકમની દલીલમાં નિર્બળતા છે, બલ્કે બઈદ નથી કે આ કામ જાઈઝ હોય. (સિસ્તાની સાહેબના ફતવા મુજબ જો ખૂન ન નીકળે તો દાંત કઢાવવામાં વાંધો નથી.)

## ૨૫. મોહરિમના માટે શસ્ત્રો સાથે રાખવા:

(૨૭૭) મોહરિમના માટે શસસ્ત્ર થવુ બલ્કે એહવતની રૂએ એવી રીતે શસ્ત્રો સાથે રાખવા કે શસસ્ત્ર થવુ ગણાય, જાઈઝ નથી. શસ્ત્રોથી મુરાદ એ ચીઝ છે જે સામાન્ય રીતે શસ્ત્રો કહેવાય છે. દાખલા તરીકે બંદૂક, તલવાર, તીર વગેરે, પરંતુ બખ્તર અને ઢાલ રક્ષણના સાધનો છે ન કે શસ્ત્રો.

(૨૭૮) મોહરિમની પાસે હથિયાર હોવામાં કાંઈ હરજ નથી. જ્યારે કે સામાન્ય રીતે શસસ્ત્ર ન ગણાતો હોય, પરંતુ

તેને તર્ક કરવુ અહેવત છે.

(૨૭૯) ઈખત્યારની હાલતમાં શસ્ત્રો સાથે રાખવા હરામ છે. પરંતુ જરૂરતના સમયે દાખલા તરીકે દુશ્મન કે ચોરીનો ડર હોય તો જાઈઝ છે.

(૨૮૦) એહવતની રૂએ જરૂરત વગર હથિયાર સાથે રાખવાનો કફ્ફારો એક બકરી છે.

અહીં સુધી મોહરિમ પર હરામ થવાવાળી વસ્તુઓ બયાન થઈ છે. નીચે હરમ' માં હરામ થવાવાળી બાબતો બયાન કરવામાં આવી રહી

---

## હરમમાં હરામ બાબતો

૧. ખુશ્કીના પ્રાણીઓનો શિકાર કરવો જેમ કે મસઅલા નં.: ૧૯૯ માં બયાન થયું.

૨. હરમમાં ઊગનારી કોઈપણ વસ્તુને ઉખાડવી અથવા કાપવી, ચાહે તે વૃક્ષ હોય અથવા અન્ય કોઈ વસ્તુ. પરંતુ સામાન્ય રીતે ચલાવા દરમિયાન ઉખડી જાય તેમાં હરજ નથી એવી જ રીતે ઘાસ ખાવા જાનવરોને હરમમાં છોડવામાં કોઈ હરજ નથી. પરંતુ પ્રાણીઓ માટે સંઘરો કરવા માટે ઘાસ વગેરે તોડી નથી શકાતું ચાહે એ જાનવર ઊંટ જ કેમ ન

હોય. ઘાસ વગેરે ઉખાડવા અથવા તોડવાના હુકમથી અમુક ચીઝો બાકાત છે.

(૧) અઝખર જે મશહૂર ખુશ્બુદાર ઘાસ છે.

(૨) ખજૂર અને બીજા ફળવાળા વૃક્ષો.

(૩) એ વૃક્ષ કે ઘાસ જે પોતે લગાવ્યું હોય ચાહે પોતાની જમીનમાં હોય કે બીજાની મિલ્કતમાં

(૪) એ વૃક્ષકે ઘાસ જે કોઈના પોતાના ઘરમાં ઊગે, પરંતુ તેની મિલ્કતમાં આવવા પહેલા એ ઘરમાં મોજૂદ વૃક્ષ અને ઘાસ વગેરેનો હુકમ બાકી બધા વૃક્ષો અને ઘાસ જેવો છે.

(૨૮૧) એ વૃક્ષ જેના મૂળ હરમમાં હોય અને ડાળો હરમની બહાર હોય અથવા તેનાથી ઊલટું ડાળો હરમમાં અને મૂળ હરમની બહાર હોય આ બંને પ્રકારના વૃક્ષો પૂરા હરમમાં ગણાશે.

(૨૮૨) એહતિયાતની રૂએ વૃક્ષ ઊખેડવાનો કફ્ફારો એ વૃક્ષની કિંમત છે, અને વૃક્ષના અમુક ભાગનો કાપવાનો કફ્ફારો તે અમુક ભાગની કિંમત છે. ઘાસને કાપવા કે ઊખેડવાનો કાંઈ કફ્ફારો નથી.

૩. હરમની બહાર કોઈ પર ઝુલ્મ કરી હરમમાં આશરો

લેવાવાળા શખ્સ પર હદ, કિસાસ અથવા સઝા જારી કરવી જાઈઝ નથી, પરંતુ ઝાલિમને દાણો પાણી ન આપવામાં આવે. ન તો તેની સાથે વાતચીત કરવામાં આવે. ન તેની સાથે લે-વેચ કરવામાં આવે અને ન તેને કોઈ આશ્રય કે જગ્યા આપવામાં આવે, ત્યાં સુધી કે હરમથી બહાર નીકળવા પર મજબૂર થઈ જાય અને પછી તેને પકડી તેના ઝુલ્મ અને ગુનાહની સજા કરવામાં આવે.

૪. એક કથન મુજબ હરમમાં કોઇની પડી ગયેલ વસ્તુને ઉપાડવી હરામ છે, પરંતુ અઝહર એ છે કે સખત મકરૂહ છે. એટલે જો કોઈ શખ્સ હરમમાં પડેલી વસ્તુ ઉપાડી લે અને તેના પર કોઈ એવી નિશાની ન હોય, જેનાથી તેના માલિક પાસે પહોંચાડી શકાય તો તેને પોતાની પાસે રાખવી જાઈઝ છે, ચાહે તે એક દિરહમ અથવા તેનાથી વધારે કિંમતની કેમ ન હોય. પરંતુ જો તેના પર એવી અલામત હોય જેનાથી માલિક સુધી પહોંચી શકાતું હોય અને તેની કિંમત એક દિરહમથી ઓછી હોય તો એલાન કરાવવું વાજિબ નથી અને એહતિયાતની રૂએ તેના માલિકના તરફથી સદકો આપે. પણ જેની કિંમત એક દિરહમ અથવા તેનાથી વધારે હોય તો પછી એક વરસ સુધી એલાન કરાવવું વાજિબ છે અને એમ છતાં જો માલિક ન મળે તો એહતિયાતની રૂએ માલિકના

તરફથી સદકો આપે.

---

## હરમની સીમાઓ

પુરાતન કાળથી મક્કાના હરમની સીમાઓ નક્કી અને અંકિત છે. જેની નિશાનીઓ ઉત્તરોત્તર આપણાં સુધી પહોંચી છે ઉત્તરની તરફથી તેની સીમા 'તનઈમ, ઉત્તર પશ્ચિમથી (હોદેબિયા'' ((શમીસી)) ઉત્તર પૂર્વેથી (સનિય્યતો જબલિલ મકતા) પૂર્વની તરફથી (અરફાતની સામે નમરાનું મેદાન) અને દક્ષિણ પૂર્વની તરફથી (જેઅરાના) અને દક્ષિણ પશ્ચિમ બાજુથી (ઈઝાઅતે લબન નામની જગ્યા) છે. મદીના મુનવ્વરાની સીમાઓ આઈર'' અને વઈર' નામની પહાડીઓ અને (વાકિમ અને લયલા) નામની પથરાળ જમીનોનો સમાવેશ થાય છે. જેના પત્થર કાળા છે જાણે આગમાં બાળવામાં આવ્યા હોય છે. મદીનાના હરમથી એહરામ બાંધવો વાજિબ નથી અને ન અહીં વૃક્ષો ખાસ કરીને જીવતા (લીલા) વૃક્ષોને કાપવા જાઈઝ છે. સિવાય એ વૃક્ષોના જે મક્કાના હરમમાં બાકાત હતા. એહતેયાતની રૂએ અહીં આ હરમમાં પણ શિકાર કોઈપણ સૂરતમાં જાઈઝ નથી.

---

## કફ્ફારાના જાનવરો ઝબેહ કરવાનું સ્થળ

(૨૮૩) જે મોહરિમ પર ઉમરા મુફરદામાં શિકારના કારણે કફ્ફારો વાજિબ થઈ જાય તો જાનવરને મક્કા મુકર્રમામાં, જો ઉમરા તમત્તોઅ અથવા હજના એહરામમાં શિકાર કરે તો કફ્ફારાના જાનવરને મિનામાં ઝબેહ કરે. જ્યારે શિકાર સિવાય કોઈ અન્ય કારણોસર કફ્ફારો વાજિબ થઈ જાય તો એહતેયાતની રૂએ આ જ હુકમ છે.

(૨૮૪) જે મોહરિમ પર શિકાર અથવા કોઈ અન્ય કારણસર (જાનવર ઝબેહ કરવાનો) કફ્ફારો વાજિબ થઈ જાય અને તે કોઈ બહાના અથવા વગર કારણે તેને મક્કા અથવા મિનામાં ઝબેહ ન કરે તો અઝહર એ છે કે, કોઈપણ સ્થળે ઝબેહ કરવું જાઈઝ છે.

### કફ્ફારાનો ઉપયોગઃ

મોહરિમ પર વાજિબ થવાવાળા કફ્ફારાઓને ગરીબો અને મિસ્કીનોને સદકો આપવો વાજિબ છે અને એહવત એ છે કે, કફ્ફારો આપવાવાળો તેમાંથી પોતે ન ખાય અને જો પોતે ખાઈ લે તો એહતેયાત એ છે કે, જેટલા પ્રમાણમાં ખાધું હોય તેની કિંમત ગરીબોમાં સદકો આપે.

# તવાફ

ઉમરા તમત્તોઅમાં બીજું વાજિબ કાર્ય તવાફ છે. તવાફને જાણી જોઈને છોડવાથી હજ બાતિલ થઈ જાય છે. ચાહે આ હુકમની જાણકારી હોય કે ન હોય અને હુકમ ન જાણનાર પર એહવતની રૂએ એક ઊંટ કફ્ફારો લાગશે.

તવાફ છોડી દેવાનો અર્થ એ છે કે તવાફ બજાવવામાં એટલો વિલંબ કરે કે અરફાતના દિવસે મધ્યાંતર પહેલા ઉમરાના આમાલ અંજામ ન આપી શકે અઝહર એ છે કે, જો ઉમરા બાતિલ થઈ જાય તો એહરામ પણ બાતિલ થઈ જાય છે. એટલે ઉમરાએ તમત્તોઅથી હજે ઈફરાદ તરફ પલટવું અને રજૂ કરવું તેની જવાબદારી અદા કરવા માટે કાફી નહિં ગણાય. જો કે એહવત છે, અર્થાત રજાઅની નિય્યતથી હજે ઈરફાદના આમાલ અંજામ આપવામાં આવે. બલ્કે એહવત એ છે કે તવાફ, નમાઝે તવાફ, સઈ, હલક અથવા તકસીરને હજે ઈફરાદ અને ઉમરાએ તમત્તોઅની સામાન્ય નિય્યતથી અંજામ આપવામાં આવે એટલે આમાલને એ નિય્યતથી અંજામ આપે કે આ બંનેમાંથી જે વાજિબ છે તે અંજામ આપી રહ્યો છે.

## તવાફની શરતોઃ

તવાફમાં અમુક ચીઝો શરત છે.

## ૧. નિય્યતઃ

તવાફ કુરબતની નિય્યત અને વિનમ્રતા સાથે અલ્લાહનો હુકમ અને બંદગી બજાવી લાવવા અંજામ આપે. તવાફમાં ઈબાદતનો પ્રકાર નક્કી કરવો જરૂરી છે જેની વિગત, એહરામની નિય્યતના મસઅલામાં બયાન થઈ ચૂકી છે.

## ૨. તહારત-પાક હોવુંઃ

હદસે અકબર અને અસગરથી પાક હોવું એટલે જાણી જોઈને અથવા અજાણતા અથવા ભૂલથી હદસ (એટલે તહારત વગરની) હાલતમાં કરેલો તવાફ બાતિલ છે.

(૨૮૫) જો તવાફની વચમાં હદસ થઈ જાય તો તેની અમુક સૂરતો છે.

(૧) ચોથો ચક્કર મુકમ્મલ કરવા પહેલાં હોય તો તવાફ બાતિલ થઈ જશે, એટલે પાક થવા પછી તવાફ ફરીથી બજાવી લાવવો જરૂરી છે, બલ્કે અઝહર એ છે કે ચોથા ચક્કરના અર્ધા સુધી પહોંચવા પછી પણ હદસ થઈ જાય તો પણ તવાફ બાતિલ છે અને બીજીવાર અંજામ આપવો જરૂરી છે.

(૨) ચોથો ચક્કર મુકમ્મલ થવા પછી બે ઈખત્યાર હદસ થાય તો પોતાનો તવાફ઼ તોડીને પાક થાય અને પાક થવા પછી તવાફ઼ ત્યાંથી શરૂ કરીને પૂર્ણ કરે જ્યાંથી અધૂરો છોડયો હતો.

(૩) ચોથો ચક્કર પૂરો થવા પછી ઈખત્યારી રીતે હદસ થાય તો એહવત એ છે કે, પાક થવા પછી એ તવાફ઼ને પૂરો કરે અને તેનું પુનરાવર્તન પણ કરે.

(૨૮૬) જો તવાફ઼ શરૂ કરવા પહેલાં પાક હોવા વિશે શંકા હોય તો અને જાણતો હોય કે પહેલાં પાક હતો અને પછી હદસના થવા વિશે શંકા થાય તો એ શંકાની પરવા ન કરે આ જ રીતે તવાફ઼ દરમિયાન શક થાય કે અને જાણતો હોય કે પહેલા તહારત હાંસિલ કરેલ હતી તો આ જ હુકમ છે, પરંતુ જો જાણતો ન હોય કે તહારત હાંસિલ કરી હતી કે નહી અને ચોથા ચક્કરને પૂર્ણ કર્યા પહેલા શક થાય તો પહેલા તહારત હાંસિલ કરશે પછી તવાફ઼ પૂર્ણ કરશે.

(૨૮૭) તવાફ઼ કર્યા પછી તહારતમાં શક થાય તો શકની પરવા ન કરે, છતાં પણ તહારત હાંસિલ કરીને તવાફ઼ ફરી કરવો એહવત છે, પરંતુ તવાફ઼ની નમાઝ માટે તહારત હાંસિલ કરવી વાજિબ છે.

(૨૮૮) જે મોકલ્લફ઼ કોઈ અંતરાયના કારણે વઝૂ ન કરી

શકતો હોય અને અંતરાય દૂર થવાની આશા પણ ન હોય તો તયમ્મુમ કરીને તવાફ અંજામ આપે અને જો તયમ્મુમ પણ ન કરી શકતો હોય તો તેના પર એ શખ્સનો હુકમ લાગુ પડશે જે તવાફ કરવા શક્તિમાન ન હોય અને જો આશા ન હોય કે તયમ્મુમ કરી શકશે તો તવાફ માટે નાયબ બનાવવો જરૂરી છે અને એહવત એ છે કે, પોતે પણ તહારત વગર તવાફ કરે.

(૨૮૯) હૈઝવાળી અને નિફાસવાળી સ્ત્રીઓ પર દિવસો પૂરા થવા પછી અને જનાબતવાળા પર તવાફ માટે ગુસલ કરવું વાજિબ છે અને જો ગુસલ ન કરી શકતો હોય અને આશા પણ ન હોય કે ગુસલ કરી શકશે તો પછી તયમ્મુમ કરીને તવાફ અંજામ આપે. વળી એહવતે અવલા એ છે કે કોઈને તવાફ માટે નાયબ પણ બનાવવામાં આવે.જો તયમ્મુમ પણ ન કરી શકતો હોય અને આશા પણ ન હોય કે પાછળથી તયમ્મુમ કરી શકશે તો પછી કોઈને તવાફ માટે નાયબ બનાવશે.

(૨૯૦) જે કોઈ સ્ત્રી એહરામ દરમિયાન અથવા એહરામ પહેલાં અથવા પછી પણ તવાફની પહેલાં હૈઝ આવી જાય અને એટલો સમય હોય કે હૈઝના દિવસો પૂરા થવા પછી અને હજનો સમય આવવા પહેલાં તે ઉમરાના આમાલ

બજાવી લાવશે તો પાક થવા સુધી ધીરજ ધરે અને પાક થવા પછી ગુસલ કરીને ઉમરાના આમાલ બજાવી લાવે અને જો એટલો સમય ન હોય તો તેના બે પ્રકાર છે.

૧. એહરામના પહેલાં અથવા એહરામ બાંધવાના સમયે હૈઝ આવે તો તેની હજ હજે ઈરફાદમાં પલટાઈ જશે. એટલે હજે ઈરફાદ પૂરી કરવા પછી જો શક્ય હોય તો ઉમરાએ મુફરદા અંજામ આપે.

૨. એહરામના બાદ હૈઝ આવે તો એહવત એ છે કે, પહેલાં પ્રકારની જેમ ઉમરાએ તમત્તોઅને હજે ઈફરાદમાં પલટી નાંખે, જો કે ઉમરાએ તમત્તોઅ પર બાકી રહેવું પણ જાઈઝ છે. અર્થાત તવાફ અને તવાફની નમાઝના વગર ઉમરાએ તમત્તોઅના આમાલ અંજામ આપે અને પછી સઈ તથા તકસીર કરે અને એહરામ બાંધી મિનામાં આમાલ અંજામ આપ્યા પછી મક્કામાં પાછી આવીને હજના તવાફની પહેલાં ઉમરાનો તવાફ અને તવાફની નમાઝ કઝા બજાવી લાવે. જે સ્ત્રીને યકીન હોય કે તેણીને હૈઝ આવતુ રહેશે અને તેણી મિનાથી પાછી ફરીને પણ તવાફ નહિં કરી શકે ચાહે કાફલાવાળાઓની ઉતાવળના કારણે જ કેમ ન હોય, તો પછી તવાફ અને તવાફની નમાઝ માટે નાયબ બનાવે અને પછી સઈ પોતે બજાવી લાવે.

(૨૯૧) જે સ્ત્રીને તવાફ કરતાં કરતાં હૈઝ (માસિક) આવી જાય તો જે ચોથો ચક્કર પૂર્ણ કર્યા પહેલાં હૈઝ આવે તો તવાફ બાતિલ થાશે અને તેને માટે એ જ હુકમ છે, જે ગત મસઅલામાં બયાન થયો. જો ચોથો ચક્કર સંપૂર્ણ થવા પછી હૈઝ આવે તો જેટલો તવાફ તેણે કરી લીધો છે સહીહ રહેશે, અને તેના પર વાજિબ છે કે હૈઝથી પાક થયા પછી ગુસલ કરી લેવા પછી તેને પૂરો કરે. ઉપરાંત એહવતે અવલા એ છે કે, આ તવાફ પૂરો કર્યા પછી તેને ફરીથી બજાવી લાવે. આ હુકમ સમય વિશાળ હોવાના સંજેગોમાં છે. જો સમય તંગ હોય તો સઈ અને તકસીર કરી હજના માટે એહરામ બાંધે અને બાકીના તવાફની કઝા જેમ પહેલાં કહેવાઈ ચૂકાયું છે. મિનાથી પાછા ફર્યા પછી હજના તવાફની પહેલાં અંજામ આપે.

(૨૯૨) જો સ્ત્રી તવાફ પૂરા કર્યા પછી પણ તવાફની નમાઝ પહેલાં હૈઝ (માહવારી) આવે તો તેનો તવાફ સહીહ રહેશે અને એ સ્ત્રી પાક થવા પછી અને ગુસલ કર્યા બાદ તવાફની નમાઝ અદા કરે. જો સમય તંગ હોય તો પછી સઈ અને તકસીર કરે અને મિનાથી પાછા ફર્યા પછી હજના તવાફ પહેલાં તવાફની નમાઝ કઝા પઢે.

(૨૯૩) જો ઔરતને તવાફ અને તવાફની નમાઝ પછી

ખબર પડે કે તે માહવારીમાં છે અને એ ન જાણતી હોય કે હૈઝ તવાફની પહેલાં કે તવાફની વચમાં કે તવાફની નમાઝ પહેલાં કે તવાફની નમાઝ દરમિયાન કે તવાફની નમાઝ પછી આવ્યૂ છે તો તવાફ અને તવાફની નમાઝને સહીહ સમજે. જો યકીન હોય કે હૈઝ તવાફની નમાઝ પહેલાં કે નમાઝની દરમિયાન આવ્યું છે તો તેનો એ જ હુકમ છે જે ગત મસઅલામાં બયાન થઈ ચૂક્યો.

(૨૯૪) જે ઔરત ઉમરાએ તમત્તોઅના માટે એહરામ બાંધે અને આમાલ અંજામ આપવા પણ શક્ય હોય અને જાણવા છતાં કે પાછળથી માહવારી આવવા અને સમય ઓછો હોવાના કારણે આમાલ અંજામ આપી નહિં શકે, આમાલ ન કરે અને માહવારી આવી જાય, અને હજની પહેલાં ઉમરાના આમાલ કરવાનો સમય પણ ન બચે તો ઝાહેર એ છે કે તેનો ઉમરા બાતિલ થઈ જાશે અને તેનો હુકમ એ જ છે જે તવાફના હુકમોની શરૂઆતમાં બયાન થઈ ચૂક્યો છે.

(૨૯૫) મુસ્તહબ તવાફમાં હદસે અસગરથી પાક હોવું જરૂરી નથી એવી જ રીતે મશહૂર કથન મુજબ હદસે અકબરથી પણ પાક હોવું જરૂરી નથી. પરંતુ તવાફની નમાઝ તહારત વગર સહીહ નથી.

(૨૯૬) એ શખ્સ જે કોઈ અંતરાયના કારણે કોઈ ખાસ રીતે તહારત કરતો હોય તો તે પોતાની એ જ તહારતને પૂરતી સમજે. દાખલા તરીકે જબીરાવાળો શખ્સ અથવા એ શખ્સ જે પોતાનું પેશાબ કે મળ રોકી ન શકતો હોય, જો કે મબ્તૂન (જે મળ ન રોકી શકે) ના માટે એહવત એ છે કે જો શક્ય હોય તો ભેગું કરે અર્થાત પોતે પણ ખાસ રીતે તહારત કરી તવાફ અને તવાફની નમાઝ બજાવી લાવે અને કોઈને નાયબ પણ બનાવે.

એ સ્ત્રી જેને ઈસ્તેહાઝા આવે અને જો તેણી ઈસ્તેહાઝા કલીલા હોય તો તવાફ અને તવાફની નમાઝ માટે એક એક વઝુ કરે અને જો મુતવસ્સેતા હોય તો બંને માટે એક એક વઝુ ઉપરાંત એક ગુસલ અને જો કસીરા હોય તો બંને માટે એક એક ગુસલ કરે અને જો હદસે અસગર ન થાય તો વઝુની જરૂરત નથી, નહિંતર એહવતે અવલા એ છે કે વઝુ પણ કરે.

## ૩. ખબસથી પાક હોવું:

ત્રીજી વસ્તુ જે તવાફમાં જરૂરી છે તે ખબસથી પાક હોવું છે. એટલે નજીસ બદન અથવા લિબાસમાં તવાફ સહીહ નથી. એહવત એ છે કે એક દિરહમથી ઓછું ખૂન જે નમાઝમાં

માફ છે તે તવાફમાં માફ નથી. એવી જ રીતે નાના વસ્ત્રો દાખલા તરીકે મોઝા વગેરેની નજાસત જે નમાઝમાં નુકશાનકારક નથી, પરંતુ તવાફમાં નુકશાનકારક છે અને હા, નજીસ ચીઝને તવાફની હાલતમાં ઉપાડવામાં કંઈ હરજ નથી.

(૨૯૭) જો તવાફની હાલતમાં બદન અથવા લિબાસ પર જખમ અથવા ગુમડાનું લોહી લાગેલું હોય, જ્યારે કે જખમ કે ગુમડું હજી રૂઝાયું ન હોય અને તેને પાક કરવું કે બદલવું અસહ્ય કષ્ટદાયક હોય એવી જ રીતે મજબૂરીની હાલતમાં બદન કે લિબાસ નજીસ હોય તો એમાં કાંઈ હરજ નથી અને જો પાક કરવા અથવા બદલવામાં વધારે મહેનત કે કષ્ટ ન હોય તો એહતિયાતની રૂએ નજાસત દૂર કરવી વાજિબ છે.

(૨૯૮) જો કોઈને પોતાના બદન અથવા લિબાસના નજીસ હોવાની ખબર ન હોય અને તવાફ કરી લીધા પછી ખબર પડે તો તેનો તવાફ સહીહ છે અને ફરીથી કરવાની જરૂરત નથી. એવી જ રીતે જ્યારે નજાસતની હાલતની ખબર તવાફની નમાઝ પઢયા પછી પડે જ્યારે કે નમાઝ પહેલાં આ નજાસત હોવાની શંકા ન હોય અથવા પહેલેથી શંકા હોય પણ તપાસ કરી ચૂક્યો હોય અને નજાસતની

ખબર ન પડી હોય તો તવાફની નમાઝ પણ સહીહ ગણાશે. પરંતુ કોઈને પહેલેથી નજાસતનો શક હોય અને તેણે ચોકસાઈ પણ ન કરી હોય અને પછી નમાઝ બાદ ખબર પડે તો એહતેયાતે વાજિબની રૂએ નમાઝ ફરીથી પઢે.

(૨૯૯) જો કોઈ શખ્સ ભૂલી જાય કે તેનું બદન કે લિબાસ નજીસ છે અને તેને તવાફ કર્યા પછી યાદ આવે તો અઝહર એ છે કે તેનો તવાફ સહીહ છે, જો કે ફરી કરવો એહવત છે. તવાફની નમાઝ બાદ યાદ આવે તો જો તેનું ભૂલવું બેદરકારીના કારણે હોય તો એહવત એ છે કે, નમાઝ ફરીથી પઢે. નહિંતર અઝહર એ છે કે ફરીથી પઢવી જરૂરી નથી.

(૩૦૦) જો તવાફ દરમિયાન બદન અથવા લિબાસના નજીસ હોવાની ખબર પડે અથવા તવાફ પૂરો કર્યા પહેલાં તેનું બદન કે લિબાસ નજીસ થઈ જાય તો જો મવાલાતે ઉર્ફી (સામાન્ય ક્રમ) તોડયા વગર નજાસત દૂર કરવું શક્ય હોય, ચાહે તેના માટે ગુપ્તાંગ છુપાવવા માટે જરૂરી પ્રમાણનું ધ્યાન રાખી નજીસ કપડાં ઉતારવા પડે અથવા પાક કપડાં મળવાની સૂરતમાં નજીસ કપડાં ઉતારી પાક કપડાં પહેરે, બંને સંજોગોમાં નજાસત દૂર કરી તવાફ પૂરો કરે અને તેના પછી કોઈ

ઝિમ્મેદારી બાકી નથી રહેતી, નહિંતર એહવત એ છે કે તવાફ પણ પૂરો કરે અને નજાસત દૂર કર્યા પછી તેને ફરીથી બજાવી લાવે. જો નજાસતની ખબર અથવા નજાસત લાગવુ ચોથો ચક્કર પૂરો થવા પહેલાં હોય તો પણ જો કે બંને હાલતમાં ફરી તવાફ કરવો વાજિબ નથી.

## ૪. પુરૂષોનું ખત્ના થયેલ હોવું :

તવાફમાં ચોથી શરત પુરૂષોનું ખત્ના થયેલ હોવું છે. એહવત બલ્કે અઝહર એ છે કે, સમજદાર બાળકમાં પણ આ શરત જરૂરી છે. પરંતુ અણસમજ બાળકમાં જેને તેનો વલી તવાફ કરાવે આ શરત જરૂરી હોવું જાહેર નથી. જો કે આ સૂરતમાં પણ એહવત એ છે કે, તેને જરૂરી સમજવામાં આવે.

(૩૦૧) મોહરિમ ચાહે બાલિગ હોય કે સમજદાર બાળક, જો વગર ખત્નાએ તવાફ કરે તો તેનો તવાફ સહીહ નથી. એટલે જો ખત્ના કરાવ્યા પછી ફરીવાર તવાફ ન કરે તો એહવત એ છે કે તવાફ સદંતર ન કરનારના હુકમમાં આવી જશે અને તવાફ છોડી દેવાવાળા વિશેના હુકમો જે આગળ બયાન થશે, તેના પર પણ લાગુ પડશે.

(૩૦૨) એવો શખ્સ જેની ખત્ના ન થઈ હોય અને તે

મુસ્તતીઅ થઈ જાય જો એ જ વરસે ખત્ના કરાવી હજ પર જઈ શકતો હોય તો હજ પર જાય, નહિંતર ખત્ના કરાવવા સુધી હજમાં વિલંબ કરે. જો ખત્ના કરાવવી કોઈ નુકસાન, રૂકાવટ, કષ્ટ અથવા કોઈ અન્ય કારણે શક્ય ન હોય તો હજ સાકિત નહિ થાય, પરંતુ એહવત એ છે કે, હજ અને ઉમરામાં પોતે પણ તવાફ કરે અને કોઈને નાયબ પણ બનાવે અને તવાફની નમાઝ નાયબના તવાફ પછી પઢે.

## ૫. ગુપ્તાંગો ઢાંકવા:

એહવત એ છે કે તવાફની હાલતમાં પણ એટલાં જ પ્રમાણમાં ગુપ્તાંગો છુપાવવા વાજિબ છે, જેટલા પ્રમાણમાં નમાઝમાં છે. અવલા બલ્કે એહવત એ છે કે, નમાઝીના વસ્ત્રોમાં જે શરતો જરૂરી છે, સાતિર (એ વસ્તુ જેના વડે ગુપ્તાંગો છુપાવવામાં આવે) માં બલ્કે તવાફ કરવાવાળાના પૂરા લિબાસમાં આ શરતોનું ધ્યાન રાખવામાં આવે.

---

## વાજિબાતે તવાફ

## તવાફમાં આઠ ચીઝો જરૂરી છે

૧-૨. દરેક ચક્કરને હજરે અસ્વદથી શરૂ કરી તેના પર

ખતમ કરે, ઝાહેર એ છે કે આ શરત ત્યારે પૂરી થશે જ્યારે હજરે અસ્વદના જે ભાગથી ચક્કર શરૂ કરવામાં આવે ત્યાં જ આવી ખતમ કરે. જો કે, એહવત એ છે કે શરૂઆત અને અંતમાં પોતાના પૂરા બદનને પૂરા હજરે અસ્વદથી પસાર કરે. આ એહતેયાત માટે પૂરતું છે કે, હજરે અસ્વદના કંઈક પહેલાં ઊભો રહી જાય અને તવાફની નિય્યત એ સ્થળેથી કરવામાં આવે જ્યાં હજરે અસ્વદથી ખરેખર સામે આવી જાય. પછી ખાનએ કાબાની ફરતાં સાત ચક્કર મારે અને છેલ્લો ચક્કર પૂરો કરવા પર હજરે અસ્વદથી એ નિય્યત કરીને થોડો આગળ વધી જાય કે તવાફ જરૂરી સ્થળ પર પૂરો થઈ જાય. એવી રીતે યકીન થઈ જાશે કે હકીકતમાં હજરે અસ્વદ જે જગ્યાએથી શરૂ થાય છે અને જે જગ્યાએ ખતમ થાય છે તે આ અમલથી પ્રાપ્ત થઈ ગયું.

૩. તવાફ કરતી વખતે ખાનએ કાબાને પોતાની ડાબી તરફ રાખવો. એટલે તવાફની દરમિયાન કોઈ રૂકનને ચૂમવા અથવા ભીડના કારણે કાબાની તરફથી મોં અથવા પીઠ થઈ જાય અથવા કાબા જમણી તરફ જાય તો એટલો ભાગ તવાફમાં નહિં ગણાય. કાબાને ડાબી તરફ રાખવામાં ઝાહિર છે કે જો સામાન્ય રીતે એમ કહેવામાં આવે કે કાબા હાજીની ડાબી બાજુ છે તો પૂરતું છે. જેમ કે નબી કરીમ સ.અ.વ.ના

સવારી પર તવાફ કરવાથી જાહેર થાય છે. એટલે જ્યારે શરીર કાબાના ચાર રૂકનો અને હજરે ઈસ્માઈલના બંને છેડાથી પસાર થઈ રહ્યું હોય ત્યારે શરીરને કાબાની ડાબી તરફ કરવામાં કષ્ટ ઉપાડવાની અથવા શરીર વાળવાની જરૂરત નથી.

૪. હજરે ઈસ્માઈલને પણ તવાફમાં ભેળવવો એટલે હજરે ઈસ્માઈલની બહારથી ચક્કર લગાવવામાં આવે. ન તેના ઉપરથી પસાર થાય અને ન તેની અંદરથી.

૫. તવાફ કરવાવાળો કાબાની દિવાલ અને તેની આજુબાજુ ચબૂતરા (સાઝરદાન) થી હટીને પસાર થાય.

૬. કાબાની ફરતાં સાત ચક્કર લગાવવા, એ સાતથી ઓછા પૂરતા નહિં ગણાય. જો કોઈ જાણી જોઈને સાતથી વધારે ચક્કર લગાવે તો તેનો તવાફ બાતિલ થશે, જેનું વર્ણન આગળ આવશે.

૭. કાબાની ફરતાં સાતે ચક્કર એવી રીતે લગાવવામાં આવે કે સામાન્ય રીતે ક્રમવાર ગણાય એટલે વધારે રોકાયા વગર એક પછી એક બજાવી લાવે. આ હુકમથી અમુક પ્રસંગો અપવાદ છે જેનું વર્ણન આગળ આવશે.

૮. તવાફ કરવાવાળો પોતાના ઈરાદા અને ઈખત્યારથી

કાબાના ફરતાં ચક્કર લગાવે. જો ભીડ અથવા કોઈ અન્ય કારણસર કંઈક પ્રમાણ વગર ઈખત્યારે પસાર કરે તો તે પૂરતું નહિં ગણાય અને તેનો ઈલાજ અને ઉપાય કરવો જરૂરી રહેશે.

(૩૦૩) ફકીહો વચ્ચે મશહૂર છે કે તવાફમાં કાબા અને મકામે ઈબ્રાહીમની વચ્ચે ચક્કર લગાવવામાં આવે. જેનું અંતર સાડા છવ્વીસ હાથ (આશરે ૧૨-૧/૨ મીટર) છે, કેમ કે હજરે ઈસ્માઈલને તવાફની અંદર રાખવાના કારણે હજરે ઈસ્માઈલની તરફથી તવાફની જગ્યા સાડા છ હાથ (આશરે ૩ મીટર) થી વધારે નથી. પરંતુ બઈદ નથી કે તવાફ આથી વધારે ભાગમાં પણ જાઈઝ હોય, પણ કરાહત/અણગમા સાથે. ખાસ કરીને એ શખ્સ માટે જે આ પ્રમાણમાં તવાફ ન કરી શકતો હોય અથવા આ પ્રમાણમાં તવાફ કરવો તેના માટે હરજ અને કષ્ટનું કારણ હોય પરંતુ જો આ પ્રમાણમાં તવાફ કરવો શક્ય હોય તો એહતેયાત ધ્યાનમાં રાખવું વધારે સારૂં છે.

**મતાફમાંથી નીકળી જવું**

(એ જગ્યા જ્યાં તવાફ કરવો જોઈએ)

(૩૦૪) જો તવાફ કરનાર મતાફથી નીકળી કાબામાં

દાખલ થઈ જાય તો તેનો તવાફ બાતિલ થઈ જશે. જે ફરીથી કરવો પડશે અને જો અડધા તવાફ પછી નીકળી જાય તો વધારે સારૂં એ છે કે પહેલે આ તવાફને પૂરો કરે અને પછી ફરીથી તવાફ કરે.

(૩૦૫) જો કોઈ મતાફથી નીકળી ચબૂતરા (સાઝરદાન) પર ચાલે તો એટલા પ્રમાણમાં તવાફ બાતિલ થાશે એટલે એટલા પ્રમાણનો ઈલાજ અને ઉપાય જરૂરી છે. એહવતે અવલા એ છે કે એટલા પ્રમાણમાં ઈલાજ અને ઉપાય કર્યા પછી આ તવાફ ફરીથી પણ કરે. એવી જ રીતે એહવત અને અવલા એ છે કે તવાફ કરવાવાળો તવાફ દરમિયાન પોતાના હાથને કાબાની દિવાલ સુધી ન લંબાવે.

(૩૦૬) જે તવાફ કરવાવાળો હજરે ઈસ્માઈલની અંદર ચાલ્યો જાય, ચાહે મસઅલો ન જાણવાના કારણે અથવા ભૂલીને તો તેનો આ ચક્કર બાતિલ થઈ જશે અને જરૂરી છે કે તેને ફરીથી બજાવી લાવે. એહવતે અવલા એ છે કે આ તવાફને પૂરો કરવા પછી ફરીવાર બજાવી લાવે. હજરે ઈસ્માઈલની ઉપર ચાલવા પર એહવતની રૂએ એ જ હુકમ છે જે અંદર જવાનો હુકમ છે. ઉપરાંત એહવતે અવલા એ છે કે તવાફ કરતી વખતે હજરે ઈસ્માઈલની દિવાલ પર હાથ ન રાખે.

## તવાફ તોડવો અને તવાફના ચક્કરો ઓછાં કરવાઃ

(૩૦૭) મુસ્તહબ તવાફની જેમ વાજિબ તવાફ પણ કોઈ જરૂરત અને મજબૂરીથી બલ્કે અઝહરની રૂએ વગર જરૂરતે અને મજબૂરીએ પણ તોડવો જાઈઝ છે.

(૩૦૮) જો વાજિબ તવાફ ચોથો ચક્કર પૂરા થવાની પહેલાં કારણ વગર તોડવામાં આવે તો તવાફ બાતિલ થઈ જશે અને ફરીથી બજાવી લાવવો જરૂરી છે. પરંતુ અગર ચોથો ચક્કર પૂરો કર્યા પછી તોડવામાં આવે તો એહવત એ છે કે, આ તવાફને પણ પૂરો કરે અને ફરીથી પણ બજાવી લાવે, પરંતુ મુસ્તહબ તવાફમાં જાઈઝ છે કે જ્યાંથી તોડયો હોય ત્યાંથી શરૂ કરી પૂરો કરે, ચાહે ચોથો ચક્કરની પહેલાં તોડે કે પછી પાછળથી, એ સંજોગમાં કે સામાન્ય રીતે મવાલાત (ક્રમ) તૂટી ન જાય.

(૩૦૯) જો ઔરતને તવાફ દરમિયાન હેઝ આવી જાય તો વાજિબ છે કે, તવાફ તોડી તરત જ મસ્જિદુલ હરામથી બહાર નીકળી જાય અને તેના તવાફનો હુકમ મસઅલા નં.: ૨૯૧ માં આવી ચૂક્યો છે. એવી જ રીતે જો તવાફ કરવાવાળાથી તવાફ દરમિયાન હદસ થાય અથવા તવાફ

દરમિયાન તેને બદન અથવા લિબાસ નજીસ હોવાની ખબર પડે તો તેનો હુકમ મસઅલા નં.: ૨૮૫ માં અને ૩૦૦ માં બયાન થઈ ચૂક્યો છે.

(૩૧૦) જે બીમારી અથવા પોતાની અથવા પોતાના કોઈ મોમિન ભાઈની જરૂરત પૂરી કરવા માટે કોઈ પોતાનો વાજિબ તવાફ ચોથા ચક્કર પહેલાં છોડે તો ઝાહેર છે કે એ તવાફ બાતિલ છે અને બીજીવાર બજાવી લાવવો જરૂરી છે. પરંતુ જે ચોથા ચક્કર પછી છોડે તો અઝહર એ છે કે તવાફ સહીહ રહેશે એટલે પાછો આવી જ્યાંથી છોડ્યો હતો ત્યાંથી શરૂ કરે અને એહવતે અવલા એ છે કે તેને પૂરો કર્યા પછી બીજીવાર પણ બજાવી લાવે, પરંતુ મુસ્તહબ તવાફમાં જાઈઝ છે કે, જ્યાંથી છોડયો હતો ત્યાંથી શરૂ કરે, ચાહે ચોથા ચક્કર પહેલાં છોડયો હોય.

(૩૧૧) તવાફની દરમિયાન આરામ માટે બેસવું કે સૂવું જાઈઝ છે, પરંતુ જરૂરી છે કે, એટલી વાર બેસે કે સૂવે કે લગાતારની અસર ખતમ ન થઈ જાય, એટલે જો એટલી વાર બેસે કે સૂવે કે મવાલાત-સંકલન તૂટી જાય એમ લાગે તો તવાફ બાતિલ થઈ જશે એટલે ફરીથી શરૂ કરવો જરૂરી છે.

(૩૧૨) જો કોઈ વાજિબ નમાઝને ફઝીલતના સમયે પઢવા માટે અથવા નમાઝને જમાત સાથે પઢવા માટે અથવા નાફેલા નમાઝ પઢવા માટે જ્યારે કે તેનો સમય તંગ હોય, તવાફ છોડે તો જ્યાંથી તવાફ છોડયો છે, નમાઝ પછી ત્યાંથી શરૂ કરે ચાહે તવાફ વાજિબ હોય કે મુસ્તહબ અને ચાહે ચોથા ચક્કરની પહેલાં છોડયો હોય કે પછી જો કે એહવત એ છે કે, જ્યારે તવાફને ચોથા ચક્કરની પહેલાં તોડયો હોય તો તવાફ પૂરો કરી બીજીવાર પણ અંજામ આપે.

(૩૧૩) જો તવાફમાં ભૂલથી કમી રહી જાય અને અનુક્રમ પૂરો થવા પહેલાં યાદ આવે તો કમી પૂરી કરે અને તેનો તવાફ સહીહ થાશે. એવી જ રીતે અનુક્રમ પૂરો થયા પછી યાદ આવે અને એક અથવા બે કે ત્રણ ચક્કર ભૂલ્યો હોય તો તેને બજાવી લાવે તો તેનો તવાફ પણ સહીહ થઈ જશે. જો પોતે અંજામ દેવા પર શક્તિમાન ન હોય એટલા માટે કે પોતાના શહેર પાછા ફર્યા પછી યાદ આવ્યું હોય તો કોઈને નાયબ બનાવે.

પરંતુ ત્રણથી વધારે ચક્કર ભૂલી ગયો હોય તો જેટલા ચક્કર ભૂલી ગયો હોય તેને અંજામ આપે એહવત એ છે કે, તવાફ પૂરો કર્યા પછી ફરીવાર અંજામ આપે.

---

# તવાફમાં વધારો

તવાફમાં વધારાના પાંચ પ્રકારો છેઃ

૧. તવાફ કરવાવાળો વધારાને આ તવાફનો અથવા બીજા તવાફનો ભાગ ન સમજે. એટલે સાત ચક્કર પૂરા કરવા પછી મુસ્તહબનું વિચારીને એક વધારે ચક્કર અંજામ આપવાથી તવાફ બાતિલ નહિ થાય.

૨. તવાફ શરૂ કરતી વખતે જ એ ઈરાદો હોય કે વધારાના ભાગને આ તવાફના અંગ તરીકેની નિય્યતથી અંજામ આપશે તો એ સૂરતમાં તેનો તવાફ ઈશ્કાલ વગર બાતિલ છે અને જરૂરી છે કે, ફરી અંજામ આપે. એવી જ રીતે જે તવાફની દરમિયાન આવા પ્રકારનો ઈરાદો કરે અને કંઈક ભાગ વધારે અંજામ આપે તો એ જ હુકમ છે. પરંતુ જો વધારે ભાગ અંજામ ન આપે તો વધારાના ઈરાદાની નિય્યત કરવા પહેલાના ચક્કર બાતિલ હોવામાં ઈશ્કાલ છે.

૩. વધારાનો ચક્કર એ નિય્યતથી કરે કે જે તવાફ પૂરો કર્યો છે તેનું અંગ છે, જ્યારે સામાન્ય અનુક્રમ પૂરો ન થયો હોય. અર્થાત તવાફથી ફારેગ થવા પછી વધારાના ચક્કરને તવાફનું અંગ હોવાનો કસ્દ કરે તો અઝહર એ છે કે તવાફ બાતિલ છે.

૪. વધારાના ચક્કર એ નિય્યતથી કરે કે આ બીજા તવાફનું અંગ છે અને પછી તે બીજો તવાફ પૂરો કરે તો એ સૂરતમાં ખરેખર વધારાનો ચક્કર નથી બન્યો એટલે આ વધારાના કારણે તવાફ બાતિલ નથી. તો પણ કિરાન (બે તવાફ ઉપરા ઉપરી નમાઝના અંતર વગર પૂરા કરવા) ના કારણે બાતિલ થઈ જાય. કેમ કે કિરાન બે વાજિબ બલ્કે એક વાજિબ અને એક મુસ્તહબની વચ્ચે જાઈઝ નથી. જ્યારે કે બે મુસ્તહબ તવાફો વચ્ચે કિરાનમાં જો કે કોઈ હરજ નથી પણ મકરૂહ છે.

૫. તવાફ શરૂ કરવા સમયે જ વધારાના ચક્કરને બીજા તવાફના અંગ તરીકે બજાવી લાવવાનો ઈરાદો હોય અને બીજો તવાફ પૂરો ન કરે અથવા બીજા તવાફનો કોઈપણ ચક્કર બજાવી ન લાવે તો એ સૂરતમાં ન તો વધારો અસ્તિત્વમાં આવશે અને ન તો કિરાન થાશે, પરંતુ અમુક સૂરતોમાં શક્ય છે અમુક સંજોગમાં કુરબતની નિય્યત હાંસિલ ન થવાને કારણે તવાફ બાતિલ થઇ જાય. દાખલા તરીકે કોઈ શખ્સ કિરાનની નિય્યત રાખતો હોય જે હરામ છે અને જાણતો પણ હોય કે કિરાનના કારણે તવાફ બાતિલ થઈ જાય છે તો એ સૂરતમાં કુરબતનો ઈરાદો પૂરવાર નથી. જો કે બનવાકાળ અમલી રીતે કિરાન પણ અસ્તિત્વમાં ન આવે.

(૩૧૪) જે ભૂલથી તવાફમાં ચક્કર વધી જાય અને ઈરાકી રૂક્ન સુધી પહોંચવા પછી યાદ આવે તો વધારાના ચક્કરને બાકી ચક્કરો સાથે મેળવી તવાફ પૂરો કરે. એહવતની રૂએ આ તવાફ વાજિબ કે મુસ્તહબ હોવાનું નક્કી કર્યા વગર એટલે કે ફક્ત કુરબતની નિય્યતથી પૂરો કરે અને ત્યારપછી ચાર રકાત નમાઝ પઢે. અફઝલ બલ્કે એહવત એ છે કે બંને નમાઝોને અલગ-અલગ પઢે. એટલે બે રકાત સઈની પહેલાં વાજિબ તવાફની નિય્યતથી અને બે રકાત નમાઝ સઈની પછી મુસ્તહબ તવાફની નિય્યતથી પઢે. એવી જ રીતે રૂક્ને ઈરાકીની પહેલાં યાદ આવે તો પણ એહવતની રૂએ આ જ હુકમ છે.

---

## ચક્કરોનો સંખ્યામાં શક:

(૩૧૫) ચક્કરોની સંખ્યા અથવા ચક્કરો સહીહ હોવા વિશે તવાફ પછી અથવા પ્રસંગ વીતી જવા પછી શક થાય તો એ શકની પરવા ન કરે. જેમ કે તવાફ પૂરો થયા પછી ચક્કરની સંખ્યા બાબતે શક થાય હવે જો ચક્કર લગાવે તો સામાન્ય લોકો તેને આ તવાફનો ચક્કર ન ગણે અથવા તવાફની નમાઝ શરૂ કરવા પછી શક થાય તો તેની પણ પરવા ન કરે.

(૩૧૬) જો સાત ચક્કરોનું યકીન હોય અને વધારા વિશે શક થાય દાખલા તરીકે આખરી ચક્કરમાં શક થાય કે આ આઠમો ચક્કર હતો તો એવા શકની પરવા ન કરવામાં આવે અને આ તવાફ સહીહ થાશે. પરંતુ જો આ શક આખરી ચક્કર પૂરો થવા પહેલાં થાય તો અઝહર એ છે કે તવાફ બાતિલ છે, એટલે એહવત એ છે કે રજાઅની નિય્યતથી તેને પણ પૂરો કરે અને ફરીથી પણ અંજામ આપે.

(૩૧૭) જો ચક્કરના પૂરા થવા પર અથવા ચક્કરની દરમિયાન શક થાય કે આ ત્રીજો ચક્કર હતો કે ચોથો અથવા પાંચમો ચક્કર હતો કે છઠ્ઠો અથવા સાત ચક્કરોથી ઓછાનો કોઈ અન્ય શક હોય તો તવાફ બાતિલ થઈ જશે. બલ્કે ચક્કરના અંતમાં છ અને સાતનો શક થઈ જાય તો પણ એહવત એ છે કે તવાફ બાતિલ છે એવી જ રીતે સાતથી ઓછા અથવા વધારેનો શક થઈ જાય, દાખલા તરીકે આખરી ચક્કરનો છઠ્ઠો, સાતમો કે આઠમો હોવાનો શક થાય તો પણ તવાફ બાતિલ છે.

(૩૧૮) જો કોઈને છ અને સાતમાં શક થઈ જાય અને હુકમ ન જાણવાના કારણે તે છઠ્ઠો સમજી પોતાનો તવાફ પૂરો કરે અને તેનું અજ્ઞાન ઈલાજ અને ઉપાય કરવાનો સમય વીતી જવા સુધી બાકી રહે તો બઈદ નથી કે તેનો

તવાફ સહીહ હોય.

(૩૧૯) તવાફ કરવાવાળા માટે જાઈઝ છે કે, તેના સાથે તવાફ કરનારને તેના ચક્કરોની સંખ્યા વિશે યકીન હોય તો તે તેની વાત પર ભરોસો કરે.

(૩૨૦) જો મુસ્તહબ તવાફમાં ચક્કરોની સંખ્યામાં શક થઈ જાય તો ઓછા પર આધાર રાખે જેમકે શક કરે કે ત્રણ ચક્કર થયા કે ચાર તો એમજ ધારે કે ત્રણ ચક્કર થયા છે અને તેનો તવાફ સહીહ રહેશે.

(૩૨૧) જો કોઈ ઉમરા તમત્તોઅમાં જાણી જોઈને તવાફ છોડી દે તો ચાહે હુકમ અને મસઅલો જાણતો હોય કે ન જાણતો હોય અને તવાફ અને ઉમરાના બાકી આમાલ અરફાતના દિવસે મધ્યાંહન સુધી અંજામ આપવા શક્ય ન હોય તો તેનો ઉમરા બાતિલ થાશે અને એહવત એ છે કે જો મસઅલો ન જાણતો હોય તો એક ઊંટ કફ્ફારો પણ આપે. જેમ કે તેનું વર્ણન તવાફના પ્રકરણમાં પહેલાં પણ થઈ ચૂક્યું છે. જો હજમાં જાણી જોઈને તવાફ છોડી દે, ચાહે મસઅલો જાણતો હોય કે ન જાણતો હોય અને તવાફનો ઈલાજ કરવો પણ શક્ય ન હોય, તેની હજ બાતિલ છે અને જો મસઅલો ન જાણવાના કારણે છોડ્યો હોય તો એક ઊંટ કફ્ફારો પણ આપવો જરૂરી છે.

(૩૨૨) જો ભૂલથી તવાફ છોડી દે અને તેનો સમય વીતવા પહેલાં યાદ આવી જાય તો તેનો ઈલાજ અને ઉપાય કરે અને અઝહર એ છે કે, સઈ પણ તવાફ પછી ફરીવાર અંજામ આપે અને જો સમય વીતવા પછી યાદ આવે, દાખલા તરીકે ઉમરાએ તમત્તોઅનો તવાફ અરફાતના વુકૂફ સુધી ભૂલાયેલ રહે અથવા હજનો તવાફ ઝીલ્હજ પૂરો થવા સુધી યાદ ન આવે તો તવાફની કઝા વાજિબ છે અને એહવત અને અવલા એ છે કે, સઈ પણ તવાફની પછી ફરીવાર અંજામ આપે અને ત્યારે યાદ આવે કે પોતે તવાફ માટે પાછો ફરી શકે તેમ ન હોય જેમ કે વતન પહોંચી ગયો હોય તો નાયાબ બનાવે.

(૩૨૩) જો કોઈ તવાફ ભૂલી જાય, ત્યાં સુધી કે વતન પાછો આવી જાય અને પોતાની સ્ત્રી સાથે સંભોગ કરી લેતો વાજિબ છે કે, જો હજનો તવાફ ભૂલાઇ ગયો હતો તો એક કુરબાની મિના મોકલે અને જો ઉમરાનો તવાફ ભૂલાઇ ગયો હતો એક કુરબાની મક્કા મોકલે અને ઘેંટાની કુરબાની પૂરતી છે.

(૩૨૪) જો ભૂલાયેલ તવાફ એ સમયે યાદ આવે જ્યારે પોતે તવાફ અંજામ આપી શકતો હોય. તો તવાફની કઝા

બજાવી લાવે ચાહે એહરામ ઉતારી ચૂક્યો હોય તો ફરીવાર એહરામ બાંધવાની જરૂરત નથી. પરંતુ જો મક્કાથી નીકળી જવા પછી યાદ આવે તો મક્કામાં પ્રવેશવા માટે એહરામ બાંધવો જરૂરી છે. સિવાય એ સંજોગો કે જેનું વર્ણન મસઅલા નં.: ૧૪૧ માં થઈ ચૂક્યું છે.

(૩૨૫) એ વસ્તુઓ જે મોહરિમ પર હરામ થતી હોય અને તેનું હલાલ થવું તવાફ પર આધારિત હતું, તે તવાફ ભૂલવાવાળા પર ત્યાં સુધી હલાલ નહિં થાય જ્યાં સુધી તે પોતે અથવા તેનો નાયબ તવાફની કઝા બજાવી ન લાવે.

(૩૨૬) જો મુકલ્લફ કોઈ બીમારી, હાડકું ભાંગવા અથવા કોઈ અન્ય કારણસર પોતે તવાફ ન કરી શકતો હોય અને ન કોઈની સહાય વડે અંજામ આપી શકતો હોય તો વાજિબ છે કે, તેને તવાફ કરાવવામાં આવે એટલે કોઈ બીજો શખ્સ તેને પોતાના ખંભા ઉપર ઉપાડી અથવા કોઈ ગાડી વગેરેમાં બેસાડી તવાફ કરાવે. એહવત અને અવલા એ છે કે, તવાફ કરવા સમયે હાજીના પગો જમીનને અડતા હોય. જો આ રીતે પણ તવાફ શક્ય ન હોય તો વાજિબ છે કે, નાયબ બનાવી શકતો હોય તો નાયબ બનાવે, જે તેના તરફથી તવાફ કરે અને જો નાયબ ન બનાવી શકતો હોય, દાખલા

તરીકે બેહોશ હોય તો તેનો વલી અથવા કોઈ બીજો શખ્સ તેના વતી તવાફ કરે. આ જ હુકમ તવાફની નમાઝનો છે. એટલે મુકલ્લફ શક્તિમાન હોય તો પોતે નમાઝ પઢે અને જો પોતે ન પઢી શકતો હોય તો કોઈને નાયબ બનાવે (હૈઝવાળી અને નિફાસવાળીનો હુકમ તવાફની શરતોમાં બયાન થઈ ચૂક્યો છે.)

---

## તવાફની નમાઝ

આ બે રકાત નમાઝ છે, જે તવાફની પછી પઢવામાં આવે છે. આ નમાઝ ફજરની નમાઝની જેમ છે, પરંતુ તેની કિરઅતમાં ઊંચા અવાજે અથવા ધીમે અવાજે પઢવા બાબતે છૂટ છે. વાજિબ છે કે, આ નમાઝ મકામે ઈબ્રાહીમની પાસે પઢવામાં આવે અને અઝહર એ છે કે, મકામે ઈબ્રાહીમની પાછળ પઢવી જરૂરી છે. જો મકામે ઈબ્રાહીમની પાસે પાછળની બાજુએ પઢવી શક્ય ન હોય તો એહવત છે કે, ભેગું કરે એટલે મકામે ઈબ્રાહીમની કોઈ એકબાજુ પણ નમાઝ પઢે અને મકામે ઈબ્રાહીમની પાછળ દૂર ઊભા રહીને પણ નમાઝ પઢે. જો ભેગું કરવું પણ સંભવિત ન હોય તો આ બે જગ્યાઓમાંથી જ્યાં શક્ય હોય ત્યાં નમાઝ પઢે અને આ બે

જગ્યાએ પણ જો શક્ય ન હોય તો એહવત અને અવલા એ છે કે, મકામે ઈબ્રાહીમની સૌથી વધારે નિકટ જગ્યાને ધ્યાનમાં રાખી મસ્જિદમાં કોઈપણ જગ્યાએ નમાઝ પઢે. નમાઝ પઢવા પછી જો સઈનો સમય તંગ થવા પહેલાં મકામે ઈબ્રાહીમની પાછળ અને નજદીક નમાઝ પઢવી શક્ય થઈ જાય તો એહવત અને અવલા એ છે કે ફરીવાર નમાઝ પઢે. આ વાજિબ તવાફનો હુકમ છે, જ્યારે કે મુસ્તહબ તવાફમાં મુકલ્લફને અધિકાર છે, બલ્કે ઈખત્યારની હાલતમાં પણ મસ્જિદમાં જ્યાં ઈચ્છે ત્યાં નમાઝ પઢે.

(૩૨૭) જે શખ્સ જાણી જોઈને તવાફની નમાઝ ન પઢે તો એહવત અને અવલા એ છે કે તેની હજ બાતિલ છે.

(૩૨૮) એહવત એ છે કે, તવાફની પછી તરત જ તવાફની નમાઝ પઢવામાં આવે. અર્થાત તવાફ અને તવાફની નમાઝ વચ્ચે અંતર છે એમ સામાન્ય રીતે ન કહી શકાય.

(૩૨૯) જે તવાફની નમાઝ ભૂલી જાય અને એ આમાલ જે ક્રમમાં તેની પછી છે જેમકે સઈ બજાવી લાવ્યા પછી તેને યાદ આવે તો નમાઝ તવાફની પઢે અને જે આમાલ બજાવી ચૂક્યો છે તેને ફરી અંજામ આપવા જરૂરી નથી, જો કે ફરી બજાવવા એહવત છે. પરંતુ જો સઈની દરમિયાન યાદ આવે

તો સઈને છોડી મકામે ઈબ્રાહીમની પાછળ નમાઝ પઢે અને પછી સઈને જ્યાંથી છોડી હતી ત્યાંથી શરૂ કરી પૂરી કરે. જો મક્કાથી નીકળી જવા પછી યાદ આવે અને જો કષ્ટ અને મહેનતનું કારણ ન હોય તો એહવત એ છે કે પાછો ફરી નમાઝને તેની જગ્યાએ પઢે, નહિંતર જ્યાં યાદ આવે ત્યાં પઢી લે. હરમ જઈને પઢવી જરૂરી નથી, ચાહે પાછા ફરવું શક્ય હોય. જે શખ્સ મસઅલો ન જાણવાના કારણે તવાફની નમાઝ ન પઢે તેનો હુકમ એ જ છે, જે નમાઝ ભૂલી જનારનો છે અને જાહેલે કાસિર અને મુકસ્સિરના હુકમમાં કાંઈ ફરક નથી.

(૩૩૦) જો કોઈ મરી જાય અને તેના પર તવાફની નમાઝ વાજિબ હોય અને કઝા નમાઝોના પ્રકરણમાં બતાવેલ શરતો મોજૂદ હોય તો તેનો મોટો દીકરો તેની કઝા નમાઝ પઢે.

(૩૩૧) જો નમાઝની કિરઅતમાં ઝેર, ઝબર, પેશની ભૂલો હોય અને તેને સહીહ નથી કરી શકતો તો તે ભૂલ સાથે, સૂરા હમ્દ પઢવો પૂરતો છે, એ શરતે કે વધારે પ્રમાણ સારા ઉચ્ચાર સાથે પઢી શકતો હોય.

પરંતુ જો વધારે માત્રા સહીહ ઉચ્ચાર સાથે ન પઢી શકતો

હોય તો એહતેયાત એ છે કે પોતાની આ કિરઅત સાથે પૂરા કુરઆનમાંથી જે સહીહ પઢી શકતો હોય તેની પણ કિરઅત કરે અને એ પણ શક્ય ન હોય તો તસ્બીહાત પઢે.

જો સમય તંગ હોવાના કારણે પૂરી કિરઅતને સહીહ નથી કરી શકતો, પરંતુ તેની વધારે માત્રા સહીહ કરી શકે છે તો તેને પઢે, જો તેની કંઈક વધુ માત્રા પણ સહીહ ન કરી શકે તો કુરઆનની એ આયતો જે સહીહ પઢી શકતો હોય પઢે પણ એટલું પઢે કે સામાન્ય રીતે તેને કુરઆનની કિરઅત કહી શકાય. જો આ પણ ન કરી શકતો હોય તો તસ્બીહાતનું પઢવું પૂરતું છે. જે કંઈ બયાન થયું તે હમ્દના સૂરા વિશે છે અને સૂરા હમ્દની પછી બીજી સૂરાના વિશે ઝાહેર છે કે, જેણે યાદ નથી કર્યો અથવા યાદ નથી કરી શકતો તેના પર વાજિબ નથી અને ઉપરોક્ત હુકમ દરેક એ શખ્સ માટે છે જે સહીહ કિરઅત નથી કરી શકતો. ચાહે ન શીખવામાં મોકસ્સિર કેમ ન હોય. પરંતુ મોકસ્સિર હોવાની સૂરતમાં એહવત અને અવલા એ છે કે, ઉપરોક્ત રીતે નમાઝ પઢે અને જમાતની સાથે પણ પઢે, ઉપરાંત પોતાના તરફથી કોઈને નાયબ બનાવે જે તેના તરફથી નમાઝ અદા કરે.

(૩૩૨) જે કિરાઅતમાં ઝેર જબર સહીહ ન હોવા

બાબતે અજાણ હતો અને ન જાણવામાં કસૂરવાર પર ન હતો તો તેની નમાઝ સહીહ થશે અને ફરીથી પઢવાની પણ જરૂરત નથી, ભલે નમાઝ પછી ભૂલનું ભાન પણ થઈ જાય અને જો ન જાણવામાં કસૂરવાર હોય તો તેના પર સહીહ કિરઅત શીખી ફરીથી નમાઝ પઢવી જરૂરી છે અને તેના પર ભૂલીને નમાઝ છોડી દેવાવાળાનો હુકમ લાગુ પડશે.

---

## સફા અને મરવા વચ્ચે સઈ

સઈને કુરબતની નિય્યત અને નિખાલસતાપૂર્વક અદા કરવી જરૂરી છે. ગુપ્તાંગો છુપાવવા અથવા હદસ અને ખબસથી પાક હોવું શરત નથી. બહેતર છે કે પાકીઝગીનો ખ્યાલ રાખવામાં આવે.

(૩૩૩) સઈને તવાફ અને તવાફની નમાઝ પછી અંજામ આપવી જોઈએ; એટલે જો કોઈ તવાફ અથવા તવાફની નમાઝની પહેલાં બજાવી લાવે તો તવાફ અને તેની નમાઝ પછી ફરીવાર અંજામ આપવી જોઇએ. એ શખ્સ જે તવાફ ભૂલી જાય અને સઈ પછી તેને યાદ આવે તેનો હુકમ બયાન થઈ ચૂક્યો છે.

(૩૩૪) સઈની નિય્યતમાં એ નક્કી કરવું જરૂરી છે કે

આ ઉમરાની સઈ છે કે હજની.

(૩૩૫) સઈમાં સાત ચક્કર છે. પહેલો ચક્કર સફાથી શરૂ થઈ મરવા સુધી, જ્યારે કે બીજો ચક્કર મરવાથી શરૂ થઈ સફા પર પૂરો થાય છે. ત્રીજો ચક્કર વળી પહેલાં ચક્કરની જેમ થાશે. એવી જ રીતે ચક્કરોને ગણવામાં આવે, ત્યાં સુધી કે સાતમો ચક્કર મરવા પર પૂરો થાય. દરેક ચક્કરમાં સફા અને મરવાની વચ્ચેનુ પુરૂ અંતર કાપવુ જરૂરી છે, અને એ પહાડીઓ પર ચઢવું વાજિબ નથી. જો કે એહવત અને અવલા છે. એવી જ રીતે એહવત એ છે કે એ વાત ધ્યાનમાં રાખવામાં આવે કે હકીકતમાં પૂરો માર્ગ ઓળંગાય એટલે પહેલો ચક્કર સફાના તદન આરંભિક ભાગથી શરૂ કરે અને પુરૂ અંતર કાપી મરવાના આરંભિક ભાગ સુધી પહોંચે અને બાકીના ચક્કરો પણ આ રીતે પૂરા કરે.

(૩૩૬) જો કોઈ મરવાથી સઈ શરૂ કરે તો ચાહે ભૂલથી આમ કરે તો પણ જે ચક્કર તેણે લગાવ્યા છે તેને તર્ક કરે અને જરૂરી છે કે સઈને ફરીથી શરૂ કરે.

(૩૩૭) સઈમાં પગપાળા ચાલવું જરૂરી નથી. બલ્કે હેવાન અથવા કોઈ અન્ય સવારી પર સવાર થઈને પણ સઈ કરી શકાય છે, પરંતુ ચાલવું શ્રેષ્ઠ છે.

(૩૩૮) સઈમાં સફા અને મરવાની વચ્ચે જાણીતા માર્ગેથી જવું અને આવવું જરૂરી છે. એટલે જો કોઈ અપ્રચલિત માર્ગે જેમ કે મસ્જિદે હરામ અથવા કોઈ અન્ય માર્ગેથી જાય કે આવે તો એ પૂરતું નથી. તો પણ તદ્દન સીધા જાવું અને આવવું જરૂરી નથી.

(૩૩૯) મરવાની તરફ જતાં જતાં મરવા સામે અને મરવાથી સફા તરફ જતાં જતાં સફા સામે મોં હોવું જરૂરી છે. એટલે જો કોઈ મરવાની તરફ જતાં જતાં પીઠ ફેરવી લે અથવા સફા તરફ પાછા વળતાં સફાની તરફ પીઠ કરી લે તો એ પૂરતું નથી. પરંતુ આવતાં અને જતાં ડાબી જમણી અથવા આગળ-પાછળ જોવામાં કાંઈ વાંધો નથી.

(૩૪૦) એહવત એ છે કે, તવાફની જેમ સઈમાં પણ મવાલાતે ઉરફી (નિયત અનુક્રમ) નું ધ્યાન રાખવામાં આવે. તો પણ સફા મરવા અથવા તેની વચ્ચેના માર્ગમાં પોરો લેવા બેસવામાં કાંઈ વાંધો નથી. જો કે એહવત એ છે કે, સફા અને મરવા દરમિયાન થાકવા સિવાય ન બેસવામાં આવે. એવી જ રીતે સઈને રોકી નમાઝને તેના અફઝલ સમયે અદા કરવા અને નમાઝ પછી સઈને ફરી ત્યાંથી જ શરૂ કરવામાં કાંઈ હરજ નથી. સઈને કોઈ જરૂરત બલ્કે વગર જરૂરતે પણ છોડવી જાઈઝ છે. પરંતુ જો અનુક્રમ તૂટી જાય તો એહવત

એ છે કે, સઈને પણ પૂરી કરે અને ફરીવાર પણ બજાવી લાવે.

## સઈના હુકમો (નિયમો):

સઈ હજના અરકાનમાંથી એક રૂકન છે. એટલે જો કોઈ મસઅલો જાણવા છતાં અથવા ન જાણવાથી અથવા ખુદ સઈ વિશે જાણકારી ન હોવાના કારણે જાણી જોઈને સઈને ત્યાં સુધી છોડી દે કે ઉમરાના આમાલ અરફાતના દિવસે મધ્યાંતરથી પહેલાં સુધી અંજામ આપવા શક્ય ન રહે તો તેની હજ બાતિલ છે. તેનો હુકમ એ જ છે જે આવી રીતે તવાફને છોડી દેનારનો હુકમ છે, જે તવાફના પ્રકરણમાં બયાન થઈ ચૂક્યો છે.

(૩૪૧) જો ભૂલથી સઈ છૂટી જાય તો જ્યારે પણ યાદ આવે, ચાહે હજના આમાલ પતાવ્યા પછી યાદ આવે સઈ અદા કરવામાં આવે, જો જાતે અદા કરવી શક્ય ન હોય અથવા વાંધો કે તકલીફ અને મેહનત પડતી હોય તો કોઈ બીજાને સઈ માટે નાયબ બનાવવામાં આવે અને બંને સૂરતોમાં હજ સહીહ થાશે.

(૩૪૨) જે કોઈ શખ્સ સઈને તેના નિયત સમયે પોતે જાતે અંજામ આપવા શક્તિમાન ન હોય, ત્યાં સુધી કે કોઈની

સહાયથી પણ સઈ ન કરી શકતો હોય તો વાજિબ છે કે કોઈથી મદદ માંગે ભલે પછી એ બીજો શખ્સ તેને ખભા પર ઉપાડીને અથવા કોઈ ગાડી વગેરેમાં બેસાડીને સઈ કરાવે. જો આ રીતે પણ સઈ ન કરી શકતો હોય તો કોઈને સઈ માટે નાયબ બનાવે જેથી તે નાયબ તેના તરફથી સઈ કરે અને જો નાયબ બનાવવા પર પણ શક્તિમાન ન હોય, જેમ કે બેહોશ હોય તો તેનો વલી અથવા કોઈ અન્ય શખ્સ તેના તરફથી સઈ અંજામ આપે. આ રીતે તેની હજ સહીહ રહેશે.

(૩૪૩) તવાફ અને તવાફની નમાઝથી પરવાર્યા પછી એહતેયાતની રૂએ સઈ માટે ઉતાવળ કરવામાં આવે. જો કે ઝાહેર એ છે કે રાત સુધી વિલંબ કરવો જાઈઝ છે. જેથી થાક ઊતરી જાય અથવા ગરમીની ઉગ્રતા ઓછી થઈ જાય. બલ્કે અકવા એ છે કે કોઈ કારણ વગર પણ રાત સુધી વિલંબ કરવો જાઈઝ છે. પરંતુ ઈખત્યારની હાલતમાં બીજા દિવસ સુધી ઢીલ કરવી જાઈઝ નથી.

(૩૪૪) સઈમાં ચક્કરોમાં વધારો હોવાનો હુકમ એ જ છે જે તવાફના ચક્કરોમાં વધારો હોવા માટે છે. એટલે તવાફના પ્રકરણમાં આપેલ બયાન પ્રમાણે સઈમાં પણ જો જાણી જોઈને વધારો કરવામાં આવે તો સઈ બાતિલ થાશે.

પરંતુ જો મસઅલો ન જાણતો હોય તો અઝહર એ છે કે, વધારાના કારણે સઈ બાતિલ નહિં થાય. જો કે એહવત એ છે કે, સઈ ફરીથી કરવામાં આવે.

(૩૪૫) જો ભૂલથી સઈમાં વધારો થઈ જાય તો સઈ સહીહ રહેશે અને એક ચક્કર અથવા તેનાથી વધારે વધારો હોય તો મુસ્તહબ એ છે કે આ સઈના પણ સાત ચક્કર પૂરા કરવામાં આવે. જેથી આ પહેલી સઈ ઉપરાંત બીજી સંપૂર્ણ સઈ થઈ જાય, એટલે તેની સઈનો અંત સફા પર થાશે.

(૩૪૬) જો કોઈ જાણી જોઈને સઈના ઓછા ચક્કર અંજામ આપે, ચાહે મસઅલો જાણીને કે ન જાણવાના કારણે હોય તો તેનો હુકમ એ શખ્સના હુકમ જેવો છે, જે જાણી જોઈને સઈ છોડી દે. જેનો હુકમ પહેલાં બયાન થઈ ચૂક્યો છે. પરંતુ જો ભૂલથી ઓછા થઈ જાય તો અઝહર એ છે કે, જ્યારે યાદ આવે તેની કમીને પૂરી કરે ચાહે તે એક ચક્કર હોય કે એકથી વધારે. જો સઈનો સમય વીતી જવા પછી યાદ આવે, જેમ કે ઉમરાએ તમત્તોઅની સઈમાં કમી અરફાતમાં યાદ આવે અથવા હજની કમી તરફ ઝીલ્હજ મહિનો પૂરો થવા પછી ધ્યાન જાય તો એહવત એ છે કે કમીને પૂરી કર્યા પછી સઈ ફરીવાર પણ કરવામાં આવે. જો

પોતે અંજામ ન આપી શકતો હોય અથવા જાતે અંજામ આપવા કષ્ટ અને તકલીફ ઉપાડવી પડતી હોય તો કોઈને નાયબ બનાવે અને એહતેયાત એ છે કે નાયબ ભૂલેલા ચક્કરો પણ પૂરા કરે અને સઈ ફરીવાર પણ બજાવી લાવે.

(૩૪૭) જો કોઇથી ઉમરાએ તમત્તોઅની સઈમાં ભૂલથી કમી રહી જાય અને આ શખ્સ એમ સમજીને કે સઈથી ફારેગ થઈ ગયો છે. એહરામ ખોલી નાંખે તો એહવત એ છે કે એક ગાય કફ્ફારો આપે અને બતાવેલ રીત મુજબ સઈ સંપૂર્ણ પણ કરે.

## સઈમાં શકઃ

સઈનો સમય વીતવા પછી જે સઈના ચક્કરોની સંખ્યા વિશે અથવા તેના સહીહ હોવા વિશે શક થાય તો તે શકની પરવા ન કરવામાં આવે. જેમ કે, ઉમરાએ તમત્તોઅમાં તકસીર પછી સઈના ચક્કરોની સંખ્યા અથવા સહીહ થવા વિશે શક અથવા હજના તવાકુન્નિસા શરૂ થવા બાદ શક થાય તો તે શકની પરવા ન કરવામાં આવે. જો સઈથી ફારિગ થવા પછી ચક્કરોની સંખ્યા વધારે હોવા વિશે શક થાય તો સઈને સહીહ સમજવામાં આવે. જો ચક્કરોની સંખ્યા ઓછા હોવાનો શક અનુક્રમ પૂરો થવા પહેલાં થાય તો સઈ બાતિલ થાશે

બલ્કે એહતેયાતની રૂએ ક્રમ પૂરો થવા પછી શક થાય તો પણ સઈ બાતિલ થાશે.

(૩૪૮) જો ચક્કરો ખત્મ થવા પર વધારે હોવાનો શક થાય જેમ કે મરવા પહોંચ્યા પછી શક થાય કે આ સાતમો ચક્કર હતો કે નવમો તો એ શકની પરવા ન કરે અને આ સઈ સહીહ રહેશે. જો ચક્કરના દરમિયાન શક થાય તો સઈ બાતિલ છે અને વાજિબ છે કે સઈ ફરીથી શરૂ કરવામાં આવે.

(૩૪૯) સઈની દરમિયાન ચક્કરોની સંખ્યા વિશે શકનો હુકમ એ જ છે જે તવાફની વચ્ચે ચક્કરોની સંખ્યા વિશે શકનો હુકમ છે, એટલે સઈની દરમિયાન ચક્કરોની સંખ્યાના શકથી દરેક સૂરતમાં સઈ બાતિલ છે.

## તકસીર

તકસીરમાં કુરબતની નિય્યત અને નિખાલસતા જરૂરી છે.

તકસીરનો અર્થ એ છે કે હાજી પોતાના માથા, દાઢી કે મૂંછના અમુક વાળ કાપે. અઝહર એ છે કે કાપવાના બદલે ઊખેડવા પૂરતા નથી. ફકીહો દરમિયાન મશહૂર છે કે હાથ

અથવા પગના કોઈ નખ કાપવાથી પણ તકસીર થઇ જાય છે. પરંતુ એહવત એ છે કે, નખ કાપવા પૂરતા ન સમજવામાં આવે અને વાળ કાપવા સુધી તેને લંબાવવામાં આવે.

(૩૫૦) ઉમરાએ તમત્તોઅના એહરામને માત્ર માથા અથવા દાઢી મૂંછના થોડાક વાળ કાપીને જ ખોલી શકાય છે. માથું મૂંડાવવું પૂરતું નથી. બલ્કે માથું મૂંડાવવું હરામ છે. એટલે કોઈ જાણી બૂઝીને માથું મૂંડી લે તો જરૂરી છે કે, એક બકરી કફ્ફારો આપે એહવતે અવલા એ છે કે ભલે જાણી જોઈને ન મૂંડે તો પણ કફ્ફારો આપે.

(૩૫૧) જો કોઈ સઈ કર્યા પછી અને તકસીરના પહેલાં પોતાની પત્ની સાથે જાણી જોઈને સમાગમ કરે તો એક ઊંટ કફ્ફારો આપે. જેમ કે એહરામ તજવાની ચર્ચામાં આવી ચૂક્યું. પરંતુ જો શરીઅતના હુકમ ન જાણવા પર આ કાર્ય અંજામ દે તો અઝહર એ છે કે, તેના પર કફ્ફારો વાજિબ નહિં થાય.

(૩૫૨) તકસીરને સઈની પછી અંજામ આપવામાં આવે એટલે સઈ સંપૂર્ણ થવા પહેલાં તકસીર અંજામ આપવી જાઈઝ નથી.

(૩૫૩) સઈ પછી તકસીર તરત જ અંજામ આપવી

વાજિબ નથી અને જાઈઝ છે કે તકસીરને કોઈપણ ઠેકાણે અંજામ આપે. ચાહે સઈના ઠેકાણે અથવા પોતાના ઘરે અથવા કોઈ અન્ય સ્થળે.

(૩૫૪) જો કોઈ જાણી જોઈને તકસીર તજી દે અને પછી હજના માટે એહરામ બાંધી લે તો ઝાહેર છે કે તેનો ઉમરા બાતિલ થઈ જશે અને તેની હજ હજ્જે ઈફરાદમાં પલ્ટાઈ જશે એટલે જો હજના પછી શક્ય હોય તો ઉમરાએ મુફરદા કરે અને એહવત એ છે કે આવતા વરસે ફરીવાર હજ પઢે.

(૩૫૫) જે કોઈ ભૂલીને તકસીર ન કરે અને હજના માટે એહરામ બાંધી લે તો તેનો ઉમરા પણ સહીહ છે અને એહરામ પણ તો પણ એહવત અવલા એ છે કે એક બકરી કફ્ફારો આપે.

(૩૫૬) જ્યારે ઉમરાએ તમત્તોઅમાં મોહરિમ શખ્સ તકસીર અંજામ આપે તો જે વસ્તુઓ એહરામના કારણે હરામ થઈ હતી તે હલાલ થઈ જશે ત્યાં સુધી કે અઝહર એ છે કે માથુ મૂંડાવવું પણ જાઈઝ થઈ જશે. જો કે એહવત એ છે કે ઈદે ફીત્રના ત્રીસ દિવસ વિતવા પછી માથું મૂંડાવવાથી બચે. જો કોઈ આ જાણવા છતાં જાણી જોઈને માથુ મૂંડે તો એહવતે અવલા એ છે કે, એક કુરબાની કફ્ફારો આપે.

(૩૫૭) ઉમરાએ તમત્તોઅમાં તવાફુન્નિસા વાજિબ નથી, પરંતુ રજાઅની નિય્યતથી કરી શકાય છે.

---

## હજનો એહરામ

પહેલાં બયાન થઈ ચૂક્યું કે હજમાં તેર બાબતો વાજિબ છે, જેનો ટૂંકમાં ઉલ્લેખ થઈ ગયો અને હવે તેને વિગતવાર બયાન કરવામાં આવે છે.

### એહરામઃ

હજનો એહરામ બાંધવાનો શ્રેષ્ઠ સમય તરવિયાનો દિવસ (૮મી ઝિલહજના ઝોહરનો સમય છે. તો પણ વૃધ્ધો અને બીમાર શખ્સને જો ભીડનો ડર હોય તો તેઓ માટે જાઈઝ છે કે તરવિયાના દિવસ પહેલાં બીજા લોકોના નીકળવા પહેલાં એહરામ બાંધી મક્કાથી નીકળી જાય. એવી જ રીતે એ શખ્સ જેના માટે હજનો તવાફ બે વુકૂફો પહેલાં અંજામ આપવો જાઈઝ છે. જેમ કે ઔરત જેને હૈઝનો ખોફ હોય તો તેના માટે પણ એહરામ વહેલાં બાંધવો જાઈઝ છે. પહેલાં બયાન થઈ ચૂક્યું છે કે ઉમરા તમત્તોઅથી પરવાર્યા પછી ગમે ત્યારે એહરામમાં મક્કાથી કોઈ કામસર બહાર જાવું જાઈઝ છે. ઉપરોક્ત મોકાઓ સિવાય પણ ત્રણ દિવસ પહેલાં બલ્કે

અઝહર એ છે કે ત્રણ દિવસથી વધારે પહેલાં પણ એહરામ બાંધવો જાઈઝ છે.

(૩૫૮) જેવી રીતે ઉમરાએ તમત્તોઅ કરવાવાળા માટે તકસીરના પહેલાં હજના માટે એહરામ બાંધવો જાઈઝ નથી, એવી જ રીતે હજ કરવાવાળા માટે પણ હજનો એહરામ ઉતાર્યા પહેલાં ઉમરા મુફરદાના માટે એહરામ બાંધવો જાઈઝ નથી. હાજી પર તવાફુન્નિસા સિવાય કંઈ બાકી ન રહ્યું હોય તો પણ એહતેયાત મુજબ તે હજનો એહરામ ઉતારવા પહેલાં ઉમરાએ મુફરદાનો એહરામ નથી બાંધી શકતો.

(૩૫૯) જે શખ્સ ઈખત્યારી હાલતમાં અરફાતના દિવસના વુકૂફનો પૂરો સમય અરફાતમાં મેળવી શકતો હોય તેના માટે જાઈઝ નથી કે તે એહરામ બાંધવામાં એટલી ઢીલ કરે કે પછી અરફાતના વુકૂફનો સમય પૂરો મેળવી ન શકે.

(૩૬૦) હજ અને ઉમરાના એહરામના વાજિબાત અને મોહરમાત માત્ર નિય્યતોનો જ ફરક છે.

(૩૬૧) વાજિબ છે કે, એહરામ મક્કાથી બાંધવામાં આવે જેમ કે મીકાતોની ચર્ચામાં બયાન થયું. એહરામ બાંધવાની સૌથી શ્રેષ્ઠ જગ્યા મસ્જિદુલ હરામ છે અને મુસ્તહબ છે કે બે રકાત નમાઝ પઢવા પછી મકામે ઈબ્રાહીમ

અથવા હજરે ઈસ્માઈલમાં એહરામ બાંધવામાં આવે.

(૩૬૨) જે શખ્સ ભૂલથી અથવા શરીઅતનો હુકમ ન જાણવાના કારણે એહરામ છોડી દે ત્યાં સુધી કે મક્કાથી બહાર નીકળી જાય. પછી તેને યાદ આવે અથવા મસઅલાની ખબર પડે તો તેના પર મક્કા પાછું જવું વાજિબ છે, ભલે અરફાતથી પાછા જવું પડે અને પછી મક્કાથી એહરામ બાંધે. જો સમય તંગ હોવાના અથવા કોઈ બીજા કારણે પાછો ન ફરી શકતો હોય તો જ્યાં હોય ત્યાંથી જ એહરામ બાંધી લે. આ જ હુકમ છે જ્યારે અરફાતના વુકૂફ પછી યાદ આવે અથવા મસઅલાની ખબર પડે ચાહે મક્કા જવું અને ત્યાંથી એહરામ બાંધવો શક્ય હોય જો યાદ જ ન આવે અથવા મસઅલાની ખબર જ ન પડે ત્યાં સુધી કે હજથી ફારિગ થઈ જાય તો તેનો હજ સહીહ થાશે.

(૩૬૩) જો કોઈ એહરામને વાજિબ હોવાનું જાણવા છતાં જાણી જોઈને તજી દ્યે ત્યાં સુધી કે અરફાતમાં વુકૂફનો સમય પણ પૂરો થઈ જાય તો તેની હજ બાતિલ થઈ જશે. જે સંજોગમાં એહરામ પહેરીને વાજિબ વુકૂફના રૂકન જેટલા પ્રમાણમાં અરફાત પહોંચી જાય તે સંજોગોમાં તેની હજ સહીહ છે, પરંતુ તે ગુનેહગાર થયો.

(૩૬૪) એહતેયાત એ છે કે, હજે તમત્તોઅ કરનાર શખ્સ હજનો. એહરામ બાંધ્યા પછી અને અરફાતથી નીકળવા પહેલાં મુસ્તહબ તવાફ ન કરે અને જો કોઈ મુસ્તહબ તવાફ કરે તો એહવતે અવલા એ છે કે તવાફ પછી ફરીવાર તલબીયા કહે.

---

## વુકૂફે અરફાત

હજે તમત્તોઅની વાજિબ બાબતોમાં બીજું વાજિબ અરફાતમાં વુકૂફ કરવો છે. જેને કુરબતન એલલ્લાહ અને નિખાલસ દિલથી અંજામ આપવો જોઈએ. અરફાતનો વુકૂફથી મુરાદ એ છે કે હાજી અરફાતમાં મોજૂદ હોય. તેનાથી ફરક નથી પડતો કે સવારીની હાલતમાં હોય કે પગપાળા, ગતિમાં હોય કે શાંત અને સ્થિર.

(૩૬૫) અરફાતના મેદાનની સીમાઓ ઓરના, સવય્યા અને નમરાના મેદાનથી ઝીલ મજાઝ સુધી અને માઅઝમીનના અંતિમ સ્થળ સુધી છે. અલબત્તા આ પોતે અરફાતની સીમાઓ છે અને વુકૂફની જગ્યાથી બહાર છે.

(૩૬૬) ઝાહેર એ છે કે, રહમત' નામી પહાડી વુકૂફની જગ્યામાં શામિલ છે, પરંતુ પહાડની તળેટીમાં ડાબી બાજુ

કયામ કરવો શ્રેષ્ઠ છે.

(૩૬૭) વુકૂફમાં જરૂરી છે કે ત્યાં રહેવાની નિય્યતથી રોકાય એટલે જે હાજી શરૂ સમયમાં ત્યાં રોકાવાની નિય્યત કરે અને પછી જેમ કે અંત સુધી સૂતો રહે અથવા બેહોશ થઈ જાય તો એ પૂરતું છે. પરંતુ નિય્યતના પહેલા સૂઇ જાય અથવા બેભાન થઈ જાય તો વુકૂફ હાંસિલ નહિ થાય. એવી જ રીતે જો વુકૂફની નિય્યત કરી વુકૂફનો પૂરો સમય સૂતો રહે અથવા બેભાન રહે તો તેનો વુકૂફ હાંસિલ થવામાં ઈશ્કાલ છે.

(૩૬૮) વાજિબ છે કે નવમી ઝિલહજના અરફાતમાં હાજર થાય અને એહતેયાતની રૂએ ઝોહરની શરૂઆતથી સૂર્યાસ્ત સુધી ત્યાં રહે. અઝહર એ છે કે ઝોહરથી એટલો સમય વિલંબ કરી શકે છે કે ગુસલ કરી ઝોહર અને અસરની નમાઝ એક સાથ પઢી લે. જો કે આ પૂરા સમયમાં ત્યાં રહેવું વાજિબ છે અને જો કોઈ જાણી જોઈને છોડે તો ગુનેહગાર થાશે પણ એ કે રૂકન નથી એટલે જો કોઈ વુકૂફના સમયમાંથી અમુક પ્રમાણ છોડી દેતો તેની હજ બાતિલ નહિ થાય તો પણ કોઈ ઈખત્યારની હાલતમાં હોવા છતાં પૂરો વુકૂફ છોડી દે તો તેની હજ બાતિલ થઈ જશે. એટલે વુકૂફમાંથી જે રૂકન છે તેનો કંઈક અંશ (અર્થાત્ કંઈક પ્રમાણે રોકાવું) રૂકન છે. (નહિં કે પૂરો સમય.)

(૩૬૯) જો કોઈ શખ્સ ભૂલથી અથવા અજાણતાના કારણે અથવા કોઈ બીજા કારણસર અરફાતના ઈખત્યારી કયામ (દિવસના કયામ)ને મેળવી ન શકે તો તેના માટે વુકૂફે ઈઝતેરારી-ઈદની રાતે કંઈક પ્રમાણ અરફાતમાં રોકાવું જરૂરી છે અને તેની હજ સહીહ રહેશે અને જાણી જોઈને વુકૂફે ઈઝતેરારીને છોડી દે તો હજ બાતિલ થઈ જશે આ હુકમ ત્યારે છે કે જ્યારે તેના માટે વુકૂફે ઈઝતેરારીને આ રીતે મેળવવો શક્ય હોય કે તેના કારણે સૂર્યોદ્‌ય પહેલાં મશઅરનો વુકૂફ ખતમ ન થઈ જતો હોય. પરંતુ જો અરફાતમાં ઈઝતેરારી વુકૂફથી નક્કી સમયમાં મશઅરનો વુકૂફ ખત્મ થઈ જવાનો ભય હોય તો માત્ર મશઅરના વુકૂફને પૂરતો ગણવો વાજિબ છે અને તેની હજ સહીહ થાશે.

(૩૭૦) જાણી જોઈને સૂર્યાસ્ત પહેલાં અરફાતથી બહાર જવું હરામ છે. પરંતુ તેના કારણે હજ બાતિલ નથી થતી. એટલે જો કોઈ જઈને પાછો આવી જાય તો તેના પર કફ્ફારો વાજિબ નથી. નહિંતર એક ઊંટ કફ્ફારો વાજિબ થાશે, જેને કુરબાની ઈદના દિવસે નહેર કરે. એહવત એ છે કે, ઊંટને મિનામાં કુરબાન કરે, મક્કામાં નહિં. જો કુરબાની કરવી શક્ય ન હોય તો મક્કામાં અથવા માર્ગમાં અથવા ઘરે આવીને અઢાર રોઝા રાખે. એહવતે અવલા એ છે કે રોઝા ઉપરા

ઉપરી રાખે. આ જ હુકમ એ શખ્સ માટે પણ છે, જે ભૂલથી અથવા મસઅલો ન જાણવાના કારણે અરફાતથી બહાર જાય. એટલે જ્યારે પણ તેને યાદ આવે અથવા મસઅલાની ખબર પડે તેના પર અરફાત પાછા ફરવું વાજિબ છે અને જો પાછો ન ફરે તો એહવત એ છે કે કફ્ફારો આપે.

(૩૭૧) કેમ કે હજના અમુક આમાલ જેમ કે અરફાત અને મશઅરના વુકૂફો, રમીએ જમરાત, અને મિનામાં રાત વિતાવવા માટે દિવસ અને રાત ખાસ છે, તો મુકલ્લફની જવાબદારી એ છે કે તે એ મહિનાના ચાંદ વિશે ચોક્કસાઈ કરે, જેથી હજના આમાલ તેના ખાસ દિવસોમાં અથવા રાતમાં અદા કરી શકે. જ્યારે એ પવિત્ર સ્થળોના કાઝી પાસે ચાંદ પૂરવાર થઈ જાય અને તે એ પ્રમાણે હુકમ આપે, જ્યારે કે ચાંદનું સાબિત થવું શરીઅતના કાનૂનો મુજબ ન હોય પરંતુ જો શક્યતા હોય કે હુકમ હકીકત મુજબ હશે તો અમુક ફકીહોએ કહ્યું છે કે કાઝીનો હુકમ એ શખ્સ માટે હુજ્જત અને અમલ કરવા જોગ થાશે. એટલે એ મુકલ્લફના માટે જરૂરી છે કે તે આ હુકમ મુજબ અનુસરે અને ચાંદ સાબિત થવાના આસારથી સંકલિત હજના આમાલ જેમ કે અરફાતમાં વુકૂફ અને મશઅરામાં અને મિનામાં રાત વિતાવવા વગેરેને હુકમ પ્રમાણે અંજામ આપે, એટલે જો તેણે આ

હુકમ મુજબ અમલ કર્યો તો તેની હજ સહીહ થાશે, નહિંતર બાતિલ. અમુક ફકીહોએ ત્યાં સુધી કહ્યું છે કે જો યકીન હોય કે કાઝીનો હુકમ શરીઅત મુજબ નથી અને તકય્યાનો સંજોગ હોય તો પણ કાઝીના હુકમ પર અમલ કરવો કાફી છે. પરંતુ બંને કથનો મુજબ હજ સહીહ થવી અત્યંત મુશ્કિલ છે. એટલે અગર મુકલ્લફના માટે આમાલે હજને તેના શરીઅતી રીતે સાબિત થએલા ખાસ સમયમાં અંજામ આપવા શક્ય હોય અને તે અંજામ આપે તો સ્પષ્ટ છે કે તેની હજ સહીહ થાશે. પરંતુ હજના આમાલને કોઈપણ કારણસર આ રીતે અંજામ ન આપે અને બંને વુકૂફોમાં કાઝીને પણ ન અનુસરે તો તેની હજ બાતિલ હોવામાં કાંઇપણ શક નથી. અને જો કાઝીના હુકમની પૈરવી કરે તો તેની હજ સહીહ હોવામાં ઈશ્કાલ છે.

---

## મુઝદલફા (મશઅર)નો વુકૂફ

હજે તમત્તોઅના વાજિબોમાંથી ત્રીજું વાજિબ મુઝદલફાનો વુકૂફ છે. મુઝદલફા એ સ્થળનું નામ છે જેને મશઅરૂલ હરામ કહેવામાં આવે છે. આ મોકફની સીમાઓ મઆઝમીનથી હયાઝ અને મોહસ્સરની વાદી સુધી છે. આ મોકફના સ્થળોની

સીમા છે, પોતે વુકૂફની જગ્યામાં શામેલ નથી. સિવાય એ સમયે કે જ્યારે ભીડ વધારે હોય અને વુકૂફની જગ્યા તંગ પડતી હોય. તો એ સમયે જાઈઝ છે કે, મઆઝમીનની તરફથી ઉપર જાય (મઆઝમયન અરફાત અને મશઅરૂલ હરામની વચ્ચે એક ઘાટનું નામ છે.)

(૩૭૨) હજ કરવાવાળા પર અરફાતથી નીકળીને વાજિબ છે કે, ઈદની રાતથી સવાર સુધી મુઝદલફામાં રોકાય. એહવત એ છે કે, મુઝદલફામાં સૂર્યોદય સુધી રહે. જો કે અઝહર એ છે કે, મુઝદલફાથી મોહસ્સરની વાદી જવા માટે ઉદયથી કંઈક પહેલાં નીકળવું જાઈઝ છે. તો પણ મોહસ્સરની વાદીમાંથી પસાર મિનામાં સૂર્યોદય પહેલાં દાખલ થવુ જાઈઝ નથી.

(૩૭૩) ઉપરોકત પૂરો સમય ઈખત્યારી રીતે મુઝદલફામાં રહેવું વાજિબ છે. પણ એ કે વુકૂફમાંથી જે રૂકન છે તે કંઈક પ્રમાણમાં રોકાવું છે. એટલે જો કોઈ ઈદની રાતનો કંઈક ભાગ મુઝદલફામાં રહે પછી ત્યાંથી સૂર્યોદય પહેલાં નીકળી જાય તો અઝહર એ છેકે, તેની હજ સહીહ હશે. પરંતુ જો મસઅલો જાણવા છતાં નીકળે તો તેના પર એક બકરી કફ્ફારો લાગશે અને મસઅલો ન જાણવા પર નીકળે તો તેના પર કફ્ફારો વાજિબ નથી. એવી જ રીતે જો

ફજર થવા અને સૂર્યોદયની દરમિયાન કંઈક પ્રમાણમાં મુઝદલફામાં રહે અને કંઈક પ્રમાણ ન રહે, ચાહે જાણી જોઈને ન રહ્યો હોય, તેની હજ સહીહ રહેશે અને કફ્ફારો પણ વાજિબ નથી, જો કે ગુનેહગાર થાશે.

(૩૭૪) મુઝદલફામાં નક્કી સમય (એટલે તુલએ સુબ્હ સુધી અને એહતિયાતની રૂએ સૂર્યોદય સુધી) વુકૂફ (રોકાવું) ઇખત્યારની હાલતમાં વાજિબ છે. આ હુકમથી અમુક લોકો જેમ કે ડરેલાં, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને બીમાર જેવા કમજોર લોકો અને એ લોકો જે આ લોકોની સંભાળ રાખતાં હોય, બાકાત છે. એટલે એ લોકો માટે ઈદની રાત મુઝદલફામાં રહેવા પછી ફજર થવા પહેલા મિના માટે નીકળવું જાઈઝ છે.

(૩૭૫) મુઝદલફાના વુકૂફ માટે કુરબતની નિય્યત અને નિખાલસતાની ભાવના જરૂરી છે. એવી જ રીતે એ પણ જરૂરી છે કે ઈરાદા અને ઈખત્યારથી ત્યાં રહે, જેમ કે અરફાતના વુકૂફમાં બયાન થઈ ચૂક્યું છે.

(૩૭૬) જે કોઈ શખ્સ મુઝદલફામાં ઇખત્યારી વુકૂફ (ઈદની રાતથી સૂર્યોદય સુધી રહેવું) ભૂલથી અથવા કોઈ અન્ય કારણે ન મેળવી શકે તો વુકૂફે ઈઝતેરારી (વિવશ)

ઈદના દિવસે સૂર્યોદયથી ઝોહરની દરમિયાન કંઈક સમય ત્યાં રહેવું પૂરતું ગણાશે. જો કોઈ ઈઝતેરારી વુકૂફને પણ જાણી જોઈને છોડી દે તો તેની હજ બાતિલ થઈ જશે.

## બંને અથવા કોઈ એક વુકૂફને મેળવવો:

પહેલાં બયાન થઈ ચૂક્યું છે કે અરફાતના વુકૂફ અને મુઝદલફાના વુકૂફમાંથી દરેકના બે પ્રકાર છે. ઈખત્યારી વુકૂફ અને ઈઝતેરારી (વિવશ) વુકૂફ. જે મુકલ્લફ બંને ઈખત્યારી વુકૂફ મેળવી લે તો તો કોઈ ઈશ્કાલ નથી અને જો ઈખત્યારી વુકૂફ કોઈ કારણસર મેળવી ન શકે તો તેની કેટલીક સૂરતો છે:

૧. બંને વુકૂફોના ઈખત્યારી અને ઈઝતેરારીમાંથી કોઈ પણને મેળવી ન શકે તો હજ બાતિલ થાશે અને વાજિબ છે કે આ હજના એહરામથી ઉમરા મુફરદા અંજામ આપવામાં આવે. જો આ હજ ઈસ્લામી હજ હતી તો વાજિબ છે કે, જો ઈસ્તેતાઅત બાકી રહે અથવા હજ તેના પર અગાવ વાજિબ થઇ ચૂકી હતી તો આવતા વરસે ફરી હજ કરે.

૨. અરફાતની ઈખત્યારી વુકૂફઅને મુઝદલફાનો ઈઝતેરારી વુકૂફ મળે.

૩. અરફાતનો ઈઝતેરારી વુકૂફ અને મુઝદલફાનો

ઈખત્યારી વુકૂફ મળે.

ઉપરોક્ત બંને સૂરતોમાં ઈશ્કાલ વગર હજ સહીહ છે.

૪. અરફાત અને મુઝદલફા બંનેના ઈઝતેરારી વુકૂફ મળે તો

અઝહર એ છે કે આ સંજોગમાં હજ સહીહ છે. જો કે એહવત એ છે કે, આવતા વરસે ફરી હજ કરવામાં આવે, જેમ કે પહેલી સૂરતમાં બયાન થઈ ચૂક્યું.

૫. માત્ર મુઝદલફાનો ઈખત્યારી વુકૂફ મળે આ સંજોગમાં પણ હજ સહીહ છે.

૬. માત્ર મુઝદલફાનો ઈઝતેરારી વુકૂફ મળે તો અઝહર એ છે કે, હજ બાતિલ થઈ જશે અને ઉમરા મુફરદામાં પલટાઈ જશે.

૭. માત્ર અરફાતનો ઈખત્યારી વુકૂફ મળે તો અઝહર એ છે કે, હજ બાતિલ છે અને ઉમરા મુફરદામાં પલટાઈ જશે, આ હુકમથી એ પ્રસંગ બાકાત છે કે જ્યારે હાજી મુઝદલફામાં ઈખત્યારી સમયમાં મિના જતાં જતાં મુઝદલફાથી પસાર થાય પરંતુ મસઅલો ન જાણવાના કારણે ત્યાં રોકાવાની નિય્યત ન કરે, અને જો ત્યાંથી પસાર થતાં સમયે ખુદાનો ઝિક કર્યો હોય તો બઈદ નથી કે તેની હજ સહીહ હોય.

૮. માત્ર અરફાતનો ઈઝતેરારી વુકૂફ મળે તો તેની હજ બાતિલ થાશે અને ઉમરા મુફરદામાં પલટાઈ જશે.

## મિના અને તેના વાજિબાતો:

હાજી પર વાજિબ છે કે મુઝદલફામાં વુકૂફ કર્યા પછી મિના જવા માટે નીકળે, જેથી એ આમાલ જે મિનામાં વાજિબ છે, તેને અંજામ આપી શકે અને આ ત્રણ આમાલ છે જેની વિગત નીચે મુજબ છે:

## ૧.રમીએ જમરાત

રમીએ જમરએ અકબા (મોટા શૈતાનને પત્થર મારવા) હજની વાજિબોમાં ચોથું વાજિબ ઈદે કુરબાનના દિવસે મોટા શૈતાનને કાંકરી મારવાનું છે. તેમાં અમુક ચીઝો જરૂરી છે.

૧. કુરબતનો ઈરાદો અને નિખાલસ નિય્યત.

૨. રમી સાત કાંકરાથી કરવામાં આવે, એનાથી ઓછા પૂરતા નથી. એવી જ રીતે કાંકરા સિવાય કોઈ બીજી ચીઝથી રમી કરવી પૂરતી નથી.

૩. એક એક કરીને સાત કાંકરી મારવામાં આવે, એટલે એક સાથે બે અથવા વધારે કાંકરા મારવા પૂરતા નથી.

૪. જે કાંકરી જમરા સુધી પહોંચે એ જ ગણત્રીમાં આવશે. એટલે જે કાંકરી જમરા સુધી ન પહોંચે તેને ગણવામાં

નહિં આવે.

૫. કાંકરી ફેંકવાના કારણે જમરા સુધી પહોંચે. એટલે જમરા પર મૂકી દેવી પૂરતી નથી.

૬. કાંકરી ફેંકવા અને જમરા સુધી પહોંચવુ હાજીના ફેંકવાના કારણે હોય, એટલે જે કાંકરી હાજીના હાથમાં હોય અને જાનવર અથવા કોઈ ઈન્સાનના અથડાવાથી કાંકરી જમરાને લાગી જાય તો એ પૂરતું નથી. એવી જ રીતે જો હાજી કાંકરી ફેંકે અને તે કોઈ પ્રાણી કે ઈન્સાન પર પડે અને તેના હલવાથી જમરાને લાગી જાય તો એ પૂરતું નથી. પરંતુ જો કાંકરી તેના માર્ગમાં કોઈ વસ્તુથી અથડાયા પછી જમરાને લાગે જેમકે કાંકરી સખ્ત જમીનને લાગીને પછી જમરાને લાગે તો ઝાહેર છે કે આ કાફી છે.

૭. રમી હાથેથી કરે. એટલે જો મોં અથવા પગથી કરે તો પૂરતું નથી. એવી જ રીતે એહવત એ છે કે કોઈ હથિયાર જેમ કે ગોફણ વગેરેથી રમી કરવી પૂરતી નથી.

૮. રમી સૂર્યોદ્યથી લઈને સૂર્યાસ્ત વચ્ચે થાય તો પણ સ્ત્રીઓ અને એ બધા જેને માટે મશઅરથી રાતના નીકળવું જાઈઝ છે, ઈદની રાતના રમી કરી શકે છે.

(૩૭૭) જો કોઈને પત્થર લાગવા વિશે શંકા થાય તો એ

સમજે કે નથી લાગ્યો. સિવાય એ કે તેની શંકા સમય વીતવા પછી હોય, જેમ કે કુરબાની કરવા પછી અથવા માથું મૂંડાવવા પછી અથવા રાત શરૂ થવા પછી શક થાય.

(૩૭૮) કાંકરાઓમાં બે ચીઝો જરૂરી છે:

૧. કાંકરાઓને હરમની સીમામાંથી મસ્જિદુલ હરામ અને મસ્જિદે ખીફના સિવાય, ઉપાડવામાં આવે અને શ્રેષ્ઠ એ છે કે મશઅરથી ઉપાડવામાં આવે.

૨. એહતેયાત પ્રમાણે કાંકરાઓ પહેલા વાપરેલા ન હોય, અર્થાત્ પત્થરોને પહેલાં રમી માટે વાપરવામાં આવ્યા ન હોય. મુસ્તહબ છે કે પત્થર રંગીન અને નરમ હોય, વળી પરીઘના હિસાબે આંગળીના વેઢા બરાબર હોય, અને મુસ્તહબ છે કે રમી કરવાવાળો ઊભો રહી અને બાતહારત રમી કરે.

(૩૭૯) જો જમરાની લંબાઈને વધારવામાં આવે તો તે વધારાના ભાગ પર રમી પૂરતી હોવામાં ઈશ્કાલ છે. એહવત એ છે કે, જમરાનો જે પહેલો ભાગ હતો તેના પર રમી કરવામાં આવે. જો જૂના ભાગ પર રમી શક્ય ન હોય તો પોતે વધારાના ભાગ પર રમી કરે અને જૂના ભાગ પર રમી કરવા માટે કોઈને નાયબ બનાવવામાં આવે. આ મસઅલામાં

મસઅલો જાણનાર અને ન જાણનાર અને ભૂલી જનારમાં કંઇપણ ફરક નથી.

(૩૮૦) જે કોઈ ભૂલથી અથવા મસઅલો ન જાણવા અથવા કોઈ અન્ય કારણે ઈદના દિવસે રમી ન કરે તો જ્યારે યાદ આવે યા અંતરાય દૂર થઈ જાય ત્યારે રમી અંજામ આપે. જો અંતરાય રાતના દૂર થાય અને તે એ લોકોમાં ન હોય જેના માટે રાતના રમી કરવી જાઈઝ છે તો જરૂરી છે કે દિવસ સુધી ઢીલ કરે. જેનું વર્ણન જમરાની રમીની ચર્ચામાં આવશે. ઝાહિર એ છે કે અંતરાય દૂર થવા પછી તેનો ઈલાજ કરવો એ સમયે વાજિબ છે જ્યારે હાજી મિનામાં બલ્કે મક્કામાં હોય, ભલે ૧૩ ઝિલ્હજ પછી અંતરાય દૂર થયો હોય. જો કે એહવત એ છે કે આ સંજોગોમાં રમીના આવતા વરસે પોતે અથવા નાયબ મારફતે ફરીવાર અંજામ આપે. જો મક્કામાંથી નીકળવા પછી અંતરાય દૂર થાય તો મક્કા પાછું ફરવું વાજિબ નથી. બલ્કે એહવત અને અવલા એ છે કે, આવતાં વરસે પોતે અથવા નાયબ મારફત રમી અંજામ આપે.

(૩૮૧) જો કોઈ ભૂલી જવાથી અથવા મસઅલો ન જાણવાના કારણે ઈદના દિવસે રમી ન કરે અને તેને તવાફના

પછી યાદ આવે અથવા મસઅલાની જાણ થાય અને તે રમી અંજામ આપે તો ફરી તવાફ કરવો વાજિબ નથી. તો પણ એહતેયાત એ છે કે, તેને ફરી અંજામ આપે અને જો રમીને ભૂલવા અથવા મસઅલો ન જાણવા સિવાય કોઈ અન્ય કારણસર છોડી હોય તો ઝાહિર એ છે કે, તેનો તવાફ બાતિલ થાશે એટલે રમી કરવા પછી તવાફને ફરીથી અંજામ આપવો વાજિબ છે.

## ૨. મિનામાં કુરબાની

કુરબાની કરવી હજે તમત્તોઅની વાજિબોમાંથી પાંચમું વાજિબ છે. તેમાં કુરબતનો ઈરાદો અને નિખાલસતા જરૂરી છે. કુરબાની ઈદના દિવસ પહેલાં ન કરે, સિવાય એ શખ્સના કે જેને ડર હોય. એટલે ડરનાર શખ્સના માટે ઈદની રાતે કુરબાની કરવી જાઈઝ છે. એહતેયાતની રૂએ કુરબાની રમી પછી કરવી વાજિબ છે. પરંતુ જો કોઈ ભૂલીને અથવા મસઅલો ન જાણવાના કારણે કુરબાની રમી પહેલાં કરે તો તેની કુરબાની સહીહ રહેશે અને ફરીથી કરવી જરૂરી નથી. વાજિબ છે કે, કુરબાની મિનામાં આપે. પરંતુ જો હાજીઓ વધારે હોવાના અને જગ્યા ઓછી હોવાના કારણે મિનામાં કુરબાની કરવી શક્ય ન હોય તો બઈદ નથી કે મોહસ્સરની

વાદીમાં કુરબાની કરવી જાઈઝ હોય. જો કે એહવત એ છે કે, તશરીકના દિવસો (૧૧-૧૨-૧૩) ઝિલહજના અંત સુધી મિનામાં કુરબાની ન કરી શકવાનું જ્યાં સુધી યકીન ન હોય ત્યાં સુધી મોહસ્સરની વાદીમાં કુરબાની ન કરવામાં આવે.

(૩૮૨) એહતેયાત એ છે કે કુરબાની ઈદે કુરબાનના દિવસે કરવામાં આવે. જો કે અકવા એ છે કે, કુરબાની તશરીક દિવસોના અંત સુધીમાં કરવી જાઈઝ છે. એહતેયાત એ છે કે રાતે પણ કુરબાની ન કરવામાં આવે. ભલે પછી તશરીકના દિવસોની વચ્ચેની રાતો હોય. સિવાય એ શખ્સની કે જેને ડર હોય તે રાતે કુરબાની કરી શકે છે.

(૩૮૩) જે સ્વતંત્ર રીતે કુરબાની કરવા શક્તિમાન હોય તો એક કુરબાની એક શખ્સ માટે પૂરતી રહેશે અને જો એકલો શખ્સ કુરબાની કરવા શક્તિમાન ન હોય તો તેનો હુકમ મસઅલા નં.:૩૯૬માં આવશે.

(૩૮૪) વાજિબ છે કે, કુરબાનીનું જાનવર ઊંટ, ગાય અથવા બકરી વગેરે હોય. ઊંટ એ સમયે પૂરતો ગણાશે જ્યારે તે પાંચ વર્ષ પૂરા કરી છઠ્ઠા વર્ષમાં પ્રવેશી ચૂક્યો હોય. ગાય અને બકરી એહવતની રૂએ ત્યારે કાફી ગણાશે જ્યારે

બે વર્ષ પૂરા કરી ત્રીજા વર્ષમાં પ્રવેશી ચૂક્યા હોય અને ઘેંટુ ત્યારે પૂરતો થશે જ્યારે સાત મહિના પૂરા કરી આઠમા મહિનામાં દાખલ થઈ ચૂક્યો હોય જો કે એહતેયાત એ છે કે, ઘેંટુ એક વર્ષ પૂરો કરી બીજામાં દાખલ થઈ ચૂક્યુ હોય અને જો કુરબાની કરવા પછી ખબર પડે કે જાનવર નક્કી વયથી નાનું હતું તો પૂરતું નહિં ગણાય અને કુરબાની ફરીથી કરવી પડશે. કુરબાનીના જાનવરોના અંગો સાલિમ હોવા જરૂરી છે, એટલે કાણો, લંગડો, કાનકટો અથવા અંદર સીંગ તૂટેલ હોય તો પૂરતો નહિં ગણાય. અઝહર એ છે કે, ખસ્સી જાનવર પણ પૂરતું નથી. સિવાય એના કે, ખસ્સી વગરનું જાનવર ન મળતું હોય. જરૂરી છે કે, સામાન્ય જાનવરો કરતા કમજોર ન હોય અને એહવત અને અવલા એ છે કે, બીમાર અથવા એવું જાનવર જેના અંડવાની નસો અથવા અંડવા પોતે દબાવેલો ન હોય. એટલું બુઢ્ઢું ન હોય કે તેના હાડકાનો માવો પાણી થઇ ગયુ હોય. પરંતુ જો તેના કાન ચીરેલા અથવા વીંધેલા હોય તો કાંઈ હરજ નથી. જો કે એહવતે અવલા એ છે કે, કુરબાનીનું જાનવર જન્મથી જ સીંગ કે પૂંછ વગરનું ન હોય.

(૩૮૫) જે કોઈ કુરબાનીનું જાનવર સહીહ સાલિમ સમજીને ખરીદે અને કિંમત આપ્યા પછી ખામીવાળું સાબિત

થાય તો ઝાહેર છે કે, એ જાનવરને પૂરતું ગણવું જાઈઝ છે.

(૩૮૬) જો કુરબાનીના દિવસો (ઈદ અને તશરીકના દિવસો)માં શરતોવાળું કોઈ જાનવર (જેમ કે, ઊંટ, ગાય કે બકરી વગેરે) ન મળે તો એહવત એ છે કે ભેગું કરે. એટલે ખામીવાળુ જે જાનવર મળી રહ્યું હોય તેને ઝબ્હ કરે અને કુરબાનીના બદલે રોઝા પણ રાખે. આ હુકમ એ સમયે પણ છે જ્યારે તેની પાસે ખામીવાળુ જાનવર (જેમાં પૂરી શરતો ન હોય)ના પૈસા હોય જો ઝિલહજ મહિના બાકી દિવસોમાં સંપૂર્ણ શરતોવાળું જાનવર હાંસિલ કરી શકતો હોય તો એહવત એ છે કે બે ચીઝો (ખામીવાળા જાનવરની કુરબાની અને કુરબાનીના બદલે રોઝા) ની સાથે તેને પણ ભેળવે.

(૩૮૭) જે જાનવરને રૂષ્ટપુષ્ટ સમજીને ખરીદવામાં આવે અને પાછળથી એ કમજેર નીકળે, તો એ જ જાનવર પૂરતું છે. ચાહે કુરબાની કરવા પહેલાં ખબર પડે અથવા પાછળથી. પરંતુ જો ખુદ તેની પાસે જેમ કે ઘેટો હોય અને એમ ધારીને કે એ ભરાવદાર છે ઝબ્હ કરે પણ પાછળથી ખબર પડે કે તે કમજોર હતો, તો એહવત એ છે કે, આ કુરબાની પૂરતી નહિં થાય.

(૩૮૮) જે જાનવર ઝબ્હ કરવા પછી શક થાય કે જાનવર શરતોવાળું હતું કે નહિં? તો એ શકને ન ગણકારે. જો ઝબ્હ

કર્યા પછી શક થાય કે કુરબાની મિનામાં કરી હતી અથવા કોઈ અન્ય જગ્યાએ તો તેનો પણ આ જ હુકમ છે. પરંતુ જો ખુદ ઝબ્હ કરવા વિશે જ શક હોય કે ઝબ્હ કર્યું હતું કે નહિં, અને જો સમય વીતવા પછી, માથું મૂંડાવવા યા તકસીર કરવા પછી શક થાય તો એ શકને ગણકારવામાં ન આવે અને જો સમય પહેલાં શક થાય તો કુરબાની કરવી પડશે. જો જાનવરના દુબળા હોવા વિશે શક હોય અને કુરબતની નિય્યત સાથે એ આશા પર જાનવર ઝબ્હ કરવામાં આવે કે દુબળું નથી અને ઝબ્હ કરવા પછી ખબર પડે કે ખરેખર દુબળું નહોતું તો એ કુરબાની પૂરતી થાશે.

(૩૮૯) જે કોઈ હજે તમત્તોઅની કુરબાની માટે સહીહ જાનવર ખરીદે અને ખરીદવા પછી રોગી અથવા ખામીવાળુ થઈ જાય અથવા કોઈ અંગ તૂટી જાય તો તે જાનવર પૂરતું હોવું મુશ્કિલ છે. બલ્કે તેના પર આધાર રાખવો સહીહ નથી. જો કે એહતિયાતે મુસ્તહબ છે કે, આ જાનવરને પણ ઝબ્હ કરે અને જો તેને વેચી દે તો તેની કિંમત સદકો કરી નાખે.

(૩૯૦) જે કુરબાની માટે ખરીદેલું જાનવર ગુમ થઈ જાય અને ન મળે. અને એ ખબર પણ ન પડે કે તેના વતી

કોઇપણે કુરબાની કરી છે તો વાજિબ છે કે બીજું જાનવર ખરીદે અને જો બીજું જાનવર ઝબ્હ કરવા પહેલાં પહેલું જાનવર મળી આવે તો પહેલાં જાનવરને ઝબ્હ કરવામાં આવે અને બીજામાં ઈખત્યાર છે ચાહે ઝબ્હ કરે કે ન કરે અને તે તેના બીજા માલની જેમ છે, પરંતુ એહતેયાતે અવલા એ છે કે, તેને પણ ઝબ્હ કરે, અને જો પહેલું જાનવર બીજાને ઝબ્હ કરવા પછી મળે તો એહવત એ છે કે, પહેલાંવાળા જાનવરને પણ ઝબ્હ કરે.

(૩૯૧) જો કોઈને જેમ કે દુમ્બો મળે અને જાણતો હોય કે આ કુરબાની માટે છે અને તેના માલિકથી જુદુ પડી ગયો છે, તો તેના માટે જાઈઝ છે કે, તેના માલિક તરફથી તેને ઝબ્હ કરી દે અને જો એ જાનવરના માલિકને એ કુરબાનીની જાણ થઈ જાય તો તે તેને પૂરતી ગણી શકે છે અને એહતિયાત એમ છે કે જેને જાનવર મળ્યું હોય કે, તે તેને ઝબ્હ કરવા પહેલાં બારમી ઝિલહજની અસર સુધી એલાન કરે.

(૩૯૨) એ શખ્સ જેને કુરબાનીના દિવસો દરમિયાન જાનવર ન મળે, અને તેની પાસે તેની કિંમત મોજૂદ હોય તો એહવત એ છે કે, કુરબાનીના બદલે રોઝા પણ રાખે અને શક્ય હોય તો ઝિલહજના બાકી મહિનામાં કુરબાની પણ

કરે. ચાહે તેને માટે કોઈ ભરોસાપાત્ર શખ્સને પૈસા દેવા પડે જેથી તે ઝિલહજની આખર સુધીમાં જાનવર ખરીદીને તેના તરફથી કુરબાની કરી દે અને જો ઝિલહજ પૂરો થઈ જાય અને જાનવર ન મળે તો આવતા વરસે તેના તરફથી કુરબાની કરે. અને બઈદ નથી કે માત્ર રોઝા પર આધાર રાખવો જાઈઝ હોય અને તશરીકના દિવસો વીતવા પછી કુરબાની સાકિત થઈ જાય.

(૩૯૩) જે કોઈ શખ્સ કુરબાનીનું જાનવર ન મેળવી શકતો હોય અને ન તેની કિંમત ધરાવતો હોય તો કુરબાનીના બદલે દસ રોઝા રાખે તેમાંથી ત્રણ ઝિલહજમાં અહવત મુજબ ૭-૮-૯ ના રાખે અને તેના પહેલા ન રાખે અને બાકીના સાત રોઝા પોતાના ઘરે વતનમાં પાછા આવવા પછી રાખે. મક્કામાં અથવા રસ્તામાં રાખવા પૂરતા નથી. જો પોતાના વતન પાછો ન જાય અને મક્કામાં જ વસવાટ કરે તો તેને જોઈએ કે એટલી ધીરજ ધરે કે તેના સાથીઓ પોતાના શહેર પહોંચી જાય અથવા એક મહિનો પૂરો થઈ જાય, પછી આ રોઝા રાખે. પહેલાં ત્રણ રોઝા ઉપરા ઉપરી રાખવા જરૂરી છે. જ્યારે બાકીના સાતમાં જરૂરી નથી. જો કે એહવત છે એવી જ રીતે પહેલાં ત્રણ રોઝાઓમાં એ પણ જરૂરી છે કે ઉમરા તમત્તોઅનો એહરામ બાંધ્યા પછી રાખે

એટલે જો એહરામની પહેલાં રોઝા રાખશે તો પૂરતા નહિં ગણાય.

(૩૯૪) એ મુકલ્લફ જેના પર હજ દરમિયાન ત્રણ રોઝા રાખવા વાજિબ હોય, જો ત્રણે રોઝા ઈદની પહેલાં ન રાખી શકે તો એહતેયાતની રૂએ ૮ અને ૯ અને એક દિવસ મિનાથી પાછા આવીને રોઝો રાખવો પૂરતો નહિં થાય. શ્રેષ્ઠ એ છે કે, તે આ રોઝાઓ તશરીકના દિવસો પૂરા થયા પછી શરૂ કરે, જો કે તેના માટે જાઈઝ છે કે, જે તેરમી ઝિલહજના પહેલાં મિનાથી પાછો આવી જાય તો તેરમી ઝિલહજથી શરૂ કરે. બલ્કે અઝહર એ છે કે, જો મિનાથી તેરમી ઝિલહજના પણ આવે તો પણ શરૂ કરી શકે છે. એહવતે અવલા એ છે કે, તશરીકના દિવસો પછી તરત જ રોઝા રાખે અને કારણ વગર ઢીલ ન કરે. જો મિનાથી પાછા આવવા પછી રોઝા ન રાખી શકતો હોય તો માર્ગમાં અથવા પોતાના વતન પહોંચીને રોઝા રાખે. પરંતુ એહવતે અવલા એ છે કે, આ ત્રણ રોઝા અને સાત રોઝા (જે તેણે વતન પાછા ફરીને રાખવાના છે) ને ભેગા ન કરે અને જો મોહર્રમનો ચાંદ દેખાવા સુધી આ ત્રણ રોઝા ન રાખી શકે તો પછી રોઝા સાકિત થઈ જશે અને આવતા વરસે કુરબાની આપવી નક્કી થઈ જશે.

(૩૯૫) જેના માટે કુરબાની શક્ય ન હોય અને ન તો તેના પાસે કુરબાની માટે પૈસા હોય અને હજમાં ત્રણ રોઝા રાખે અને કુરબાનીના દિવસો વીતવા પહેલાં કુરબાની કરવા સમર્થ થઈ જાય તો એહતિયાતે વાજિબ છે કે કુરબાની કરે.

(૩૯૬) જે એકલો કુરબાની કરવા શક્તિમાન ન હોય, પરંતુ કોઈની સાથે મળીને કુરબાની કરી શકતો હોય તો એહતિયાત એ છે કે, કોઈની સાથે મળી કુરબાની પણ કરે અને ઉપરોક્ત ક્રમ મુજબ રોઝા પણ રાખે.

(૩૯૭) જો જાનવર ઝબ્હ કરવા માટે કોઈને નાયબ બનાવવામાં આવે અને શક થાય કે નાયબે તેના તરફથી કુરબાની કરી છે કે નહિં તો એમ જ સમજવામાં આવશે કે કુરબાની નથી કરી, અને જો નાયબ ખબર આપે કે કુરબાની કરી દીધી છે, પણ વિશ્વાસ ન આવે તો તે કુરબાનીને પૂરતી ગણવી મુશ્કેલ છે.

(૩૯૮) જે શરતો કુરબાનીના જાનવર માટે જરૂરી છે તે કફ્ફારાના જાનવર માટે જરૂરી નથી. જો કે એહવત એ છે કે, આ શરતો કફ્ફારામાં પણ જરૂરી ગણવામાં આવે.

(૩૯૯) ઝબ્હ અથવા નહેર જે વાજિબ છે, ચાહે હજની કુરબાની હોય અથવા કફ્ફારો; તેમાં જાતે ઝબ્હ કે નહેર

કરવું જરૂરી નથી. બલ્કે ઈખ્ત્યારની હાલતમાં પણ કોઈ બીજાને નાયબ બનાવવો જાઈઝ છે. અને નાયબ ઝબ્હની નિય્યત કરશે કુરબાની કરનાર અથવા કફ્ફારો આપનારને નિય્યત કરવી જરૂરી નથી જો કે એહવત છે (કે તે પણ નિય્યત કરે) નાયબના માટે મુસલમાન હોવું જરૂરી છે.

## હજે તમત્તોઅની કુરબાનીનો ઉપયોગઃ

એહવતે અવલા એ છે કે, નુકસાનકારક ન હોય એ સંજોગમાં હજે તમત્તોઅ કરવાવાળો પોતાની કુરબાનીનું કંઈક ગોશ્ત ખાય. ભલે થોડા પ્રમાણમાં જ હોય. કુરબાનીનો એક તૃતીયાંશ ભાગ પોતાના અથવા પોતાના ઘરવાળાઓ માટે રાખવો જાઈઝ છે. એવી જ રીતે જાઈઝ છે કે તેનો બીજો એક તૃતીયાંશ ભાગ જે પણ મુસલમાનને ચાહે હદિયો કરે. ત્રીજો એક તૃતીયાંશ ભાગ એહતેયાતે વાજિબની રૂએ મુસલમાન ફકીરોને સદકો આપે. જો સદકો દેવો શક્ય ન હોય તો અથવા વધારે કષ્ટ અને શ્રમદાયક હોય તો સદકો દેવો સાકિત થઈ જશે. એ વાજિબ નથી કે કુરબાનીનું ગોશ્ત ખુદ ફકીરને દેવામાં આવે બલ્કે તેના વકીલને પણ આપી શકાય છે, ચાહે કુરબાની કરવાવાળો ફકીરનો વકીલ જ કેમ ન હોય. વકીલ પોતાના મોવક્કિલની ઈજાઝત મુજબ ભેટ

આપી, વેચીને અથવા પોતાનો કબ્જો હટાવીને-ઉપયોગ કરી શકે છે. જો મિનામાં મોજૂદ લોકોમાંથી કોઈને ગોશ્તની જરૂરત ન હોય તો ગોશ્તને મિનાની બહાર લઈ જવું જાઈઝ છે.

(૪૦૦) એ ત્રીજો ભાગ જે સદકો આપી રહ્યો હોય અને એ ત્રીજો ભાગ જે હદિયો આપી રહ્યો હોય, તેને અલગ કરવું શરત નથી, બલ્કે માત્ર મળવું શરત છે. એટલે જો ત્રીજા ભાગ મુસ્તહકોને સદકો આપે અને ફકીર વસૂલ કરી લે ચાહે પુરૂ જાનવર કબ્જામાં લેવાના કારણે તો એ પૂરતું છે અને ત્રીજા ભાગ હદિયામાં પણ આ જ સૂરત છે.

(૪૦૧) સદકો અને હદિયો કબ્જામાં લેવાવાળા માટે જાઈઝ છે કે, તે આ ભાગનો મરજી મુજબ ઉપયોગ કરે, એટલે તે તેને કોઈ ગેર મુસ્લિમને પણ આપી શકે છે.

(૪૦૨) જો કોઈ જાનવરની કુરબાની કરે અને પાછળથી ચોરી થઈ જાય અથવા જબરદસ્તી તેની પાસેથી આંચકી લે તો કુરબાની કરવાવાળો જામીન નથી. પરંતુ જો માલિક પોતે તેને વેડફી નાખે, ચાહે ગેર મુસ્તહકને દેવાના કારણે તો એહવત એ છે કે, ફકીરોના ભાગનો જામીન રહેશે.

## ૩. હલ્ક અથવા તકસીર

હજના વાજિબોમાંથી છઠ્ઠું વાજિબ હલ્ક (એટલે માથું મુંડાવવું) અથવા તકસીર (એટલે થોડાં વાળ કાતરવા) છે તેમાં કુરબતની નિય્યત અને નિખાલસતા જરૂરી છે. આ અમલને ઈદના દિવસની પહેલાં ત્યાં સુધી કે ઈદની રાતના પણ અંજામ આપવો જાઈઝ નથી. સિવાય એ શખ્સની કે જેને ડર હોય, અને એહવત એ છે કે, જમરા અકબાની રમી અને કુરબાનીના જાનવરને મેળવ્યા પછી મિનામાં અંજામ આપે. એહવતે અવલા એ છે કે નહેર કે ઝબ્હ કર્યા પછી અંજામ આપે. અલબત્તા ઈદે કુરબાનના દિવસથી વધારે સમય ઢીલ કરવામાં ન આવે. જો રમીના અથવા કુરબાનીનું જાનવર મેળવ્યા પહેલાં ભૂલથી અથવા મસઅલો ન જાણવાના કારણે હલ્ક અથવા તકસીર અંજામ આપે તો પૂરતું ગણાશે અને ફરીવાર અંજામ આપવું જરૂરી નથી.

(૪૦૩) સ્ત્રીઓ માટે માથું મૂંડાવવું જાઈઝ નથી અને જરૂરી છે કે તકસીર કરે (થોડાં વાળ કાપે).

(૪૦૪) પુરૂષને હલ્ક અને તકસીરમાં ઈખ્ત્યાર છે અલબત્તા હલ્ક શ્રેષ્ઠ છે. સિવાય એ શખ્સના કે જેણે ટોલાથી બચવા માટે મધ અથવા ગુંદરથી માથાના વાળ ચોંટાડી

દીધા હોય અથવા તેણે માથાના વાળોને ભેગાં કરી બાંધીને લપેટયા હોય અને પ્રથમવાર હજ પર જનાર માટે એહતેયાતે વાજિબ એ છે કે તે હલ્ક કરાવે.

(૪૦૫) જે શખ્સ હલ્ક કરવા માંગતો હોય અને જાણતો હોય કે હજામ તેનું માથું અસ્તરાથી જખ્મી કરી દેશે તો તેના માટે જાઈઝ નથી કે તે અસ્તરાથી માથું મુંડાવે બલ્કે ઘણું બારીક મશીનથી માથું મુંડાવે અને જો તેને હલ્ક અથવા તકસીરમાં ઈખત્યાર હોય તો પહેલાં તકસીર કરાવે અને પછી ચાહે તો ઉસ્તરાથી માથું મુંડાવે. જો આ બયાન થયેલા હુકમની વિરૂદ્ધતા કરે તો પણ પૂરતું રહેશે, જો કે તે ગુનેહગાર થાશે.

(૪૦૬) ખુન્સાએ મુશ્કેલા'' (નપુંસક) એ જો પોતાના ન તો વાળો ચીપકાવ્યા હોય, ન વીંટીને બાંધ્યા હોય અથવા તેનું પહેલું વરસ ન હોય તો તેના પર તકસીર વાજિબ છે, નહિંતર પહેલાં તકસીર કરે અને એહવત એ છે કે, ત્યારપછી માથું પણ મુંડાવે.

(૪૦૭) જો મોહરિમ હલ્ક અથવા તકસીર અંજામ આપે, તો એ બાબતો જે એહરામના કારણે હરામ હતી, હલાલ થઈ જશે; સિવાય પત્ની, ખુશ્બૂ અને એહવતની રૂએ શિકારનો

પણ આ જ હુકમ છે. ઝાહિર એ છે કે, હલ્ક અને તકસીર પછી માત્ર પત્નીનો સંભોગ જ હરામ નથી બલ્કે બધાં પ્રકારની મજાઓ હરામ છે, જે એહરામના કારણે હરામ થઈ હતી. અલબત્તા અકવા એ છે કે, હલ્ક યા તકસીર પછી કોઈ સ્ત્રી સાથે નિકાહ પઢવા અથવા નિકાહના ગવાહ બનવું જાઈઝ છે.

(૪૦૮) વાજિબ છે કે, હલ્ક અથવા તકસીર મિનામાં કરે અને જે હાજી જાણી જોઈને અથવા મસઅલો ન જાણવાના કારણે મિનામાં હલ્ક અથવા તકસીર અંજામ ન આપે અને બહાર ચાલ્યો જાય તો તેના પર વાજિબ છે કે મિના પાછો ફરે અને ત્યાં હલ્ક અથવા તકસીર અંજામ આપે. એહવતની રૂએ ભૂલવાવાળાનો પણ આ જ હુકમ છે. જો પાછા ફરવું શક્ય ન હોય અથવા ઘણું મુશ્કિલ હોય તો જ્યાં ઉપસ્થિત હોય ત્યાં જ હલ્ક અથવા તકસીર અંજામ આપે અને પોતાના વાળ શક્ય હોય તો મિના મોકલે. જે શખ્સ જાણી જોઈને મિના સિવાય કોઈ અન્ય જગ્યાએ હલ્ક અથવા તકસીર અંજામ આપે તો તે પૂરતું રહેશે, પરંતુ જો શક્ય હોય તો વાજિબ છે કે પોતાના વાળો મિના મોકલે.

(૪૦૯) જો કોઈ ભૂલથી અથવા મસઅલો ન જાણવાના

કારણે હલ્ક યા તકસીર અંજામ ન આપે અને હજના આમાલ પતાવ્યા પછી યાદ આવે અથવા મસઅલાની જાણ થાય તો હલ્ક યા તકસીર અંજામ આપે. અઝહર એ છે કે, તવાફ અને સઈને ફરીવાર કરવા જરૂરી નથી, જો કે એહવત છે.

---

## હજનો તવાફ,
## તવાફની નમાઝ અને સઈ

હજના વાજિબોમાં સાતમું, આઠમું અને નવમું વાજિબ તવાફ, તવાફની નમાઝ અને સઈ છે.

(૪૧૦) હજનો તવાફ, તવાફની નમાઝ અને સઈ માટે એ જ રીત અને શરતો છે જે ઉમરાના તવાફ, તવાફની નમાઝ અને સઈમાં બયાન કરવામાં આવી છે.

(૪૧૧) મુસ્તહબ છે કે, હજનો તવાફ કુરબાનીની ઈદના દિવસે. કરવામાં આવે અને એહતિયાતની રૂએ ૧૧ અગિયારમી ઝિલહજથી વધારે ઢીલ ન કરે; જો કે ઝાહેર એ છે કે, ઢીલ કરવી જાઈઝ છે, બલ્કે તશરીકના દિવસોથી થોડુંક મોડું કરવું બલ્કે ઝિલહજના અંત સુધી વિલંબ કરવો જાઈઝ હોવું કુવ્વતથી ખાલી નથી.

(૪૧૨) એહવત એ છે કે, હજના બે વુકૂફો અરફાત અને મુઝદલફા'' ની પહેલાં હજનો તવાફ, તવાફની નમાઝ અને સઈને ન કરવામાં આવે. જો કોઈ મસઅલો ન જાણવાના કારણે પહેલાં અંજામ આપે તો પૂરતો હોવામાં ઈશ્કાલ છે. જો કે વજહ' થી ખાલી નથી.

ઉપરોક્ત હુકમથી અમુક પ્રસંગો અપવાદ છે.

૧. એ સ્ત્રીઓ જેને હૈઝ અથવા નિફાસ આવવાનો ભય હોય.

૨. વૃદ્ધ શખ્સ, બીમાર, જખ્મી અને એ લોકો જેના માટે મક્કા પાછા ફરવું મુશ્કિલ હોય અથવા એ લોકો જેમના માટે ભીડ વગેરેના કારણે પાછા ફરી તવાફ કરવો મુશ્કિલ હોય.

૩. એ શખ્સ જે કોઈ એવી ચીઝથી ડરતો હોય જેના કારણે મક્કા પાછો નહિં આવી શકે.

એટલે ઉપરોક્ત લોકો માટે તવાફ, તવાફની નમાઝ અને સઈને હજના એહરામ પછી બંને વુકૂફોની પહેલાં અંજામ આપવો જાઈઝ છે. એહવતે અવલા એ છે કે, જો પાછળથી ઝિલહજના અંત સુધી શક્ય હોય તો ફરીવાર પણ અંજામ આપે.

(૪૧૩) હજના તવાફને બંને વુકૂફો પછી અંજામ આપવાવાળા માટે જરૂરી છે કે, તે તવાફને હલ્ક અને તકસીર પછી અંજામ આપે. એટલે જો મસઅલો જાણવા છતાં તવાફને હલ્ક અને તકસીરની પહેલાં અંજામ આપે તો તવાફ ફરી બજાવી લાવવો વાજિબ છે અને જરૂરી છે કે એક બકરી કફ્ફારો આપે.

(૪૧૪) જે શખ્સ હજમાં તવાફ, તવાફની નમાઝ અને સઈ જાતે કરવાથી લાચાર હોય તો તેનો એ જ હુકમ છે જે ઉમરામાં આ આમાલ ન બજાવી શકનાર માટે છે. જે મસઅલા નં.: ૩૨૬ અને ૩૪૨માં બયાન થયો. એ સ્ત્રી જેને હૈઝ અથવા નિફાસ આવી જાય અને એટલું રોકાવું કે પાક થઈને તવાફ બજાવી લાવે શક્ય ન હોય તો તેના માટે જરૂરી છે કે, તવાફ અને તવાફની નમાઝ માટે કોઈને નાયબ બનાવે. પછી નાયબના તવાફ પછી સઈ પોતે અંજામ આપે.

(૪૧૫) હજે તમત્તોઅ કરવાવાળા પર તવાફ અને તવાફની નમાઝ અને સઈ પતાવ્યા પછી ખુશ્બૂપણ હલાલ થઈ જશે જ્યારે પત્ની મસઅલા નં.: ૪૦૭ માં આપેલ વિગત પ્રમાણે અને એહવતની રૂએ શિકાર હરામ રહેશે.

(૪૧૬) જે શખ્સના માટે તવાફ અને સઈની બજાવણી

બંને વુકૂફોની પહેલાં જાઈઝ હોય અને તે તવાફ અને સઈ બંનેને બંને વુકૂફો પહેલાં અંજામ આપે તો એવા શખ્સ માટે ખુશ્બૂ ત્યાં સુધી હલાલ નહિં થાય જ્યાં સુધી તે મિનાના આમાલ રમી, ઝબ્હ અને હલ્ક અથવા તકસીર અંજામ ન આપી દે.

---

## તવાફુન્નિસા

હજના વાજિબોમાં દસમું અને અગિયારમું વાજિબ તવાફુન્નિસા અને તેની નમાઝ છે. આ બંને જો કે વાજિબ છે, પણ રૂક્ન નથી એટલે તેને જાણી જોઈને છોડી દેવામાં આવે તો પણ હજ બાતિલ નથી થતી.

(૪૧૭) તવાફુન્નિસા પુરૂષો અને સ્ત્રીઓ બધાય પર વાજિબ છે, એટલે જો કોઈ પુરૂષ તેને છોડી દે તો તેની સ્ત્રી તેના પર હરામ થઈ જશે અને જો કોઇ સ્ત્રી તેને છોડી દેતો તેનો પતિ તેના પર હરામ થઈ જશે. નિયાબતી હજમાં નાયબ તવાફુન્નિસાને મનૂબ અન્હો (જેના વતી હજ કરી રહ્યો છે) ના તરફથી અંજામ આપે, પોતાના તરફથી નહિં.

(૪૧૮) તવાફુન્નિસા અને તેની નમાઝની શરતો અને રીત એ જ છે, જે હજના તવાફ અને તેની નમાઝની છે.

માત્ર નિય્યતનો ફરક છે.

(૪૧૯) એ શખ્સ જે તવાફુન્નિસા અને તેની નમાઝ પોતે ન અંજામ આપી શકતો હોય, તેનો હુકમ એ જ છે જે ઉમરાના તવાફ અને તેની નમાઝ જાતે અંજામ ન આપી શકનાર માટે છે, જે મસઅલા નં.: ૩૨૬ માં બયાન થઈ ચૂક્યો છે.

(૪૨૦) જે કોઈ શખ્સ જાણી જોઈને અથવા ભૂલથી તવાફુન્નિસા અંજામ ન આપે તો તેને અંજામ આપવુ તેના ઉપર વાજિબ છે અને તેને અંજામ આપ્યા પહેલાં તેની પત્ની તેના પર હલાલ નહિં થાય. એટલે જો પોતે અંજામ આપવું શક્ય ન હોય અથવા ઘણું મુશ્કિલ હોય તો જાઈઝ છે કે કોઈને નાયબ બનાવે. નાયબનું તેના વતી તવાફ અંજામ આપવાથી તેની પત્ની તેના પર હલાલ થઈ જશે. જો આ શખ્સ તવાફુન્નિસાના ઈલાજ પહેલાં મરી જાય અને તેનો વલી અથવા કોઈ અન્ય તેના તરફથી તવાફની કઝા કરે તો કોઈ ઈશ્કાલ નથી, નહિંતર એહવત એ છે કે તેના બાલિગ વારસોની ઈજાઝતથી તેના માલમાંથી કઝા કરાવવામાં આવે.

(૪૨૧) તવાફુન્નિસાને સઈની પહેલાં અંજામ આપવો જાઈઝ નથી, એટલે જો કોઈ શખ્સ તવાફુન્નિસાને જાણી

જોઈને સઈની પહેલાં અંજામ આપે તો જરૂરી છે કે, સઈ કર્યા પછી ફરીથી અંજામ આપે. પરંતુ જો શરઅના હુકમને ન જાણવા અથવા ભૂલના કારણે આમ કર્યું હોય તો અઝહર એ છે કે, આ પૂરતો થશે, જો કે ફરીવાર અદા કરવું એહવત છે.

(૪૨૨) મસઅલા નં.: ૪૧૨ માં વર્ણવેલ લોકો માટે તવાકુન્નિસા બંને વુકૂફો પહેલાં અંજામ આપવો જાઈઝ છે, પરંતુ મિનાના આમાલ રમી, ઝબ્હ અને હલ્ક યા તકસીરના પહેલે પત્ની તેના પર હલાલ નહિં થાય.

(૪૨૩) જો સ્ત્રીને હૈઝ (માહવારી) આવી જાય અને કાફલો તેના પાક થવા સુધી વાટ ન જોવે, ઉપરાંત કાફલાથી અલગ થવું પણ શક્ય ન હોય તો તેના માટે જાઈઝ છે કે, તવાકુન્નિસાને છોડી કાફલા સાથે વતન પાછી આવી જાય. તો પણ એહવત એ છે કે, કોઈને તવાકુન્નિસા અને તેની નમાઝ માટે નાયબ બનાવે. જો તવાકુન્નિસાનો ચોથો ચક્કર પૂરો થવા પછી માહવારી આવે તો તેના માટે જાઈઝ છે કે, બાકીને છોડી કાફલા સાથે પાછી ફરે અને એહવત એ છે કે, બાકીના તવાફ અને તેની નમાઝ માટે કોઈને નાયબ બનાવે.

(૪૨૪) તવાફુન્નિસાની નમાઝ ભૂલી જવા માટે એ જ હુકમ છે, જે ઉમરાના તવાફની નમાઝ ભૂલવાનો છે જે

મસઅલા નં.: ૩૨૯ માં બયાન થઈ ચૂક્યું છે.

(૪૨૫) પુરૂષના તવાફુન્નિસા અને તેની નમાઝ અદા કરવા પર તેની પત્ની અને એવી જ રીતે સ્ત્રીના તવાફુન્નિસા અને તેની નમાઝ અદા કરવા પર તેનો પતિ હલાલ થઈ જાશે. એહવત એ છે કે શિકાર તેરમી ઝિલહજ મધ્યાંતર સુધી હરામ રહેશે અને ત્યાર પછી એહરામના કારણે હરામ થવાવાળી બધી ચીઝો હલાલ થઈ જશે. સિવાય કે મોહરમાતે હરમ જે મોહરિમ અને ગેર મોહરિમ બંને ઉપર હરામ છે જેનો ઝિક્ર મોહરમાતે એહરામના અંતમાં થઇ ચૂક્યો છે.

---

## મિનામાં રાત રોકાવું

હજના વાજિબોમાં બારમું વાજિબ, મિનામાં અગિયારમી અને બારમી રાત વિતાવવી છે. તેમાં કુરબતની નિય્યત અને નિખાલસતા જરૂરી છે. જો હાજી ઈદના દિવસે તવાફ અને સઈ કરવા માટે મક્કા જાય તો મિનામાં રાત ગાળવા પાછું ફરવું વાજિબ છે. એહરામની હાલતમાં શિકારથી પરહેઝ ન કરનાર પર તેરમી ઝિલહજની રાત પણ મિનામાં વિતાવવી વાજિબ છે, એવી જ રીતે એ શખ્સ પણ જેણે પોતાની પત્નીથી સમાગમ કર્યો હોય એહવતની રૂએ તેરમી ઝિલહજની રાત મિનામાં વિતાવે. ઉપરોક્ત શખ્સો સિવાય બાકી હાજીઓ

માટે જાઈઝ છે કે બારમી તારીખના ઝોહર પછી મિનાથી બહાર ચાલ્યા જાય. પરંતુ જો પરંતુ જો તેરમી રાત સુધી ત્યાં રોકાય તો જરૂરી છે કે તેરમીની ફજર સુધી ત્યાં રહે.

(૪૨૬) જો મિનામાં નીકળવા માટે પોતાની મુસાફરીની શરૂઆત કરવામાં આવે, પરંતુ ભીડ વગેરેના કારણે સૂર્યાસ્ત પહેલાં મિનાની સીમાઓથી બહાર ન જઈ શકાય તો જો રાત મિનામાં વિતાવવી શક્ય હોય તો મિનામાં રોકાય, પરંતુ જો શક્ય ન હોય અથવા હરજ કે સખ્ત તકલીફનું કારણ હોય તો મિનાથી નીકળવું જાઈઝ છે, અને એહતિયાતની રૂએ એક ઘેંટુ કફ્ફારો આપે.

(૪૨૭) આ પહેલાં બતાવેલ કારણો સિવાય એ જરૂરી નથી કે પૂરી રાત મિનામાં ગાળવામાં આવે.એટલે રાતના આરંભથી મધરાત સુધી રોકાવા પછી મિનાથી નીકળી શકાય છે. પરંતુ જો રાતની શરૂઆત અથવા તેની પહેલાં કોઈ નીકળે તો જરૂરી છે કે ફજર થવા પહેલાં, બલ્કે એહતિયાતની રૂએ મધરાત પહેલાં મિના પાછો આવી જાય, જે શખ્સ રાતના આરંભથી મધરાત સુધી મિનામાં રોકાયા પછી નીકળે તેના માટે એહવતે અવલા એ છે કે ફજર થવા પહેલાં મક્કામાં દાખલ ન થાય.

(૪૨૮) મિનામાં રાત ગાળવી જે લોકો પર વાજિબ છે, તેઓમાંથી નીચેના અમુક લોકો અપવાદ છે.

૧. એ શખ્સ જેના માટે મિનામાં રાત ગાળવી કષ્ટ અને તકલીફનું કારણ હોય અથવા તેને પોતાની જાન, માલ અને ઈજ્જતનો ખતરો હોય.

૨. એ શખ્સ જે મિનાથી રાતના પહેલાં ભાગમાં અથવા તેના પહેલાં નીકળી જાય અને મક્કામાં મધરાતની પહેલાં ઈબાદતમાં પ્રવૃત્ત થઈ ફજર થવા સુધી બધો સમય – જરૂરી હાજતો જેમ કે ખાવું પીવુંના સિવાય – ઈબાદતમાં વિતાવવાના કારણે પાછો ન આવી શકતો હોય.

૩. એ જે મક્કાથી મિના જવા માટે નીકળે અને અકબા મદયનયનથી પસાર થઈ જાય તો તેના માટે જાઈઝ છે કે માર્ગમાં મિના પહોંચવા પહેલાં સૂઈ જાય.

૪. એ લોકો જેઓ મક્કામાં હાજીઓને પાણી પહોંચાડે છે.

(૪૨૯) જે મિનામાં રાત ન ગાળે તેના પર દરેક રાતના બદલે એક ઘેંટાનો કફ્ફારો વાજિબ છે. ઉપરોક્ત ચાર વર્ગોમાંથી બીજા, ત્રીજા અને ચોથા પર કફ્ફારો વાજિબ નથી, પરંતુ પ્રથમ વર્ગ એહવતની રૂએ કફ્ફારો આપે. એવી

જ રીતે એ શખ્સ પણ કફ્ફારો આપે જે ભૂલના અથવા મસઅલો ન જાણવાના કારણે રાત મિનામાં ન ગાળે.

(૪૩૦) જે શખ્સ મિનાથી બહાર જઈ ચૂક્યો હોય અને પછી તેરમી રાતે કોઈ કામસર મિના પાછો પહોંચી જાય તો તેના પર આ રાત મિનામાં વિતાવવી વાજિબ નથી.

---

## રમી જમરાત

હજના વાજિબોમાંથી તેરમું વાજિબ ત્રણ જમરાત ઊલા, વુસ્તા અને જમરએ અકબાને રમી કરવી (કાંકરીઓ મારવી) વાજિબ છે રમી અગિયારમી અને બારમી ઝિલહજના કરવામાં આવે અને તેરમી રાતે મિનામાં વિતાવવાળાઓ પર એહવતને રૂએ તેરમી ઝિલહજના દિવસે પણ રમી કરવી વાજિબ છે. ઈખ્ત્યારી હાલતમાં પોતે રમી કરવી વાજિબ છે અને નિયાબત પૂરતી નહિં થાય.

(૪૩૧) વાજિબ છે કે રમી જમરએ ઊલાથી શરૂ કરે, પછી જમરએ વુસ્તાને અને પછી જમરએ અકબાને રમી કરે, જો ભૂલથી અથવા મસઅલો ન જાણવાના કારણે, તેનાથી જુદો અમલ કરે તો વાજિબ છે કે ફરી ત્યાંથી અમલ શરૂ કરે જ્યાંથી ક્રમ સંધાઈ જાય. પરંતુ પહેલાં જમરાને ચાર કાંકરીઓ

માર્યા પછી ભૂલથી અથવા અજાણતાં બીજા જમરાને કાંકરીઓ મારવાની શરૂ કરી દે તો પ્રથમવાળાને બાકી ત્રણ કાંકરીઓ મારવી પૂરતી છે અને બીજા જમરાને ફરી કાંકરીઓ મારવી જરૂરી નથી.

(૪૩૨) એ વાજિબ ચીઝો, જે હજના વાજિબોમાં ચોથા વાજિબ, જમરએ અકબાને રમી કરવાના બયાન હેઠળ આવી, ત્રણે જમરાતની રમીમાં પણ વાજિબ છે.

(૪૩૩) વાજિબ છે કે, રમીએ જમરાત દિવસના સમયે કરવામાં આવે. આ હુકમથી ઢોર ચરાવનારા અને દરેક એ શખ્સ જે ડર, બીમારી કે કોઈ અન્ય કારણે દિવસના સમયે મિનામાં ન રહી શકતો હોય, બાકાત છે. એટલે આ લોકો માટે દરેક દિવસની રમી એ દિવસની રાતના કરવી જાઈઝ છે, અને જો દરેક રાતના પણ શક્ય ન હોય તો બધી રાતોની રમી એક જ રાતના કરવી જાઈઝ છે.

(૪૩૪) જો કોઈ શખ્સ અગિયારમી તારીખે દિવસના સમયે ભૂલથી અથવા મસઅલો ન જાણવાના કારણે રમી ન કરે તો વાજિબ છે કે, બારમી તારીખે તેની કઝા કરે અને જે બારમી તારીખે ભૂલથી અથવા મસઅલો ન જાણવાના કારણે ન કરી શકે તો તે તેરમી તારીખે તેની કઝા કરે. એહવત એ

છે કે, જાણી જોઈને રમી ન કરવાવાળા માટે પણ આ જ હુકમ છે. એહતેયાતની રૂએ અદા અને કઝાની વચ્ચે અંતર રાખે અને કઝાને અદાની પહેલાં બજાવી લાવે. એહવતે અવલા એ છે કે, કઝાને દિવસના આરંભમાં અને અદાને મધ્યાંહન સમયે અંજામ આપે.

(૪૩૫) જો કોઈ શખ્સ ભૂલીને અથવા મસઅલો ન જાણવાના કારણે રમી જમરાત ન બજાવી લાવે અને પછી મક્કામાં તેને યાદ આવે અથવા મસઅલાની જાણ થાય તો વાજિબ છે કે મિના પાછો જાય અને ત્યાં રમી કરે. જો બે અથવા ત્રણ દિવસની રમી છોડી દીધી હોય તો એહવત એ છે કે, જે દિવસની રમી પહેલાં છુટી હોય તેની કઝાને પહેલાં અંજામ આપે અને બંનેની કઝા રમી વચ્ચે અંતર રાખે. જો મક્કાથી નીકળવા પછી યાદ આવે અથવા મસઅલાની ખબર પડે તો રમી કરવા પાછા જવું લાઝીમ નથી તો પણ એહવતે અવલા એ છે કે, જો આવતાં વરસે પોતે હજ પર જાય તો પોતે કઝા કરે અને જો પોતે ન જાય તો કોઈને કઝા માટે નાયબ બનાવે.

(૪૩૬) એ શખ્સ જે રમી ન કરી શકે જેમ કે મરીઝ હોય તો તે કોઈને નાયબ બનાવે અને બેહતર એ છે કે જો

શક્ય હોય તો રમીના સમયે ત્યાં મોજૂદ રહે અને નાયબ તેની સામે રમી અંજામ આપે. જો નાયબ તેના વતી રમી અંજામ આપે અને તે પોતે રમીનો સમય પૂરો થવા પહેલાં મુશ્કેલી દૂર થવા બાબતે નિરાશ ન હોય અને સંજોગવશાત મુશ્કેલી દૂર થઇ જાય તો એહવત એ છે કે, પોતે પણ રમી કરે. પરંતુ જે શખ્સ નાયબ ન બનાવી શકતો હોય જેમ કે બેભાન હોય તો તેનો વલી અથવા તેના વતી કોઈબીજો શખ્સ રમી કરે.

(૪૩૭) જે કોઈ શખ્સ તશરીકના દિવસો (અગિયાર, બાર અને તેર ઝિલહજ) માં જાણી જોઈને રમી છોડી દે તો તેની હજ બાતિલ નહિ થાય. એહવતે એ છે કે આવતા વરસે પોતે હજ કરે તો પોતે નહિંતર, નાયબ મારતફ઼ તેની કઝા કરાવે.

---

## મસદૂદ (અટકાએલા)ના હુકમો

(૪૩૮) મસદૂદ એ શખ્સ છે જેને દુશ્મન અથવા અન્ય કોઇ રૂકાવટ એહરામ બાંધ્યા પછી હજ બજાવી લાવવા માટે પવિત્ર સ્થળોએ જવાથી રોકે.

(૪૩૯) જે શખ્સને ઉમરા મુફરદાથી રોકવામાં આવે, જો તે કુરબાની સાથે લાવ્યો હોય તો તેના માટે કુરબાનીની નહર અથવા ઝબ્હ કરવાથી એહરામને એ જ સ્થળે ઉતારી દેવો જાઈઝ છે જ્યાં તેને રોકવામાં આવેલ છે. જો કુરબાની સાથે ન લાવ્યો હોય અને એહરામ ખોલવા માંગતો હોય તો જરૂરી છે કે કુરબાનીનું જાનવર મેળવે અને તેને ઝબ્હ અથવા નહર કરી એહરામ ખોલે. એહતેયાતની રૂએ કુરબાની કર્યા વગર એહરામ ન ખોલે. એહતેયાતે વાજિબ એ છે કે બંને સંજેગોમાં ઝબ્હ અથવા નહરની સાથે હલ્ક અથવા તકસીર પણ અંજામ આપે. અને જો તેને ઉમરાએ તમત્તોઅના સાથે હજથી પણ રોકવામાં આવે તો તેનો પણ એ જ હુકમ છે જે ઉપર બયાન થયો. પરંતુ જો તેને બંને વુકૂફો પછી માત્ર કાબા જવાથી રોકવામાં આવે, તો બઈદ નથી કે તેની જવાબદારી હજે ઈફરાદમાં પલટાઈ જાય.

(૪૪૦) એ શખ્સ જેને હજે તમત્તોઅથી રોકવામાં આવે તો જો બંને વુકૂફો અથવા માત્ર મશઅરના વુકૂફથી રોકવામાં આવે તો એહતેયાત એ છે કે, તવાફ કરે, સઈ, હલ્ક અને ઝબ્હ કરીને એહરામ ખોલી નાખે અને માત્ર તવાફ અને સઈ માટે જવાથી રોકવામાં આવે અને નાયબ બનાવવો શક્ય ન હોય, એ સંજોગમાં એહરામ ખોલવા માંગતો હોય તો એહવત

એ છે કે કુરબાની કરે અને હલ્ક અથવા તકસીર અંજામ આપે. પરંતુ જો નાયબ બનાવવો શક્ય હોય તો બઈદ નથી કે નાયબ બનાવવો પૂરતો હોય. એટલે પોતાના તવાફ અને સઈનો નાયબ બનાવે અને નાયબના તવાફ કરવા પછી તવાફની નમાઝ પોતે પઢે. જો આમાલ બજાવવા મિના જવાથી રોકવામાં આવે અને જો નાયબ બનાવવો શક્ય હોય તો રમી અને કુરબાની માટે નાયબ બનાવે અને પછી હલ્ક અથવા તકસીર બજાવી લાવે અને જો શક્ય હોય તો પોતાના વાળ મિનામાં મોકલી આપે, પછી બાકીના આમાલ બજાવી લાવે. પરંતુ જો નાયબ બનાવવો શક્ય ન હોય તો કુરબાની કરવી વાજિબ નહિ થાય. એટલે કુરબાનીના બદલે રોઝા રાખે. એવી જ રીતે રમી વાજિબ નહિં રહે, તો પણ એહતેયાત એ છે કે, -રમી આવતા વરસે પોતે અથવા નાયબ દ્વારા અંજામ આપે- ત્યારબાદ હલ્ક, તકસીર અને હજના બાકીના આમાલ બજાવી લાવ્યા પછી બધી હરામ ચીઝો તેના પર હલાલ થઈ જશે ત્યાં સુધી કે પત્ની પણ હલાલ થઈ જશે અને કોઈ ચીઝની જરૂરત નહિ રહે.

(૪૪૧) જેને હજ અથવા ઉમરાથી રોકવામાં આવે અને કુરબાની કરવાના કારણે તે એહરામ ખોલી નાખે તો આ હજ અને ઉમરા પૂરતા નથી. બલ્કે જો તે ઈસ્લામી હજ હોય

અને તેને રોકવામાં આવે અને તે કુરબાનીના કારણે એહરામ ખોલી નાખે તો તેના પર વાજિબ છે કે જો ઈસ્તેતાઅત બાકી હોય અથવા હજ તેની જવાબદારીમાં પહેલા આવી ચૂકી હોય તો આવતા વરસે હજ પર જાય.

(૪૪૨) જે મિનામાં રાત વિતાવવા અને રમી જમરાત અદા કરવા મિનામાં આવવાથી રોકવામાં આવે તો એનાથી હજ પર અસર નહિં થાય અને તેના પર મસદૂદનો હુકમ લાગુ નહિં પડે. પરંતુ એહવતે અવલા એ છે કે, એ જ વર્ષે રમી માટે નાયબ બનાવવો શક્ય હોય તો કોઈને નાયબ બનાવે, નહિંતર આવતા વરસે પોતે અથવા નાયબ મારફત તેની કઝા કરે.

(૪૪૩) મસદૂદ શખ્સ જે કુરબાની કરે તેમાં ફરક નથી પડતો કે કુરબાનીનું જાનવર ઊંટ, ગાય કે બકરી હોય. જો કુરબાની કરવી શક્ય ન હોય તો એહવત એ છે કે તેના બદલે દસ દિવસ રોઝા રાખે.

(૪૪૪) જે હજના માટે એહરામ પહેરવાવાળો મશઅરના વુકૂફની પહેલાં પોતાની સ્ત્રીથી સમાગમ કરે તો વાજિબ છે કે, પોતાની હજ પૂરી કરે અને બીજીવાર પણ બજાવી લાવે. જેમ કે એહરામની હરામ બાબતોમાં વર્ણન

કરવામાં આવ્યું. પછી જો તેને હજ પૂરી કરવાથી રોકવામાં આવે તો તેના પર મસદૂદના હુકમો જારી થાશે. પરંતુ એહરામ ખોલવા માટે તેણે કુરબાની આપવા ઉપરાંત સંભોગનો કફ્ફારો પણ વાજિબ થાશે.

---

## મેહસૂર (ઘેરાએલા)ના હુકમો

(૪૪૫) મહેસૂર એ શખ્સ છે જે એહરામ બાંધવા પછી હજ અથવા ઉમરાના આમાલ અદા કરવામાં બીમારી અથવા કોઈ અન્ય કારણે પવિત્ર સ્થળોએ પહોંચી ન શકે.

(૪૪૬) જો કોઈ શખ્સ ઉમરા મુફરદા અથવા ઉમરા તમત્તોઅમાં મેહસૂર થઈ જાય અને એહરામ ખોલવા માંગે તો તેની ફરજ એ છે કે, કુરબાની અથવા તેની કિંમત પોતાના સાથીઓ સાથે મોકલે અને તેઓથી વચન લે કે કુરબાનીને નક્કી કરેલ સમયે મક્કામાં અંજામ આપશે અને પછી જ્યારે નક્કી કરેલ સમય આવી જાય ત્યારે આ શખ્સ જ્યાં હોય ત્યાં જ હલ્ક અથવા તકસીર કરે અને એહરામ ખોલી નાખે. પરંતુ જો સાથી ન હોવાના કારણે કુરબાની અથવા તેની કિંમત મોકલવી શક્ય ન હોય તો તેના માટે જાઈઝ છે કે, જ્યાં હોય ત્યાં જ કુરબાની કરે અને એહરામ ખોલી નાખે.

જો હજમાં મહેસૂર થઈ જાય તો તેનો હુકમ એ જ છે જે ઉપર બયાન થયો, પણ કુરબાનીને મિનામાં ઈદના દિવસે કરવાનું કહે.

ઉપરોક્ત સંજોગમાં મહેસૂર પર પત્ની સિવાય બાકી બધી ચીઝો હલાલ થઈ જશે અને પત્ની ત્યાં સુધી હલાલ નહિં થાય જ્યાં સુધી હજ અથવા ઉમરામાં તવાફ અને સફા મરવા વચ્ચે સઈ ન બજાવી લાવે.

(૪૪૭) જે કોઈ ઉમરાના એહરામ પછી બીમાર થઈ જાય અને કુરબાનીને મક્કા મોકલી દે અને પછી એટલો તંદુરસ્ત થઈ જાય કે જાતે મુસાફરી કરવી અને કુરબાનીના પહેલાં મક્કા પહોંચવું શક્ય હોય તો તેને જોઈએ કે પોતે મક્કા પહોંચે અને જો તેનો ફરીજો ઉમરાએ મુફરદા હોય તો તેને તમામ કરે. એટલે હવે તે ફરજ મુક્ત છે. જો તેનો ઉમરા ઉમરાએ તમત્તોઅ હોય તો અરફાતના દિવસે ઝોહર પહેલાં આમાલ પૂરા કરી શકતો હોય તો કોઈ ઈશ્કાલ નથી. નહિંતર ઝાહેર છે કે, તેની હજ હજે ઈફરાદમાં પલટાઈ જશે. બંને સૂરતોમાં જો કુરબાની ન મોકલે અને ધીરજ કરે ત્યાં સુધી કે તેની બીમારી ઓછી થઈ જાય અને તે પોતે મુસાફરી કરવાને શક્તિમાન થઈ જાય તો પણ આ જ હુકમ

છે.

(૪૪૮) જો હજના એહરામ પછી હાજી બીમાર પડી જાય અને કુરબાની મોકલવા પછી બીમારી ઓછી થઈ જાય અને બંને વુકૂફો અથવા માત્ર વુકૂફે મશઅર મળી જાય તો જેમ બયાન થયું, તેની હજ થઈ ગઈ. એટલે હજના આમાલ અને કુરબાની અંજામ આપે. પરંતુ જો કોઈપણ વુકૂફ ન મળી શકે તો પણ તેના પહોંચવા પહેલાં તેની કુરબાની અદા ન કરવામાં આવી હોય તો તેની હજ ઉમરા મુફરદામાં પલટાઈ જશે અને જો તેના વતી કુરબાની અપાઈ ચૂકાઈ હોય તો આ હલ્ક અથવા તકસીર કરાવે અને પત્ની સિવાય બધી ચીઝો તેના પર હલાલ થઈ જશે. પત્ની ત્યાં સુધી હલાલ નહિં થાય જ્યાં સુધી હજ અથવા ઉમરામાં તવાફ અને સઈ ન બજાવી લાવે. એટલે જો તેને અંજામ આપશે તો ઔરત પણ હલાલ થઈ જશે.

(૪૪૯) જે હાજી બીમારી અથવા કોઈ અન્ય કારણે તવાફ અને સઈ માટે નથી પહોંચી શકતો તો તેના માટે નાયબ બનાવવો જાઈઝ છે અને નાયબના તવાફ પછી તવાફની નમાઝ પોતે અદા કરે અને જો મિનામાં જઈને ત્યાંના આમાલ અંજામ આપવામાં મહેસૂર હોય તો રમી અને ઝબ્હ માટે

નાયબ બનાવે અને હલ્ક કે તકસીર અંજામ આપે, શક્ય હોય તો પોતાના વાળ મિના મોકલે, ત્યારપછી બાકીના બધા આમાલ અંજામ આપે અને તેની હજ પૂરી થઈ જશે.

(૪૫૦) જે કોઈ મહેસૂર થઈ જાય અને પોતાની કુરબાની મોકલી આપે અને એ પહેલાં કે કુરબાની તેની જગ્યા સુધી પહોંચે તેના માથામાં તકલીફ હોય તો તેના માટે માથું મૂંડાવવું જાઈઝ છે. એટલે જો માથું મૂંડાવે તો વાજિબ છે કે જે જગ્યાએ હોય ત્યાં જ એક બકરી ઝબ્હ કરે અથવા ત્રણ દિવસ રોઝા રાખે અથવા છ ગરીબોને ખાવું ખવરાવે. દરેક ગરીબને બે મુદ (એક મુદ આશરે ૭૫૦ ગ્રામ) ખોરાક આપે.

(૪૫૧) હજ અથવા ઉમરામાં મહેસૂર થવાવાળો જો કુરબાની મોકલીને એહરામ ખોલી નાખે તો તેના પર હજ કે ઉમરા સાકિત નહિં થાય. એટલે ઈસ્લામી હજ અંજામ આપવાવાળો જો મહેસૂર થઈ જાય અને કુરબાની મોકલી એહરામ ઉતારી નાખે તો તેના પર વાજિબ છે કે જો ઈસ્તેતાઅત બાકી હોય અથવા હજ તેની જવાબદારીમાં પહેલા આવી ચૂકી હોય તો આવતા વરસે હજ કરે.

(૪૫૨) જો મહેસૂરના પાસે કુરબાની અથવા તેના પૈસા

ન હોય તો તે તેના બદલે દસ રોઝા રાખે.

(૪૫૩) જે મોહરિમના માટે હજ અથવા ઉમરાના આમાલ અદા કરવા પવિત્ર સ્થળો સુધી જાતે જવું, મહેસૂર કે મસદૂદ હોવા સિવાય કોઈ અન્ય કારણસર શક્ય ન હોય તો જો ઉમરા મૂફ્રદાના માટે એહરામ બાંધ્યો હોય તો તેના માટે જાઈઝ છે કે તે જે સ્થળે હોય ત્યાં જ કુરબાની કરે અને એહતેયાતની રૂએ તેની સાથે હલ્ક યા તકસીર અંજામ આપી એહરામ ઉતારી નાખે. એવી જ રીતે જ્યારે ઉમરા તમત્તોઅનો એહરામ હોય અને હજ બજાવી લાવી પણ શક્ય ન હોય તો આ જ હુકમ છે. નહિંતર (જો હજ બજાવી લાવી શક્ય હોય તો) ઝાહેર એ છે કે, તેની ફરજ હજે ઈફ્રાદમાં પલટાઈ જશે. જો હજનો એહરામ બાંધ્યો હોય અને બંને વુકૂફ અથવા માત્ર મશઅરનો વુકૂફ પ્રાપ્ત કરવો શક્ય ન હોય તો ઉમરાએ મુફ્રદા દ્વારા એહરામ ખોલી શકે છે. જો તવાફ અને સઈના સ્થળ સુધી પહોંચવું અથવા મિનાના આમાલ બજાવવા માટે મિના જવું શક્ય ન હોય તો તેના માટે એ જ હુકમ છે જે મસઅલા નં.: ૪૪૯ માં બયાન થયો.

(૪૫૪) ફકીહોના એક વર્ગનું કહેવું છે કે હજ અથવા ઉમરા કરવાવાળો જ્યારે કુરબાની સાથે ન લાવે અને તેણે

ખુદાથી શરત કરી હોય કે જો હજના આમાલ પૂરા કરવાથી વિવશ થઈ ગયો તો એહરામ ખોલી નાખીશ અને પછી કોઈ અડચણ ઊભી થાય જેમ કે બીમારી દુશ્મન અથવા કોઈ બીજા કારણથી કાબા અથવા વુકૂફના ઠેકાણે ન પહોંચી શકે તો આ શરતના પરિણામે અંતરાય ઊભા થવા પર એહરામ ખોલી શકે છે અને બધી ચીઝો તેના પર હલાલ થઈ જશે અને એહરામ ખોલવા માટે કુરબાની આપવી કે હલ્ક અથવા તકસીર કરાવવી જરૂરી નહિં રહે. એવી જ રીતે કોઈ મહેસૂર થઈ જાય તો પત્ની હલાલ થવા માટે તવાફ અને સઈ વાજિબ નથી. આ કથન જો કે કારણ વગર નથી પણ એહતેયાતે વાજિબ છે કે, જ્યારે મહેસૂર અથવા મસદૂદ થઈ જાય ત્યારે જે એહકામ એહરામ ખોલવા માટે બતાવવામાં આવ્યા છે તેને ધ્યાનમાં રાખે અને શરતના પરિણામે મોહિલ થવા પર ઉપરોક્ત કથન પર અમલ ન કરે.

---

## દુઆએ આલીય્યતુલ મઝામીન

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અય અલ્લાહ ! મે આ ઇમામ (અ.સ.) ની ઝિયારત તેમની ઇમામતના ઇકરાર અને તેમની ઇતાઅત ફરજ હોવાના

અકીદાની સાથે કરી છે. મેં આ ઇમામ (અ.સ.) ની ઝિયારત-ગાહનો ઇરાદો મારા ગુનાહો, મારી ત્રુટિઓ, હલાકતમાં નાખનારી મારી નાફરમાનીઓ, મારી અસંખ્ય બૂરાઇઓ અને મારી ભૂલો અને જે કાંઇ તું મારા કરતાં વધારે જાણો છો તે બધાની સાથે કર્યો છે. તારી માફી થકી છુટકારો ચાહનારો છું, તારા હિલ્મ થકી પનાહ ચાહનારો છું, તારી રહેમતની ઉમ્મીદ રાખનારો છું, તારા રૂકનને પકડ્યો છે. તારી મહેરબાનીમાં રક્ષણ મેળવનારો છું. હું તારા વલી અને તારા વલીઓના ફરઝંદ, તારા માનીતાઓના ફરઝંદ, તારા અમીન અને તારા અમીનોના ફરઝંદ, તારા ખલીફા અને તારા ખલીફાઓના ફરઝંદની શફાઅત ચાહું છું. કે જેઓને તેં તારી રહેમત અને તારી ખુશ્નુદી મેળવવાના વસીલા બનાવ્યા છે અને તારી મહેરબાની અને તારી માફીના માધ્યમો બનાવ્યા છે. અય અલ્લાહ ! તારી બારગાહમાં મારી સૌથી પહેલી હાજત આ છે કે મારા અગાઉના ગુનાહોને ઘણા હોવા છતાં તું માફ કરી દે અને મારી બાકીની જિંદગીમાં મને ગુનાહોથી બચાવ. અને મારા દીનને એવી વસ્તુઓથી પાક રાખજે કે જે મને કલંકિત અને અપમાનિત કરે છે. તું તેને (મારા દીનને) શંકા, કુશંકા, શિર્ક અને ફસાદથી રક્ષણમાં રાખ. તું મને તારી ઇતાઅત અને તારા રસૂલ (સ.અ.વ.)ની ઇતાઅત

અને તેમની ઉચ્ચ અને સઆદતમંદ આલની ઇતાઅત અને તાબેદારી ઉપર સાબિત કદમ રાખ. તેઓ ઉપર તારી સલવાત, તારી રહેમત અને તારી બરકતો નાઝિલ કર. અને જ્યાં સુધી તું મને જીવંત રાખ ત્યાં સુધી તેઓની ઇતાઅત ઉપર બાકી રાખજે અને જ્યારે તું મને મૃત્યુ આપ ત્યારે તેઓની ઇતાઅત ઉપર જ મને મૌત આપજે. અને એ કે તેઓની મવદ્દત, તેઓની મોહબ્બત, તેઓના દુશ્મનો પ્રત્યેની દુશ્મની અને તેઓના દોસ્તોને સાથ આપવાનું અને તેઓ સાથે નેકી કરવાનું તું મારા દિલમાંથી મિટાવી નાખતો નહીં. અય મારા પરવરદિગાર ! હું તારી પાસે સવાલ કરૂં છું કે મારી આ વાતને કબૂલ કર. અને તું તારી ઇબાદત અને તેની પાબંદીને મારા માટે પસંદીદા બનાવી દે અને તેમાં મને સ્ફુર્તિ આપ. તારી હરામ કરેલ બાબતો અને ગુનાહોને મારી નજરમાં તિરસ્કાર ભર્યા બનાવી દે અને મને તેનાથી દૂર રાખ. અને મને એવી તૌફીક આપ કે નમાઝ પડવામાં સુસ્તી ન કરૂં, અને તેને હલ્કી ન સમજું અને તેને અદા કરવામાં મોડું ન કરૂં. અને મને તૌફીક આપ કે હું એ (નમાઝ)ને એવી રીતે અદા કરં કે જેવી રીતે તે ફર્ઝ કરી છે અને જેવી રીતે તેં હુકમ કર્યો છે. તારા રસૂલની –તેમના ઉપર અને તેમની આલ ઉપર તારી સલવાત, તારી રહેમત અને તારી બરકતો

મોકલ- સુન્નત પ્રમાણે નમ્રતા અને વિનમ્રતા સાથે અદા કરૂં. અને ઝકાત અદા કરવા માટે, સદકો આપવા માટે, નેક કાર્યમાં ખર્ચ કરવા માટે અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના શિયાઓ સાથે નેકી અને એહસાન કરવામાં, અને તેમની સાથે સદ્વર્તાવ કરવા માટે તું મારા દિલને વિશાળ કરી દે. અને મને ત્યાં સુધી મૌત આપતો નહીં જ્યાં સુધી તારા મોહતરમ ઘર કાબાની હજ અને તારા નબી (સ.અ.વ.) તથા ઇમામો (અ.મુ.સ.) ની કબરોની ઝિયારત ન કરી લઉં. અય મારા પરવરદિગાર ! હું તારી પાસે ખાલિસ તૌબાનો સવાલ કરૂં છું. કે જેનાથી તું રાજી થઇ જા, એવી નિય્યત કે જેના તું વખાણ કરે અને એવા નેક અમલ કે જેને તું કબૂલ કરી લે. અને એ કે તું મને માફ કરી દે અને જ્યારે તું મને મૌત આપ ત્યારે મારા ઉપર રહેમ કરજે અને મૌતના સમયે સકરાતની મુશ્કેલીને મારી ઉપર આસાન કરજે અને મોહમ્મદ અને આલે મોહમ્મદ -તેમના ઉપર અને તેમની આલ ઉપર અલ્લાહની સલવાત થાય.- તેઓના ચાહનારાઓના સમૂહની સાથે મને ઉઠાડજે અને તારી રહેમત થકી મને જન્નતમાં દાખલ કરજે. અને એ કે તારી ઇતાઅતમાં મારી આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગે અને એવી વાતોમાં મને રૂદન કરવાની તૌફીક દે કે જે મને તારાથી નજદીક કરી

દે. અને મારા દિલને તારા દોસ્તો પ્રત્યે લાગણીશીલ બનાવી દે. અને આ દુનિયામાં નુકસાનો, આફતો, મોટી બીમારીઓ, હઠીલા રોગો અને દરેક પ્રકારની બલાઓ અને દુર્ઘટનાઓથી તું મને બચાવજે. અને તું મારા દિલને હરામથી ફેરવી નાખ, તારી નાફરમાની પ્રત્યે તિરસ્કાર પૈદા કરી દે, અને મારામાં હલાલ પ્રત્યેની મોહબ્બત નાખી દે. અને તું મારા માટે તે (હલાલ વસ્તુઓ)ના દરવાજા ખોલી નાખ અને તેની ઉપર જ મારી નિય્યત તથા અમલને મક્કમ રાખજે. અને મારી વય લાંબી કર. અને રંજો ગમના દરવાજાઓને મારા માટે બંધ કરી દે. અને મારા ઉપર તેં જે કાંઇ ઉપકાર કર્યા છે તેને મારી પાસેથી છીનવી લેતો નહીં. અને જે વસ્તુ આપીને તેં મારા ઉપર જે કાંઇ એહસાન કર્યો છે તેમાંથી મારી પાસે કાંઇ પાછું લઇ લેતો નહીં. અને તે નેઅમતો કે જે તે મને અતા કરી છે તેનાથી મને વંચિત કરતો નહીં. અને તેં મને જે કાંઇ આપ્યું છે તેમાં વધારો કરજે, તેને બમણું અથવા તેનાથી અનેક ગણુ વધારી દેજે. અને તું ખૂબ જ વધારે અને વિશાળ માલ અતા કર, જે બહોળો હોય, ખુશ કરનારો હોય, મુબારક હોય, વધતો રહે અને જોઇએ તેટલો હોય. અને એવી ઇઝ્ઝત આપ કે જે બાકી રહેનારી અને પૂરતી હોય. અને એવો દરજ્જો આપ જે મજબૂત અને સુરક્ષિત હોય. અને એવી

નેઅમત આપ જે વિપુલ અને બહોળી હોય. અને તેના થકી મને તકલીફ ભરેલી વસ્તુઓથી અને મુશ્કેલીભર્યા કામોથી બેનિયાઝ કરી દે. અને મારા દીન, મારી જાત, મારી ઔલાદ અને જે કાંઇ તેં મને અતા કર્યું છે અને નવાજ્યો છે તેના થકી એ બધા (મુશ્કેલીભર્યા) કામોમાંથી મને નજાત આપ. તું મારા માલ અને જે કાંઇ તેં મને અતા કર્યું છે તે બધાને સુરક્ષિત રાખ. અને મને ઝાલિમોના હાથોને મારા સુધી પહોંચવાની અટકાવજે, અને મને મારા વતન પરત પહોંચાડી દેજે. અને તું મારી દુન્યવી અને આખેરતની આરજૂઓને પૂરી કરી દે. અને તું મારા કાર્યનો અંજામ પ્રસંશનીય, સારો અને ત્રુટિ વગરનો કરજે. અને તું મને ઉદાર દિલવાળો, સમૃધ્ધ હાલતવાળો અને સારા અખ્લાકવાળો બનાવી દે કે જે કંજૂસી, નિફાક, જૂઠ, બોહતાન અને નકામી વાતોથી દૂર હોય. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) અને તેમના શિયાઓની મોહબ્બતને મારા દિલમાં દ્રઢ કરી દે. અય મારા પરવરદિગાર ! મારી જાતને, મારા કુટુંબીઓને, મારા માલને, મારી ઔલાદને, મારા હમદર્દોને મારા ભાઇઓને, મારાથી મોહબ્બત રાખનારાઓને અને મારા વંશજેને તારી રહેમત અને તારી સખાવત વડે રક્ષણમાં રાખજે. અય અલ્લાહ ! તારી બારગાહમાં આ

મારી હાજતો છે, જેને મેં મારી ટૂંકી નજરના કારણે ઘણી માની છે, જ્યારે કે તારી નજરમાં તે તદ્દન નજીવી અને તેને પૂરી કરવી તારા માટે ઘણી સહેલી અને સરળ છે. તેથી મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના જે દરજ્જા તારી નજદીક છે તેના વાસ્તાથી, તેઓના તે હક કે જે તારા ઉપર છે અને તેઓના માટે જે કાંઇ તેં તારા ઉપર જરૂરી ઠરાવ્યું છે તેના વાસ્તાથી અને તારા બીજા બધા નબીઓ, તારા રસૂલો, તારા ચૂંટી કઢાએલા અને નિખાલસ કરાયેલા બંદાઓના વાસ્તાથી અને ઇસમે આઝમના વાસ્તાથી જ્યારે પણ સવાલ કર્યો ત્યારે મારી ઇચ્છાઓને પૂરી કરીને મારી આશા અને મારી અપેક્ષામાં મને નિરાશ નથી કર્યો તું આ સાહેબે કબ્રને મારી શફાઅત કરનાર બનાવજે. અય મારા સરદાર! અય અલ્લાહના વલી! અય અલ્લાહના અમાનતદાર! આપના પાકીઝા અજદાદના હક્કના વાસ્તા અને આપના ચૂંટેલા ફરઝંદના હકના વાસ્તા થકી સવાલ કરૂં છું કે મારી આ બધી જ હાજતો માટે આપ અલ્લાહ અઝઝ વ જલ્લની બારગાહમાં મારી શફાઅત કરો. કારણ કે અલ્લાહની નઝદીક, કે જેના નામો પાકીઝા છે, આપના માટે આદરણીય દરજ્જો, ગૌરવશાળી મરતબો અને મજબૂત સ્થાન છે. અય અલ્લાહ! અગર હું એવા કોઇને ઓળખતો હોત કે જે આ ઇમામ,

તેમના અજદાદ અને તેમના પાકીઝા ફરઝંદો, -તેઓ ઉપર સલામ અને સલવાત થાય,- કરતા તારી બારગાહમાં વધારે માનવંત હોય તો હું તેઓને જ મારા શફીઅ બનાવત અને મારી આ હાજતો અને માંગણીઓને તેમની સામેજ રજૂ કરત. તેથી મને સાંભળ અને મારી દુઆને કબૂલ કર, અને તું મારી સાથે એવો વર્તાવ કર જે તારી શાનને લાયક છે. અય બહેતરીન રહેમ કરનાર! અય અલ્લાહ! અને મારી માંગણીઓમાં જે કાંઇ કમી રહી ગઇ છે અને જ્યાં સુધી મારી સમજ પહોંચી શકી નથી કે જે મારા દીન, મારી દુનિયા અને મારી આખેરતમાં ઉપયોગી હોય તું મને તેમનાથી નવાજ. અને તું મારી હિફાઝત કર અને મારૂં રક્ષણ કર અને મને બક્ષી દે અને મને માફ કરી દે. અને સરકશ શૈતાન અથવા દુશ્મન બાદશાહ અથવા દીનમાં મારો વિરોધી અથવા દુનિયામાં ઝઘડાખોર અથવા મારી નેઅમતો ઉપર ઈર્ષા કરનાર અથવા ઝાલિમ અથવા બગાવત કરનાર, આ બધામાંથી જે કોઇ પણ મારૂં બૂરૂ ઇચ્છે અથવા મને સતાવવાનો ઇરાદો કરે તો તું તેના હાથને મારાથી રોકી લેજે મને તેની જાળમાંથી છુટકારો અપાવજે અને તેને પોતાની (પરેશાનીઓમાં) મશગૂલ કરી દે. અને તેની બૂરાઇ અને તેના અનુયાયીઓની તથા તેના શૈતાનોની બૂરાઇ સામે તું મારા માટે પૂરતો થઇ જા. અને

દરેક પ્રકારના નુકસાન અને ઇજાથી મને તારી પનાહમાં રાખ. અને બધી જ ભલાઇઓ કે જે કાંઇ હું જાણું છું અને જે કાંઇ હું નથી જાણતો તે બધીજ તું મને અતા કર. અય અલ્લાહ ! મોહમ્મદ સ.અ.વ. અને આલે મોહમ્મદ અ.મુ.સ. ઉપર રહેમત નાઝિલ કર. મને, મારા માં-બાપને, મારા ભાઇઓને, મારી બહેનોને, મારા કાકાઓને, મારી ફોઇઓને, મારા મામાઓને, મારી માસીઓને, મારા દાદાઓને, મારી દાદીઓને, તેઓની ઔલાદને, તેઓના વંશજેને, મારી પત્નીઓને, મારા વંશજેને, મારા સગાઓને, મારા દોસ્તોને, મારા પાડોશીઓને, પૂર્વ તથા પશ્ચિમમાં રહેતા આપનાં સંબંધીથી જેઓ મારા ભાઇઓ છે તે બધાને, મોમીનો અને મોમેનાતમાંથી મારી મોહબ્બત ધરાવનારાઓમાંથી જેઓ જીવતા છે અને તેઓમાંથી જેઓ મૃત્યુ પામ્યા છે તેઓને અને તેઓ કે જેમણે મને નેક વાતો શીખવાડી અથવા જેણે મારી પાસેથી ઇલ્મ હાંસિલ કર્યું તેઓ બધાને તું માફ કરી દે. અય અલ્લાહ ! તારી રહેમતના સદકામાં તું તેઓને મારી નેક દુઆઓમાં અને તારી હુજ્જત અને તારા વલીની ઝિયારતગાહમાં જે ઝિયારત કરી રહ્યો છું તેમાં તેઓને શરીક કરી દે અને તેઓની નેક દુઆઓમાં મને શરીક કરી દે. અય બહેતરીન રહેમ કરનાર! અને તેમના તરફથી તારા

વલીને સલામ પહોંચાડી દે. -આપના ઉપર સલામ થાય અને અલ્લાહની રહેમત અને તેની બરકતો થાય.- અય મારા સરદાર! અને અય મારા મૌલા! (અહીં જેમની ઝિયારત કરી રહ્યા હોય તેમનું મુબારક નામ લે) અલ્લાહ આપના ઉપર આપની રૂહ ઉપર અને આપના બદન ઉપર સલવાત નાઝિલ કરે, અલ્લાહની બારગાહમાં આપ જ મારા વસીલા અને તેની તરફ આપજ મારા માધ્યમ છો. મારી પાસે તમારા પ્રતિ મોહબ્બતનો અને ઉમ્મીદનો હક છે. તેથી મારા આ રોકાણ દરમિયાન મારી આ વાત માટે અલ્લાહ અઝઝ વ જકલ્લની બારગાહમાં મારી શફાઅત કરનારા બની જાવ. અને મારા રોકાણની આ જગ્યાએથી જે કાંઇ મેં તેની રહેમત અને તેની કુદરત થકી માંગ્યું છે તે બધાની કબૂલાત સાથે આપ મને પરત ફરવાની રજા આપો. અય અલ્લાહ ! તું મને સંપૂર્ણ બુદ્ધિ, વધારો થાય તેવી સમજ, બાકી રહે તેવી ઇજ્જત પાકીઝા દિલ, વધારે અમલ અને ઉચ્ચ સંસ્કારોનું રિઝક અતા કર. અને તારી રહેમત થકી તે બધાને મારા ફાયદાનું કારણ બનાવજે અને મારા નુકસાનનું કારણ ન બનાવજે અય બહેતરીન રહેમ કરનાર.